[illegible] દ્વારા

શ્રી/શ્રીમતી [illegible]

પરીવારના સૌને જય શ્રી કૃષ્ણ

પુષ્ટિ સાહિત્ય [illegible] પુસ્તકાલય
શ્રી ઠક્કરાઈ ભાટીઆ રોડ [illegible]
એસ. વી. રોડ, [illegible]
બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭

શ્રી
ભગવત્સ્વરૂપ
કિંવા
શુદ્ધાદ્વૈતદર્શન.

પ્રથમ તથા દ્વિતીય વિભાગ.

* * *

ગોસ્વામિકુલકૌસ્તુભ
શ્રી ૧૦૮ ગોકુલનાથજી મહારાજની
આજ્ઞાનુસાર

પ્રણેતા તથા પ્રકાશકઃ—
દેવર્ષિ ભટ્ટ શ્રીદ્વારકાનાથાત્મજ
ભટ્ટ શ્રીરમાનાથ શર્મા.

* * *

અનુવાદકઃ—
શાસ્ત્રી ધીરજરામ રામશંકર.
શુદ્ધાદ્વૈતવિશારદ.

પ્રથમાવૃત્તિ, પ્રત ૧૦૦૦.

વિક્રમાર્ક ૧૯૮૦.] [વલ્લભાબ્દ ૪૪૫.

મૂલ્ય ૧ાા Rs 100

પ્રસ્તાવના.

॥ जयति श्रीहरिः ॥

जानीत परमं तत्त्वं यशोदोत्संगलालितम्

યશોદાની ગોદના લાડકવાયા શ્રીબાલકૃષ્ણનેજ પરમ તત્ત્વ જાણો.

અણુભાષ્ય.

वृत्तिः श्रीवल्लभीयैव कृतिः श्रीवल्लभार्थिनी ।
दर्शनं श्रीवल्लभस्य स्मरणं श्रीवल्लभप्रभोः ॥

श्रीवल्लभभावाष्टकम् ।

શ્રીવલ્લભમાટેજ મનોવૃત્તિ હોવ, શ્રીવલ્લભપ્રભુ માટેજ હસ્તાદિકૃતિ પણ થાવ, તથા શ્રીવલ્લભપ્રભુનુંજ દર્શન તથા સ્મરણ હોવ. અર્થાત્ સમગ્ર વ્યાપારનું લક્ષ્ય શ્રીવલ્લભપ્રભુજ બનો.

પ્રપંચ એ પ્રભુની વ્હાલામાં વ્હાલી, અનેરી વાડી કે બગીચો છે. એ વ્હાલી વાડીને સુરક્ષિત, સુગંધિત, અને સદાય લીલી છમ રાખવા માટે પોતે વખતોવખત અવતરી એક માળી જેવું કામ આટોપે છે. એ વાડીમાં કંઇ કંઇ અવનવા માધુર્યના મદથી મલકાતાં બાલપાદપો, (પૌધા) તરૂઓ, લતાઓ, વિગેરે વિરાજે છે. એઓને સદા સીંચી

ખુશબોદાર બનાવવાનું પેલા માળીનું નિત્યનું વ્યસન છે. બધાંને સુશોભિત રસમય જોઇ તથા એનાં માધુર્યાદિનું આસ્વાદન કરી તે રસિકવર મનમાં મલકાય છે. પણ કદાચ કોઇ ભૂલથી ભોળવાયલો કે મદથી છકેલો દુષ્ટ જો એ બગીચાને વિખેરવા આવે તો તેને એ સાંખી શકતો નથી. ત્યારે તરતજ ઉઠી પેલા બગીચાના બગાડનારને જમીનદોસ્ત કરીને પછીજ ઠરે છે. કેવો પ્રેમ, કેવું અભિમાન, કેવું ગરવું વ્યસન !!

બસ, આજ રૂપક આ નામરૂપાત્મક વિશ્વનું અને વિશ્વાધાર મારા વિભુનું છે. જ્યારે જ્યારે વિશ્વને વિષવાદથી વ્યાપેલું, સ્વાર્થથી સંકુચિત બનેલું, કે વાદીઓના વાદથી ઉન્માર્ગે દોરાયલું જુએ છે કે તરતજ પ્રભુ પોતે કોઇ દિવ્યસ્વરૂપ ધારણ કરી, વિષવાદ, સ્વાર્થ વિગેરેનો સમૂલ ઉચ્છેદ કરી ફરીથી વિશ્વને સુરક્ષિત કરે છે. અર્જુનને ઉપદેશેલી પ્રતિજ્ઞાનું પાલન કરે છે. જ્યારથી વિશ્વરચના થઇ ત્યારથી આજ સુધી વખતોવખત આપે એવાં કેટલાંએ સ્વરૂપો ધારણ કર્યાં હશે.

એક સમય એવો હતો કે જ્યારે સર્વત્ર સ્વરૂપવિસ્મૃતિ થઇ રહી હતી, અર્થાત્ જીવો પોતાનું સ્વાભાવિક કર્તવ્ય ભૂલી જઇ માત્ર અકર્મ કે વિકર્મપરાયણ થઇ ગયા હતાં. કેટલાક અર્થના એશારામને ચાહનારા જ્યારે કેટલાક કામનેજ કલ્યાણકારી સમજનારા હતા. મોક્ષને તો લગભગ બધાજ મુકી દેતા. કેટલાક બીચારા દૈવજીવો ધર્મને પંથે પ્રયાણ કરવા ઉત્થાન કરતા હતા પણ તેઓને કોઇ સન્માર્ગોપદેશક ન હતો એટલે ત્યાંથીજ અટક્યાં, હતાં થોડાક ધર્મધ્વજીઓ પણ તેઓ માત્ર પોતાની પ્રખર યુક્તિમોહિનીથી પરમન હરી કેવલ ઐન્દ્રજાલિક લીલાજ ભજવતા હતા, એટલે ખરો કલ્યાણનો માર્ગ, ખરૂં શ્રુત્યાદિનું તાત્પર્ય દેખાડનારી કોઇ વિશ્વવંદ્ય વિભૂતિ ન હતી. દુનીઆ અજ્ઞાન અંધકારથી અંધ હતી. વિશ્વને જ્ઞાનસહિત ભક્તિની ભૂખ હતી. એને ભવસાગર પાર ઉતરવા કોઇ

સારા સુકાનીની આવશ્યકતા હતી. એવે સમયે એક દિવ્ય જ્યોતિ લગભગ ૪૪૫ વર્ષપર ચૈત્ર વદ એકાદશીને દિવસે ચંપારણ્યમાં ઝળહળી. એણે પોતાના દિવ્ય તેજથી જગતનું અંધારૂં ફેડી નાંખ્યું, એજ વિભૂતિએ પેલાં ધર્મધ્વજીનાં ટોળાંને પોતાની છટાદાર વાણીના પ્રહારે પરાજિત કર્યાં, અને એજ મહાપુરૂષે દીન, હીન, અશરણ તથા ઉન્માર્ગે દોરાયેલાં દૈવ જીવોને પોતાની મીઠી રસભીની દૃષ્ટિથી આવ્હાન કરી કૃષ્ણભક્તિના ધોરી રાજમાર્ગ તરફ પ્રયાણ કરવા સૂચવ્યું. **એ મહાપુરૂષ તે અમારા પ્રાણાધાર, અમારૂં સર્વસ્વ, વૈશ્વાનરાવતાર શ્રીમદ્વલ્લભાચાર્યજી.** આપે પ્રગટ થઇ વેદાર્થનો નિર્વિવાદ અર્થ સ્થાપ્યો, મીમાંસાનું ખરૂં મર્મ જગતને આપ્યું, અને ભાગવતની વિશુદ્ધ ભક્તિ ભૂતલઉપર વિલસાવી. સ્થાન સ્થાનપર વાદીઓને જીતી, અનેક ગ્રંથરત્નો ગ્રથી, કૃષ્ણભક્તિનો દિવ્ય સુધારસ દુનીઆને ચખાડ્યો. ત્યાર પછી એ દિવ્ય ઝરાને સદા વ્હેતો મુકવા માટે '**स्ववंशे स्थापिताशेषस्वमाहात्म्यः स्मयापहः**' આ કથન મુજબ આચાર્યસ્વરૂપ, આચાર્યવંશ્ય ગોસ્વામી બાલકોનાં દર્શન કરવાનું સૌભાગ્ય આજસુધી ભારતની વૈષ્ણવસંતાનોને પ્રાપ્ત થતું આવ્યું છે. એ મહાનુભાવો, ગોસ્વામી આચાર્યો પણ આજ ભક્તિસુધાના સુખકારી સુધાસાગરમાં દૈવજીવોને ડુબાવતાં, સાગરના અનર્ઘ સિદ્ધાંતરત્નો અશરણ દીનજનોને અર્પી તેના કંગલાયિતપણાને દૂર કરતાં, વૈશ્નવસૃષ્ટિને વરાહાવતારની લીલાથી ઉધ્ધૃત કરી રહ્યાં છે. **એજ આચાર્યમાલાનું અમોલું કૌસ્તુભરત્ન તે અમારા પૂજ્યપાદ વિદ્વચ્છિરોમણિ શ્રી૦ ૧૦૮ શ્રીગોકુલનાથજી મહારાજ** આ નામથી તો વૈશ્નવસૃષ્ટિ કે ઇતર સૃષ્ટિનો કોઇકજ મનુષ્ય અપરિચિત હશે. સર્વસદ્ગુણોનું નિકેતન, સરસ્વતીનું શરણ, લક્ષ્મીના નિધિ, એ મહાપુરૂષ આજે મુંબઇ નગરીને શોભાવી રહ્યા છે. જેની પાસેથી વિદ્યાવિલાસી વિદ્યાનો રસ ચાખી જાય છે, લક્ષ્મીકામુક લક્ષ્મી મેળવી જાય છે

ગુણાભિલાષી ગુણ સંપાદન કરે છે, અને દુઃખી દુઃખથી વિજય મેળવી ચાલ્યો જાય છે. જેમને ત્યાં પ્રતિવર્ષ જેટલી લક્ષ્મીની ઉથલપાથલ થાય છે, તેટલીજ સરસ્વતીની પણ થતી રહે છે. એ આચાર્યશ્રીના સરસ્વતી ભંડારનું નાનકડું પણ અણમોલું ઝવેરાત તે આ પ્રકૃત પુસ્તક છે. એ પુસ્તકના રચયિતા અમારા પૂજ્ય પં. શ્રી રમાનાથ શાસ્ત્રીજી છે. એમનો પરિચય તો આ પુસ્તકના ધ્યાનપૂર્વક વાંચવાથીજ થઇ જાય છે. સંસ્કૃત સ્વમાર્ગીય પુસ્તકો તો અનેક છે, પણ તે બધાં જનતાને દુરવગાહ થઈ પડે માટે તે ગ્રંથરત્નોનુંજ નવનીત 'શુદ્ધાદ્વૈતદર્શન' રૂપે હિંદી ભાષામાં પંડિતજીએ આલેખ્યું. ગ્રંથમાં ઘણી છટાદાર પણ સરળ શૈલીએ પ્રાયઃ સ્વમાર્ગીય સર્વ સિદ્ધાંતરત્નો આકર ગ્રંથોનાં પ્રમાણો લઇ યોજ્યાં છે. જગત્સ્વરૂપ, અવિકૃતપરિણામવાદ, જગત્સંસારભેદ, આવિર્ભાવતિરોભાવ, જીવસ્વરૂપ, ભગવત્સ્વરૂપ, વિગેરે વિગેરે અનેક રત્નોને નિહાળતાં નિહાળતાં પર્યંતે પેલા 'આનંદમયાધિકરણપર વિચાર' નામના રત્ન પાસે જઇ જોઇએ છીએ તો તે કંઇ ઓર ફેસીનતુંજ જણાય છે. શું એનું ભભકતું નૂર! શું એની અનેરી ભવ્ય ગ્રથનશૈલી! જાણે આગળ જોવાની લાલચને લંબાવવા માટેજ ત્યાંથી એ રત્નમાલાને અધુરી રાખી હશે કે શું? અસ્તુ. આવી રીતે નિબંધરૂપે લખાયેલો એ ગ્રંથ હિંદી ભાષામાં બહાર પડ્યો. પણ કેટલીક હિંદીભાષાથી અપરિચિત ગુર્જરસૃષ્ટિ માટે ગુજરાતીમાં અનુવાદ કરવા મને આદેશ થયો. એટલે મેં '**यथाधीतं यथामति**' એનો ગુર્જરગિરામાં અનુવાદ કર્યો. અનુવાદનું કામ અભ્યાસનું છે, એટલે મારો આ પ્રાથમિક અભ્યાસને લઇને કે **પ્રમાદથી**, અથવા મુદ્રણાલયની કોઈ ખામીને લીધે કદાચ ક્યાંય પણ કોઇ ભૂલ ઉપલબ્ધ થાય તો સાક્ષર વાચકવર્ગને સુધારી લેવા વિનંતિ કરીશ. પર્યંતે આ મારા લઘુકાર્યના ઉત્તેજક તથા સહાયકનો ઉપકાર મારે અત્રે નજ ભૂલવો જોઇએ. પૂજ્ય પં. ભટ્ટશ્રી રમાનાથશાસ્ત્રીજીનો

અનુગ્રહ તો અવિસ્મરણીયજ રહેશે, કે જેમણે મને આ કાર્યમાં યોજી અનુગ્રહીત કર્યો છે. તથા મુદ્રક ભાઇશ્રી પ્રભાશંકર જયશંકરનો ઉપકાર માનવો પણ અહીં સ્થાનેજ લેખાશે, કારણ કે તેમણે વારંવાર મારૂં પણ કેટલુંક કામ સફલી મને ઉપકૃત કર્યો છે માટે તેઓ ધન્યવાદાર્હ છે.

આ ગ્રંથના મુદ્રાપણ માટે ધર્મદાસ ત્રિભુવનદાસ વરજીવનદાસે પોતાના ભાઇ ઇશ્વરદાસ ત્રિભુવનદાસના સ્મરણાર્થે જે ૯૦૫ મહારાજ-શ્રીને સમર્પણ કર્યું છે તે માટે તેઓને ઘણુ ધન્યવાદ ઘટે છે. એટલું લખી જગદ્વંદ્ય પ્રભુશ્રીને વંદન કરી વિરમીશ.

गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः ।
हसन्ति दुर्जनास्तत्र समादधति साधवः ॥

અનુવાદક

શ્રીમદાચાર્યચરણકમલમધુકર

શાસ્ત્રી ધીરજરામ રામશંકર.

શુદ્ધાદ્વૈતવિશારદ

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૫	૨૦	क्रीडोपस्कारणां	क्रीडोपस्करणां
૩૨	૧૨	અનોરોપિત	અનારોપિત
૪૧	૩	પ્રચચ	પ્રપંચ
૪૭	૮	मघवन्नीश	मघवन्नीश
૫૨	૧૧	ग्रह्म	ब्रह्म
૭૫	૪	सबलब्रह्म	शबलब्रह्म
૮૨	૧	साम्येद	सौम्येद
૮૩	૧૨	આનંદ ધર્મીને	આનંદ ધર્મેને
,,	૧૫	આનંદ ધર્મી	આનંદ ધર્મો
૯૦	૧	પંચપવ	પંચપર્વા
૧૧૩	૯	ભગદ્દગીતામાં	ભગવદ્દગીતામાં
૧૧૮	૧	ભગત્સ્વરૂપમાં	ભગવત્સ્વરૂપમાં
૧૨૫	૭	શ્રીતિનિકેતન	શ્રીનિકેતન
૧૬૩	૯	અજ્ઞાન	જ્ઞાન
૧૮૯	૩	तनैजति	तन्नैजति
,,	૧૬	नानुमानमतस्छ्रुतेः	नानुमानमतच्छ्रुतेः
૧૯૧	૧૩	सच्चिदानंदरुपं	सच्चिदानंदरूपं
૧૯૨	૭	रुपं	रूपं

અનુક્રમણિકા.

સંખ્યા વિષય પૃષ્ઠ

૧ જગત્સ્વરૂપ ૫
૨ અભિન્નનિમિત્તોપાદાન... ... ... ૬
૩ જગદુત્પત્તિવિનાશભ્રમનિરૂપણ ૭
૪ આવિર્ભાવતિરોભાવ ૧૦
૫ મિથ્યાવાદ ખંડન ૧૪
૬ અસત્પ્રતીતિ અને પુરાણવચનોની સંગતિ... ૨૧
૭ દેહમાં આત્મબુદ્ધિ કરવાનો વિચાર... ... ૩૦
૮ ' इंद्रो मायाभिः पुरुरूप ' શ્રુતિનો અર્થ ... ૩૪
૯ જગત્ તથા સંસારનો ભેદ... ... ... ૪૧
૧૦ આરંભવાદ અને તેનું ખંડન ૪૯–૫૦
૧૧ પ્રકૃતિવાદ અને તેનું ખંડન ૫૧–૫૨
૧૨ વિવર્તવાદ અને તેનું ખંડન ૫૨–૫૩–૫૪
૧૩ અવિકૃતપરિણામવાદ નિરૂપણ ૫૫
૧૪ બ્રહ્મ તથા જગત્‌ના અભેદ પર શાંકરમત અને તેનું ખંડન ૬૨
૧૫ ' वाचारंभणं ' આ શ્રુતિનો અર્થ ... ૭૦
૧૬ અવિકૃતપરિણામની ઇતિહાસ દૃષ્ટિએ પ્રાચીનતા... ૭૫
૧૭ જીવ વિગેરે પદાર્થોની સૃષ્ટિ... ... ... ૭૮
૧૮ કાર્યવસ્થામાં બ્રહ્મનાં ત્રણ સ્વરૂપો ૮૦
૧૯ જીવોના બે ભેદ ૮૮

૨૦ અદ્વૈત મતમાં જીવસ્વરૂપ અને તેનો ઉપોદ્ઘાત ... ૯૦
૨૧ તે ઉપોદ્ઘાતનું ખંડન ૯૩
૨૨ પ્રમાણ નિરૂપણ ૧૦૧
૨૩ પ્રતિબિંબવાદ ખંડન ૧૦૨
૨૪ આભાસવાદ ખંડન ૧૦૮
૨૫ ભાગત્યાગલક્ષણાનું ખંડન ૧૧૦
૨૬ જીવસ્વરૂપનો સિદ્ધાંત ૧૧૨
૨૭ જીવપરિમાણ ૧૧૬
૨૮ પ્રાકૃત તથા અપ્રાકૃત ધર્મોનું નિરૂપણ ... ૧૨૮
૨૯ બ્રહ્મ વિષે માયાવાદનો મત ૧૩૦
૩૦ નિર્વિશેષ બ્રહ્મમાં શાસ્ત્રપ્રમાણ ૧૩૯
૩૧ ‘ જ્ઞાનજ બ્રહ્મ છે ’ આ પૂર્વપક્ષ ૧૩૯
૩૨ માયાવાદમાં ‘ सत्यं ज्ञानं’ શ્રુતિનો કરેલો અર્થ... ૧૪૪
૩૩ માયાવાદની યુક્તિઓનું ખંડન ૧૪૬
૩૪ માયાવાદના શબલ બ્રહ્મની સમાલોચના ... ૧૪૯
૩૫ બ્રહ્મના ધર્મો કલ્પિત છે એનું ખંડન ૧૫૦
૩૬ બ્રહ્મના ધર્મો સ્વાભાવિક અને નિત્ય છે ૧૫૨
૩૭ એ માટેજ ‘ तत्त्वमसि ’ વાક્યમાં ભાગત્યાગલક્ષણા નથી ૧૫૩
૩૮ અનુભવને નિર્વિશેષ કહેવામાં કોઇ પ્રમાણ નથી... ૧૫૬
૩૯ જ્ઞાન કોઇનું વિષય નથી ૧૬૧
૪૦ બ્રહ્મ તથા જીવ બંનેનો જ્ઞાન ધર્મ છે ... ૧૬૩
૪૧ બ્રહ્મ અને આત્મા માટે ‘ अहं ’ શબ્દ શાસ્ત્રમાં છે ૧૬૫
૪૨ શબ્દજ્ઞાનથી આત્મસાક્ષાત્કાર થાય છે એનું ખંડન ૧૬૯
૪૩ અવિદ્યાદિના અનિર્વચનીયત્વનું ખંડન ... ૧૭૦
૪૪ અન્યખ્યાતિનું સમર્થન ૧૭૧

૪૫ ‘ अहमज्ञः’ આ અનુભવથી અવિદ્યાની સિદ્ધિ થતી નથી ૧૭૩
૪૬ આત્મસાક્ષાત્કારમાં ‘ दशमस्त्वम् ’ આ દૃષ્ટાંતનું ખંડન ૧૭૪
૪૭ મીમાંસાનું કર્તવ્ય ૧૭૬
૪૮ “ જીવને સ્વસ્વરૂપજ્ઞાનમાં ‘तत्त्वमसि, सत्यं ज्ञानं’ વિગેરે શ્રુતિઓ પ્રમાણ છે” એનું ખંડન ૧૭૭
૪૯ આત્મસાક્ષાત્કાર તો સાધનોથી થાય છે ૧૭૯
૫૦ બ્રહ્મસાક્ષાત્કાર અનુગ્રહથી થાય છે ૧૮૦
૫૧ ‘ બ્રહ્મ નિર્વિશેષ છે ’ એમાં કોઇ શાસ્ત્રપ્રમાણ નથી ૧૮૨
૫૨ અનુમાનથી શાસ્ત્રોક્ત બ્રહ્મની સિદ્ધિ થતી નથી ... ૧૮૫
૫૩ વેદાદિશાસ્ત્રોક્ત બ્રહ્મનું નિરૂપણ ૧૮૮
૫૪ આનંદમયાધિકરણનો વિચાર ૧૯૭

સદ્‌ગત શેઠ

ઈશ્વરદાસ ત્રીભોવનદાસ વરજીવનદાસ.

जन्मः—

संवत १९४५ चैत्र कृष्ण ३०.

अवसानः—

संवत १९७५ ज्येष्ठ शुक्ल १.

॥ श्रीबालकृष्णो जयति ॥

શુદ્ધાદ્વૈતદર્શન.

(હીંદી ઉપરથી ગુજરાતી ભાષાંતર)

પ્રથમ ભાગ.

दारिद्र्यदुर्गददशापरमौषधं यत्—
मूकात्मनामपि च सत्कवितावदान्यम् ।
अज्ञानमंधतमसं विनिहंतुमीडे
क्रीडातुरंगवदनांघ्रिसरोजयुग्मम् ॥ १ ॥

દારિદ્રય રૂપ દુર્ધર્ષ રોગનું પરમ ઔષધ, તથા મુંગાઓને પણ સત્કવિત્વ આપનાર એવા ક્રીડાને માટે હયગ્રીવસ્વરૂપ ધારણ કરનાર પ્રભુના ચરણકમલને ઘોર અજ્ઞાનરૂપ અંધકારના નાશ માટે ભજું છું.

यत्कृपापाङ्गतो લબ્ધઃ स्वसिद्धांतलवो मया ।
वंदे पौराणिकेन्द्रश्रीपुरुषोत्तमदेशिकान् ॥ २ ॥

જેમનાં કૃપાકટાક્ષથી મેં નિજમાર્ગીય સિદ્ધાંતનું બિંદુ પ્રાપ્ત કર્યું એવા શ્રીપુરૂષોત્તમ ગુરૂવર્યને હું વંદું છું.

बालोऽपि तुंगगिरिराजधरैकपाणि
नीलोऽपि मानसमहातिमिरप्रदीपः ।

वीरोऽपि गोपतरुणीनयनावबद्धो—
धीरोऽपि संसृतिभयापहरो हरिर्नः ॥ २ ॥

૧. ગ્રંથકાર ગ્રંથની શરૂઆત કરતી વખતે પોતાના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણ વસ્તુસ્વરૂપનો નિર્દેશ કરે છે. અથવા સાંસારિક જન્મ મરણ વિગેરે ભય દુર કરવાનો શ્રીકૃષ્ણપ્રભુ પાસે પ્રાર્થના કરતા આશીર્વાદરૂપ મંગલાચરણ કરે છે. તેમજ આજ શ્લોકથી ગ્રંથનો પ્રારંભ પણ કરે છે. "**બાલોઽપીતિ**" અર્થાત્ સાત વર્ષના બાલક હોવા છતાં પણ અતિ મોટા શ્રીગોવર્ધન પર્વતને ધારણ કરવાવાળા. **નીલોપીતિ**, અર્થાત શ્યામસ્વરૂપ હોવા છતાં હૃદયના અજ્ઞાનરૂપ અંધકારને દુર કરવામાં સમર્થ. **વીરોઽપીતિ**, અર્થાત્ હરેક બલવાનોમાં શ્રેષ્ઠ છે તોપણ પોતાના અનન્ય ભક્ત શ્રીગોપકુમારીઓનાં નયનકટાક્ષોથી વશ થયેલા. **ધીરોઽપીતિ**, અર્થાત્ અનેક વિકાર કારણો રહેતાં છતાં પણ નિશ્ચલ એવા શ્રીહરિ અમારા સર્વ સંસારભયને દુર કરો.

૨. આ શ્લોકમાં વસંતતિલકા છંદ છે અને વિરોધાભાસ અલંકાર છે. જ્યાં આપાતતઃ વિરોધ જેવું લાગે તો પણ ખરી રીતે જ્યાં વિરોધ[4] નહિ હોય તેને વિરોધાભાસ અલંકાર કહે છે; અને તે શ્લોકનાં ચારે ચરણોમાં ઝલકી રહ્યો છે, અર્થાત્ બાલક થઇને મહાન પર્વતને ધારણ કરવો, શ્યામસ્વરૂપથી અંધકારને ફેડવું, વીરનું બંધાઇ જવું અને નિશ્ચલ થઇ અખિલ ક્રિયા કરવી એ બધુ જ પરસ્પર વિરૂદ્ધ દેખાય છે છતાં પણ તે વિરોધ અહીં નથી. કારણ કે વેદમાં ઠેકઠેકાણે ભગવાનનું સ્વરૂપ વર્ણવતી જેને કહ્યું છે કે નાનામાં નાની રજ પરમાણુ ઇત્યાદિ તેજ છે. તથા મોટામાં મોટા આકાશાદિ પદાર્થો પણ તેનુંજ સ્વરૂપ છે. અર્થાત્ તે તે પદાર્થો સ્વયં પરમાત્મા છે માટે આ અલંકારથી એ ધ્વનિત થાય છે કે પરસ્પર વિરૂદ્ધ ધર્મોનો એક આધાર પરબ્રહ્મ જ છે.

૩. શ્લોકમાં 'પ્રદીપ' શબ્દથી એ પણ માલુમ થાય છે કે સર્વને પ્રેરણા કરનાર, દરેકને પેદા કરનાર તથા દરેકનાં હૃદયમાં રહેતાં છતાં પણ પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાન્ પ્રદીપની માફક નિર્લેપ છે. તેમજ 'गोपतरुणीनयनावबद्धः' આ પદથી એ ધ્વનિત થાય છે કે જે દીન નિઃસાધન અનન્ય ભક્ત છે તે શુદ્ધાદ્વૈત મતમાં ભગવત્પ્રાપ્તિનો અધિકારી છે. અને 'संसृतिभय' આ પદથી એમ લાગે છે કે સંસાર અને જગત્ બંને ભિન્ન ભિન્ન પદાર્થ છે, કેમકે બ્રહ્મસ્વરુપ જગત્થી કોઇને પણ ભય થવો સંભવતો નથી.

૪. પ્રત્યેક ગ્રંથનો આરંભ કરતી વખતે કર્તાએ વિષય, અધિકારી, પ્રયોજન, અને સંબંધ આ ચાર અનુબંધ પહેલાં કહેવાં જોઇએ. નહિ તો નિષ્પ્રયોજન હોવાથી ગ્રંથમાં કોઇની પણ પ્રવૃત્તિ ન થાય એ માટે ગ્રંથકારે આ શ્લોકથી 'સંસાર ભય નાશપૂર્વક પ્રભુપ્રાપ્તિ, એ પ્રયોજન, 'નિઃસાધન દીન અધિકારી' 'પ્રતિપાદ્ય પ્રતિપાદક ભાવ સંબંધ' અને 'શ્રીકૃષ્ણ ભગવાનજ ગ્રંથનો પ્રતિપાદ્ય વિષય ! આ ચારે અનુબંધ નિરૂપણ કરી દીધાં છે.

૫. શ્લોકનાં કથાભાગથી અને પદોથી એ પણ જણાઈ આવે છે કે આ ગ્રંથમાં જગત્સ્વરૂપ, અધિકારીસ્વરૂપ, ભગવત્સ્વરૂપ, પુષ્ટિનું સ્વરૂપ, તથા સર્વાત્મભાવસ્વરૂપ આટલા પ્રતિપાદ્ય વિષયો છે.

---

१ अणोरणीयान् महतोमहीयान् । २ बलंबलवतामस्मि । ३ निष्कलं निष्क्रियं शान्तमितिवाक्यात् । ४ विरोधे भासमाने तु विरोधाभास इष्यते ।

૬. અહીં એ પ્રશ્ન ઉઠે છે કે આપનું એમ કહેવું છે કે જગત્ બ્રહ્માત્મક છે અને સંસારથી ભિન્ન છે, તે યુકિત તથા શાસ્ત્ર વચનોથી સિદ્ધ થતું નથી, કારણ કે કેટલાક પ્રતિપક્ષીઓ કહે છે કે આ નજર આગળ દેખાતો પ્રપંચ માત્ર અજ્ઞાનથીજ દેખાય છે, ખરી રીતે જોતાં તો બ્રહ્મતત્વથી બીજું કંઇ પણ નથી. જેમ દોરડીમાં સર્પ કિંવા છીપમાં ચાંદી તથા સૂર્ય કિરણોથી ચલકતી રેતીમાં જેમ જલ ભ્રમથીજ દેખાય છે; વાસ્તવમાં તો રજ્જુ, છીપ, અને રેણુ શિવાય બધુંજ મિથ્યા છે, એવીજ રીતે બ્રહ્મમાંજ અવિદ્યા (ભ્રમ) ને લીધે આ જગત્ દેખાય છે. ખરી રીતે તો [1]બ્રહ્મને છોડી બીજું બધુંજ મિથ્યા છે. છીપને જ્યારે કોઇ વખતે પણ પહેલાં જોઇ હતી ત્યારે તેમાં ચાંદી દેખાતી નહિં હતી અંતે પણ તપાસ કરતાં ચાંદીનું ભાન ચાલ્યું જશે, માટે ફકત વચમાંજ ભ્રમને લીધે ચાંદીનું જ્ઞાન થાય છે. એવી રીતે આ જગત્ પણ આદિ અને અંતમાં અસત્ય અને માત્ર મધ્યમાં શુકિત (છીપ) માં જેમ ચાંદી ભ્રમથી દેખાય છે તેમ અજ્ઞાનીઓને પોતાની અવિદ્યાથી સત્ય જેવું લાગે છે. કારણ કે ભ્રમવાળી દૃષ્ટિ પ્રમાણ ગણાતી નથી; પણ જેઓ બ્રહ્મજ્ઞાની છે, જેમનું અજ્ઞાન બીલકુલ નાશ પામ્યું છે એવા જ્ઞાનીઓને આ જગત્ કંઈ દેખાતું નથી ફકત બ્રહ્મજ બ્રહ્મ દેખાતું રહે છે. ઉપનિષદ્માં પણ કહ્યું છે કે અહીં જે કંઈ તમને અનેક વસ્તુ દેખાય છે તે બધું કંઈ પણ નથી, કેવળ બ્રહ્મજ બ્રહ્મ છે. તેમજ [2]પરબ્રહ્મ જ માયાથી અનેક રૂપે દેખાય છે. જે અહીં [3]બ્રહ્મને છોડી નાનાવસ્તુ જુએ છે તેની અધોગતિ થાય છે. તથા ગીતામાં

---

[1] सर्वं खल्विदं ब्रह्म नेह नानास्ति किंचन । [2] इन्द्रो मायाभिः पुरुरूप ईयते । [3] तं परादाद्योऽन्यत्रात्मनो ब्रह्मवेद ।

પણ શ્રીકૃષ્ણ ભગવાને [1]કહ્યું છે કે જે અસત્ય વસ્તુ જગત ઇત્યાદિ તેની સત્તા કદાપિ થતી નથી, અને જે સદ્વસ્તુ આત્મા છે તેનો કોઈ કાળે પણ અભાવ થતો નથી. આ સત્ અને અસત્નો છેડો જ્ઞાનીઓએ પ્રત્યક્ષ કર્યો છે, માટે જગત્ બ્રહ્મરૂપ અને સત્ય છે એ કહેવું તદ્દન યુકિત તથા શાસ્ત્રોથી વિરૂદ્ધ છે વાસ્તે જ જગત્ તથા સંસારનો ભેદ સિદ્ધ કરવો પણ ફોગટ છે.

જગત્ સ્વરૂપ.

૭. ઠીક છે. જગત્ અને સંસાર ઉભય એક છે તો પણ જગત્ અસત્ય છે એ અમે ત્યારે માનીએ કે જ્યારે એ જો યુક્તિ અને શાસ્ત્રથી સિદ્ધ થતું હોય તો પણ તે તો સિદ્ધ થતું નથી. [2]વેદાંતમાં કહ્યું છે કે 'તે [3]પરમાત્માજ આટલા લાંબા પહોળા થઇ ગયા' '[4]પરમાત્માજ આ નજર આગળ જણાતું [5]જગત્ છે' આ બધું [6]પરબ્રહ્મનુ જ સ્વરૂપ છે. શ્રીહરિ જ સર્વ રૂપે પ્રગટ થાય છે અને [7]પરમાત્માજ ભૂત, વર્તમાન, તથા ભવિષ્ય જગત્ રૂપ છે. તેમ સ્મૃતિ પણ એજ કહે છે કે '[8]હે પરમાત્મા ! આ બધું જગત આદિ, મધ્ય તથા અંતમાં પણ આપમાંજ રહે છે તથા આપજ એ જગત્નાં આદિ, મધ્ય તથા અંત છો.'' આ શ્રુતિ સ્મૃતિ વિગેરે વાક્યોથી સ્પષ્ટ જણાય છે કે પ્રપંચને (જગત્) ભગવા

---

[1] नासतो विद्यते भावो नाभावो विद्यते सतः । उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः । [2] उपनिषद्भाग : । [3] स आत्मानं स्वयमकुरुत । [4] स हैतावानास । [5] स वै सर्वमिदं जगत् । [6] इदं सर्वं यदयमात्मा । [7] पुरुष एवेदं सर्वं यद्भूतं । यच्च भाव्यम् । [8] त्वय्यग्र आसीत् त्वयि मध्य आसीत् त्वय्यन्त आसीदिदमात्मतंत्रे त्वमादिरन्तो जगतोऽस्य मध्यं घटस्य मृत्स्नेव परः परस्मात् ॥ श्रीभागवतम् ॥

તેજ બનાવ્યો છે, અને એટલા માટેજ ભગવત્કાર્ય, બ્રહ્મરૂપ તથા સત્ય છે.

૮. જ્યારે અમે આ વિશાલ વિશ્વ ઉપર દૃષ્ટિ ફેલાવીએ છીએ ત્યારે મનમાં મહાન વિચાર થઈ આવે છે કે આ વિસ્તીર્ણ દુનીઆ કયા બુધ્ધિમાનનું કાર્ય હોવું જોઇએ કે જેણે આ અચિંત્ય ન કળી શકાય એવું જગત્ રચ્યું. ખચિતજ તે મહાન બુધ્ધિમાન હોવો જોઈએ. કેમકે આ જગતનું જ્ઞાન થવું પણ જ્યારે જીવબુધ્ધિની બહાર છે તો અવશ્ય એનો રચનાર સર્વજ્ઞ હોવો જોઈએ; અને નિશ્ચિત તે દરેકની આદિ, અદ્વિતીય, સમર્થ, સર્વશક્તિમાન, અને મહાન્ ઐશ્વર્યવાન્ છે. કારણ કે તેનું આ વિચિત્ર મહાન્ કાર્યજ તેનાં પૂર્વોક્ત સ્વરૂપની સાક્ષી પૂરે છે. પ્રાયઃ એવો એક નિયમ છે કે કાયને જોઈ કારણનું અનુમાન થાય છે. જેમ ઘડાને જોઈ તરતજ તેના બનાવનારનું તથા માટી વિગેરેનું અનુમાન થઈ જાય છે. તેમજ જગત્રૂપ આ અદ્ભુત કાર્યને નિરખી તેના કારણરૂપ સર્વશક્તિ, સવરૂપ, સર્વસમર્થ, અલૌકિક અને અદ્વિતીય પરમાત્માનું અનુમાન થઈ આવે છે.

૯. વેદમાં આપણે સાંભળીએ છીએ કે 'પહેલાં પરમાત્મા સિવાય કોઇ પણ વસ્તુ હતી નહિ,' તો પછી પરવશ થઈને માનવું જોઇશે કે આ જગતનું ઉપાદાન કારણ તથા નિમિત્તકારણ એક માત્ર પરમાત્માજ છે. એજ વાત પૂર્વોક્ત શ્રુતિવાકયોથી સિધ્ધ થઈ ચૂકી છે. કાર્ય તેને કહેવામાં આવે છે કે જે ઉત્પન્ન થાય છે અર્થાત્ જેની ઉત્પત્તિ હોય છે. જેમ ઘટાદિક બધાં પદાર્થો ઉત્પત્તિવાળા છે માટે તે સર્વ કાર્ય કહેવાય છે. અને સમવાયિ અથવા ઉપાદાન કારણ તે કહેવાય છે કે જે આદિ,

---

[૧] સદેવ સૌમ્યેદમગ્રઆસીત્ ।

મધ્ય, અને અંતમાં પણ કાર્યથી વિખુટું ન પડે. જેમ મૃત્તિકા વિગેરે. મૃત્તિકા આદિ મધ્ય અને અંતમાં પણ ઘટરૂપ કાર્યસાથે મળેલીજ રહે છે. તેમજ નિમિત્તકારણ તે કહેવાય કે જે[૧] કાર્યની પહેલાં રહે અને કાર્યની ઉત્પત્તિમાં જેની જરૂર અપેક્ષા હોય. જેમ કુંભાર, ચક્ર, ચીવર (દોરી કાપવાની) દંડ, ઈત્યાદિ ઘટનાં નિમિત્ત કારણો છે. હવે જ્યારે જગત્રૂપ કાર્યનું ઉપાદાન અને નિમિત્તકારણ બ્રહ્મજ છે તો માનવું પડશે કે જગત સત્ય અને નિત્ય છે. કારણ કે એનું કારણ બ્રહ્મ નિત્ય તથા સત્ય છે. એવો એક નિયમ છે કે જેવું કારણ હોય તેવુંજ કાર્ય પણ હોય છે.'

૧૦. અહીં એક એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જ્યારે જગત્ સત્ય તથા નિત્ય છે. ત્યારે તો એની ઉત્પત્તિ તથા નાશ પણ ન થવો જોઈએ. પરંતુ જગત્નો નાશ તથા ઉત્પત્તિ અમે પ્રત્યક્ષ જોઈ રહયા છીએ એ કહેવું ઠીક છે, પણ વિચાર દૃષ્ટિથી માલુમ પડશે કે ઘટમાંથી કાંઈ પણ નાશ થતું નથી. જે અને જેટલી માટીથી ઘટ બન્યો છે તેજ અને તેટલીજ માટી ઘડાનાં ફુટી જવાથી પણ બરોબર રહે છે. અને ઘટ એવું નામ પણ અન્ય સ્થલે જેવુંને તેવુંજ વ્યવહારમાં આવે છે. કારણ કે શબ્દ નિત્ય છે. હવે બાકી રહયો આકાર. તેની એ વ્યવસ્થા છે કે ઘટના ટુંકડા થઈ જવાથી તે સ્પષ્ટ તે આકારમાં નથી જણાતો, પણ જો કોઇ ચતુર આદમી તે બે ચાર ટુંકડાને લઈ મેળવી નાખે તો ફરીથી તેજ ઘટનો આકાર જેવોને તેવોજ દેખાવા લાગશે. ઘટનાં ફૂટી જવાથી તેનો અસલી આકાર ટુકડાઓમાં વિભક્ત થઈ ગયો છે પરંતુ વિદ્યમાન છે. હા, એ જરૂર છે કે જેમ જેમ

---

[૧] कार्यनियतपूर्ववृत्ति कारणम् ।

ઘડાનાં ટુકડાઓ સૂક્ષ્મ થતાં જશે તેમ તેમ આકાર પણ સૂક્ષ્મ થતો જશે પણ એથી કંઇ તેનો અત્યંતાભાવ થતોનથી/અગર તેનો અત્યંત અભાવ થઈ જતો હોય તો પછી હજારો ઉપાયોથી તેની ઉત્પત્તિ ન થાય. કારણ કે કોઈ પણ ચતુર માણસ શું શશશૃંગને પૈદા કરી શકે છે? અથવા આકાશમાં કુસુમના ગુચ્છાઓ લગાવી શકે ખરો ! કદિ નહિં. કારણ કે જગત્માં તેનો અત્યંતાભાવ છે. અમે તો એ પણ કહી દઇએ છીએ કે કોઈ પણ પદાર્થનો અભાવ ક્યારે પણ થતો જ નથી. કારણ કે વેદમાં કહ્યું છે કે સર્વ વસ્તુ [૧]સર્વમય છે' તો પછી જે ભૂતલ ઉપરથી ઘડો ઉઠાવી લેવામાં આવ્યો છે ત્યાં પણ પૂર્વોક્ત શ્રુતિ મુજબ તૃણરૂપથી આકાશરૂપે કે ભૂતલરૂપથી ઘટ વિદ્યમાનજ છે. માટે કોઈપણ પદાર્થનો અભાવ થઈ શકતો નથી. અહીં અગર એમ કહો કે વસ્તુનો અભાવ થતોજ નથી તો તે તે વસ્તુ દેખાતી કેમ નથી? તો તેનો ઉત્તર એજ છે કે કેટલાંએક કારણોને લઈ તે વસ્તુ ત્યાં દેખાતી નથી. વસ્તુનાં દર્શનમાત્રથી તે વસ્તુની સત્તા માનવી તથા દર્શન ન થવાથી તે વસ્તુનો અભાવ માની લેવો એવા નિયમનું અવલંબન કરતાં મહાન્ આપત્તિ ભોગવવી પડે, માટે જે જણાતું નથી તે અસત્ય છે એવું તો કોઈપણ રીતે નહિં કહી શકાય. વસ્તુ ન દેખાવાનાં કેટલાક કારણો અમે આગળ જઈ જણાવીશું.

૧૧. અહીં એ બાધા આવી પડે છે કે ભલે અત્યંતાભાવ, પ્રાગભાવ, તથા ધ્વંસાભાવ આપ નહિં માનો તે ઠીક છે, પરંતુ અન્યોન્યાભાવ તો જરૂર માનવોજ પડશે. અગર અન્યોન્યાભાવ પણ ન માનો તો સર્વ વસ્તુમાં સર્વ હોવાથી ઘટનું જલાહરણાદિ

---

[૧] સર્વં સત્મયમ્ । શ્રુતિ:

જે કામ, છે તે પટથી પણ થવું જોઇએ, અને પટનું જે આચ્છાદનરૂપ કાર્ય તે ઘટથી થવું જોઇએ. આ આપનું કહેવું ઉચિત છે; પણ આપ વિચાર કરો કે શ્રુતિ સ્વતંત્ર પ્રમાણ છે અને તે સર્વનું સર્વરૂપ બતાવી રહી છે. શું તેનાથી આપને કંઇ લેવું દેવું છે? કંઈ પણ નહિં. તો પછી આપને અન્યથાનુપપત્તિપ્રમાણદ્વારા માનવું પડશે કે ઈશ્વરે વેદસિધ્ધ પોતાની ઈચ્છાથી પટમાં અન્ય સર્વ ઘટાદિ પદાર્થોના તે તે જલાહરણાદિ ક્રિયા કરવાવાળી સર્વ શક્તિઓનો તિરોભાવ કર્યો છે, તથા એક માત્ર આચ્છાદન કરવાની શક્તિનોજ આવિર્ભાવ કર્યો છે. બીજી સમસ્ત શક્તિઓનો તિરોભાવ કર્યા શિવાય ભગવાનની બહુ થવાની ઇચ્છા પાર પડી શકતી નથી. માટે માનવું પડશે કે પરમાત્માએ પોતેજ રચેલા આ ક્રીડાસ્થલરૂપ જગત્ને પોતાના ઇષ્ટ સમય સુધી નિયમિતરૂપે ચાલવા માટે જગત્માં રહેલાં તે તે પદાર્થોમાં તેનાથી અન્ય સર્વ શક્તિઓનો તિરોભાવ કરી રાખ્યો છે. માટે ઘટાદિનું કાર્ય પટાદિથી, અને પટાદિનું કાર્ય ઘટાદિથી સરી જતું નથી. સામાન્ય રીતે સ્પષ્ટ પ્રતીતિને આવિર્ભાવ કહે છે, અને અદર્શન થવાનેજ તિરોભાવ કહે છે.

૧૨. બ્રહ્મસૂત્રોમાં એ સ્પષ્ટ કહ્યું છે કે બ્રહ્મજ જગદ્રૂપ કાર્યથી અવિકૃત પરિણામને પ્રાપ્ત થાય છે. અમે ઉક્તવાતને અવિકૃત પરિણામ નિરૂપણમાં સુંદર રીતે સ્પષ્ટ કરીશું. જેવી રીતે વેષ્ટિત (ઘડી કરેલો) પટ બધો બરોબર ગ્રહણ (જોવામાં) કરવામાં આવતો નથી પરંતુ તેજ પટની ઘડી ખોલી નાખવાથી સાફ સાફ બધોજ બરોબર જણાઈ આવશે. તેવીજ રીતે સર્વ કારણ બ્રહ્મ પોતાની ઇચ્છાથી જ્યારે કાર્યરૂપમાં આવે છે ત્યારે ઠીક રીતે ગ્રહણ કરવામાં આવે છે, અને જ્યારે યથેષ્ટ કાલ સુધી

તે અવસ્થામાં રહીને ફરીથી કારણાવસ્થામાં આવી મળે છે તો સ્પષ્ટરૂપે ગ્રહણ કરાતું નથી. અજ્ઞાની લોક જગતની ઉત્પત્તિ અને નાશ માની બેસે છે, પણ ખરી રીતે જોતાં જગતનો આવિર્ભાવ તથા તિરોભાવજ થતો રહે છે એ વાત શ્રીવિષ્ણુપુરાણમાં કહી છે.

तदेतदक्षयं नित्यं जगन्मुनिवराखिलम् ।
आविर्भावतिरोभावजन्मनाशविकल्पवत् ॥

હે મુનિવર ! આ બધું જગત્ અક્ષય છે અને સત્ય છે. તથા આવિર્ભાવ અને તિરોભાવરૂપ જન્મનાશવાળું છે. એજ પ્રમાણે શ્રીમદ્ ભાગવતના તૃતીયસ્કંધમાં પણ કહ્યું છેઃ—

विश्वंहि ब्रह्मतन्मात्रं संस्थितं विष्णुमायया ।
यथेदानीं तथाचाग्रे पश्चादप्येतदीदृशम् ॥ भा. तृ.
मनसा वचसा दृष्ट्या गृह्यतेऽन्यैरपीन्द्रियैः ।
अहमेव न मत्तोऽन्यदिति बुध्यध्वमंजसा ॥ भा.तृ अ.३१श्लो.४४
जीवस्यानुगतो देहो भूतेन्द्रियमनोमयः ।
तन्निरोधस्तु मरणमाविर्भावस्तु संभवः ॥ ४४ ॥
द्रव्योपलब्धिस्थानस्य द्रव्येक्षायोग्यता यदा ।
तत्पञ्चत्वमहंमानादुत्पत्ति द्रव्यदर्शनम् ॥ ४५ ॥
यथाक्ष्णो द्रव्यावयवदर्शनायोग्यता यदा ।
तदैव चक्षुषोद्रष्टुर्द्रष्टृत्वायोग्यताऽनयोः ॥ ४६ ॥

અર્થાત્, આ સમગ્ર જગત માયાના સંબંધથી રહિત બ્રહ્મ જ છે. અને ભગવાનની શકિતથી રહેલું છે. જેવી રીતે હમણાં છે તેવી જ રીતે પહેલાં અને પર્યંતે રહશે. મન, વાણી અને દૃષ્ટિથી જે કંઇ ગ્રહણ કરાય છે તે સર્વ હુંજ છું. મારાથી ભિન્ન કંઇ પણ નથી એમ તું સંક્ષેપથી જાણ. [1]પંચમહાભૂત, દશે ઇંદ્રિય,

અને મનથી બનેલો આ દેહ જીવથી ધારણ કરાયો છે. એનો તિરોભાવ તે મરણ, અને આવિર્ભાવ તે ઉત્પત્તિ કહેવાય છે. દ્રવ્યોપલબ્ધિસ્થાન એટલે કારણ, તે જ્યારે કાર્યનું દર્શન કરાવવાને સમર્થ હોય છે ત્યારે તેને ઉત્પન્ન થયું એમ લોકો કહે છે. જેમ, જ્યારે કાર્યની દર્શનયોગ્ય સ્થિતિ નથી રહેતી ત્યારે જોવાવાળામાં તથા તેનાં નેત્રમાં (તેજ દ્રવ્યમાત્રને માટે) તે દ્રષ્ટૃત્વ ધર્મ પણ નથી રહેતો. માટે વસ્તુદર્શન અથવા તદભાવથીજ સત્તા અથવા તદભાવનો નિર્ણય કરવો એ ખરેખર ભૂલ ભરેલુંજ કહેવાય.

૧૩. ખરી રીતે પ્રત્યેક પદાર્થ કોઈને કોઇ અવસ્થામાં જરૂર વિદ્યમાનજ રહે છે. માત્ર અવસ્થામાંજ ફેરફારથી પદાર્થ ઉત્પન્ન થયો અથવા એ પૂર્વથી જૂદો છે એમ કહી શકાય નહિ. અગર અવસ્થાનાં બદલવાથીજ સર્વ પદાર્થો બદલાતા હોય તો સુનેલો માણુસ જ્યારે જાગે છે ત્યારે તે જાગ્રત દશામાં આવેલો મનુષ્ય પૂર્વાવસ્થાથી જુદો છે એમ માનવું જોઇશે. મારા ધારવા પ્રમાણે આવી રીતે અવસ્થા ભેદથી વસ્તુભેદ માનવાવાળા મહાશયોને પોતાની સ્ત્રીઓને પણ વખતોવખત અસતી માનવાનું સાહસ વ્હોરી લેવું પડશે. જ્યારે બધુંજ જગત્ સત્ય છે તો પછી ‘ नासतो ’ વિગેરે શ્રીગીતાવચનનો પણ અર્થ સર્વસામાન્ય કહે છે તે નથી. પરંતુ તેનો અર્થ એ છે કે જે અસત્ય પદાર્થ છે તેનો ભાવ (સત્તા) થઈ શકતો નથી, જેમ શશશૃંગ. અને જે સત્ પદાર્થ છે તેનો કદાપિ નાશ થતો નથી. જેમ બ્રહ્માત્મક જગત. માટે ભગવત્સમવાયી હોવાથી તથા બ્રહ્મરૂપ હોવાથી જગત સત્ય છે. લોકમાં એવો એક નિયમ છે કે જેવું સુવર્ણ હોય છે તેવુંજ કટક, કુંડલ વિગેરે તેનું કાર્ય હોય છે. યદિ

---

[1] पृथ्व', जल, तेज, वायु, आकाश । [2] पाणि, पाद, गुद, लिंग, अने वाणी—पांच कर्मेन्द्रिय । नेत्र, श्रोत्र, नासिका, जिह्वा, त्वक्-पांच ज्ञानेन्द्रिय ।

પટરૂપ કાર્યનું કારણ તંતુઓ જેવા બારીક તથા શ્વેત હશે તો જરૂર તેનું કાર્ય પટ પણ તેવોજ બારીક અને શ્વેત બનશે. એવીજ રીતે સર્વ કારણ બ્રહ્મ નિત્ય છે તો તેનું કાર્ય જગત્ પણ નિત્યજ છે એમ સમજવું.

૧૪. કેટલાક વેદાન્તીઓ એમ કહે છે કે 'એકમાં બીજાના અભાવનેજ ભેદ કહે છે. અને એજ અભાવરૂપ ભેદ પ્રત્યક્ષથી ગ્રહણ કરી શકાતો નથી, અર્થાત્ આંખોથી જણાતો નથી. જ્યારે ભેદ આંખોથી જણાતો નથી તો સમજો કે એવા નાનાભેદો પણ પ્રત્યક્ષ ગ્રાહ્ય નથી. જ્યારે નાનાભેદ પ્રત્યક્ષ ન હોવાથી અસત્ય છે જુઠો છે તો પછી વેદ અને પ્રત્યક્ષમાં કંઇપણ વિરોધ નથી. કારણ, વેદ પણ એજ કથે છે કે 'આ બધું બ્રહ્મજ બ્રહ્મ છે. નાના ભેદ બધો જુઠો છે' તો એ સિદ્ધ હવે થયું કે નાના ભેદવાળું આ જગત્ અસત્ય છે, માત્ર એક બ્રહ્મજ સત્ય છે.

૧૫. આવું કેહવું માત્ર તે લોકોનું સાહસજ છે કારણ કે અભાવરૂપ ભેદ ગ્રહણ કરાય છે કે નહિં તેનો શાસ્ત્રાર્થ કરવા અત્રે અમે માંગતા નથી; પરંતુ એમ કહીએ છીએ કે એક બીજાથી જુદાં નીલ, પીત, કટુ, મધુર, શીતલ તથા ઉષ્ણ વિગેરે સર્વ પદાર્થોનું પ્રત્યક્ષ થાય છે કે નહિં ? અગર થાય છે એમ કહો તો જરૂર તેઓનો પરસ્પર ભેદ માનવોજ પડશે. કેટલાક નીલ, પીત, વિગેરે પદાર્થો ભેદરૂપ નથી, પરંતુ તેઓનો ધર્મ પરસ્પર ભેદરૂપ છે. તે અભાવરૂપ ધર્મનો ભેદ નહિં હોય તો પણ નીલ, પીત વિગેરે ધર્મીનો ભેદ અનુપપન્ન થઇ શકતો નથી. માટે નીલપીતાદિગુણ તથા પૃથ્વી, જલ ઇત્યાદિ દ્રવ્યોનું પ્રત્યક્ષદ્વારા

ગ્રહણ થતાં છતાં પણ જગત્‌ને અસત્ય કહેવું એ સ્પષ્ટ પ્રત્યક્ષ-વિરુદ્ધ છે. 'सर्वं खल्विदं ब्रह्म' વિગેરે શ્રુતિઓનો તો એવો અર્થ થાય છે કે જેમ દૂરથી વડનું ઝાડ જોનાર તેની જટા, શાખા, વિગેરેને જુદા જુદાં વૃક્ષો માની આ અનેક વૃક્ષો છે એમ કહેવા લાગે છે પણ જેણે પાસે જઈ તેને જોયું છે, તે તો કહેશે કે ભાઈ! આ નાના વૃક્ષો નથી, પરંતુ એકજ વટવૃક્ષનો જટા, શાખાદ્વારા પરિણામ થયો છે, માટે એકજ વૃક્ષ છે. એવીજ રીતે વેદ ભગવાન્ પણ અજ્ઞલોકોને સમજાવે છે કે આ આંખ આગળ દેખાતા અનેક પદાર્થો એક બ્રહ્મનોજ નાનારૂપે થયેલો પરિણામ છે. સર્વ બ્રહ્મજ છે. નાના બીજું કંઇએ નથી.

૧૬. કેટલાક[1] વાદીઓ કહે છે કે આ જગત્ અવિદ્યાથી બનેલું છે, અને તે અવિદ્યા (અજ્ઞાન) અનિર્વચનીય છે અર્થાત્ સત્ અને અસત્ બંનેથી જુદી હોવાથી અકથનીય છે. આ અનિર્વચનીય અવિદ્યાનું કાર્યજ આ વિશાલ જગત્ છે માટે એ પણ અનિર્વચનીય છે. અર્થાત્ સત્ અને અસત્‌થી ભિન્ન છે. જેમ શુક્તિમાં (છીપમાં) રજત (ચાંદીનું) ભાન થાય છે, એ માટે તો તે વખતે તેને જુઠું કહી શકતા નથી. તેમજ ઠીક રીતે બરોબર જોયા બાદ તે રહેતું નથી, માટે સત્ય પણ નથી. એવીજ રીતે અમે જગત્‌ને અસત્ય પણ કહી શક્તા નથી, કેમકે પ્રત્યક્ષથી એનું ગ્રહણ થાય છે. અને સત્ય પણ નહીં કહી શકાય કારણ કે આત્મજ્ઞાનથી એનો બાધ થઇ જાય છે. માટે જગત્ સત્યાસત્ય હોવાથી અનિર્વચનીય છે અને એટલાજ માટે અર્થાત્ અવિદ્યા કાર્ય હોવાથી મિથ્યા છે. જેમ રજ્જુમાં સર્પનું જ્ઞાન ભ્રમથી (અજ્ઞાનથી) થાય છે. વાસ્તવમાં સર્પ છેજ નહિં. એવીજ રીતે

---

१ मायावादी । २ सर्वं खल्विदं ब्रह्मनेह नानास्ति किंचन ।

[1] युक्त्यंतरथा बोलवावाळा वादीओ ।

અધિષ્ઠાન બ્રહ્મમાં અવિદ્યાથી જગત પ્રતીત થવા લાગે છે, અરી રીતે તો બ્રહ્મ સિવાય બીજું બધુંજ મિથ્યા છે.

૧૭. પહેલ વહેલાં આજ વાકય અસંગત જેવું લાગે છે, કારણ કે જગત્ અનિર્વચનોય છે તો તેને મિથ્યા નહિં કહી શકાય. અને અગર મિથ્યા છે તો આનેર્વચનીય નહિં થઈ શકે. કોઈ પણ ઠેકાણે એકજ પદાર્થ અનિર્વચનીય તથા મિથ્યા જોયો નથી. અસ્તુ (ખેર) અગર માની લઇએ કે જગત્ અનિર્વચનીય તથા મિથ્યા બંને છે તો પણ બની શકતું નથી; કારણ કે આપ એને અવિદ્યાનું કાર્ય બનાવો છો એ ઠીક છે, પણ કહો તો ખરા કે એ અવિદ્યા કોને છે? જીવને તો થઈ શકે નહિં. કારણ કે આપના મતમાં બ્રહ્મ સિવાય કોઈ પણ અતિરિક્ત જીવ પદાર્થ જ નથી. અગર જીવને ભિન્ન પદાર્થ માનશો તો દ્વૈતાપત્તિ થશે. એ કહેવાથી તો સારાં માણુસોને પણ હસવું આવ્યા વગર નહિં રહે કે બ્રહ્મને અવિદ્યાનો સંબંધ થયો છે. કયાં વિશુદ્ધ વિદ્યાસ્વરૂપ બ્રહ્મ, અને કયાં મલિનસ્વરૂપ અવિદ્યા ! એ ઉભયનો સંબંધજ બની શકે તેમ નથી. સૂર્યનાં ઝળહળતાં પ્રગાઢ તેજમાં અંધકારની સત્તા બીલકુલજ અસંભવિત છે. અને તે અવિદ્યા આદિ છે અથવા અનાદિ? યદિ આદિ માનો તો એનો કર્તા અર્થાત્ બ્રહ્મન માનવો પડશે. તો પછી બ્રહ્મને કર્તા માનવાની આપત્તિ શિરપર આવી નડવાની. અને અગર અવિદ્યાને અનાદિ માની લેશો તો દ્વૈતાપત્તિ ગળે પડશે. માટે 'અવિદ્યાથી જગત્ જણાય છે' એ યુક્તિથી સિદ્ધ થતું નથી. હવે રહી અનિર્વચનાયતાની વાત, તે પણ માત્ર સુખમધુરજ છે. કારણ કે જ્યારે જગ સત્ય નથી તો જરૂર અસત્ય છે. અને અગર અસત્ય નથી તો જરૂર સત્ય હોવું જોઇએ. બંનેથી તૃતીય રીતિ થઈ શકતી નથી. સત્ય તથા અસત્ય જ્ઞાનમાં જ્યાં સુધી એક બીજાનો એક બીજાથી ઉપમર્દ ન થાય ત્યાં સુધી ઉભયમાંથી એક પણ જ્ઞાન કદાપિ બુધ્ધિપર સ્થિર રહેશે નહિં. સત્ય તથા અસત્ય એ બંને જ્ઞાન એકજ વખતે બુધ્ધિમાં આવે એ તો પુરેપુરૂં અસંભવિત છે. માટે જગત્ને અનિર્વચનીય નહિ કહી શકાય. કદાચ એમ કહો કે જે પદાર્થ કોઇપણ કાલે ન જણાય તે અસત્ છે, જેમ શશલાનું શીંગડું, અને જે દેખાયા બાદ કયારે પણ બાધિત ન થાય તે સત્ છે, જેમ આત્મા. પરંતુ જગત્ તો પ્રતીત પણ થાય છે અને જ્ઞાનદ્વારા બાધિત પણ થાય છે, માટે સત્ તથા અસત્ ઉભયથી વિલક્ષણ હોવાથી અનિર્વચનીય છે.

૧૮. પરંતુ એ પણ ઠીક નથી, કારણ કે એમાં લોકવિરોધ ખુલી રીતે જણાઈ આવે છે. એ કહેવું ઠીક છે કે છીપમાં ચાંદીનું ભાન અને રજ્જુમાં સર્પનું ભાન થોડીવાર દેખાઈ પછી બાધિત થાય છે. પરંતુ લોકમાં એની અસદ્રૂપે પ્રસિધ્ધિ છે. જેમ શશશૃંગ અસત્ પ્રસિધ્ધ છે તેમ લોકમાં રજ્જુસર્પ તથા શુક્તિરજત બંને અસદ્રૂપે પ્રસિધ્ધ છે. અસત્યનો પ્રસિધ્ધિમાં ત્રણે સરખાં છે હવે પ્રપંચ પણ જો એવી રીતે જણાઈ પછી બાધિત થતો હોય તો તે પણ લોકાનુરોધથી રજ્જુસર્પની માફક માત્ર મિથ્યાજ કહી શકાશે, પરંતુ અનિર્વાચ્ય નહિ કહી શકાય. ખેર, પણ જો લોકાનુરોધને પણ ઠોકર મારી એમ કહો કે જેમ વૃધ્ધિ શબ્દનો લોકમાં 'વધવું' એ અર્થમાં વ્યવહાર કરાય છે પરંતુ વૈયાકરણ લોક એનો પોતાનો સંકેતિત (આ, ઐ, ઔ) એ અર્થમાં વ્યવહાર કરે છે, એવીજ રીતે જો કે જગત્નો પણ પ્રતીતિ બાધિત હોવાથી લોકમાં મિથ્યા છે છતાં પણ અમે એનો અર્થ અનિર્વાચ્ય શબ્દથી કરીએ છીએ, પરંતુ એ કથન

પણ રમ્ય નથી. કારણ કે કોઇ પણ યુકિતથી પ્રપંચનો બાધ થઇ શકતો નથી. જ્યાં સુધી ઇંદ્રિયસહિત સદેહ જીવ છે, ત્યાં સુધી તો પ્રત્યક્ષગૃહીત હોવાથી બાધ થવો સંભવિત નથી અને મુકતાવસ્થામાં ઇંદ્રિયો, અંતઃકરણ વિગેરેથી વિયુકત હોવાથી પ્રપંચનું બાધજ્ઞાન થવું બીલકુલજ દુર છે.

યદિ જીવન્મુકતને પ્રપંચનું બાધ જ્ઞાન થાય છે એમ કહો તો પણ કાર્ય ન સરશે કારણ કે જીવન્મુકતને બ્રહ્મજ્ઞાનસિવાય બીજું કંઇ પણ જ્ઞાન હોતુંજ નથી. અથવા સમગ્ર ઇંદ્રિયગણ બ્રહ્મમાં જઈ મળવાથી પ્રપંચના અભાવનું જ્ઞાનજ ન થશે. માટે બાધક જ્ઞાન વગર પ્રપંચ અસત્ય છે એ કહી શકાય નહિં. કેટલાક વાદીઓ કહે છે કે, 'ભલે જગતનું કારણ બ્રહ્મ માનો પણ એનું (જગતનું) સત્યત્વ તો સાંખી શકાય તેમ નથી. કારણ કે કારક વ્યાપારની પહેલાં કારણમાં કાર્ય જણાતું નથી. જેમ કારક (કર્તા-કુંભાર) દંડ, ચક્ર, ઇત્યાદિ દ્વારા જ્યાં સુધી ક્રિયા નથી કરતો ત્યાં સુધી માટીમાં કાર્ય-ઘટાદિ દેખાતું નથી, માટે તે અસત્ છે. તેમજ સૃષ્ટિની પહેલાં જગત્ પણ સાંભળવામાં નથી આવતું માટે તે અસત્ય છે.' એ પણ ઠીક કથન નથી, કારણ કે જે અસત પદાર્થ છે તે કદાપિ ક્રિયાગોચર નથી હોતો. અર્થાત્ અસત્ય પદાર્થને માટે કોઇ પણ ક્રિયા કરતું નથી. અને ક્રિયા કરી તે અસત્ પદાર્થની ઉત્પત્તિ પણ કોઇ કરી શકતું નથી. શું આકાશકુસુમ, શશશૃંગ, કૂર્મરોમ, વિગેરે અસત્ પદાર્થોને કદાપિ કોઇએ ઉત્પન્ન થતાં જોયાં છે? અથવા કોઇ પણ બુદ્ધિમાનને એને માટે ક્રિયા કરતો જોયો છે? સત્ત્વં લે.કો સત્ય પદાર્થને માટે જ ઉદ્યોગ કરે છે, બધાં ઘટ પટાદિને માટેજ ઉદ્યોગ

કરે છે. માટે મૃત્તિકાદિમાં કારકવ્યાપારની પહેલાં પણ ઘટાદિ કાર્ય હાજરજ છે. જો ન હોય તો કોઈ પણ એને પેદા કરવાની કોશીશ ન કરે. તે માટે જગત્રૂપ કાર્ય સૃષ્ટિની પણ પહેલાં સ્થિત છે એમ માનવુંજ જોઈએ. એજ વાત 'नासदुत्पादो नृशृंगवत्' અ. ૧ સૂ. ૧૧૪. અર્થાત્ જેમ માણસને માથે શિંગ ઉગતું નથી તેમ અસત્ પદાર્થની ઉત્પત્તિ થઇ શકિત નથી, એમ આ સાંખ્ય સૂત્રમાં કહ્યું છે. અગર અસત્‌ની પણ ઉત્પત્તિ થતી હોય તો દુધથીજ દહિ, માટીથીજ ઘડો, તંતુઓથીજ પટ થાય છે વિગેરે નિયમો શા વાસ્તે? વાયુ, આકાશ વિગેરે પદાર્થોથી પણ ઘટપટાદિ બનવાં જોઇએ. કારણકે અસત્યપણું સર્વત્ર સમાનજ છે, પણ તેવું તો કદાપિ બનતું નથી.

૧૯ ઘટ બનાવનાર મૃત્તિકાનેજ તે તે (ઘટાદિ) કાર્ય બનાવતી વખતે લે છે, પટ બનાવનાર તે પટાદિ કાર્ય બનાવવા માટે તે વખતે તંતુઓનેજ ગ્રહણ કરે છે તથા દહિંની ઇચ્છા રાખનાર દુધનેજ લઇ મેળવે છે. માટે જણાઇ આવે છે કે ઘટ, પટ, ઇત્યાદિ કાર્યોનાં તે તે નિયમિત કારણોમાં તે તે કાર્યો પહેલેથીજ વિદ્યમાન છે, પરંતુ એટલું છે કે તે સમયે તિરોભૂત અવસ્થામાં છે. કર્તાનો વ્યાપાર થયા બાદ તુરતજ તે કાર્ય સ્પષ્ટ જણાવા લાગે છે. પરંતુ કંઈ અપૂર્વની ઉત્પત્તિ થતી નથી. જેમ તલમાં તેલ, ડાંગરમાં ચોખા, ગાયમાં દુધ, દુધમાં દહિં અને તેમાં ઘી પ્રથમથીજ વિદ્યમાન છે. પરંતુ તિરોભૂત છે. બાદ કર્તાના

---

[1] यदसत् तन्न क्रियागोचरं शशविषाणादिवत् यदि प्रागुत्पत्तेः कार्यमसत्-स्यात् शशविषाणवत्स्यात् तदपि न क्रियागोचरं स्यात् अस्तितु तद्विपरीतमतः प्रागुत्पत्तेरपि सदेवकार्यम् । यदि प्रागुत्पत्तेः कार्यमसत् स्यात् दध्यर्थिभिः क्षीरं, घटार्थिभिः मृद्, पटार्थिभिश्च तन्तवो नोपादीयेरन् । असत्त्वस्य सर्वत्र तुल्यत्वात् भाष्यप्रकाशे श्रीपुरुषोत्तमाचार्याः । २-१-१८.

વ્યાપારથીજ સ્પષ્ટ દેખાવા લાગે છે. તેવીજ રીતે કારણ બ્રહ્મમાં કાર્યરૂપ જગત્ નિત્ય અવ્યાકૃત અવસ્થામાં રહેજ છે. જ્યારે બ્રહ્મ પોતાની ઇચ્છાથી અવિકૃત પરિણામને પ્રાપ્ત થાય છે, ત્યારે જગત ખુલી રીતે ગ્રહણ કરાય છે તથા વ્યવહરાય છે.

૨૦. અહીં એક પ્રશ્ન ઉઠે છે કે દહિં ઇત્યાદિનું કારણ દુધ અનેક અવયવવાળું છે તો દહિ વિગેરે કાર્ય, તેના અર્થાત્ દુગ્ધ રૂપ કારણના સર્વ અવયવોમાં મળીને રહે છે? અથવા કારણના પ્રત્યેક અલગ અલગ અવયવમાં રહે છે? જો કારણમાં મળીને રહેતું હોય તો પછી કારણનું જ્ઞાનજ ન થવું જોઇએ. કારણ કે કારણમાં મળીને રહેવાવાળા કાર્યએ તેને ઢાંકી રાખ્યું છે.

એવો એક નિયમ છે કે કોઇએક વસ્તુથી ઢંકાયલી અન્ય વસ્તુ દેખાતી નથી. અને જેમ દહિ થઇ જવાથી દુધનો નાશ થઇ જાય છે, એવીજ રીતે કાર્યોત્પત્તિની પછી કારણનો પણ નાશ થઇ જવો જોઇએ. અને અગર કહો કે કારણના પ્રત્યેક અવયવમાં કાર્ય રહે છે. ત્યારે તો દુધ અવસ્થામાં દહી દેખાવું જોઇએ અને એવું જોવામાં આવતું નથી. માત્ર નર્યું દુધજ દૃષ્ટિગોચર થાય છે. માટે ક્યાંય પણ દુગ્ધઅવસ્થામાં દહિ ન દેખાવાથી માત્ર દુગ્ધનાજ દર્શનથી માલુમ પડે છે કે કારણજ સત્ય છે. અને કાર્ય અસત્ય છે.

---

[૧] ननु कारणेऽवयविनि किं व्यासज्य कार्यं तिष्ठत्युत तदवयवेषु प्रत्येकम्। आद्ये कारणप्रतीतिरेव न स्यात् कार्येण व्यवहितत्वात्। उत्पत्त्यनंतरं च कारणं नश्येत दध्ना दुग्धवत्। द्वितीये तु दध्यवस्थायामपि दुग्धं प्रतीयेत तत्तु न प्रतीयते। अत उभयथाऽपि वक्तुमशक्यत्वादसदेव कार्यं तन्नाह। इदं तदाशंक्येत यदि कारणातिरिक्तं तस्य स्वरूपं स्यात् कारणमेव तु कार्याकारेण परिणमत्यतः पूर्वावस्थायां कारणरूपमेव तदिति सुस्थिरम्। भाष्यप्रकाशे श्रीपुरुषोत्तमाचार्याः।

૨૧. તો એનો ઉત્તર એ છે કે એ આપની શંકા ત્યાં થઇ શકે કે જ્યાં કારણથી જુદું કાર્યનું સ્વરૂપ હોય, પરંતુ અહીં તો કારણથી જુદું કાર્ય છેજ નહિ; કિંતુ કારણજ કાર્યાકારથી પરિણત થયું છે. દહિ અને દુગ્ધનું સ્વરૂપ ભિન્નભિન્ન જણાય છે માટે ત્યાં આ શંકા થઇ શકે છે, પણ ઘટ અને મૃત્તિકામાં આ પ્રશ્ન થઇ શકતો નથી. કેમકે ઘટરૂપે મૃત્તિકા પરિણત થતી છતાં પણ પોતાનું (મૃત્તિકાનું) સ્વરૂપ બદલાતું નથી. મૃત્તિકાજ ઘટરૂપકાર્યના આકારથી બીજી અવસ્થાને પ્રાપ્ત થય છે. માટે ઘટાદિકાર્ય તે અવસ્થામાં પણ મૃત્તિકારૂપ હોવાથી સત્ય છે. મૃત્તિકાવસ્થામાં પણ ઘટ કારણરૂપથી હાજરજ છે. જેમ દહિમાં ઘી છે, પરંતુ તે દહિરૂપથી છે, અર્થાત કારણરૂપે છે. કેવલ તેની અભિવ્યકિત (સ્પષ્ટપણું) બાકી છે. એવીજ રીતે મૃત્તિકારૂપ કારણમાં ઘટરૂપકાર્ય વિદ્યમાન છે, પણ તે કારણાવસ્થાથી રહે છે, માટે ઘટ જણાતો નથી. બાહ્ય કારકવ્યાપાર થવાથી સ્પષ્ટ દેખાવા લાગે છે.

૨૨. યદિ કહો કે મૃદવસ્થામાં ઘટાદિ કાર્ય જણાતું નથી માટે તે અસત્ય છે તો પણ ઠીક નહિં, કારણકે માત્ર વસ્તુના અદર્શનથીજ તેનું અસત્યત્વ કહી શકાય નહિં. કેટલાંક અમુક કારણોથી કેટલીક સદ્વસ્તુ પણ દેખાતી નથી. જેમ અતિ દૂર આકાશમાં ઉડતાં કબુતર વિગેરે પક્ષીઓ અત્યંત દૂર હોવાથી દેખતાં નથી અથવા અતિ દૂર હોવાથી લંડન આદિ શહેરો પણ આંખોથી જણાતાં નથી. અત્યંત સમીપ હોવાથી નેત્રમાં આંજેલું કાજળ, અતિસૂક્ષ્મ હોવાથી પરમાણુ અને વચમાં કાંઈપણ

---

[૧] अतिदूरात्सामीप्यादिन्द्रियघातान्मनोऽनवस्थानात्। सौक्ष्म्याद् व्यवधानादभिभवात्समानाभिहाराच्च। सांख्यतत्त्वकौमुदी।

આડ હોવાથી રાજદારા ઇત્યાદિ, અભિભવ હોવાથી (ઢબાઈ જવાથી) દિવસમાં તારા વિગેરે, સમાન સંગમ હોવાથી જલમાં વર્ષાનાં બિંદુઓ, અને અસ્પષ્ટ હોવાથી દધિમાં ઘૃત વિગેરે પદાર્થો તે તે ઉક્ત કારણોને લીધે વિદ્યમાન હોવા છતાં પણ દૃષ્ટિગોચર થતાં નથી; છતાં પણ એ સર્વ પદાર્થો સત્ય છે, અસત્ય નથી. અગર માત્ર વસ્તુના ન દેખાવાથીજ તેની અસત્યતા માનવા લાગો તો એક અંધ માણસથી દેખાતું નથી તે વાસ્તે તેને પણ અમે તમે બધાં અસત્ય ઠરાવીશું. માટે માનવું જોઇશે કે કારણાવસ્થામાં પણ કાર્ય વિદ્યમાન (હાજર) જ છે, પરંતુ તે અસ્પષ્ટ છે. એવીજ રીતે સૃષ્ટિની પહેલાં પણ આ જગત્ રૂપ કાર્ય વિદ્યમાન રહે છે. જ્યારે સર્વકારણનું પણ કારણ બ્રહ્મ કાર્યના આકારથી પરિણત થાય છે, ત્યારે આ જગત્ સ્પષ્ટ પ્રતીત થવા લાગે છે. માટે કાર્યોત્પત્તિની પહેલાં તથા કાર્યનો ધ્વંસ થયા પછી માત્ર પ્રતીતિના અભાવથીજ જે લોકો કાર્યને અસત્ય માનવા લાગી પડે છે તે ખરેખરજ હાસ્યને યોગ્ય છે.

૨૩. [1]આવિર્ભાવ અને તિરોભાવ એ બંને ભગવાનની શક્તિ છે. સ્પષ્ટરૂપે જણાવાને આવિર્ભાવ કહે છે. અને ન જણાવાને તિરોભાવ કહે છે. એ બંને શક્તિ બ્રહ્મથી અભિન્ન છે અને તેને અધીન છે. જેમ પ્રકાશશક્તિ સૂર્યથી જુદી નથી અને સૂર્યને વશ પણ છે. તે ભગવાન્ વખતોવખત એ પોતાની ઉભય શક્તિઓનો ઉપયોગ કરતા રહે છે.

જ્યારે પરમાત્મા આવિર્ભાવશક્તિને ઉપયોગમાં લે છે

---

[1] आविर्भावतिरोभावौ शक्ती वै मुरवैरिणः । श्रीमद्वल्लभाचार्यचरणाः ।

ત્યારે પદાર્થો દેખાવા લાગે છે. અને જ્યારે તે તિરોભાવ શક્તિને કામમાં લે છે ત્યારે તે વખતે પદાર્થોનું દર્શન થતું નથી. પોતાની શક્તિઓનો ક્યારે અને ક્યાં પ્રયોગ કરવો એ તે સર્વતંત્રસ્વતંત્ર પરમાત્માની ઈચ્છા ઉપર છે. છાંદોગ્યોપનિષદના ૨૬ માં ખંડના સાતમાં પ્રપાઠકમાં ‘ [1]આત્માથીજ આવિર્ભાવ તથા તિરોભાવ શક્તિ થઈ’ એમ કહ્યું છે.

૨૪. અહીં એવી શંકા થઈ આવે છે કે જ્યારે નિખિલ જગત્ સત્યજ છે તો પછી જગત્‌ને અસત્ય કહેવાવાળા પુરાણવચનોની શી સંગતી થશે ! તો એકહેવું ઠીક છે પણ જગત્‌માં માયાજન્ય સૃષ્ટિ અલગ માની છે. માયા ભગવાનની શક્તિ છે, અને તેના બે ભેદ છે. એક વ્યામોહિકા શક્તિ અને બીજી આચ્છાદિકા શક્તિ. વ્યામોહિકા માયા જીવને મુગ્ધ બનાવે છે. અને આચ્છાદિકા શક્તિ દુનીઆની સત્ય વસ્તુની માફક અસત્ય પદાર્થોને સરજી તેઓને નજર આગળ જણાતા જગત્‌ના સત્ય પદાર્થોની આગળ રાખે છે. ત્યારે સત્ય પદાર્થોના ગ્રહણની સાથે સાથેજ માયાથી બનેલા તે મિથ્યા પદાર્થોનું પણ ગ્રહણ થઈ જાય છે. માટેજ જીવને સત્યમાં અસત્યનું જ્ઞાન તથા એક બીજાથી જુદાપણાનું જ્ઞાન, સારું, નરસું તથા રાગ દ્વેષ વિગેરે થવા લાગે છે. આ તેનું જ્ઞાન રજ્જુમાં સર્પ જ્ઞાનની માફક માત્ર ભ્રમાત્મકજ છે. સ્વપ્નસૃષ્ટિ, ઐન્દ્રજાલિક સૃષ્ટિ, એવં ભ્રમાત્મક સૃષ્ટિ એ બધી માયાજન્ય છે. પરંતુ જગત્‌માં રહેવાવાળા સર્વ પદાર્થો બ્રહ્મજન્ય છે. એજ માયાજન્ય પદાર્થોનું વર્ણન તથા અસત્યપણાનું વર્ણન અન્ય પુરાણોમાં તથા શ્રીમદ્ભાગવતના દ્વિતીયસ્કંધના નવમા અધ્યાયમાં છે.

---

[1] आत्मत आविर्भावतिरोभावावात्मतोऽन्नमित्यादि । छांदोग्यश्रुतिः ।

ऋतेऽर्थं यत्प्रतीयेत न प्रतीयेत चात्मनि ।
तद्विद्यादात्मनो मायां यथाऽऽभासो यथातमः ॥

भा. स्कं. २ अ. ९.

એનો અર્થ ભાષ્યકાર ભગવાન્ શ્રીમદ્વલ્લભાચાર્યજી પોતે બનાવેલી શ્રીસુબોધિનીજી નામક શ્રીમદ્ ભાગવતની ટીકામાં આવી રીતે કરે છે કે, 'પ્રમાણુશિરોભૂત વેદ સમગ્ર જગત્‌ને બ્રહ્મસ્વરૂપ કહે છે. અને બ્રહ્મજ્ઞાની તત્ત્વવેત્તાઓની પ્રતીતિ પણ તેવીજ છે. જગત્ અસત્ય નથી એ પણ શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, અને યુક્તિઓથી સારી રીતે સિદ્ધ કરી ચૂક્યા છે. તો પછી ભગવચ્છક્તિરૂપ માયાથીજ મોહિત જીવની બુદ્ધિ પદાર્થોને અન્યથા જુવે છે, પણ કંઈ પદાર્થો અન્ય થઈ જતાં નથી એ માનવું પડશે. ભ્રાંત માણસની દૃષ્ટિ અર્થનિયામિકા હોતી નથી, અર્થાત્ પ્રમાણિત કહી શકાતી નથી. વિષય ભગવાન્ છે. અને વિષયતા માયાજન્ય પદાર્થ છે. બ્રહ્મને ન જાણનાર અજ્ઞાની લોકો ભગવદ્રૂપ જગદ્વર્તિ પદાર્થોનું દર્શન કરતી વખતે વિષયતાનું પણ ગ્રહણ કરી લે છે. જે કારણથી મનુષ્યને તે સત્ પદાર્થ પણ અસત્ય જણાવા લાગે છે. જેમ ભ્રમણ કરતી વખતે પુરૂષને નજર આગળ જણાતાં વૃક્ષાદિ પણ જાણે ભમતાં હોય તેમ લાગે છે. વાસ્તવમાં વૃક્ષ ઘુમતું નથી માત્ર મનુષ્યજ ઘુમે છે. અહીં વિષય વૃક્ષ છે અને વિષયતા ભ્રમણ છે. જો કે

---

१ यद्वस्तुस्वरूपे अन्यथा प्रतिभासते तदात्मनो जीवानां व्यामोहिका माया पूर्वं निरूपिता तस्याः कार्यं सा हि जीवं व्यामोहयित्वा तत्संबंधिनमंतःकरणबुध्यादिकमपि व्यामोहयति तया व्यामोहिता बुध्धः पदार्थानन्यथा मन्यते नतु पदार्था अन्यथा भवंति इत्यादि । श्रीसुबोधिनी २-९-३३

તે ભ્રમણરૂપ વિષયતા મનુષ્યમાંજ છે. પરંતુ તે વૃક્ષમાં દેખાવા લાગે છે. એવીજ રીતે અજ્ઞાની પુરૂષોને આત્મામાં રહેલા રાગ દ્વેષ, ભેદભાવ, કુત્સિતત્વાદિ વિષયતા પુરોવર્તિ સત્પદાર્થોમાં જણાવા લાગે છે. એજ માયાનું કાર્ય છે. જગત્‌માં જે કંઈ જન્મમરણ, માઠાપણું, એકમાં બીજાનો ભેદ, અબ્રહ્મત્વ, અસત્યત્વ ઇત્યાદિનું ભાન થાય છે તે બધું વિષયતાજન્ય છે, અર્થાત્ તેની ઉત્પત્તિ માયાથી છે. એ માયા બે પ્રકારની છે. એક આચ્છાદિકા (સદ્વસ્તુને ઢાંકનારાવાળી) અને બીજી અન્યથાપ્રતીતિહેતુ (અન્યથાભાવ કરાવનારી અને મોહ કરાવનારી).

આ ઉભય પ્રકારની માયાનું નામ છે જગદ્રૂપા. (જગત્ સમાનાકારા). આ જરૂરથી ધ્યાનમાં રાખવું કે વિષયતાથી થયેલું જ્ઞાન ભ્રમ છે, અને વિષયજન્ય જ્ઞાન યથાર્થાનુભવ એટલે સત્ય છે. એ બંને વિષયતાનું વર્ણન શ્રીવેદવ્યાસજી 'ऋतेऽर्थं' આ શ્લોકમાં કરે છે.

૨૫. "अर्थं ऋते—अर्थंविना, यत् प्रतीयते तत् तामिति यावत्, आत्मनः परमात्मनः मायां अन्यथाप्रतीतिहेतुरूपाम्, विद्यात् जानीयात्, यच्च आत्मनि भगवद्रूपे विषये, न प्रतीयेत, अर्थः तत्त्वार्थ इति शेषः अर्थो न भासते इत्यर्थः, तत् आत्मनः परमात्मनः मायां आच्छादिकारूपां विद्यात् अवगच्छेत्, अत्र दृष्टांतः आभासः । यथा च तम इति "

माया च द्विधा भ्रमं जनयति । विद्यमानं न प्रकाशयति अविद्यमानं च प्रकाशयति देशकालव्यत्यासेन । प्रमाणभूतो वेदः सर्वं खल्विदं ब्रह्मेत्याह ब्रह्मविदां प्रतीतिरपि तथा । भ्रांतप्रतीतिस्तु नार्थनियामकात्वमन्यथा भ्रमदृष्टिगृहीतं भ्रमःस्यात् । अतोन्यत्रैवसिद्धा भ्रमिः मायया पुरःस्थिते विषये, समानायते, विषयतामायाजन्या, विषयो भगवान्, अतो विषयताजन्यं ज्ञानं भ्रांतं विषयजनितं प्रमेति इत्यादि । श्रीसुबोधिनी २-९-३३

અર્થાત્ વિષય વગર પણ જે કંઈ પ્રતીત થાય છે તે પરમાત્માની અન્યથાપ્રતીતિહેતુ નામની માયા જાણવી, અને આત્મામાં (ભગવદ્રૂપ વિષયમાં) સત્ અર્થ પ્રતીત થતો નથી એને પણ ભગવાવની આચ્છાદિકા માયા સમજો. અન્યથાપ્રતીતિહેતુ માયાનું ઉદાહરણ આપે છે. જેમ આભાસ અર્થાત્ જલમાં ચંદ્રનું પ્રતિબિંબ. જો કે પ્રતિબિંબ સદ્વસ્તુભૂત ચંદ્ર નથી છતાં પણ તેવુંજ જણાય છે માટે તેજ (પ્રતિબિંબ) માયિક છે અર્થાત્ અસત્ય છે. અથવા જેમ તમ-અંધકાર અર્થાત્ જગત્માં કોઈ પણ જગ્યાએ અમાસ ~~નીલ પદાર્થ~~ જોઈને, તેજ નહિં રહેવાથી તે તેજોઽભાવનેજ માં ચંદ્રજ કાળું અંધારૂં ચાલે છે એમ અજ્ઞાનથી મનુષ્ય માનવા લાગી પડે છે. એ તમ પણ માયાથી પેદા થયેલો પદાર્થ છે વાસ્તે અસત્ય છે.] એટલું તો જરૂર યાદ રાખવા જેવું છે કે માયા વિષયતારૂપ એક ધર્મને પેદા કરે છે અને કેટલીક જગ્યાએ વિષયતારૂપ ધર્મને પેદા કરે છે. જેમ ભ્રમિત દૃષ્ટિથી વૃક્ષને જોનાર પુરૂષને ભ્રમણરૂપ ધર્મ, વિષયતા જણાય છે અને તેજો ભાવમાં અંધકારરૂપ ધર્મ, વિષયતા દેખાય છે. એનાથી એ સિદ્ધ થાય છે કે વિષયતાદ્વારા મનુષ્યોને પદાર્થોનું અન્યથાભાન થાય છે, પણ કંઈ પદાર્થો અન્યથા થતાં નથી માટે જ્ઞાનમાંજ ભેદ છે પણ પદાર્થસ્વરૂપ વિષયોમાં ભેદ નથી.

૨૬. શાસ્ત્રમાં ત્રણ પ્રકારના અધિકારી કહ્યા છે, ઉત્તમ, મધ્યમ અને અધમ, અને તેઓનું જ્ઞાન પણ ત્રણ પ્રકારનું છે. જે ઉત્તમ અધિકારી બ્રહ્મજ્ઞાની જીવન્મુકતના જેવો પુરૂષ છે તેને તો આ બધું જગત્ શુદ્ધ બ્રહ્મસ્વરૂપજ જણાય છે. જે મધ્યમાધિકારી મુમુક્ષુ છે તેને આ જગતનું જ્ઞાન સત્યત્વાદિ બ્રહ્મધર્મ અને મિથ્યાત્વાદિ માયાધર્મોના વિવેકપૂર્વક થાય છે. અને જે અધમાધિકારી છે, તેને જગત, બ્રહ્મધર્મ અને માયાના ધર્મોનો વિવેક થયા વગર માયિક જુદુંજ જણાય છે. જેવી રીતે લાલ કાચના ચશ્મા આંખે લગાવીને કોઈ બાલક પ્રત્યેક વસ્તુને લાલ બતલાવે છે તેમજ માયાથી જેની બુદ્ધિ મોહિત થઈ છે એવો અધમાધિકારી પુરૂષ વિષયતાજન્ય પદાર્થોને અને જગત્માં રહેનારા સદ્વસ્તુભૂત પદાર્થોને એકજ માની બેસે છે, અર્થાત્ એને જેમ મનમાં આવે તેમ તે તે પદાર્થોને માનવા લાગી પડે છે. માટે હવે એ સિદ્ધ થયું કે વેદાનુયાયીઓએ 'બ્રહ્મસમવાયી હોવાથી, બ્રહ્મકાર્ય હોવાથી, બ્રહ્મથી અભિન્ન હોવાથી, તથા આવિર્ભાવ તિરોભાવાત્મક હોવાથી જગત્ને નિત્ય તથા સત્ય સમજવું જોઇએ.

૨૭. કહેવાનો સારાંશ માત્ર એટલોજ છે કે જેમ જીર્ણ-વસ્ત્રોને ત્યજી મનુષ્યો બીજાં નવીન વસ્ત્રોને પહેરે છે, તેમજ ભગવદિચ્છાને અધીન જીવ જે સમયે એક દેહને છોડી અન્ય દેહને પ્રાપ્ત કરે છે તે વખતે ત્યકત દેહને લોકો અગ્નિમાં બાળી મુકે છે, અથવા જેમ, જે પરમાણુઓની મીણબત્તી બની હતી તે સર્વ પરમાણુઓ જ્યારે જલી જવાથી અલગ થઈ જાય છે ત્યારે મીણબત્તી એવું નામ તથા તેનો આકાર પણ અલગ થઇ જાય છે. તેમજ શરીરને બાળી મૂકયા પછી પણ અગ્નિસંયોગથી તેનાં પરમાણુઓ જુદાં જુદાં થઇ જવાથી તે આકાર તેનાથી જુદો પડી તે સૂક્ષ્મ પરમાણુઓમાં વહેંચાઇ જાય છે.

તેજનો અંશ તેજમાં જઇ મળે છે, વાયુ વાયુમાં, આકારથી

---

[1] भगवत्समवायित्वात्तादृप्यात्सत्य एव हि । वेदांतचिंतामणौ–वेदांताचार्य–श्रीगोवर्धनशर्म–भारतमार्तण्डाः ।

ઘેરાયલું આકાશ મૂલ મહદાકાશમાં, પાર્થિવાંશ ભસ્મરૂપ થઈ પૃથ્વીમાં, એ પ્રમાણે જલ, અગ્નિમાં અથવા પૃથ્વીમાં મળી જાય છે, છતાં પણ તે સર્વ વિદ્યમાન છે. તે સર્વનો સંયોગજ દેહ-શબ્દથી વ્યવહરાય છે. જ્યારે તે પંચમહાભૂત પરમાણુરૂપ થઈ અલગ અલગ થઇ ગયાં તથા તેનો વિયોગ પણ થઈ ગયો એટલે તેના નામનો પણ વ્યવહાર બંધ પડયો, પરંતુ વાસ્તવમાં બધીજ વસ્તુઓ સ્થિત છે. કેવલ સંયોગનો વિરોધી વિયોગજ થયો છે. જેમ મોતી, પદક અને સૂત્ર આ ત્રણનો જ્યારે પરસ્પર સંયોગ થાય છે ત્યારે તે હાર કહેવાય છે અને સંયોગ મટી જવાથી અર્થાત્ એ ત્રણે જ્યારે એક બીજાથી અલગ થઈ જાય છે ત્યારે તેને કોઇ હાર કહેતા નથી, તથાપિ વસ્તુ બધી જેવીને તેવીજ છે કોઇ પણ વસ્તુનો ત્યાં નાશ થતો નથી. જો હાર બનાવનાર ફરીથી હાર બનાવવા ચાહે તો તેજ વખતે તેવોજ હાર તે વસ્તુઓ લઇ બનાવી શકે છે, એવીજ રીતે ભગવદિચ્છાથી દેહ અને જીવનો તથા દેહમાં રહેતાં પરમાણુઓનો સંયોગ તથા વિયોગ માત્ર થતો રહે છે. કોઇનો પણ અત્યંતાભાવ (બીલકુલ નાશ) થતો નથી. અને તે સંયોગ અથવા વિયોગ થવો કે ન થવો એ માત્ર ક્રીડારસિક, રસેશ્વર, શ્રીપ્રભુની ઇચ્છા ઉપર આધાર રાખે છે. એજ વાત ભાગવતના પ્રથમ સ્કંધમાં કહી છે.

यथा क्रीडोपस्काराणां संयोगविगमाविह ।
इच्छया क्रीडितुः स्यातां तथैवेशेच्छया नृणाम् ॥

અર્થાત્, જેમ ક્રીડા કરવાવાળાની ઇચ્છાથી ક્રીડાની વસ્તુઓનો સંયોગ તથા વિયોગ થતો રહે છે, તેમજ સ્વતંત્ર પરમેશ્વરની ઇચ્છાથી જીવોનો દેહાદિની સાથે સંયોગ, વિયોગ થતો રહે છે. દેહાદિનું કારણ પંચમહાભૂત છે. જે સમયે દેહાદિનું અદર્શન થાય છે તેજ વખતે બ્રહ્મસ્વરૂપ પંચમહાભૂતો પોતાની કારણાવસ્થામાં જઈ મળે છે. જ્યારે દેહાદિનો આવિર્ભાવ થાય છે તે વખતે તેજ બ્રહ્મસ્વરૂપ પંચમહાભૂતો ભગવદિચ્છાથી કાર્યાવસ્થામાં આવી તે તે વ્યવહાર ચલાવે છે. મહાભારતના આશ્રમવાસિક પર્વમાં શ્રીવેદવ્યાસજીએ ભારતયુદ્ધમાં મરેલાં સર્વ યોદ્ધાઓનું દર્શન પાંડવોને કરાવ્યું હતું અને કહ્યું હતું કે—

अविप्रणाशः सर्वेषां कर्मणामिति निश्चयः ।
कर्मजानि शरीराणि तथैवाकृतयो नृप ।
महाभूतानि नित्यानि भूताधिपतिसंश्रयात् ।

અર્થાત્ હે રાજા ! કદાપિ સમગ્ર કર્મોનો નાશ થતો નથી એ નિશ્ચિત છે, તેમજ કર્માનુસાર મળેલો દેહ, આકૃતિ અને પંચમહાભૂત એ પણ બધાં નિત્ય છે. કારણ કે એ બધાનું કારણ ભૂતાધિપતિ પરમાત્મા છે. માટે ભગવદ્રૂપ હોવાથી, આવિર્ભાવતિરોભાવરૂપ હોવાથી, ભગવત્કાર્ય હોવાથી, વખતોવખત અવસ્થા બદલાતી રહેવાથી, તથા ભગવત્સ્વરૂપ પંચમહાભૂતોનો સંયોગ વિયોગ થતો રહેવાથી જગત્ સત્ય અને નિત્ય છે.

૨૮. એ અમે પહેલાં કહી ચૂકયા છીએ કે જગત્‌માં જે ઉત્પત્તિ, વિનાશ, જન્મમરણ, સુખદુઃખ, બુરાઇ, રાગદ્વેષ તથા પરસ્પર ભેદ, વિગેરે જે બધા ધર્મો જણાય છે તે સર્વ 'વ્યામોહિકા' માયાનું કાર્ય છે. એજ માયાકાર્ય—અવિદ્યા કારણથી જીવને સંસાર—અહંતામમતા પેદા થાય છે, એથીજ દુઃખાદિ મળે છે; તથા એજ અહંતામમતાની શાસ્ત્રોમાં નિંદા કરી છે—

अहंत्वमित्यपार्था धीरज्ञानात्पुरुषस्यहि ।
स्वाप्नीवामात्यतद्ध्यानात् यथा बंधविपर्ययौ ॥
(શ્રીમદ્ ભાગવત)

સ્વપ્રમાં જેવી રીતે ભ્રમથી હું અને મારૂં એવી બુદ્ધિ થાય છે તેમજ આ જગત્‌માં અજ્ઞાની પુરૂષને અજ્ઞાનથી–અવિદ્યાથી (व्यामोहिका मायाथी) અહંતા મમતા બુદ્ધિ થાય છે. જેનાથી આ જીવને બંધ તથા દુઃખાદિ થાય છે. પ્રપંચને મિથ્યા કહેવા-વાળાં જેટલાં વચનો છે તે બધાં માયાજન્ય પદાર્થોનેજ મિથ્યા કહી રહ્યાં છે, જેમઃ—

यदिदं मनसा वाचा चक्षुर्भ्यां श्रवणादिभिः ।
नश्वरं गृह्यमाणं च विद्धि मायामनोमयम् ॥

અર્થાત્ આ જે કાંઈ માયિક જણાય છે (સ્વપ્ન વિગેરે) તથા મનથી, વાણીથી, નેત્ર તથા કર્ણ વિગેરેથી ગ્રહણ કરાય છે તેને નાશવંત તથા માયામય, મનોમય જાણો. અહીં માયામય અને મનોમય શબ્દ વાપરી સ્પષ્ટ કહી રહ્યા છે કે માયાજન્ય તથા સ્વાપ્નિક સૃષ્ટિજ અસત્ય છે. ✓

૨૯. ભગવન્મૂર્તિ વિગેરેમાં એનાથી જુદોજ પ્રકાર છે. ત્યાં મંત્રાદિ દ્વારા ભગવદ્‌ગુણો પ્રકટ થવાથી આચ્છાદિકા માયા પ્રક્ષેપ કરી શકતી નથી, પરંતુ ત્યાં ' अन्यथाप्रतीतिहेतु ' માયા, ભગવન્મૂર્તિને જોનાર ભક્તિરહિત પુરૂષની મતિમાં વિષયતાને (અન્યથા ભાનને) પેદા કરે છે. જેનાથી તે ભગવન્મૂર્તિમાં અન્યથાભાવ કરવા લાગી પડે છે. ખરી રીતે મૂર્તિમાં ભગવત્ત્વ છેજ એવી મતિ (અન્યથાબુદ્ધિ) કરવાને શાસ્ત્રમાં નિષેધ કર્યો છે જેમઃ—

शिलाबुद्धिर्न कार्या हि तत्र नारद कर्हिचित् ।
ज्ञानानंदात्मको विष्णुर्यत्र तिष्ठत्यचिंत्यकृत् ॥
मल्लिंगमद्भक्तजनदर्शनस्पर्शनार्चनम् ।
पूजनं प्रतिमायां तु उत्तमं परिकीर्तितम् ॥

હે નારદ ! જે મૂર્તિમાં સચ્ચિદાનંદ ભગવાન્ પ્રકટ થાય છે તેમાં કદાપિ પત્થર બુદ્ધિ ન કરવી જોઈએ. મારી મૂર્તિ તથા મારા ભક્તજનોનાં દર્શન, પાદસ્પર્શ, પૂજા, વિગેરે કરવાથી કલ્યાણ થાય છે. જો કે સર્વત્ર ભગવાન્ વ્યાપક છે તથાપિ પ્રતિમામાં પૂજન કરવાને ઉત્તમ કહેલું છે. શ્રીમદ્વલ્લભાચાર્યચરણે પણ નિબંધમાં આજ્ઞા કરી છે કે યદ્યપિ ખરી રીતે વિચાર કરવાથી સર્વ ઠેકાણે સર્વવસ્તુ ભગવદ્રૂપ છે તથાપિ 'એનો ઉદ્ધાર કરું ' આવો અનુગ્રહનો વિચાર કરી ભગવાન્ મૃદાદિરૂપથી મૂર્તિમાં પ્રકટ થાય છે. માટેજ મૂર્તિમાં તથા તિર્થો વિગેરેમાં સામાન્ય જગત્‌થી કંઈ અધિકતા છે. અને બીજું પણ—

तदभावे स्वयं वापि मूर्तिं कृत्वा हरेः क्वचित् ।
परिचर्यां सदा कुर्यात् तद्रूपं तत्र च स्थितम् ॥

અર્થાત્—વેદ, વેદાંત, ભાગવત, વિગેરે ભગવચ્છાસ્ત્રોમાં, નિપુણ તથા ભગવત્સેવાપરાયણ ગુરૂ ન મળે તો કોઇ પુણ્યસ્થળમાં પોતે ભગવન્મૂર્તિ બનાવી હમેશાં પૂજા કરવી, એવી રીતે ગંગાયમુનાના જલમાં, તુલસીમાં ગોપીચંદન આદિ મૃત્તિકાઓમાં તથા ઉત્તમ ભગવદ્‌ભક્તોમાં સાધારણ જગત્‌ની અપેક્ષા કંઇ વિલક્ષણતા મહાપુરૂષોનાં વચનોથી માનવી જોઇએ. પુરાણોમાં અનેક સ્થલે એવું આવ્યું છે કે ગંગાયમુના ઇત્યાદિ પવિત્ર જલાશયોમાં સ્નાન કરવાથી તથા મૂર્તિમાં ભગવત્સેવા

કરવાથી અનેક જીવોનો ઉદ્ધાર થયો છે. એથી માલુમ થાય છે કે ત્યાં અન્ય જગત્‌ની અપેક્ષા કંઇ વિશેષ જરૂર છે; અર્થાત્ મૂર્તિમાં ગંગાવિગેરે નદીઓમાં ભગવદંશનો પ્રાદુર્ભાવ વિશેષ થયો છે.

૩૦. અહીં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જ્યારે સમસ્ત જગત્ બ્રહ્મકાર્ય હોવાથી બ્રહ્મસ્વરૂપ છે તો દેહ પણ બ્રહ્મ થયો અર્થાત્ દેહને પણ આત્મા કહેવામાં કોઇ પણ દોષ નથી, પરંતુ દેહને જ આત્મા માની બેસનાર દેહાત્મવાદીઓની તો શાસ્ત્રોમાં નિંદા કરી છે માટે સમસ્ત જગત્ બ્રહ્મસ્વરૂપ છે એ કહેવું બીલકુલ નિર્દુષ્ટ નથી.

૩૧. તો એ ઠીક છે, કિંતુ યદ્યપિ ખરી રીતે વિચાર કરતાં તો સમગ્ર જગત બ્રહ્મસ્વરૂપ છે, અને દેહ પણ જગત્‌ની અંતર્ગત હોવાથી આત્મસ્વરૂપ છે અર્થાત્ બ્રહ્મસ્વરૂપ છે છતાં પણ શાસ્ત્રોમાં દેહાત્મવાદી (દેહને બ્રહ્મ કહેવાવાળા) ની નિંદા કરી છે. તે જ્ઞાની તેવાની નહિં, પરંતુ વિકારવાળી જેમની મતિ થઇ છે તેવાઓનીજ માત્ર નિંદા કરવામાં આવી છે. દેહને આત્મા સમજનાર બે જણ છે એક તો નિર્વિકાર બુદ્ધિવાળો આત્મજ્ઞાની, અને બીજો વિકાર બુદ્ધિવાળો સંસારી પુરુષ. જ્ઞાનીને બધુંજ વિશ્વ સમાન અર્થાત્ બ્રહ્મસ્વરૂપ જણાય છે. અગર એવા આત્મજ્ઞાની પુરુષને પોતાના દેહમાં આત્મબુદ્ધિ થતી હોય તો કંઈપણ દોષ

નથી, કારણ કે તેવી તેની બુદ્ધિ વિકારરહિત છે. પરંતુ અનેક જન્મથી અજ્ઞાન અભ્યસ્ત હોય અને પોતાના દેહને છોડી અન્યત્ર કોઈપણ જગ્યાએ આત્મબુદ્ધિ ન હોય તથા "મારો દેહજ આત્મા છે, એ સિવાય કોઈપણ બીજો આત્મા નથી." આવું માનનાર પુરુષની દેહાત્મબુદ્ધિ દોષજ છે, કેમકે "आत्मैवेदं सर्वं रुषएवेदं सर्वं मृत्तिकेत्येव सत्यम् । ઇત્યાદિ વેદવાક્યોમાં આત્મજ આ પુરોદ્રશ્યમાન જગત્ છે, પુરૂષજ (બ્રહ્મ) સર્વ ભૂત, ભવિષ્ય જગદ્રૂપે થયો છે. જેમ ઘટાદિ કાર્ય મૃદ્રૂપ હોવાથી સત્ય છે તેમજ જગત્ બ્રહ્મસ્વરૂપ હોવાથી સત્ય છે.' વિગેરે કહી કારણરૂપ કાર્યજ્ઞાનની આજ્ઞા કરી છે, અર્થાત્ કારણ બ્રહ્મ (આત્મા)થી કાર્ય દેહાદિનું જ્ઞાન કરવાને કહ્યું છે. માટે આત્માં જ દેહાદિ સમગ્ર જગત્ છે, એ શુદ્ધ બુદ્ધિ છે, પરંતુ એનાથી ઉલટું કાર્યથી કારણનો નિશ્ચય કરવો. અર્થાત્ માત્ર દેહનેજ આત્મા સમજવો એ વિકાર બુદ્ધિ છે. દેહાભિમાનીને દેહાત્મબુદ્ધિ સમયે કાર્યથી કારણનું જ્ઞાન થાય છે તે દોષ છે. પરંતુ જેને જ્ઞાન થઇ ચૂક્યું છે કે જેને સર્વ જગત્ બ્રહ્મસ્વરૂપ જણાય છે, જેઓને કારણથી કાર્યનું જ્ઞાન થાય છે, આત્મરૂપ કારણથીજ આ દેહાદિ જગત્ બને છે માટે બ્રહ્મજ છે. આવી બુદ્ધિ જે થાય છે તે દોષયુક્ત કહેવાતી નથી. પરંતુ 'મારો દેહજ આત્મા છે.' માત્ર એવું કહેવામાંજ સ્પષ્ટ અહંતાત્મક દોષ ઝલકે છે.

૩૨. કહેવાનો આશય એ છે કે સત્ (अस्ति) ચિત્ (भाति) આનંદ (प्रियं) નામ અને રૂપ આ પાંચે બ્રહ્મ છે. અને એજ બ્રહ્મપંચકથી જગત્ વ્યાપ્ત છે. આ પંચકમાં નામ અને રુપ આગંતુક છે તથા આરોપિત છે; માટે જ તે બન્ને કાર્ય કહેવાય છે. અને

---

[1] देहात्मबुद्धस्तु सत्यां विकारबुद्धौ दोषः । अणुभाष्ये श्रीमद्वल्लभाचार्यचरणाः । वस्तुविचारेण जगतो ब्रह्मरूपत्वेऽपि तदानीं बहुजन्माभ्यस्तविकारबुद्धेरविवृतत्वात् सत्यां तस्यां या देहात्मबुद्धिः सा देहाभिन्नत्वेनात्मावगाहिनी तदु आत्माभिन्नत्वेन देहावगाहिनी आत्मस्वरूपस्य अज्ञातत्वात् किंच कारणात्मना कार्यज्ञानमभिसंहितं न तु कार्यात्मना कारणज्ञानम् । भाष्यप्रकाशे श्रीपुरुषोत्तमाचार्याः

સત્તા, જ્ઞાન, તથા આનંદ એ ત્રણે અનારોપિત તથા અનાગંતુક છે, માટે તે કારણ કહેવાય છે. કહ્યું પણ છે કે ' सत्यं ज्ञानमानंदं ब्रह्म ' કાર્ય, એ કારણની એક અવસ્થા છે. ઘટ, એ મૃત્તિકાનીજ એ અવસ્થા છે. મૃત્તિકા અનાગંતુક છે, પણ ઘટ આગંતુક છે. કારણ અથવા બીજી અવસ્થાના આવવાથીજ મૃત્તિકા ઘટ કહેવાય છે, માટે તે ઘટ આગંતુક છે, અને મૃત્તિકા અનાગંતુક છે.

જો કે નામરૂપ, કારણ બ્રહ્મનીજ એક અવસ્થા છે છતાં પણ તે આગંતુક અને આરોપિત છે માટેજ તેની જગત્માં જોઈએ તેવી વ્યાપ્તિ (સમન્વય) નથી અને એટલાજ માટે નામ અને રૂપ એ કાર્ય બ્રહ્મ કહેવાય છે. પરંતુ अस्ति, भाति અને પ્રિયંરૂપ સચ્ચિદાનંદનો જગતમાં સારી રીતે અન્વય (વ્યાપ્તિ) જોવાય છે અને એ ત્રણે અનોરાપિત તથા અનાગંતુક છે માટેજ બ્રહ્મ કારણ કહેવાય છે. તો હવે આટલા વિસ્તારથી એ સિદ્ધ થયું કે અનારોપિત અને અનાગંતુક સત્, સિત્, તથા આનંદ આ ત્રણે જગત્માં ઠીક રીતે વ્યાપ્ત હોવાથી સર્વ કારણ છે, મૃત્તિકા ઘટાદિમાં સર્વ ઠેકાણે સારી રીતે વ્યાપ્ત છે માટે (મૃત્તિકા) કારણ કહેવાય છે. અને નામરૂપ જો કે કારણનીજ બીજી અવસ્થા છે અને તેનાથી અભિન્નપણ છે છતાં પણ તે આરોપિત તથા આગંતુક હોવાથી કાર્ય કહેવાય છે. નામરૂપ અને સચ્ચિદાનંદનો અથવા કારણરૂપ બ્રહ્મ અને કાર્યરૂપ જે જગત્ એ બેનો એક બીજા સાથે તાદાત્મ્ય સંબંધ છે ભેદને સહવાવાળો જે અભેદ તેજ તાદાત્મ્ય સંબંધના નામથી ઓળખાય છે. અને એનેજ પ્રાય: સમવાય સંબંધ પણ કહે છે. અનારોપિત અને અનાગંતુકરૂપથી જે વ્યાપ્તિ તેનુંજ નામ સમવાયસંબંધ છે. ઘટકાર્યમાં અનારોપિત અને અનાગંતુકરૂપથી મૃત્તિકાનો અન્વય (વ્યાપ્તિ)છે, માટેજ તે ઘટનું સમવાયિકારણ છે અને તે બંનેનો સમવાય સંબંધ છે. સંબંધ હંમેશા દ્વિનિષ્ટ હોય છે, અર્થાત્ બે વસ્તુમાં રહે છે. ઘટથી મૃત્તિકાનો અનાગંતુક અનારોપિતરૂપથી અભેદ પણ છે, અને આગંતુક તથા આરોપિતરૂપથી ભેદ પણ છે. અથવા એમ કહો કે ઘટથી મૃત્તિકાકાર્યરૂપથી ભિન્ન પણ છે, અને કારણરૂપથી અભિન્ન પણ છે એનેજ તાદાત્મ્ય સંબંધ કહે છે. આગંતુકરૂપથી ભેદ રહેતાં છતાં પણ અનાગંતુકરૂપથી અભેદ છે માટે કાર્ય અને કારણનો તાદાત્મ્ય સંબંધ છે. હવે અમે દેહાત્મબુદ્ધિનો વિચાર કરીએ છીએ. દેહાદિ નામરૂપ આરોપિત તથા આગંતુક કાર્ય છે, અને આત્મા એ અનારોપિત તથા અનાગંતુક કારણ છે. કાર્ય અને કારણ અથવા દેહ અને આત્માનો ભેદસહિષ્ણુ (ભેદને સહે) એવો અભેદ એટલે તાદાત્મ્ય સંબંધ છે. આત્મા કારણ હોવાથી એનો સમગ્ર જગત્માં અન્વય છે; પરંતુ દેહ કાર્ય હોવાથી અથવા આગંતુક હોવાથી એની જગત્સાં વ્યાપ્તિ પ્રસિદ્ધ નથી. માટે 'આત્માજ સર્વ જગત્' એ કહી શકાય છે, પરંતુ દેહજ સર્વ જગત્ છે એવું કહી શકાતું નથી. ઘટ જો કે મૃત્તિકાથી અભિન્ન છે, છતાં પણ તે ઘટાત્મક (ઘટરૂપ) મૃત્તિકા છે એમ નહિં કહી શકાય, પરંતુ મૃત્તિકાત્મક ઘટ છે એ યુક્ત છે, કારણ કે ઘટરૂપ કાર્ય આગંતુક છે અને મૃત્તિકા અનાગંતુક છે. એવીજ રીતે દેહ જો કે આત્માથી અભિન્ન છે છતાં પણ ' દેહાત્મક આત્મા ' છે, એમ નહિ કહેવાય પરંતુ દેહ આત્મસ્વરૂપ છે એ કહેવું ઠીક છે, કેમકે તે આત્મા અનાગંતુક છે અને દેહ આગંતુક છે. આત્મા સત્, ચિત્ અને આનંદરૂપ કારણ છે અર્થાત્ બ્રહ્મ છે. અને દેહ નામરૂપ કાર્ય છે. બ્રહ્મ અનાગંતુક હોવાથી સમગ્ર નામરૂપમાં (કાર્ય—જગતમાં) વ્યાપ્ત છે. પરંતુ નામરૂપ (દેહાદિકાર્ય) આગંતુક

હોવાથી એનો સમ્યક્ અન્વય (સારી રીતે વ્યાપ્તિ) નથી. આત્માથીજ જગત્ વ્યાપ્ત હોવાથી કારણરૂપ આત્મદ્વારા દેહાદિ કાર્યનું જ્ઞાન થઇ શકે છે, પરંતુ દેહાદિદ્વારા કારણરૂપ આત્માનું જ્ઞાન થઈ શકે નહિં.

અને વેદમાં પણ એવુંજ કહ્યું છે. દેહાત્માબુદ્ધિવાળાને જો ‘દેહાભિન્ન આત્મા છે’ એવું જ્ઞાન હોય તો તે જરૂર દોષજ છે. અને ‘આત્માભિન્ન દેહાદિ છે.’ એવી બુદ્ધિ હોય તો તે યથાર્થજ્ઞાન છે. અને એવા જ્ઞાનીની બુદ્ધિમાં કોઇ વિકાર હોતો નથી એ સમજવું જોઇએ. અને ‘મારા દેહાદિ આત્મા છે.’ એ વિકૃત બુધ્ધિ છે. અર્થાત્ વિકારવાળી બુધ્ધિ છે. અને અગર એવી બુધ્ધિવાળાઓને દેહાત્મભાવ થાય તો તે દોષજ છે. અને ‘આત્માભિન્ન દેહ છે.’ એ બુદ્ધિ નિર્દોષ છે.

‘૩૩. इन्द्रो मायाभिः पुरुरूप ईयते’ આ શ્રુતિ પણ ભેદરૂપ જ્ઞાનનેજ માયિક કહે છે. પરંતુ પદાર્થોને માયિક કહેતી નથી. કારણ કે એનો ખરો અર્થ એ છે કે ‘પરમાત્મા ઇંદ્રિયોની વૃત્તિઓ દ્વારા અનેક રૂપે દેખાવા લાગે છે.’ કેટલાક વાદીઓ એનો આવો અર્થ કરે છે કે, અધિષ્ઠાન કારણ બ્રહ્મજ અજ્ઞાનથી અનેકરૂપે દેખાય છે. પરંતુ એવો અર્થ કરવામાં ‘मायाभिः’ એ બહુવચન વિરૂદ્ધ થાય છે, માટે ઉક્ત અર્થજ સત્ય છે. કેમકે બુદ્ધિની વૃત્તિઓ (ભાન) બધી માયિક છે મિથ્યા છે. માટેજ વૃત્તિઓ દ્વારા દેખાતું ભેદજ્ઞાન પણ મિથ્યા છે. અહીં એ જાણવાની ઇચ્છા થઇ આવે છે કે જ્યારે ભેદજ્ઞાન માયાજન્ય છે તો તેનો વિષય પણ માયાજન્ય છે. અર્થાત્ ભેદજ્ઞાન જ્યારે જુદું છે તો તે જ્ઞાનનો પદાર્થ પણ તેવોજ છે, અર્થાત્ જુદો છે એમ માનવું જોઇશે. પરંતુ એ વાત પ્રત્યક્ષથી

વિરુદ્ધ છે. કારણ કે જ્યારે કોઇએ ચશ્મા પહેરી અક્ષરપંક્તિ જોઇ તો તે મોટી સ્થૂલ દેખાઈ આવી તો શું તે સ્થૂલતા અક્ષરપંક્તિઓમાં છે! અને તે શું સત્ય પણ છે? કદિ નહિં. જો તે સ્થૂલતા પંક્તિમાં હોય અને સત્ય પણ હોય તો જરૂર બીજા મનુષ્યોને પણ તેમ દેખાવું જોઇએ, પરંતુ અન્ય કોઇને તેવી સ્થૂલતા જણાતી નથી માટે માનવું જોઇશે કે તે સ્થૂલતા માત્ર ભ્રમથી જણાય છે અને માયિક છે. અહીં અક્ષરનું સ્થૂલતાજ્ઞાન જો કે માયિક છે પરંતુ અક્ષર પંક્તિ માયિક નથી પરંતુ અગર એવો નિયમ માનો કે ‘જે જ્ઞાન માયિક છે તેનો વિષય (પદાર્થ) પણ માયિક છે’ તો તો અહીં પણ અક્ષર પંક્તિને મિથ્યા માનવી પડશે, પરંતુ વાસ્તવમાં સ્થૂલતા મિથ્યા છે પણ અક્ષરપંક્તિ મિથ્યા નથી. બીજું પણ, વિવર્તવાદમાં જ્યાં બ્રહ્મમાં અખંડાકાર વૃત્તિ થાય છે ત્યાં વૃત્તિમાત્ર માયિક છે પરંતુ બ્રહ્મ સત્ય છે. હવે અગર પૂર્વોક્ત નિયમને જબરદસ્તીથી સ્વીકાર કરશો તો માયિક અખંડાકારવૃત્તિનો વિષય બ્રહ્મ પણ માયિક કહેવાશે. માટે જેમ ચશ્માથી પદાર્થને જોતી વખતે જે સ્થૂલતા પ્રતીત થાય છે તે જ માયિક છે પણ પદાર્થ માયિક નથી, તેમજ ભેદપ્રતીતિજ મિથ્યા છે પરંતુ ભેદજ્ઞાનનો વિષય બ્રહ્મસ્વરૂપ કાર્ય મિથ્યા નથી. અથવા વિવર્તવાદીઓને ત્યાં જેમ ‘इदं रजतं’ એ જ્ઞાનમાં રજત (ચાંદી)નું જ્ઞાન જુદું છે અને ‘इदं’ ભાન સત્ય છે તેમજ ‘इंद्रो मायाभिः

---

[1] इंद्रो मायाभिः पुरुरूप ईयत इति मंत्रे माया ज्ञानं प्रति करणं न तु ब्रह्मणो बहुरूपत्वे अतो द्वैतप्रतीतिरेव मायाजन्या नतु कार्यमिति मंत्राशयः। नापि मायिकज्ञानविषयस्य मायिकत्वमेवेति नियमः शक्यवचनः। उपनेत्रादिना स्थूलोयंकार इति प्रत्ययस्य स्थौल्यांशे भ्रमतया मायिकत्वेपि तद्विषये वर्णे मायिकत्वाभावात्। प्रसह्य तथा नियमस्यांगीकारे मूलोक्तरीत्या ब्रह्मण्यपि मायिकतापाताच्च। तस्माद् यथा पूर्वोक्तस्थले स्थौल्यप्रतीतिरेव मिथ्या नतु वर्णः तथा भेदप्रतीतिरेव मायिकी नतु कार्यम्। मारुतशक्तौ–वेदान्तभट्टाचार्याः।

पुरुरूप ईयते ’ ઈત્યાદિ વાકયોદ્વારા ભગવદ્રૂપ એકરસસ્વરૂપ પદા થોંમાં નાના ભેદ ભાવજ મિથ્યા છે, પણ કંઇ ભગવદ્રૂપ પદાથ મિથ્યા નથી. બુદ્ધિની વૃત્તિઓ અનેક છે. જેમ જેમ વૃત્તિઓ બદ લાતી જશે તેમ તેમ ભાન પણ તેવુંજ બદલાતું જશે. પણ એટલ માટે કંઈ પદાર્થો અન્યથા થતાં નથી. શ્રીમદ્ ભાગવતમાં વૃત્તિઓનું નિરૂપણ કર્યું છે કે:—

संशयोऽथ विपर्यासो निश्चयः स्मृतिरेव च ।
स्वाप इत्युच्यते बुद्धे लक्षणं वृत्तितः पृथक् ॥

અર્થાત્ સંદેહ, વિપર્યય, નિશ્ચય, સ્મરણ અને નિદ્રા આલસ્ય વિગેરે એ બધાં વૃત્તિઓનાં હેતુથી બુદ્ધિનું લક્ષણ છે.

વૃત્તિઓ હજારો છે. અને તે બધી સત્વ, રજ અને તમ, એ ત્રણું પ્રકૃતિના ગુણોનાં કારણથી પલ પલ વારમાં બદલાતી રહે છે વિષયની સાથે ઈન્દ્રયોનો સંબંધ થતાનીજ સાથે પ્રુહેલાં સામા ન્યજ્ઞાન થાય છે. તે વખતે અગર બુદ્ધિમાં સત્વગુણને આવેશ હોય તો સાત્વિક વૃત્તિઓ દ્વારા નિશ્ચયાત્મક જ્ઞાન થાય છે. અને

જો રજોગુણને આવેશ હોય તો મુગ્ધવૃત્તિઓ દ્વારા સંશયાત્મક-જ્ઞાન થાય છે, તથા જ્યારે તમોગુણને આવેશ હોય તો ત્યારે વિપરીત બુદ્ધિ, વ્યામોહિકા માયાની પ્રબળતા વધવાથી પહેલેથી જમા રહેલા સંસ્કારોને અનુકૂળ અન્ય પદાર્થને વચમાં પેદા કરી વિષયનું ગ્રહણ કરાવે છે. અર્થાત્ વિપરીત વૃત્તિઓ દ્વારા તે જ્ઞાન વિપર્યાસ (સત્યથી ભિન્ન જણાવુ) થાય છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે.

सत्त्वात्संजायते ज्ञानम्…………
अयथावत् प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ।
सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ॥

અર્થાત્ સત્વના આવેશથી સત્ત્વાત્મક જ્ઞાન થાય છે. હે પૃથાપુત્ર અર્જુન! જેને અયથાર્થ જ્ઞાન (સંદેહાત્મક) થાય છે, તે બુદ્ધિ રાજસી કહેવાય છે. તથા હે અર્જુન! જે સર્વ પદા-ર્થોને વિપરીતજ જાણે છે, તે તામસી બુદ્ધિ છે. શ્રીમદ્‌ભાગવતમાં વેદસ્તુતિમાં પણ કહ્યું છે કે—(अनुमितमन्तरा त्वयि विभाति मृषैकरसे ।) અર્થાત્ જ્યાં શુક્તિ (છીપ) અને નેત્રને સંયોગ થાય છે ત્યાં તે સંયોગનો વિષય શુક્તિ છે, રજત નહિં. કારણ કે બે સત્ય વસ્તુઓનોજ સંયોગ થાય છે. પરંતુ નેત્ર અને શુક્તિની વચમાં જે રજત દેખાય છે, તે માત્ર બુદ્ધિનો વિપર્યાસ છે. અર્થાત્ બુદ્ધિજ સંસ્કારવશ સામાન્ય ભ્રમ થવાથી શુક્તિમાં રજતનું ગ્રહણ કરી લે છે, એવીજ રીતે સચ્ચિદાનંદ, એકરસ, ભગવાનની આ નો ભેદભાવ બુદ્ધિથી કલ્પાયલો છે. અને એજ વાત ઉક્ત વેદસ્તુતિના ચરણથી સ્પષ્ટ થાય છે, કે સત્ય અને એકરસસ્વરૂપ આપમાં (પુરૂ-ષોત્તમમાં) જીવે પોતાની બુદ્ધિથી અનુમાન કરેલો આ ભેદભા-

---

[1] विपर्यासो भिन्नार्थप्रतिपादकः । तथा च विषयेन्द्रियसंप्रयोगेण प्रथ सामान्यज्ञाने जाते यदा बुद्धिः सत्त्वाविष्टा तदा निश्चयः । सत्त्वात्संजायते ज्ञानम् रजसाविष्टया तु संशयः—अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसीत्युक्तेः । यदा तयोगुणाविष्टा तदा मायानुग्रहात् संस्कारप्राबल्याच्च तदनुगुणं पदार्थान्तरमन्त रोत्पाद्य विषयीकरोति । प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च सर्वार्थान्विपरीतां बुद्धिः सा पार्थ तामसीति चोक्तेः । एतदेव चाभिप्रेत्य । अनुमितमंतरा त्वयि विभा मृषैकरस, इत्यत्र सुबोधिन्यां प्रत्यक्षं तु रजतं न दृश्यते । इंद्रियार्थसंनिकर्षस्य शुर्ि विषयत्वात् । नहि रजतेन सह संनिकर्षोऽस्ति । सतोरेव संयोगात् । रजतं तदनंतरं बुद्धया जन्यते । मारुतशक्तौ वेदांतभट्टाचार्याः ।

વાદિ સર્વ મિથ્યા છે. એજ કારણથી 'પુરુરૂપ ઈયતે' વિગેરે શ્રુતિઓ ભગવત્સ્વરૂપને માયિક કહેતો નથી. પુરાણોમાં પણ જ્યાં કોઈ સ્થળે જગત્‌ને જુઠું કહી નાખ્યું છે ત્યાં સર્વત્ર ક્ષણિક ગૃહ, પુત્રાદિમાં આસક્ત આ જીવને વૈરાગ્ય કરાવવા માટેજ તે તે વચનો કહ્યાં છે. અથવા તો તિરોભાવને લઈને તથા કોઈ સ્થળે અહંતા-મમતાત્મક સંસારને ઉદ્દેશી તથા માયિક સંસારને લઇ પ્રપંચને મિથ્યા કહ્યો છે, વાસ્તવમાં તે બધાં વચનોનું તાત્પર્ય વિષયત્યાગ કરાવવાનુંજ છે, પરંતુ કાંઈ જગત્‌ને મિથ્યા કહેવાનો આશય નથી. અને એ પણ એક પ્રકારે ઉપદેશ કરવાની ચતુરતા છે.

૩૪ ઉપદેશ ત્રણ પ્રકારનો હોય છે. પ્રભુસંમિત, મિત્ર સંમિત, તથા કાંતાસંમિત. જે ઉપદેશના અનુકૂલ આચરણ કર વાથી અભ્યુદય થતો હોય અને જેની પ્રતિકૂલ ચાલવાથી અપરાધ થતો હોય, અર્થાત્ જે અવશ્ય માનવોજ જોઈએ તેને પ્રભુસંમિત ઉપદેશ કહે છે. જેમ રાજા, ગુરુ, તથા પિતાના ઉપદેશો, વેદ એ પ્રભુસંમિત ઉપદેશ છે ઇતિહાસ, યુક્તિ અને પ્રમાણોથી મધુ વચનોમાં જે કાર્ય તથા અકાર્યની શિક્ષા આપે તે મિત્રસંમિ ઉપદેશ કહેવાય છે, પુરાણ અને સ્મૃતિઓ એ મિત્રસંમિત ઉપદે છે. જેમ મિત્ર ઉચ્ચનીચ, લાભ, હાનિ સમજાવીને અત્યુક્તિનો પ ઉપયોગ કરી નબળે રસ્તે જતાં પોતાના મિત્રને સારા માર્ગ પ લાવે છે. એવીજ રીતે પુરાણ પણ ઇતિહાસો દ્વારા હાનિ, લાભ વિગેરે સમજાવી આલંકારિક ભાષામાં કયાંક કયાં તો સ્ત્રી, પુત્ર ગૃહાદિકને ક્ષણિક હોવાથી અસત્ય કહે છે. એથી કંઇ જગત અસત્ય કહેવાનું તેનું તાત્પર્ય હોતું નથી, પરંતુ ક્ષણિક વસ્ત એોમાં વૈરાગ્ય કરાવવાનોજ આશય છે.

કોઈ અયોગ્ય સ્થળમાં પોતાના મિત્રને ભોજન કરતો જોઇ જેમ પોતાના મિત્રને કોઇ કહે કે 'મિત્રવર'! વિષ ખાઇ લો પણ ત્યાં ભોજન નહિ કરો' તો શું આવો તેનો ઉપદેશ પોતાના મિત્રને ઝેર ખવડાવવાનો છે! કદાપિ નહિં. પરંતુ તેનો ખરો આશય એટલોજ છે કે મારો મિત્ર કોઈ પણ રીતે અયોગ્ય સ્થળે ભોજન કરવાનું છોડી દે, એવીજ રીતે મિત્રસંમિત ઉપદેશ કરવાવાળાં પુરાણ વિગેરે સમજે છે કે ભગવાનની માયાથી મોહિતબુદ્ધિ આ જીવ અગર અહંતાસ્પદ દેહ અને મમતાનું સ્થાન સ્ત્રી, પુત્રધન વિગેરેને સત્ય અને ચિરસ્થાયી સમજી લેશે તો પછી એનો એમાં વૈરાગ્ય નહિ થાય, બલ્કે એમાં દૃઢ આસક્તિ થઈ જશે. એ માટેજ પુરાણ આદિ શાસ્ત્રો વૈરાગ્ય થવા ખાતરજ તિરોભાવને લઈ કોઇ જગ્યાએ જગત્‌નું અસત્યત્વ વર્ણવી રહ્યાં છે કે ગૃહ,

---

१ दृढाहंतापदं देहं गेहादि ममतास्पदम्
यदा सत्यं विजनीयान्न विरज्येत कश्चन ।
वैराग्यार्थमसत्यत्वं पुराणेषु क्वचित् क्वचित्
अभिप्रेत्य तिरोभावं कुत्रचित्संसृतिं तथा ।
क्रीडामये प्रभोरस्मिन्संयोगविगमास्पदे
तिरोभाविनि नो रागः कर्तव्यः क्षणिके वृथा ।

पुराणं हि मित्रसंमितम् । यथा हि मित्रं कथमपि बोधयित्वाऽहितवस्तुन्यरुचिमुत्पाद्य ततो निवर्तयति तथा तदपि । यथा च मित्रं कदाचिदनर्हस्थले भुञ्जानं प्रति 'विषं भुंक्ष्व माऽस्य गृहे भुंक्था' इति ब्रूते तत्राऽस्य विषभोजने तात्पर्यं किन्तु तत्र भोजनपरित्याग एव । मारुतशक्तौ वेदान्तभट्टाचार्याः ।

પુત્ર, વિગેરે જગત્માં રહેવાવાળા પદાર્થો જો કે સત્ય છે તથાપિ એનો આવિર્ભાવ તથા તિરોભાવ તો ભગવદિચ્છાથી થતોજ રહે છે. ચાહે જીવ ધન વિગેરેને ન છોડે તો પણ વખત આવતાં એનો તિરોભાવ તો જરૂર થવાનોજ છે, એજ અવશ્ય થનાર તિરોભાવને લઇનેજ વિષયપરિત્યાગ કરાવવા પુરાણાદિ શાસ્ત્રો જગત્ને અસત્ય કહે છે જેમ કોઈ રાજાએ થોડા સમય માટે કોઇને અમુક દેશનો અધિકારી બનાવી દીધો હોય, પણ જો તે માણુસ કાલાન્તરમાં આ બધો મારો વૈભવ છે, ચિરસ્થાયી છે, એવા પ્રમાદમાં ફસાઇ તે વૈભવનો દુરૂપયોગ કરવા મંડી પડે તો તેના મિત્રો તથા સંબં- ધીઓ આવી કહેવા લાગે છે કે ભાઇ ! આ બધું ધનાદિ પહેલાં આપતું નહિ હતું, અને આગળ પણ થોડા સમય પછી રહેનાર નથી, ફક્ત મધ્યમાંજ સ્વપ્નની માફક તમારા હાથમાં લાગ્યું છે માટે આ બધી પારકી વસ્તુઓનો આવી રીતે દુરૂપયોગ ન કરો વિગેરે. તો તે સમયે તે પુરૂષ સાવધ થઇ જાય છે. અહીં સમજાવ- નાર મિત્રાદિનો કંઇ એવો ઉદ્દેશ નથી કે આ ધન વિગેરે માત્ર સ્વપ્નની માફક મિથ્યા છે, પરંતુ કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે થોડા દિવસમાં આ બધી સંપત્તિ ચાલી જનાર છે. એવીજ

---

१ तथा च मायिकत्वं क्वचिद्वैराग्यार्थं क्वचित्तिरोभावमभिप्रेत्य कुत्रचित् तन्निष्ठसंस्रतिमभिप्रेत्य उक्तम् । किं च सत्यस्यापि प्रपंचस्य भगवदभिध्यानात् आविर्भावतिरोभावौ तु भवत एव । तथा च सत्यत्यंताभीष्टमपि दारादिकं प्रा तिरोभावकाले क्षणमपि नैवाऽवतिष्ठतेऽतस्तिरोभावमभिप्रेत्यापि तथा वचनं तथ राज्ञा स्वेच्छयाऽधिकारविशेषस्थापितं ममैवायं ग्रामादिरित्यभिमत्या प्रमाद्यन्तं प्रति तन्मित्राणां अयं तव पूर्वं नासीन्नापि परतः स्यात् मध्येपि स्वप्नस्थैवायं विभव इ वचनं । तथेदमपि तिरोभावादित्यल्पकालिकानुभवविषयत्वादिदं मायिकमुच्यते नारुतशक्तौ वेदान्तभट्टाचार्याः ।

રીતે પુરાણાદિનું પણ જગત્ને અસત્ય કહેવાનું એવુંજ તાત્પર્ય છે. કે પ્રવાહની માફક ફક્ત કદાચિત્ વધતો કદાચિત્ સંકુચિત થતો આ સમગ્ર પ્રપંચ લીલારસિક પુરાણપુરૂષોત્તમ તે ભગ- વાન્ની આવિર્ભાવ તિરોભાવશાલિની એક પ્રકારની લીલા છે. સ્ત્રી પુત્ર, ધન, ગૃહ, વિગેરે પદાર્થોનો જરૂર કોઇ એક દિવસે અકસ્માત્ તિરોભાવ થનારો છે, માટે એ સર્વને સ્વપ્નની તરહ સમજો, અને એમાંથી મન હઠાવી તે જગન્નિયંતા પુરૂષોત્તમ પ્રભુની સેવામાં લગાવો. આવું કહેવાનું એજ મુખ્ય તાત્પર્ય છે કે વિષયમાં આસક્ત જીવ કોઇપણ પ્રકારે એનો પરિત્યાગ કરી પ્રભુશ્રીની પુણ્યમય રસિક સેવામાં લાગે. અગર એ (પ્રપંચ)ને સત્ય સમજવા લાગી જાય તો એનાથી છૂટકારો મેળવવો અસંભવિત થઈ જાય, અને અસત્ય જો સમજી લે તો તેને તુચ્છ માની સહજ તેનો પરિત્યાગ કરી શકે છે. માટે હવે એ સિદ્ધ થયું કે જગત્ સત્ય છે, અને અહંતા- મમતારૂપ સંસારજ અસત્ય છે.

જગત્ તથા સંસારનો ભેદ.

કેટલાક વાદીઓને તથા તદનુસારી અન્યપુરૂષોને એ ભ્રમ થઇ રહ્યો છે કે જગત્ અને સંસાર એક છે, અર્થાત્ શાસ્ત્રોમાં જ્યાં જગત્ શબ્દ આવે છે ત્યાં તેઓ તેનો અર્થ સંસાર કરી બેસે છે. અને જ્યાં સંસાર શબ્દ આવે છે, ત્યાં તો તુરતજ તેનો અર્થ જગત્ કરી બેસે છે. પરંતુ વિચારદ્રષ્ટિથી નીહાળતાં તે ઉભય પદાર્થો જુદા છે, એક નથી ભગવાન્ના અવિકૃત પરિણામસ્વરૂપને જગત્ કહે છે. અને તે સત્ય છે, નિત્ય છે, તથા પ્રવાહની માફક ગમનશીલ છે. પરંતુ જેના કારણથી જીવને જન્મ, મરણ, વિગેરે દુઃખો ભોગવવાં પડે છે તે અવિદ્યાકૃત અહંતામમતારૂપ સંસાર

કહેવાય છે. અને તે સંસાર રજ્જુમાં સર્પની માફક ભ્રમરૂપ છે છતાં પણ પ્રતીત થઇ રહ્યો છે. જગત્ બ્રહ્માત્મક છે, નિત્ય તથા સત્ય છે. અને સંસાર અહંતામમતારૂપ છે, અસત્ય છે; તથા અનિત્ય છે.

વિદ્યા અને અવિદ્યા એ બંને સર્વશક્તિમાન્ સર્વેશ્વ પ્રભુની બે શક્તિ છે. અવિદ્યાનાં દેહાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ, અને સ્વરૂપવિસ્મૃતિ એવાં પાંચ પર્વો છે તથા તેમ વિદ્યાનાં પણ સાંખ્ય, યોગ, વૈરાગ્ય તપ, તથા ભગવદ્ભક્તિ. એ પાંચ પર્વો(ભેદ) છે. વિદ્યા દ્વારા મોક્ષ થાય અને અવિદ્યાથી બંધન થાય છે. નિત્યક્રીડારસિક, રસિકશિરોમણિ પ્રભુશ્રીની જ્યારે સ્પષ્ટ રમણ કરવાની ઇચ્છા થાય છે, ત્યારે તે પોતાના સ્વરૂપમાંથી સત્, ચિત્, અને આનંદરૂપ અંશો પ્રકટ કરે છે. બાદ બહુરૂપ થવાની સ્વેચ્છાથી પોતનાં તે સ્વાંશોમાં આનંદાંશનો તિરોભાવ કરી લે છે. અને આનંદાંશનો તિરોભાવ થવાથી ઐશ્વર્યાદિ ધર્મો પણ ચાલ્યા જાય છે. તે સમય પરમાત્માની ઉચ્ચનીચ બહુરૂપે થવાની ઇચ્છાથી જીવની સાથે અવિદ્યા લાગી હોય છે અને તે અવિદ્યાથી જીવને એવો ભ્રમ થયો છે કે 'દેહજ હું છું' ઇંદ્રિય મારૂં સ્વરૂપ છે, પ્રાણજ હું છું તથા અંતઃકરણ મારૂં સ્વરૂપ છે. પરંતુ પોતાનું જે સત્ ચિત્ તથા ગણિતાનંદ સ્વરૂપ છે તેને ભૂલી જાય છે. એજ અધ્યાસ (જુઠી સમજ) ને વશીભૂત ચૈતન્યાંશને જીવ કહે છે સમગ્ર જગદ્વર્તિ પદાર્થો માત્ર ભગવાનના અંશો છે. તેઓમાં

---

१ एकस्यैव ममांशस्य जीवस्यैव महामते । बन्धोऽस्याविद्ययाऽनादिर्विद्यया च तथेतरः । विद्याविद्ये मम तनू विद्ध्युद्धव शरीरिणाम् । मोक्षबंधकरी आद्ये मायया मे विनिर्मिते । तन्येते मोक्षबंधौ आभ्यां तनू शक्तो । श्रीमद्भागवतम् ।

કોઇપણ જાતનો ભેદભાવ નથી. તથાપિ આ જીવ અવિદ્યાને વશ થઇ તે તે પદાર્થોમાં ભેદભાવ, રાગ, દ્વેષ, અહંતા મમતા વિગેરે કરવા લાગી પડે છે. બસ, એટલાજ માટે એને અનેક જન્મ મરણાદિ દુઃખો ભોગવવાં પડે છે. એજ અહંતામમતાને સંસાર કહે છે. સંસાર અવિદ્યાનું કાર્ય છે. અને જગત્ ભગવત્કાર્ય છે. અને એજ સંસારને અજ્ઞાન, ભ્રમ, અધ્યાસ, સ્વપ્ન, વિગેરે ઉપાધિઓ મળી ગઇ છે. અવિદ્યાનેજ આધીન થઇ જીવ દેહધર્મ, ઇન્દ્રિયધર્મ, પ્રાણધર્મ અને અંતઃકરણ ધર્મોને પોતાના ધર્મો માની 'હું સ્થૂલ છું.' 'હું કૃશ છું.' 'હું સુખી તથા દુઃખી છું' ઇત્યાદિ અનેક રીતે પોતાને માનવા લાગે છે. સ્ત્રી, પુત્ર, ધન, ગૃહાદિ બધાં દેહનો સંબંધ રાખવાવાળાં છે, પરંતુ અજ્ઞાનને વશ થઇ તેઓને પોતાનાં સંબંધી માની તેઓનાં સુખદુઃખાદિને પોતાના સમજવા લાગે છે. જન્મની પહેલાં માતાપિતા નહિં હતાં. મૃત્યુની પછી પુત્રાદિ પણ નહિં રહેશે, તથા વિવાહની પહેલા સ્ત્રી પણ ક્યાં હતી? છતાં પણ જુઠી મમતા તેઓના ઉપર કરવા લાગી પડે છે.

૩૫. એજ વાત વેદ, ભગવદ્ગીતા તથા શ્રીમદ્ભાગવતમાં કહી છે.

'समाने वृक्षे पुरुषो निविष्टोऽनीशया शोचति मुह्यमानः' १ मुंडकश्रुतिः

अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः । २ गीता. ५/१५

यावद्गतोऽस्मि हंतास्मीत्यात्मानं मन्यतेऽस्वदृक् ।
तावत्तदभिमान्यज्ञो बाध्यबाधकतामियात् ॥ ३ ॥
अविवेककृतः पुंसो ह्यर्थभेद इवात्मनि ।
गुणदोषविकल्पश्च भिदेव स्रजिवत्कृतः ॥४॥
स्वप्ने यथा पश्यति देहमीदृशं मनोरथेनाभिनिविष्टचेतनः ।
दृष्टश्रुताभ्यां मनसानुचिन्तयन्प्रपद्यते तत्किमपि ह्यपस्मृतिः ॥५॥

शोकमोहौ सुखं दुःखं देहोत्पत्तिश्च मायया ।
स्वप्नो यथात्मनः ख्यातिः संसृतिर्न तु वास्तवी ॥ ६ ॥
आत्मानमन्यं च स वेद विद्वानपिप्पलादो न तु पिप्पलादः ।
योऽविद्ययायुक्स तु नित्यबद्धो विद्यामयो यः स तु नित्यमुक्तः॥७॥
बद्धो मुक्त इति व्याख्या गुणतो मे न वस्तुतः ।
गुणस्य मायामूलत्वान्न मे मोक्षो न बंधनम् ॥ ८ ॥
देहं मनोमात्रमिमं गृहीत्वा ममाहमित्यन्धधियो मनुष्याः ।
एषोऽहमन्योऽयमिति भ्रमेण दुरन्तपारे तमसि भ्रमन्ति ॥ ९ ॥
न केनचित्क्वापि कथंचनास्य द्वंद्वोपरागः परतः परस्य ।
यथाहमः संसृतिरूपिणः स्यादेवं प्रबुद्धो न बिभेति भूतैः ॥१०

श्रीमद्भागवतम

અર્થાત્—દેહરૂપી સમાન વૃક્ષમાં રહેલો આ જીવ અવિ ઘાથી શોકાદિને પ્રાપ્ત કરે છે ૧. અજ્ઞાનથી જ્ઞાન જયારે આવૃ (ઢંકાઈ) થઈ જાય છે ત્યારે જીવને મોહ પ્રાપ્ત થાય છે ૨. જ્ય સુધી મનુષ્ય હુંજ મૃત્યુ વિગેરે દુઃખોનો ભોક્તા છું તથા હું બીજાને મારવાવાળો છું એમ સમજે છે ત્યાં સુધી તે બહિદૃ વાળો સુખદુઃખાદિનો અભિમાની, અવિદ્યવાન્ પુરૂષ, બાધ્ય તથ બાધકપણાને પામે છે અર્થાત્ પોતે દુઃખાદિનો ભોક્તા તથ અન્યને દુઃખાદિને આપવાવાળો થઇ રહે છે ૩. જીવે ઘટ, પ મઠ, વિગેરે પદાર્થોની માફક આત્મામાં પણ અજ્ઞાનથી ભે સમજી રાખ્યો છે, અને હારમાં રહેલાં પુષ્પોની માફક પદાર્થો ગુણદોષની ભાવના પણ મિથ્યા કરી લીધી છે ૪. જેમ મનો થાથીજ પોતાની બુદ્ધિને ચંચલ રાખવાવાળો મનુષ્ય સ્વપ્ન પોતાના દેહને મનોરથાનુસાર સુખી, દુઃખી, દેખવા લાગે તેમજ જીવ અહીં જે કાંઇ દેખે છે અથવા સાંભળે છે તેને નિરંતર ચિંતન કરતાં કરતાં ફરીથી પણ બીજા જન્મમાં મોહ

પ્રાપ્ત કરી તે જ દુઃખાદિના કારણે અહંતા મમતા વિગેરેનો સેવા કરે છે અર્થાત્ પ્રાપ્ત કરે છે ૫. રાત્રિમાં જેમ એકજ બુદ્ધિ જે સ્વપ્ન તથા ખ્યાતિ થાય છે તેમજ આ જીવને શોક, મોહ સુખ, દુઃખ અને અહંતામમતા વિગેરે ઉપાધિકૃત છે, અર્થાત્ બુદ્ધિવૃત્તિરૂપ ઉપાધિના સંબંધથી (કેવલ ભ્રમથી)જ માની લીધાં છે વાસ્તવ નથી ૬. એકજ વૃક્ષમાં (દેહમાં) જીવ અને અંતર્યામી નિવાસ કરે છે. પરંતુ તેમાં એક આનંદાંશ અંતર્યામી તે વૃક્ષનાં ફલ જે સુખદુઃખાદિ તેને ભોગવતો નથી અને પોતાના સ્વરૂપને તથા પોતાનાં સંગીને ઓળખે છે, તથા નિત્યમુક્ત છે. પરંતુ જીવ જો કે અવિદ્વાન હોવાથી તે દેહકૃત કર્મનાં ફલો સુખ-દુઃખાદિને પોતે ખુદ પોતાનાં માનવા લાગી પડે છે અને તે નતો પોતાના સ્વરૂપને જાણે છે અથવા નતો તે નિત્યમુક્ત અંતર્યામીને પીછાને છે (ઓળખે છે). અને આવી અણસમજથીજ તે નિત્યબદ્ધ રહે છે ૭. સંસારમાં બદ્ધ અને મુક્ત એવો જે વ્યવહાર છે તે ગુણોથીજ કૃત થયો છે અર્થાત્ ગુણોનું કાર્ય છે. વસ્તુતઃ યથાર્થ રીતે ન સમજો, કારણ કે ગુણ પ્રકૃતિમૂલક છે, અને તે પ્રકૃતિનો નિયામક હું છું માટેજ મારે માટે બંધ, મુક્ત વ્યવસ્થા નથી ૮. પૂર્વનાં માત્ર મનોભ્રમથીજ પુનર્વાર એ દેહને પ્રાપ્ત કરી માણસ 'હું આવો છું' 'આ મારૂં છે' વિગેરે અહંતા મમતામાં અંધ-બુદ્ધિ થઈ જાય છે. તે સમય અજ્ઞાનથી અર્થાત્ 'આ બીજો છે' 'હું બીજો છું' વિગેરે ભ્રમથી ફરી એજ અગાધ સંસાર સમુદ્રમાં ચક્કર ખાવા લાગે છે ૯. જેવી રીતે સંસાર પ્રાપ્ત કરાવનાર એ અહંકારને સુખદુઃખ, રાગદ્વેષનો સંબંધ થાય છે તેવીજ રીતે સ્વભાવથી નિઃસંગ એ આત્માને કોઈપણ પ્રકારથી કોઈ દેશકાળમાં પણ કોઇનાં દ્વારા કદાપિ દ્વંદ્વાદિનો સંબંધ થતો નથી. આવી

રીતે જે સમજી ગયો તે પ્રાણીમાત્રથી ઉદ્વેગ પામતો નથી અથ જેને એવું જ્ઞાન થઇ ચૂકયું છે કે દેહાદિના માત્ર અધ્યાસથી અહંતામમતા, અને અહંતામમતાથી ભેદભાવ રાગદ્વેષા અને અનેક શુભાશુભ કર્મો, અને તેનાથી એટલે તે તે કર્મો સુખદુ:ખાદિ મળે છે; વાસ્તવમાં હું નિ:સંગ છું આવું જે જ્ઞા સમજે છે તે કોઇપણ પ્રકારે સૃષ્ટિમાત્રથી ઉદ્વિગ્ન થતો નથી ૧૦

૩૬. જો કે રાગદ્વેષ, અહંમમાભિમાન, ભેદભાવ, સ્થૌલ્ય કાર્શ્ય, શૈત્ય, ઉષ્ણતા, અંધતા, બધિરતા, વ્યાકુલતા વિગેરે ધ દેહ, બુદ્ધિ, અને ઈંદ્રિયાદિનાં છે આત્માના નહિં. છતાં પ જીવ અવિદ્યાને વશ થઈ પારકી વસ્તુઓમાં પોતાપણું, નિ વસ્તુઓમાં અનિત્યપણું, બ્રહ્મરૂપ પદાર્થોમાં રાગદ્વેષ, અને બ્રહ્મ અભિન્ન પદાર્થોમાં ભેદભાવ કરવા લાગી જાય છે. બસ, એ અહંતામમતા વિગેરે અધ્યાસને સંસાર કહે છે, જેમ કમ (પીળીઓ)ના રોગવાળો માણસ બીલકુલ દૂધ જેવી ધોળી વસ્ ઓને પણ પીળીજ દેખે છે, અથવા નદીના કાંઠા ઉપર ઉભે બાલક જેવી રીતે તરંગવાળા જલમાં પ્રતિબિંબિત વૃક્ષોને પ ફરતાંજ માને છે. અને જેમ કુદડી ફરતો માણસ પૃથ્વીને પ ફરતીજ જુએ છે, તેમજ જીવને અવિદ્યાવશ આ જગત્માં અ થાભાવ તથા અહંતામમતા બુદ્ધિ થાય છે, અને તેનાથીજ એ બંધન, જીવન, મરણાદિ દુઃખો સહેવાં પડે છે. પ્રત્યેકની હૃદયરૂ ગુહામાં (ગુફામાં) રહીનેજ ઈશ્વર બધાને પ્રેરે છે. પરંતુ જીવ ' સ્વતંત્ર કર્તા છું, આ કર્મથી મળેલું ફળ મારૂં છે; હું સમર્થ છું વિગેરે વિગેરે અહંભાવ કરવા લાગી પડે છે. એજ સંસાર અને એટલાજ માટે જીવને બંધન થાય છે. એજ વાત શ્રી દ્ભાગવત તથા શ્રીગીતાજીમાં કહી છે.

यथाऽम्भसा प्रचलता तरवोऽपि चला इव ।
चक्षुषा भ्राम्यमाणेन दृश्यते चलतीव भूः ॥ १ ॥
यथा भ्रमरिकादृष्टया भ्राम्यतीव महीयते ।
चित्ते कर्तरि तत्रात्मा कर्तैवाहंधिया स्मृतः ॥ २ ॥
इत्यहंभावमापन्नो देहे मिथ्यावियोगिनि ।
अवशः कार्यते सर्वमीश्वरेण विमूढधीः ॥ ३ ॥
यथा दारुमयी योषा यथा दारुमयो मृगः ।
एवं भूतानि मघवन्नीशतन्त्राणि विद्धि भोः ॥ ४॥
देहात्मभावो देहेनेशेच्छया कृतकर्मसु ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥ ५ ॥

श्रीमद्भागवतम् ।

अहं सर्वस्य प्रभवः सर्वं मत्तः प्रवर्तते ।
ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥ ६ ॥

श्रीभगवद्गीता ।

एतद्द्वारो हि संसारो गुणकर्मनिबन्धनः ।
अज्ञानमूलोऽपार्थोऽपि पुंसः स्वप्न इवेयते ॥ ७ ॥
त एतदधिगच्छन्ति विष्णोर्यत्परमं पदम् ।
अहंममेति दौरात्म्यं न येषां देहगेहयोः ॥ ८ ॥

श्रीमद्भागवतम् ।

અર્થાત્—જેમ વાયુના વેગથી કંપતા તટ ઉપર ઉગેલાં ક્ષાદિ પણ પાણીમાં જાણે ચાલતાં હોય તેમ દેખાય છે. અથવા ભ્રમણ કરનાર પુરૂષની દૃષ્ટિથી પૃથ્વી પણ ફરતી હોય એમ જણાય છે ૧. એમજ જીવાત્મા પણ હૃદયાકાશમાં સર્વના પ્રેરક

અંતરાત્માના રહેવા છતાં પણ સ્વતંત્ર કર્તાની માફક અહંભા
કરવા લાગી પડે છે ૨. જ્યારે મૂઢબુધ્ધિ આ જીવ એક દિવ
અવશ્ય અલગ થઇ જવાવાળા દેહમાં રહીને મિથ્યા અહંપણો
પ્રાપ્ત થાય છે માટે ઇશ્વર પણ અવશ (સ્વતંત્ર) થઇ સમ
કર્મોનાં ફળો તેની પાસે ભોગવાવે છે ૩. જેમ કાષ્ટની પુતળી
તથા કાષ્ટનો મૃગ એ બંને નચાવનાર બાજીગરના હાથમાં રો
છે, તેમજ આ જગત્ ભગવાનને વશ છે એમ સમજો ૪. દેહનેજ
પોતાનું સ્વરૂપ માનનાર અને અહંકારથી જેની મતિ ચલિત થ
છે, એવો જીવ ભગવદિચ્છાથી થયેલાં કર્મોમાં 'હું કરવાવાળો છું
એવો અહંભાવ કરવા લાગી પડે છે ૫. ભગવાને શ્રીમદ્ ભગવ
દ્ગીતામાં પણ કહ્યું છે કે હે અર્જુન! પ્રાણી માત્રના હૃદયમાં
સર્વનિયંતા ઈશ્વર અંતર્યામી સ્વરૂપથી રહે છે, અને પોતાની
અલૌકિક શકિતથી કળવાળી પુતળીની માફક સર્વ પ્રાણીઓને
પ્રેરે છે તે ઇશ્વર હું છું; અને હુંજ સર્વનું ઉત્પત્તિ સ્થાન છું
અને મારાથીજ સર્વ પ્રવૃત્તિ ચાલે છે ૬. પ્રકૃતિ તથા શુભાશુભ
કર્મ જેનું કારણ છે એવો આ સંસાર (અહંતામમતાત્મક
અજ્ઞાનમૂલક તથા જુઠો છે ૭. જે મનુષ્યોને જગત્માં રહેલ
પદાર્થોમાં અહંમમભાવ થતો નથી તે જ ભગવાનના વિષ્ણુપદ
(અક્ષરધામ)ને પ્રાપ્ત કરે છે ૮.

૩૭. હવે માલુમ થયું હશે કે સત્યવસ્તુભૂત જગત્ અલગ
છે અને અહંતામમતાત્મક સંસાર અલગ છે. આજ સંસાર અને
જગત્નો પરસ્પર ભેદ છે. એ સંસાર પંચપર્વા વિદ્યાદ્વારા લયને
પામે છે. આજ સુધી અનેક જ્ઞાનીઓ વિદ્યા દ્વારા મોક્ષને પ્રાપ્ત કરી
ચૂક્યા છે. પરંતુ જગત્ તો જેવુંને તેવુંજ બની રહ્યું છે. જગત્નો કો

પણ અંશ બગડયો નથી. એટલા માટેજ જગત્ અને સંસાર એ
ઉભય એક વસ્તુ નથી પણ ભિન્ન ભિન્ન છે.

અવિકૃતપરિણામવાદ તથા આરંભવાદ.

જગત્ બ્રહ્મનું અવિકૃત પરિણામ છે. મૂળ કારણજ સર્વ કાર્યરૂપે થાય છતાં પણ કારણમાં કોઈપણ પ્રકારનો વિકાર ન થાય તેને અવિકૃતપરિણામ કહે છે. તત્ત્વનો [સ્વરૂપનો] જે અન્યથાભાવ તેને વિકાર કહે છે. તે વિકાર જેમાં ન આવે એવો જે પરિણામ તે અવિકૃતપરિણામ કહેવાય છે. આસ્તિકદર્શનોમાં આરંભવાદ, વિવર્તવાદ, પ્રધાનવાદ, અને પરિણામવાદ, આ ચાર વાદો પ્રસિદ્ધ છે. નૈયાયિકો આરંભવાદને સ્વીકારે છે. તેઓનું કહેવું એવું છે કે પૃથ્વી, જલ, તેજ, વાયુ, આ ચાર તત્વોનાં અપ્રત્યક્ષ પરમાણું જ્યારે ઇશ્વરકૃતિથી પરસ્પર મળી દ્વયણુક વિગેરેનો આરંભ કરે છે, ત્યારથીજ સૃષ્ટિનો આરંભ થાય છે. અને જ્યારે ઇશ્વર તે પરમાણુઓમાં ઉલટી ક્રિયા કરે છે ત્યારે સર્વ પરમાણુઓ એકબીજાથી જુદાં થઇ આકાશમાં રહે છે. અને ત્યારેજ પ્રલય થાય છે. તાર્કિક લોકો પરમાણુ, આકાશ, કાલ, દિશા, આત્મા અને મનને નિત્ય માને છે. તેઓને ત્યાં ઇશ્વર અને જીવનું સર્વદા દ્વૈતજ રહે છે. અને તેઓ પરમાણુઓને જગતનું ઉપાદાન કારણ માને છે. પરંતુ ઈશ્વર નિમિત્તકારણ છે એવું સ્વીકારે છે તથા જગત સત્ય છે.

---

૧ એનું અમે આગળ જઈ ઘણી સારી રીતે નિરુપણ કરીશું.
શુ. દ્વૈ. દ. ૪

આરંભવાદની સમાલોચના.

પરંતુ તેઓનો આ મત શ્રુતિ તથા યુક્તિઓથી સિદ્ધ થ શકતો નથી. કારણકે ' सर्वं खल्विदं ब्रह्म नेह नानास्ति किंचन ' पुरुव एवेदंऽसर्वं ' ' तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः ' ' वासुदेव सर्वमिति' ' विश्वं हि ब्रह्म तन्मात्रं ' વિગેરે શ્રુતિ, સ્મૃતિ, સૂત્ર પુરાણોનો પ્રખર વિરોધ આવે છે. કારણ કે વેદાદિ શાસ્ત્રો અદ્વૈત-જ્ઞાનનું પ્રતિપાદન કરી રહ્યાં છે. જ્યારે તાર્કિક તેનાથી ઉલટું દ્વૈતજ્ઞાનનું પ્રતિપાદન કરવા ચાહે છે. તથા જે બે પરમાણુના પર સ્પર સંયોગથી દ્વયણુક તેનાથી ત્ર્યણુક અને ત્ર્યણુકથી ક્રમશઃ સ્થૂલ પૃથ્વ્યાદિ પદાર્થો, આવા રીતે જે આરંભસૃષ્ટિ મનાઇ છે તે પણ યુક્તિસિદ્ધ નથી. કારણ કે બે જુદાં જુદાં પરમાણુંઓમાં પ્રદેશ હોવાથી તેનો સંયોગ થવોજ અશકય છે. અને કદાચ થાય તે પણ કયાંથી થાય? તેને માટે અનુમાન પણ કરી શકતા નથી. માટે દ્વયણુકની ઉત્પત્તિજ અસંભવિત છે. અને પરમાણુઓને નિત્ય માનવાથી સૃષ્ટિનો કદાપિ નાશ ન થવો જોઇએ. પરમાણુઓમાં રૂપ માનવું પણ અયુક્ત છે, કારણ કે રૂપ માનવાથી પરમાણુંઓ અનિત્ય થઇ જશે. અને પરમાણુંઓમાંથીજ સૃષ્ટિ માનશો તો પછી કાલ, જીવ, આકાશ, દિશા, એઓનું ઉપાદાન કારણ કોણ થાય? યદિ કહો કે એ કાલ વિગેરે જુદાંજ નિત્ય પદાર્થો છે, તો શ્રુતિ, સૂત્રોનો મહાન્ વિરોધ ગળે આવી પડે છે. બીજું ઇશ્વરને માત્ર નિમિત્ત કારણજ માની લેવાથી વિષમતા તથા નિર્દયતા રૂપ દોષ આવી પડે છે, કારણકે એક માણુસ સુખી, જ્યારે બીજો માણુસ તેટ હોજ દુઃખી જોવામાં આવે છે, ઇશ્વર કોઇને સ્વર્ગ સુખ આપે છે અને બીજા પાસે નરકયાતના ભોગવાવે છે તો એવો ઇશ્વર જરૂર

વિષમ અને નિર્દય કહેવાશે. કદાચ એમ કહો કે ઇશ્વર તો જેનાં જેવાં કર્મો જુવે છે તેવાંજ તેને ફલો આપે છે તો પછી વૈષમ્ય અને નૈર્ઘૃણ્યરૂપ દોષ કયાં રહ્યો! તો આમ કહેવામાં પણ અનીશ્વરત્વ રૂપ દોષ તો માથે ઝઝુમીજ રહ્યો છે. કારણ કે યદિ કર્મજ ફલ આપે છે તો પછી ઇશ્વર શા કામનો? અને બીજો પણ એક પરતંત્રતારૂપ દોષ ઇશ્વરમાં આવી મળે છે. ઇશ્વર કર્તા છે એ પણ યુક્તિથી સિદ્ધ થતું નથી, કારણ કે આપના મતમાં ઇશ્વરનું શરીર માન્યું નથી અને શરીર વગરનો કદાપિ કર્તા થઇ શકેજ નહિં; અગર એટલા માટે શરીર માનો તો તમારા મત પ્રમાણે ઇશ્વર શરીરમાં અનિત્યપણું આવી જશે. કદાચ કહો કે ઇશ્વરને શરીરની અપેક્ષા નથી તે ઇચ્છામાત્રથીજ જગતનું નિર્માણ કરવા સમર્થ છે તો એ પણ ઉચિત નથી, કારણ કે જેને શરીર નથી હોતું તે ઇચ્છાવાળો હોય એવું લોકમાં કયાંય પણ પ્રસિદ્ધ નથી. કલ્પના પણ લોક વિરૂદ્ધ ન હોવી જોઇએ. અને ઇશ્વરને ઇચ્છાવાળો માનવાથી ઇંદ્રિયો પણ માનવી જોઇશે. અને જ્યારે ઇંદ્રિયવાન્ ઇશ્વર થયો તો પછી જરૂર સુખદુઃખાદિ ભોક્તા પણ થવો જોઇએ. તો પછી ઇશ્વર પણ એક જાતનો જીવ જેવોજ થયો કહેવાય. માટે આવી રીતે અનેક દોષથી ગ્રસ્ત હોવાથી આરંભવાદ યુકત નથી.

પ્રકૃતિવાદ અને તેની સમાલોચના.

૩૮ અસત્ કોઇનું પણ કારણ થઇ શકે નહિ. એમ નહિ હોય તો શશશૃંગથી પણ સમગ્ર વસ્તુઓ પેદા થવી જોઇએ, પણ તે લોકથી વિરૂદ્ધ છે. પ્રકૃતિ તો જડ છે માટેજ

---

૧ સાંખ્યમત.

પરતંત્ર પણ છે. અને તે પરતંત્ર તથા જડ હોવાથી કોઇ કારણ થઈ શકે નહિં. અગર માની લઇએ કે પ્રકૃતિજ કારણ તોય પણ ઉધ્ધાર નથી. કારણ કે પૂર્વોક્ત શ્રુત્યાદિનો વિરો જેવો ને તેવોજ ઉભો છે.

બીજું એ કે પ્રધાનવાદમાં પ્રકૃતિ તથા પુરૂષનો ભેદ જાણ વાથીજ મોક્ષ માન્યો છે, પરંતુ વેદમાં તો બ્રહ્મજ્ઞાનથી મોક્ષ ક છે. આવી રીતે પણ વેદવિરોધ સ્પષ્ટજ છે. અગર કહો કે લોકમ શરીર જે શુક્રશોણિતમય માન્યું છે. અને તેનું કારણ સ્ત્રીપુરૂષ પ્રસિધ્ધ છે. માટે પ્રકૃતિ–પુરૂષનેજ કારણ માનવું જોઇએ. તો એ પણ માત્ર અવિચારમધુરજ છે. કારણ કે '**कर्तारमीशं पुरुषं ब्रह योनिं**' '**तद्भूतयोनिं परिपश्यन्ति धीराः**' '**मम योनिर्महद्ब्रह्म तस्मि गर्भं दधाम्यहम्**' '**तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ।**' વિશે શ્રુતિ, સ્મૃતિ વાકયોમાં સ્પષ્ટ કહ્યું છે કે તે ઇશ્વરજ રૂપભેદથી આ સમગ્ર જગતનું ઉત્પત્તિસ્થાન છે. અને તે જ બધાનો પિત છે. અર્થાત્ બ્રહ્મજ સ્વરૂપભેદથી પુરૂષ, યોનિ, અને બીજ છે. મા પ્રધાનવાદ વેદાનુકૂલ ન હોવાથી અપ્રમાણ છે.

વિવર્તવાદ.

૩૯ અદ્વૈતવાદી વિવર્તવાદનો સ્વીકાર કરે છે. તેઓનું એવું કહેવું છે કે નિર્ગુણ, નિરાકાર, નિર્ધર્મક, નિષ્ક્રિય બ્રહ્મમાંજ અનાદિમાયાના સંબંધથી જગદ્રૂપ વિવર્તને પામે છે, અર્થાત્ માય સંબંધથી અધિષ્ઠાનરૂપ બ્રહ્મમાંજ જગત્ની ભ્રાંતિ થાય છે. જેમ દોરીમાં સાપનો ભ્રમ થાય છે, અથવા છીપમાં ચાંદીની ભ્રાંતિ થાય છે એવીજ રીતે અજ્ઞાનથી બ્રહ્મમાં જગત્ની ભ્રાંતિમાત્ર થાય છે,

---

૧ અદ્વૈતમત અથવા માયાવાદ.

વાસ્તવમાં જગત્ કંઇજ નથી. [1]જીવ, ઇશ, કેવલજ્ઞાન, ઈશ્વર અને જીવનો ભેદ, અવિદ્યા, અને અવિદ્યાથી થતો જીવનો બંધ, આ છ પદાર્થોને અદ્વૈતવાદી અનાદિ માને છે અને અનાદિ તથા સાન્ત (અન્તવાળી) માયાજ જગતનું ઉપાદાન કારણ છે. તો એ ઠીક છે. પરંતુ અગર શ્રુત્યાદિથી આ વાત સિધ્ધ થતી હોય તો અમે માની લઇએ કે માયાવાદ વૈદિક છે. પરંતુ સિધ્ધ થવું માત્ર કઠિનજ નહિં, પરંતુ વંધ્યાપુત્રના લગ્નની માફક મિથ્યા છે. કારણ કે પ્રથમ તો જીવાદિ છ પદાર્થોને અનાદિ માનવાથી વેદવિરોધજ સ્પષ્ટ જણાઇ આવે છે. વેદમાં '**सदेव सौम्येदमग्र आसीत्**' '**एकमेवाद्वितीयं ब्रह्म**' ઇત્યાદિ વાકયો દ્વારા એક બ્રહ્મને છોડી કોઇ પણ પદાર્થને અનાદિ કહ્યો નથી. અને ખરી વાત તો એ છે કે છએ પદાર્થોને અનાદિ માની લેવાથી અદ્વૈતમત એ નામજ વિરૂદ્ધ પડી જશે. બીજું અનાદિસિધ્ધ માયાને ઉપાદાન કારણ માનવાથી દ્વૈતાપત્તિ થાય છે. અગર અભાવ પદાર્થની માફક અનાદિ સાન્ત માની દ્વૈતાપત્તિનો પરિહાર કરો તો પણ છુટકારો નથી, કારણ કે તમારા મતમાં માયાને ભાવરૂપ પદાર્થ માન્યો છે, એટલા માટે ભાવસિદ્ધિમાં અભાવનું દૃષ્ટાંત તદ્દનજ અયુક્ત કહેવાય. વિવર્ત થવામાં જે રજ્જુસર્પ તથા શુક્તિરજતનું દૃષ્ટાંત આપ્યું છે તે પણ મનોરથ માત્ર છે, કારણ કે રજ્જુ તથા સર્પ ઉભય સાકાર છે તથા સરખા આકારનાં પણ છે. સમાનાકાર પદાર્થોની પરસ્પરમાં ભ્રાંતિ સંભવિત છે, પરંતુ નિરાકાર, નિર્ધર્મક, નિષ્ક્રિય, બ્રહ્મમાં સાકાર, સધર્મક, સક્રિય, જગત્ની ભ્રાંતિ સંભવતી નથી. કારણ કે

---

[1] जीव ईशो विशुद्धा चिद्विभागस्त्वनयोर्द्वयोः ।
आविद्या, तत्कृतो बन्धः षडस्माकमनादयः ॥

પરસ્પર વિરૂદ્ધમાં ભ્રાંતિ કદાપિ થતી નથી. અને વિરૂદ્ધમ પણ ભ્રમ થતો હોય તો પછી આકાશમાં પણ હાથી ઘો વિગેરેની ભ્રાંતિ થવી જોઇએ. કદાચ કહો કે કોઇ કો વખતે મેઘો ચઢી આવતાં આકાશમાં પણ તેવી ભ્રાંતિ થાય છે પરંતુ ત્યાં યદ્યપિ નિરાકારમાં સાકારની ભ્રાંતિ થાય છે, છત પણ આકાશ નિરાકાર છે, શુક્તિરજત, રજ્જુસર્પ વિગે દૃષ્ટાંતોમાં બંને સાકાર અને સમાનાકાર છે, પરંતુ આકાશને મેઘોના જેવો સરખો આકાર નથી. अस्तु, અગર 'तुष्यतु' ન્યાયથ માની લઈએ તો પણ એનાથી બ્રહ્મમાં જગત્‌ની ભ્રાંતિ સિદ્ધ થતી નથી. કારણ કે ભ્રાંતિ થવામાં આવો નિયમ છે કે જે ભ્રાંતિ થતી હોય તેને પહેલાં કયાંય પણ જોયો હોવો જોઈએ જેને કદાપિ જોયો નથી તેવા પદાર્થની ભ્રાંતિ થવી અસંભવિત છે રજ્જુ-સર્પ, શુક્તિ-રજત, વિગેરે દૃષ્ટાંતોમાં તો સર્પ તથા રજ બને પહેલાં દૃષ્ટ છે અને એટલા માટેજ તે વાસનાથી પેદા થયેલ સંસ્કારથી રજ્જુમાં પૂર્વદૃષ્ટ સર્પની તથા શુક્તિમાં રજતની ભ્રાંતિ થાય છે. 'બ્રહ્મમાં જગત્‌ની ભ્રાંતિ થાય છે' અહીં આ વાકયમાં એ સ્પષ્ટ માલુમ પડી આવે છે કે અવશ્ય પૂર્વમાં સત્ય જગતનો અનુભવ થયો છે ત્યારે તો ભ્રાંતિ થઈ, નહિં તો ભ્રાંતિજ અસંભવિત છે. અગર ભ્રાંતિવાદ સિદ્ધ કરવા માટે પહેલાં સત્ય જગતનું દર્શન માનો તો પછી વિવર્તવાદનોજ નાશ થઈ જશે. કદાચ કહો કે અનાદિ વાસનાથી પેદા થયેલા સંસ્કારોથી ભ્રાંતિ થાય છે તો એ કલ્પના પણ દૂરાપાસ્તજ છે, કારણ કે અનાદિવાસના માની લેવાથી અંધપરંપરા તથા અનવસ્થારૂપ બે દોષો આવી પડે છે માટે માયાવાદ કોઈપણ પ્રકારે વેદસિદ્ધ થઇ શકતો નથી. આગળ જઈ અમે એજ વિષયની બહુ સારી રીતે સમાલોચના કરીશું

અવિકૃતપરિણામવાદ.

૪૦ દુનીઆમાં પરિણામ બે પ્રકારનો છે. પહેલો પરિણામ એવો છે કે જે પલટતાં છતાં પણ અર્થાત્ કાયરૂપને પામતા છતાં પણ ફરી પોતાના પૂર્વસ્વરૂપને એટલે કારણસ્વરૂપને પ્રાપ્ત થાય છે. અને બીજો, જે પરિવર્તન થયા પછી પોતાના અસલ સ્વરૂપમાં ન આવી શકે. અન્ય સ્વરૂપમાં પલટાઈ જઇ પછી જે પોતાના મૂલસ્વરૂપમાં ન આવી શકે તેનેજ વિકાર કહેવામાં આવે છે, જેમ દહિં, અને જે ફરી પોતાની પૂર્વાવસ્થામાં આવી મળે તેને પરિણામ અથવા અવિકૃતપરિણામ કહે છે. જેમાં પોતાના અસાધારણ ધર્મોનો તો પરિત્યાગ હોય, અને ફરી પૂર્વાવસ્થા પ્રાપ્ત કરવામાં વિરોધી અન્ય ધર્મોનો ઉદય થતો હોય તેને વિકાર યા તો વિકૃતપરિણામ કહે છે. જેમ દુધનો જ્યારે દધિભાવ થઈ જાય છે ત્યારે કારણરૂપ દુગ્ધનાં માધુર્યાદિ અસાધારણ ધર્મોનો પરિત્યાગ થાય છે અને ફરી દુગ્ધાવસ્થાના વિરોધી ખટાશ, ઘટ્ટપણું વિગેરે ધર્મોનો ઉદય થાય છે, માટેજ એ વિકાર કે વિકૃતપરિણામ કહેવાય છે. દુધ જો કે 'દધિરૂપથી પરિણામ પામ્યું છે છતાં પણ તેના સ્વરૂપનો અન્યથાભાવ થયો છે માટેજ દધિ દુગ્ધનું વિકૃતપરિણામ છે; પરંતુ પરિણામ થયા પહેલાં કે પરિણામ થતી વખતે અથવા પરિણામ થયા બાદ કોઈ-

---

[1] स्वासाधारणधर्मपरित्यागपुरःसरः पुनः कारणभावप्रतिरोधिधर्मान्तरोदयो विकारः। यथा दुग्धस्य दधिभावे दुग्धासाधारणधर्मस्य माधुर्यादेः परित्यागः पुनर्दुग्धभावापत्तिप्रतिरोधिनो घनत्वाऽम्लत्वादेरुदयश्च । श्रुत्युक्तानां मृत्सुवर्णायःप्रभृतीनां तु घटकटककुटाद्यादिभावेपि तदसाधारणधर्माणां गन्धवत्त्वकषपट्टिकारोहितरक्तकृष्णकठिनधातुत्वादीनां परित्यागो न । नापि घटादीनां भूयः कारणभावानापत्तिः। मारुतशक्तौ —वेदान्तभट्टाचार्यगोवर्धनशर्मणः ।

પણ પ્રકારનો અન્યથાભાવ થયા વગર જે કારણ કાર્યરૂપથી પરિણામ પામે છે તેને 'અવિકૃતપરિણામ' કહે છે. બસ, એવીજ રી બ્રહ્મ પણ જગતરૂપ પરિણામને પ્રાપ્ત થયું છે. વેદમાં પ્રતિજ્ઞા શ્રુતિદ્વારા કાર્યકારણનો તથા જગત્ અને બ્રહ્મનો અભેદ નિરૂપણ કરતી વખતે મૃત્તિકા, સુવર્ણ, તથા લોહ (લોઢું) જયારે ઘ કુંડલ, તથા કઢાઇરૂપથી પરિણામને પ્રાપ્ત થાય છે ત્યારે પણ પોતાના અસાધારણ ધર્મો કે જે ગંધવત્ત્વ, કસોટી પર ચઢવું કાળાશ, કઠિનપણું વિગેરે ધર્મોનો પરિત્યાગ કરતાં નથી. અને ફરીથી પોતાની પૂર્વાવસ્થામાં અર્થાત્ ઘટ મૃત્તિકાની અવસ્થામાં કુંડલ સુવર્ણાવસ્થામાં, અને કટાહ લોહાવસ્થામાં આવી શકે છે જગદ્રૂપે પરિણામ થયા પહેલાં, જગદ્રૂપે પરિણામ થતી વખતે તથા પુનઃ પૂર્વાવસ્થામાં આવ્યા પછી પણ બ્રહ્મ તો જેવુંને તેવુંજ સત્, ચિત્, અને આનંદ સ્વરૂપજ રહે છે, જેમ મૃત્તિકા સુવર્ણ, અને લોહ કારણાવસ્થામાં જેવું છે તેવુંને તેવુંજ કાર્યાવસ્થામાં પણ છે, તેના સ્વરૂપનો અન્યથાભા થતોજ નથી તેમજ બ્રહ્મ પણ કારણાવસ્થામાં તથા કાર્યાવસ્થામાં સમાન રહે છે એના સચ્ચિદાનંદસ્વરૂપનો તો જરાય અન્યથાભાવ થતો નથી બધા સુવર્ણાદિ તૈજસ પદાર્થો, કટક, કુંડલ, હાર વિગેરે કાર્યરૂપ અવસ્થામાં પરિણત થાય છે, પરંતુ ફરીથી કારણાવસ્થામાં અર્થાત્ સુવર્ણાવસ્થામાં આવી શકે છે. કેવલ કટક, કુંડળ, હારાદિરૂપથી સુવર્ણની અવસ્થાજ બદલાતી રહે છે. અવસ્થાનું બદલાવું કંઇ ભેદ કે વિકાર કહેવાતો નથી. જેમ ઘડી કરી રાખેલું વસ્ત્ર

---

[1] परिणमते कार्याकारेणेति अविकृतमेव परिणमते. सुवर्णं सर्वाणि तैजसानि । पूर्वावस्थाऽन्यथाभावस्तु कार्यश्रुत्यनुरोधादंगीकर्तव्यः ।

(પટ) અથવા ઘડી ખોલી નાખી ફેલાવેલું વસ્ત્ર જુદું નથી, અથવા બેઠેલો કે લાંબો થઇ સૂતેલો સર્પ કંઇ જુદો નહિ કહેવાય. તેમ 'હું એક પણ અનેક પ્રકારે બહુ થાઉં'[1] 'એકલોથી રમણ ન થઈ શકવાથી બ્રહ્મે દ્વિતીય થવાની ઇચ્છા કરી.'[2] વિગેરે શ્રુતિઓમાં કહેલી ભગવાનની બહુ થવાની ઇચ્છા અવસ્થાના પરિવર્તન થયા વગર સિદ્ધ ન થઇ શકે, માટેજ 'एकोहंबहुस्यां' ઇત્યાદિ શ્રુતિઓના અનુરોધથી અવસ્થાનો અન્યથાભાવ તો સ્વીકારવોજ જોઇશે. માટેજ ભગવાન્ પોતાના આનંદાંશનો તિરોભાવ કરી ગુણોનો ન્યૂન કે અધિક ભાવ થવાથી આ વિચિત્ર જગત્ સ્વરૂપે પરિણામને પ્રાપ્ત થયા.

૪૧ अस्तु (ઠીક છે), માની લીધું કે બ્રહ્મજ જગતનું ઉપાદાન અથવા સમવાયી કારણ છે. બ્રહ્મજ પ્રકૃતિ, પુરુષ, મહત્, અહંકાર, ગુણ ઇત્યાદિ રૂપથી પરિણામને પ્રાપ્ત થયું છે. છતાં પણ એનો બનાવનાર તો જરૂર કોઈ જોઈએજ. મૃત્તિકા, સુવર્ણ વિગેરે પણ કોઇના બનાવવાથીજ ઘટ, કુંડલ, કટક વિગેરે કાર્યરૂપે બને છે માટે જોકે બ્રહ્મ જગતનું સમવાયી કારણ છે. છતાં પણ તેનો ઉત્પાદક (બનાવનાર) કોણ? એવી શંકા થાય તો તેનો ઉત્તર એ છે કે જેમ કરોળીઓ પોતાના સ્વરૂપથી પોતે અનેક જાલ બનાવી લે છે, તેને જેમ કોઇ કર્તા કે નિમિત્તકારણની અપેક્ષા નથી. તેમજ બ્રહ્મ પણ પોતે પોતાની મેળે જગદ્રૂપે થઇ જાય છે, અને તેને પણ કોઈ કર્તા, અથવા નિમિત્તકારણની જરૂર રહેતી નથી. વેદમાં પહેલાં એ કહ્યું છે કે 'સૃષ્ટિની[3] પૂર્વમાં એક અદ્વિતીય બ્રહ્મજ હતું.' ત્યાર પછી કહ્યું છે કે 'તેણે[4] પોતાના-

---

[1] एकोहं बहुस्यां प्रजायेय । [2] स एकाकी न रमते स द्वितीयमैच्छत् । [3] सदेव सौम्येदमग्र आसीत् । [4] स आत्मानंस्वयमकुरुत ।

આત્માનેજ જગદ્રૂપે બનાવ્યો.’ એથી સ્પષ્ટ થાય છે કે બ્રહ્મ કર્તા, નિમિત્ત, તથા ઉપાદાન કારણ છે એજ વાત ‘ उपसंहारदर्श[1] नादिति चेन्न क्षीरवद्धि ’ ‘ प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात् ’ એ બે સૂત્રોમાં કહી છે. ત્યાં કહ્યું છે કે કુલાલ (કુંભાર) ને ચક્ર, ચીવર (કાપવાની દોરી) વિગેરે ઉપકરણને સંપાદન કરતો જોઇ કહો કે બ્રહ્મને પણ જગદ્રૂપ ધારણ કરતી વખતે નિમિત્તાદિની અપેક્ષા હોવી જોઈએ. અને તે નિમિત્તાદિ અહીં અન્ય કોઈ નથી માટે પરિણામવાદ યુક્ત નથી. આવી શંકા કરો તો તે ઠીક નહિ કહેવાય. કારણ કે જેમ દૂધને દધિરૂપથી પરિણામ થતી વખતે કર્તા, નિમિત્ત, વિગેરેની અપેક્ષા રહેતી નથી. તે (દુધ) દધિભવન સમયે પોતેજ કર્તા, તથા નિમિત્ત થઇ જાય છે. એવીજ રીતે બ્રહ્મને પણ જગદ્રૂપે થતી વખતે કર્તા અથવા નિમિત્તાદિની અપેક્ષા કોઇપણ પ્રકારની રહેતી નથી. તે પોતેજ કર્તા, નિમિત્ત અને ઉપાદાન થઇ જાય છે. ‘ प्रकृतिश्च[2] प्रतिज्ञादृष्टांतानुपरोधात् ’

આ સૂત્રમાં પ્રકૃતિ શબ્દના બે અર્થ થાય છે. એક રૂઢ અને બીજો યૌગિક. કોઈ એક અમુક અર્થમાં જે શબ્દનો નિયમ કરી રાખ્યો હોય એવા શબ્દને ‘ રૂઢ ’ શબ્દ કહે છે, જેમ મંડપ. અહીં એમાં અક્ષરોથી એ અર્થ નથી નીકળતો, છતાં પણ રૂઢ હોવાથી એનો એજ (મંડપ) અર્થ થાય છે. અને જેનો યોગથી (અક્ષરોના મેળથી) અભીષ્ટ અર્થ નીકળતો હોય તેને યૌગિક શબ્દ કહે છે. પ્રકૃતમાં પ્રકૃતિ શબ્દને રૂઢ તથા યૌગિક બંને માન્યો છે. માટે એના બે અર્થો થાય છે. એક તો પ્રકૃતિ અર્થાત્ ઉપાદાન કારણ આ એનો રૂઢ અર્થ થાય છે. અને બીજો પ્રકૃતિ (એટલે અત્યંત સારી છે કૃતિ જેની) એટલે નિમિત્તકારણ એ યૌગિક અર્થ છે. તો હવે સૂત્રનો અર્થ એ થયો કે પરમાત્મા આ જગતનું ઉપાદાન કારણ છે. તથા સારી રીતે બનાવનાર નિમિત્તકારણ પણ છે. સૂત્રમાં રહેલો ચકાર એ અર્થને સૂચવે છે કે શ્રીમદ્ભાગવતમાં કહેલાં ‘यत्र येन यतो यस्य’ ઇત્યાદિ શ્લોકોમાં ઉક્ત જગદ્રૂપે થવાનું સ્થાન, પ્રકાર, પ્રયોજન, વિગેરે પણ બ્રહ્મજ છે. કારણ કે વેદાદિ શાસ્ત્રોમાં પ્રતિજ્ઞા અને દૃષ્ટાંત એવાંજ મળે છે. બ્રહ્મનેજ જગતનું અભિન્નનિમિત્તોપાદન માનવાથી ઉપનિષદોમાં અનેક જગ્યાએ કહેલી પ્રતિજ્ઞા અને દૃષ્ટાંત સાર્થક થશે. તે દૃષ્ટાંત અને અને પ્રતિજ્ઞાના અનુરોધથી બ્રહ્મનેજ ઉપાદાન તથા નિમિત્તકારણ માનવું જોઈએ. જેમ છાંદોગ્યોપનિષદ્ની શ્વેતકેતુ વિદ્યામાં એકનાં વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા કરી છે. ત્યાં કહ્યું છે કે “ હે

---

[1] उपसंहारदर्शनादितिचेन्न क्षीरवद्धि २–१–२४ । कुलालादेश्चक्रादि- साधनान्तरस्योपसंहारदर्शनात्, संपादनदर्शनादितिचेन्न, क्षीरवद्धि यथा क्षीरं कर्तारमनपेक्ष्यैव दधिभवनसमये दधि भवति एवं ब्रह्मापि कार्यसमये स्वयमेव सर्वं भवति । श्रीमद्वल्लभाचार्यचरणाः अणुभा. [2] तथा च जगतः प्रकृतिरुपादानकारणं चाभिनिमित्तकारणं च ब्रह्मैव अथवा रूढ्या प्रकृतिरुपादानकारणं प्रकृष्टा कृतिर्यस्येति योगेन च निमित्तं च ब्रह्मैव चकारो यत्र येनेत्यादिवाक्योक्ताधिकरणत्वादिसंग्राहकः । कुतः—प्रतिज्ञादृष्टान्तानुपरोधात् । तत्र तत्रोपनिषत्सु श्रूयमाणाः प्रतिज्ञादृष्टान्ताश्चाभिन्ननिमित्तोपादानत्वे सत्येव नोपरु ध्येरन् । यथा छान्दोग्ये श्वेतकेतुविद्यायां ‘ उत तमादेशमप्राक्ष्यो येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं ज्ञातं ’ इति प्रतिज्ञा । अनंतरं ‘ कथं नु भगवः स आदेशो भवति ’ इति श्वेतकेतुप्रश्ने ‘ यथा सोम्यैकेन मृत्पिण्डेन सर्वं मृण्मयं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यमिति दृष्टान्तः । बृहदारण्यके मैत्रेयीब्राह्मणे ‘ आत्मनो वारे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम् ’ अग्रे च ‘ ब्रह्म तं परादाद्योऽन्यत्रात्मनो ब्रह्म वेद ’ । ‘ इदं सर्वं यदयमात्मा ’ इति सर्वस्य ब्रह्मरूपतां प्रतिज्ञाय दृष्टान्ता आम्नाताः मारुतशास्त्री वेदान्तभट्टाचार्याः श्रीगोवर्धनशर्माणः ।

પ્રિય શિષ્ય ! શું તમે તે આદેશ (આજ્ઞા) ક્યારે પણ પુછો છે ? કે જેના સાંભળવાથી ન સાંભળેલો પદાર્થ પણ સંભળાઇ જાય છે, અને અજાણી (અજ્ઞાત) વસ્તુ પણ જણાઇ જાય છે તથા જેની સમજણથી ન માનેલી વસ્તુ પણ માની લેવાય છે, બાદ આવું ગુરૂમુખથી શ્રવણ કરી શિષ્ય પ્રશ્ન કરે છે કે " હે ભગવન્ ! તે આજ્ઞા કઇ છે ? " ત્યારે ઋષિ બોલ્યા કે " હે ભોળા સ્વભાવના શિષ્ય ! જેવી રીતે એક મૃત્તિકાનેજ જાણી લેવાથી બધોજ મૃણ્મય (માટીથી બનેલા) પદાર્થ જાણી લેવાય છે કારણ કે માટીનાં બનેલાં ઘટ, શરાવ, (કોડીયાં) બટેરાં, કુલડાં વિગેરે પાત્રો વાણીમાત્રથીજ કહેવાયાં છે, અર્થાત્ કહેવા પુરતાંજ મૃત્તિકાથી અલગ સમજાય છે. વસ્તુતઃ ખરી રીતે તો માટીનાંજ તે તે જુદાં જુદાં નામો છે. પણ કાંઇ મૃત્તિકાથી તેનું સ્વરુપ જુદું નથી. માટે તે ઘટ વિગેરે સર્વ મૃત્તિકા સ્વરૂપજ હોવાથી સત્ય છે, પણ અસત્ય નથી. બીજું પણ બૃહદારણ્યકોપનિષદ્‌ના મૈત્રેયી બ્રાહ્મણમાં કહ્યું છે કે " હે શિષ્ય ! આત્માનાજ દર્શન તથા શ્રવણથી તથા મનનથી આ પુરોદ્રશ્યમાન (નજર આગળ જણાતું) જગત દેખાઇ, સંભળાઇ, અને જાણી લેવાય છે. " એની આગળ પણ કહ્યું છે કે " બ્રહ્મ તેવા મનુષ્યથી દૂર રહે છે કે જે જગત્‌માં રહેલા પદાર્થોને બ્રહ્મથી અલગ સમજે છે. " આ બધું પુરોદશ્યમાન જગત્ આત્મસ્વરુપ છે. ' એવી રીતે ' આ સમગ્ર જગત્ બ્રહ્મસ્વરુપ છે. ' આમ પ્રતિજ્ઞા કરી પછી દૃષ્ટાંત કહે છે.

આવી રીતે સમગ્ર કાર્યને કારણરૂપ થવાની પ્રતિજ્ઞા કર્યા બાદ મૃત્તિકા, સુવર્ણ, લોહ, વિગેરે દૃષ્ટાંતો કથ્યાં છે. હવે અગર બ્રહ્મને જગત્‌નું અભિન્નાનિમિત્તોપાદન કારણ ન માનો તો આ શ્રુતિમાં કહેલી પ્રતિજ્ઞા અને દૃષ્ટાંત કેવી રીતે સમંજસ (અનુકૂલ) થઇ શકે ! અહીં આત્માથી ભિન્ન બીજા કોઈ પણ પદાર્થોને જોવાનો નિષેધ કરવાથી તથા 'આ બધું આત્માજ છે' આ કથનથી સ્પષ્ટ જણાઈ આવે છે કે આત્મા-પરમાત્માની શિવાય આ જગતનું નિમિત્ત કારણ (બનાવનાર ચક્ર, ચીવર, દંડ ઇત્યાદિ) અન્ય કંઇ પણ નથી. તે પોતેજ પોતાની મેળે સવ રૂપે થઇ જાય છે. વળી મૃત્તિકાનું દૃષ્ટાંત આપવાથી એ પણ પ્રતીત થાય છે કે કાર્ય જગત્ અને કારણ બ્રહ્મમાં કોઇ પણ જાતનો ભેદ નથી. જેમ એક મૃત્તિકા માત્રને જાણી લેવાથી માટીનાં બનેલાં બધાંજ તે તે પાત્રો જાણી લેવાય છે. તેમજ બ્રહ્મને જાણી લેવાથી આ બધુંજ જગત્ જણાઈ જાય છે. જે લોકો બ્રહ્મને માત્ર નિમિત્ત કારણજ માને છે, અને ઉપાદાન કારણ, પ્રકૃતિ, માયા, યા પરમાણું, ઈત્યાદિને માને છે તો તેઓના મતમાં શ્રુતિમાં કહેલી પ્રતિજ્ઞા તથા દૃષ્ટાંતશ્રુતિ બંને વિરૂદ્ધ થઇ પડે છે. શું માત્ર નિમિત્ત કારણનાજ જ્ઞાનથી કાર્યનું જ્ઞાન થઈ શકે છે ? શું કુંભારને જોઈ ઘટ વિગેરે પદાર્થો માટીનાં બનેલાં છે એ માલુમ પડી જાય છે ? કદાપિ નહિં. હા. સુવર્ણ અને મૃત્તિકાને જોવાવાળો અને જાણવાવાળો જાણી શકે છે કે કુંડલ, કડાં, અને ઘટ, શરાવ, વિગેરે સુવર્ણ તથા માટીનાં બનેલાં હોય છે. જેવી રીતે માટીનેજ, વ્યવહાર ચલાવવા માટે ઘટ, કોડીઆં, કુલડાં વિગેરે કહેવા લાગી પડવું એ વ્યવહાર અસત્ય છે, કારણ કે તેઓને અમે માટી શબ્દથી વ્યવહરતાં નથી. અગર અમે તેઓને માટી શબ્દથી વ્યવહરીએ તો અવશ્ય તે વ્યવહાર પણ સત્ય કહેવાત, પરંતુ એવું નથી. સૂક્ષ્મદૃષ્ટિએ વ્યવહાર, સમજ, અહંમમ પ્રત્યય, વિગેરેમાં :કોઈ પણ ભેદ નથી. એવીજ રીતે બ્રહ્મરૂપ નિત્ય, સત્ય, જગત્‌માં રહેતા પદાર્થોમાં

અમે અમારી મતલબ માટેજ સ્ત્રી, પુત્ર, ધન, અગ્નિ, આકાશ વાયુ, દેહ, વિગેરે વ્યવહાર કરીએ છીએ તથા તેઓમાં હુ અને મારૂં આવો વ્યવહાર પણ કરીએ છીએ તો તે વ્યવહારજ મિથ્યા છે, પણ તે પદાર્થ મિથ્યા નથી. એટલા માટે જીવ સમજમાંજ ફેર છે પણ કાંઇ પદાર્થો અન્યથા નથી. પદાર્થો તે બ્રહ્મસ્વરૂપ છે તથા બ્રહ્મથી અભિન્ન છે.

૪૨ એજ કાર્યનો કારણથી અભેદ (ઐકય) અર્થા બ્રહ્મથી જગત્નો અભેદ, શ્રીવેદવ્યાસજીએ [1]'तदनन्यत्वमारंमण शब्दादिभ्यः આ સૂત્રમાં કહ્યો છે. તે સૂત્ર 'वाचारंमणम्' વિગે શ્રુતિઓનો સંદેહ દુર કરવા માટે પ્રવૃત્ત થયું છે. એ શ્રુતિનો અર્થ અમે આગળ સ્પષ્ટ રીતે કરીશું. અર્થાત્ એ સૂત્ર 'वाचारंम विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्' ઈત્યાદિ શ્રુતિવાકયો કાર્યનું કારણથી (જગતનું બ્રહ્મથી) ઐકય છે, અભેદ છે, કહે છે, પણ કંઇ મિથ્યાત્વરૂપ અર્થ કહેતું નથી.

'તદનન્યત્વ સૂત્ર' ઉપર શાંકર મત.

આ સૂત્રમાંથી અદ્વૈતાભિમાની માયાવાદીગણ માયાવા નિકાલવા ચાહે છે. તેઓ કહે છે કે 'वाचारंमणं' શ્રુતિમાં મૃત્તિકા સત્ય છે. એ નિશ્ચયાત્મક 'एव'કારથી જણાય છે કે કાર (મૃત્તિકા અથવા બ્રહ્મ) જ સત્ય છે, કાર્ય (ઘટ, શરાવાદિ અથ જગત્) તો જુદું છે, કારણ કે ઘટ, શરાવાદિ બધાં નામ માત્ર

---

[1] 'तदनन्यत्वमारम्मणशब्दादिभ्यः' २—१—१४ । आरम्भणशब्दा भ्यस्तदनन्यत्वं प्रतीयते । कार्यस्य कारणानन्यत्वं, न मिथ्यात्वम् श्रीमद्वल चार्याः । २–मृत्तिकेत्येव सत्यमित्यवधारणात् कारणमेव सत्यं कार्यन्त्वनृतं ना धेयमात्रत्वात् । श्रीशंकराचार्याः १—२—१४।

[1]અગર કહો કે સૂત્રમાં 'अनन्यत्व' એ અભેદવાચક પદ હોવાથી 'કારણ સત્ય છે અને કાર્ય અસત્ય છે' તો એ અર્થ થઇ શકતો નથી. પરંતુ મૃત્તિકા અને ઘટાદિના દૃષ્ટાંતથી 'જેમ એકજ વૃક્ષ અનેક શાખાદ્વારા પરિણામને પ્રાપ્ત થાય છે' આવો અર્થ યુક્ત માલુમ પડે છે.

પરંતુ આવો અર્થ ઠીક નથી, કારણ કે અગર જગત્ને બ્રહ્મનું પરિણામ માની સત્ય સિદ્ધ કરો તો કાર્ય કારણ બંને સત્ય સિદ્ધ થાય છે પણ વેદમાં તો 'મૃત્તિકાજ સત્ય છે' એવું નિશ્ચયાત્મક 'एव' પદ લગાવી કારણને છોડી અન્ય સવને સ્પષ્ટ રીતે અસત્ય કહ્યું છે. અગર કાર્યને પણ સત્ય માનશો તો આ શ્રુતિમાં કથેલું 'एव' પદ તદનજ વિરૂદ્ધ થઈ પડશે. બીજું છાંદોગ્યોપનિષત્ના 'ऐतदात्म्यमिदं सर्वं' 'तत्सत्यं' આ વાકયમાં પરમકારણ એક બ્રહ્મનેજ સત્ય કહ્યું છે. માટે 'मृत्तिकेत्येव सत्यम्' વિગેરે વાકયોમાં નિશ્ચયાર્થક 'एव' શબ્દનો વિરોધ તરી આવવાથી તથા ऐतदात्म्यमिदं ઈત્યાદિ વાકયોમાં બ્રહ્મનેજ સત્ય કહેવાથી 'કાર્ય પણ સત્ય છે' એવો અર્થ ઠીક નથી, પરંતુ કારણ સિવાય (બ્રહ્મની સિવાય) કાર્ય જગત્ વિગેરે સર્વજ મિથ્યા છે. એજ અર્થ યુક્તિઓથી પણ યુક્ત લાગે છે. જો વેદ કાર્ય અને કારણ ઉભયને સત્ય કહેત તો અનેક સ્થળે નાના ભેદનો નિષેધ ન કરત. નાના ભેદજ તો કાર્ય છે. અને તે ભેદદર્શનની અનેક જગ્યાએ નિંદાપણ કરી છે. માટે માનવું પડશે કે અનાદિ કાળથી ચાલતી આવેલી અવિદ્યા (અજ્ઞાન)થીજ

---

[1] न च सूत्रेऽनन्यत्वपदान्नास्यायमर्थः किन्तु यथैको वृक्षो नानाशाख एवं ब्रह्मापि स्वात्मनैकं कार्यात्मना नानेति मृदादि दृष्टान्तमालोच्यार्थो वाच्य इति वाच्यम् । पूर्वोक्तावधारणादिविरोधेन दार्ष्टान्तिकवाक्येप्यैतदात्म्यमिदं सर्वं

આ પુરોદૃશ્યમાન નાનાભેદ (કાર્ય) પ્રતીત થાય છે. વાસ્તવમાં (ખરી રીતે) ઘટપટાદિ નાનાભેદ (કાર્ય) મિથ્યા છે. કદાચ અહીં એવી શંકા થાય કે અગર કાર્ય અસત્ય છે તો પછી કાર્યાન્તપાતી (કાર્યની અંદર રહેલાં) પ્રત્યક્ષ વિગેરે પ્રમાણો તથા વિધિ, નિષેધ, બોધન કરવાવાળાં શાસ્ત્રો પણ મિથ્યા થઈ જવાં જોઈએ અને જ્યારે તે મિથ્યા છે, ત્યારે નિરૂપયોગી હોવાથી વૃથા પણ છે, અને જુઠાં મોક્ષશાસ્ત્રોથી બ્રહ્મજ્ઞાન થવું પણ અસંભવિત છે.

ઠીક છે, જો કે એ વ્યવહાર વાસ્તવમાં મિથ્યા છે, પરંતુ જ્યાં સુધી એ વ્યવહારનું કંઈ બાધક ન મળે ત્યાં સુધી એની પ્રવૃત્તિમાં કશો બાધ આવતો નથી. જો કે પ્રત્યક્ષાદિ પ્રમાણો તથા વિધિ નિષેધ, તથા મોક્ષાદિનું બોધન કરાવનારાં શાસ્ત્રો દરેક અજ્ઞાનીઓ માટે છે. છતાં પણ જ્યાં સુધી તેનું બાધકજ્ઞાન ન થાય ત્યાં સુધી એની પ્રવૃત્તિ નિરર્ગલ છે. અને પ્રવૃત્તિ થવાથી તે બધાં વૃથા નહિં કહી શકાય. બ્રહ્મજ્ઞાન થયા પહેલાં મોક્ષશાસ્ત્રનું પણ અસત્યજ્ઞાન ન થવાથી તેની પણ પ્રવૃત્તિ સંભવિતજ છે. અને જ્યારે પ્રવૃત્તિ સંભવિત છે તો પછી તે શાસ્ત્રો વૃથા નથી. જો કે મોક્ષશાસ્ત્ર પણ મિથ્યા છે છતાંપણ તે મિથ્યા મોક્ષશાસ્ત્રથી પણ સત્ય બ્રહ્મજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. જેમ મિથ્યા સ્વપ્નથી પણ સત્ય શુભાશુભ ફળ મળે છે. તથા જેમ કલ્પિત લીપીઓના

त्सत्यमिति परमकारणस्यैवैकस्य सत्यत्वावधारणेन च तथा वक्तुमशक्यत्वात् व्युभयसत्यता स्यान्नानात्वं नापोयेत । अतोऽनादिकालप्रवृत्ताविद्यावशादयं भेदः प्रतिभासते न तु परमार्थतोऽस्ति । न चैवं सति प्रत्यक्षादिप्रमाणानर्थक्यं विधिनिषेधशास्त्राणां चानर्थक्यम् ।

અક્ષરોથી સત્ય વર્ણોનું જ્ઞાન થાય છે, એવીજ રીતે અસત્ય મોક્ષ-શાસ્ત્રોથી પણ સત્ય બ્રહ્મજ્ઞાન થાય છે; માટે બ્રહ્મ સત્ય અને જગત્ મિથ્યા છે.

શાંકરમત ખંડન.

૪૩. આ બધી વાતો અમને તો માત્ર મુગ્ધપ્રતારણાજ લાગે છે, કારણ કે '**मृत्तिकेत्येव सत्यम्**' આમાં નિશ્ચયાર્થક 'एव' પદથી કારણ બ્રહ્મજ સત્ય છે અને કાર્ય અસત્ય છે. આવો સત્ય અને અસત્યનો ખુલાસો અથવા વિભાગ આપને ક્યાંથી માલુમ પડયો? અગર એમ કહો કે આ સત્યાસત્ય વિભાગ પ્રત્યક્ષ અને અનુમાનથી સિદ્ધ થાય છે તો અમારે કહેવું જોઈશે કે મહાશય! પ્રત્યક્ષ અને અનુમાનથી તો આ પ્રપંચ સત્યજ માલુમ પડે છે. શું પાંચે જ્ઞાનેન્દ્રિયોથી એનું ગ્રહણ નથી થતું? કદાચ આંધળો પણ આવું સાંભળી બોલી ઉઠશે કે મારા સિવાય બધાંજ પાંચે જ્ઞાનેન્દ્રિયોથી આ પ્રપંચને ગ્રહણ કરે છે. અનુમાન તો પ્રત્યક્ષમૂલક છે.

न च मोक्षशास्त्रेणानृतेन ब्रह्मज्ञानानुत्पत्तिप्रसङ्गो वा शङ्कनीयः । मिथ्याभूतस्याप्यस्य व्यवहारस्य बाधकप्रत्ययाभावेन प्रवृत्तेः सम्भवात् । प्रत्यक्षादीनां प्रमाणानां विधिनिषेधशास्त्राणां चाप्यविद्यावद्विषयत्वेन बाधकप्रत्ययाभावादेव प्रवृत्तिसंभवेनानर्थक्यासंभवात् । मोक्षशास्त्रस्यापि ब्रह्मज्ञानात् प्रागसत्यत्वाप्रतिपत्त्या तस्याप्रतिघातात् । अनृतादपि तस्मात् सत्यज्ञानावाप्तिस्तु यथा स्वप्नात् शुभाशुभसूचनं, लिप्यक्षरेभ्यश्च पारमार्थिकवर्णप्रतिपत्तिस्तथा भविष्यतीति मायामात्रमेवेदं सर्वं । शांकरभाष्यम् २–१–१४ ।

यन्मृत्तिकेत्येव सत्यमित्यवधारणात् कारणमेव सत्यं कार्यमसत्यमिति व्याख्यातं तत्राऽयं सत्यासत्यविभागः कथमवगतः । न तावत्प्रत्यक्षानुमानाभ्याम् । ताभ्यां हीदं सत्यत्वेनैव परिच्छिन्नम् । न च कारणदोषबाधकप्रत्ययौ स्तः पृथिव्यादिज्ञानस्यासंसारं सर्वेषां प्राणिनामनुवृत्तिदर्शनात् । श्रीभास्कराचार्याः २–१–१४ ।

જ્યારે પ્રત્યક્ષથી પ્રપંચ (કાર્ય) સત્યજ ઠરે છે, તો પછી અનુમા નથી પણ સ્વયંસત્ય સિદ્ધ છે. અગર કહો કે પ્રપંચજ્ઞાન કરાવનારી ઈન્દ્રયોમાં પણ કોઈ એવો દોષ આવી પેઠો છે કે જેનાથી સત્યપણાનું જ્ઞાન થઈ શકતું નથી. અથવા 'જગત્ સત્ય છે.' આ જ્ઞાનનું પણ વિરોધી બાધકજ્ઞાન કોઈ વખતે મળી આવે છે. માટે જગત્ સત્ય નથી પણ અસત્ય છે. તો પણ એ વાત સિદ્ધ થવી કઠિણ છે. કારણ કે જ્યાં સુધી ચંદ્ર સૂર્યાદિ બધું જગત્ વિદ્યમાન રહેશે, અને આ સૃષ્ટિ ચાલતી રહેશે ત્યાં સુધી તો પ્રત્યેક જીવને ' પૃથ્વી વિગેરે જગત્ સત્ય છે; ' આવું પ્રત્યક્ષજ્ઞાન થતુંજ રહેશે. અગર સૃષ્ટિંની પછીની તાન ઉરાવતા હોવ તો તે વખતે બાધકજ્ઞાન તથા કારણદોષ બંને ન રહેવાથી ' જગત્ અસત્ય છે ' એ પણ માલુમ પડી શકતું નથી.

'અગર' કહો કે સૃષ્ટિના રહેવા છતાં પણ આ બધું અજ્ઞાન (અવિદ્યા) થીજ જણાય છે. માટેજ કારણદોષ હોવાથી પ્રપંચ (કાર્ય) અસત્ય છે તો પણ ઠીક નથી. કારણ કે આ અવિદ્યાવાળી વાત તો પહેલાં આપનાજ સિદ્ધાંતને નિર્મૂલ કરે છે. કારણ કે જે વેદાંત શ્રવણ કરનાર તથા મનન કરનાર છે તે પણ પ્રથમ અવસ્થામાં તો જરૂર અજ્ઞાનીજ હોય છે, અર્થાત્ અવિદ્યાવાન્જ છે, અને અજ્ઞાનીને થયેલું જ્ઞાન તો આપના મત પ્રમાણે જુઠું છે, તો પછી અન્ય સંસારી અવિદ્યાવાન્ પ્રમાતાનું જ્ઞાન (ભેદદર્શન અથવા કાર્યદર્શન) મિથ્યા છે. આવી રીતે પ્રથમાવસ્થામાં અજ્ઞાની સુમુક્ષુનું પણ બ્રહ્મજ્ઞાન મિથ્યા સમજાઈ શકે છે. અગર અવિદ્યારૂપ કારણદોષનો હેતુ આપી; શુક્તિ રજતજ્ઞાનની માફક ભેદજ્ઞાનને મિથ્યા સિદ્ધ કરી અનુમાનથી જગત્ને મિથ્યા સિદ્ધ કરવા ચાહતા હોવ તો આ અનુમાન બ્રહ્મજ્ઞાનમાં પણ સમાન રીતે થઈ શકે છે. “જેમ કે બ્રહ્મજ્ઞાન મિથ્યા છે, કારણ—અવિદ્યારુપ કારણદોષથી ઉત્પન્ન થવાથી અથવા અવિદ્યાવાન્માં રહેવાથી, અથવા તો જન્યજ્ઞાન હોવાથી, જે જે અવિદ્યાવાન્માં ઉત્પન્ન થાય છે તે તે જ્ઞાન મિથ્યા છે. જેમ પ્રપંચનું જ્ઞાન. આ અનુમાન બ્રહ્મજ્ઞાનમાં પણ સમાન છે. અને ' જો કે મોક્ષ પ્રતિપાદક વેદાંત વાક્યો મિથ્યા છે છતાં પણ તેનાથી સત્ય બ્રહ્મજ્ઞાન થઈ શકે છે. જેમ જુઠાં સ્વપ્નથી પણ સત્ય શુભાશુભ ફલની ઉત્પત્તિ થાય છે.' ઇત્યાદિ કહેવું પણ બીલકુલ અસંગત છે. કારણ કે સ્વપ્નો એવો નિયમ છે કે જોવાયેલુંજ સ્વપ્ન ફલ આપે છે, પરંતુ યદિ સ્વપ્ન ન દેખીએ તો તેનું કંઇપણ ફળ નથી. અને બીજી પણ એક એવી રીતિ છે કે દર્શનથી થયેલું જ્ઞાન સત્ય હોય છે. રજ્જુમાં સર્પનું જ્ઞાન પણં તે વખતે દર્શનથી ઉત્પન્ન થયેલું હોવાથી સત્યજ છે. એ વાત બીજી છે કે કારણદોષ મળવાથી ફરી તે જ્ઞાન નષ્ટ થઈ જાય છે પરંતુ તે વખતે તો દૃષ્ટોત્પન્ન હોવાથી શુક્તિમાં રજતજ્ઞાન તથા રજ્જુમાં સર્પજ્ઞાન સત્યજ છે; નહિં તો તે સમય ભય ગભરાટ પસીનો, વિગેરે દશા હોવી ન જોઈએ.

---

[1] यदत्राविद्या कारणदोषत्वेनोच्यते, तत्तु तव सिद्धान्तमपि बाधते । यो हि श्रोता मन्ता स प्रागवस्थायामविद्यावानेवेति यथा अविद्यावतो प्रमातॄणामुत्पन्नं भेददर्शनं मिथ्या तथा अद्वैतज्ञानमपीत्यापत्तेः । अतोऽसत्यपि बाधकज्ञाने यदविद्याख्यकारणदोषजन्यत्वाच्छुक्तिरजतवदनुमानेन भेदज्ञानस्य मिथ्यात्वं साध्यते तद्ब्रह्मज्ञानेपि तुल्यं. । ब्रह्मज्ञानं मिथ्या अविद्याख्यकारणदोषजन्यत्वात् । अविद्यावन्निष्ठत्वात् । जन्यज्ञानत्वाच्च । प्रपञ्चज्ञानवदित्यनुमानस्य तत्रापि संभवात् । किंचासत्यात् सत्यप्रतिपत्तौ स्वप्नो लिप्यक्षराणि च दृष्टान्तत्वेन यदुक्तानि तदप्ययुक्तम् । अदृष्टस्य स्वप्नस्य शुभाशुभासूचकत्वात् दृष्टस्य तु ज्ञानविषयत्वेन तद्विषयकात् सत्याज्ज्ञानादेव सूचनसिद्धेः सत्यादेव सत्यप्रतिपत्तिर्नासत्यात् ।

પરંતુ એ તો થાય છે, માટે માનવું પડશે કે દૃષ્ટોત્પન્ન (દશ
નથી થયેલું જ્ઞાન) સત્ય છે. માટેજ દૃષ્ટસ્વપ્નના સત્યજ્ઞાનથી સ
શુભાશુભ ફળનું થવું કોઈ પણ પ્રકારે અયુક્ત નથી. હવે અસ
વેદાંતવાકયોથી બ્રહ્મજ્ઞાન થવામાં કોઇપણ પ્રમાણ અથવા એ
દૃષ્ટાંત બાકી રહ્યું નથી.

૪૪. લીપીના અક્ષરોમાં તો એ વાત છે કે વાસ્તવમ
લીપીના અક્ષરો સત્યવસ્તુજ છે, કારણ કે મષીદ્રવ્યજ (શાહી
સંકેતવશ વિશેષવિન્યાસ દ્વારા લીપીના અક્ષરો બની જાય
અને તેજ વિન્યાસવિશેષથી કાગળ ઉપર રાખેલી શાહી સત્
વર્ણોનું જ્ઞાન કરાવે છે. મષીદ્રવ્ય (શાહી) સત્ય છે, અગ
વિવિધ આકારથી સ્થાપિત મષીદ્રવ્યથીજ સત્ય વર્ણોનું જ્ઞા
થયું તો માનવું પડશે કે સત્યથીજ સત્યનું જ્ઞાન થયું, પ
કંઈ અસત્યથી સત્યનું જ્ઞાન થયું નથી. એ માટે સ્વપ્ન અ
લીપીના અક્ષરો એ બંને સત્યથી સત્યના જ્ઞાન થવામાં
દૃષ્ટાંત થઈ શકે છે. હવે અસત્ય વેદાંતવાકયોથી સત્ય બ્રહ્મજ્ઞા
થાય છે એમાં કોઈ દૃષ્ટાંત નથી મળતું.

અગર 'तुष्यतु' ન્યાયથી માની પણ લેવાય કે અવિદ્યાથ
કાર્ય (જગત્) દેખાય છે, વાસ્તવમાં તે મિથ્યા છે. છતાં પણ અહ
એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે એ અવિદ્યા શી વસ્તુ છે? અગ
સત્ અને અસત્ બંનેથી વિલક્ષણ હોવાથી અનિર્વાચ્ય છે. (ક
પણ એક પ્રકારે કહેવા યોગ્ય નહિં') એમ કહો તો પ્રત્ય
વિરોધ આવે છે, કારણ કેઃ—

एवं लिप्यक्षराण्यपि वस्तुभूतानि सत्यानि । विन्यासविशेषावस्थस्य चक्षु
र्गोह्यस्य मषीद्रव्यस्यैव लिप्यक्षरत्वात् । किं च कायेयमविद्या ? तत्त्वातत्व
स्यामनिर्वाच्येति चेन्न । श्रीभास्कराचार्याः १-१-१४ ।

जो मायाके कार्यसों सब व्यवहार चलंत।
ताकों हम नहिं कहि सकत यह सब वचन ठगंत ॥

અગર માની લઇએ કે માયા અનિર્વાચ્ય છે, તો પછી અનિર્વાચ્ય પદાર્થને આચાર્ય શિષ્યોને કેવી રીતે સમજાવે? અને ન સમજવાથી વ્યવહાર ચાલવો અસંભવિત છે. માટે પ્રત્યક્ષ અનુમાનથી તો કાર્યનું અસત્યત્વ ઠરી શકતુંજ નથી. અગર શાબ્દ પ્રમાણથી એ સિદ્ધ કરવા ચાહો તો પણ ઉક્ત રીતિથી તે સિદ્ધ થતું નથી. બીજું પણ માયાવાદીને અમે એ પુછીએ છીએ કે જે શબ્દદ્વારા પ્રપંચને અસત્ય ઠેરવો છો તો તે શબ્દ અથવા ત્હમારાં વચન સત્ય છે કે નહિં? અગર સત્ય કહો તો પ્રપંચાત્મક તે શબ્દો તથા તે તમારાં વચનો સત્ય હોવાથી પ્રપંચ પણ સત્ય ઠરે છે. યદિ અસત્ય કહો તો પછી કોઇ પણ હેતુ અથવા પ્રમાણ ન મળવાથી કાર્યનું અસત્યત્વ પણ વંધ્યાપુત્રની માફક મિથ્યા છે. માટે 'तदनन्यत्वमारंभणशब्दादिभ्यः' આ સૂત્રથી કાર્યનું મિથ્યાત્વ સિદ્ધ થતું નથી, પરંતુ 'तदनन्यत्व' પદ રહેવાથી કાર્ય અને કારણનો અભેદજ સિદ્ધ થાય છે. માયાવાદિ લોક જે કાર્યને અસત્ય માનીને પણ કાર્ય કારણનો અભેદ સિદ્ધ કરવા ચાહતા હોય તો તેઓનો આવા પ્રકારનો અર્થાત્ મિથ્યા સત્યનો અભેદ (ઐકય) કોઇપણ રીતે સિદ્ધ થતો નથી. ત્રિકાલમાં પણ તેજ અને તિમિર (અંધકાર) નો અભેદ થઈ શકતો નથી. માટે બ્રહ્મનુંજ કાર્યરૂપથી જગત્

---

१ यस्याः कार्यमिदं कृत्स्नं व्यवहाराय कल्पते ।
निर्वक्तुं सा न शक्येति वचनं वञ्चनार्थकम् ॥
यदि ह्यनिर्वचनीया कथमाचार्यैः शिष्येभ्यः प्रतिपादयेत् । अप्रतिपन्नया च तय
कथं व्यवहारः सिद्ध्येदिति । श्रीभास्कराचार्याः २-१-१४ ।

અવિકૃતપરિણામ હોવાથી કાર્ય અને કારણ બંને સત્ય છે.
અને બે સત્ય વસ્તુનો અભેદ યુક્તિયુક્ત છે.

૪૫. જે શ્રુતિથી અદ્વૈતાભિમાની માયાવાદી કાર્યને મિથ્યા
ઠરાવવા ચાહે છે તે શ્રુતિ તથા તેનો અર્થ આવો છે.

યથા સૌમ્યૈકેન મૃત્પિંડેન સર્વં મૃણ્મયં વિજ્ઞાતં સ્યાદ્ વાચારંભણં
વિકારો નામધેયં મૃત્તિકેત્યેવ સત્યમ્ ॥ અર્થાત્ હે ભોળાસ્વભાવના
ઋષિ ! જેમ કેવલ મૃત્પિંડનાજ જાણી લેવાથી બધું મૃણ્મય,
અર્થાત્ માટીથી બનેલાં બધાં ઘટાદિકાર્યો જાણી લેવાય
છે, કારણ કે ઘટ, શરાવ, વિગેરે કાર્યની અવસ્થામાં
પણ મૃત્પિંડવિશેષનો અપાય (નાશ) થતો નથી. એજ
આશયને ફરીથી સ્પષ્ટ કરીને કહે છે, ' વાચારંભણં વિકારઃ
ઈત્યાદિ મૃત્તિકાનીજ એક જુદી અવસ્થારૂપ જે ઘટ, શરવાદિ
તે માત્ર વાણીથીજ આરંભાય છે. માટે તે કાર્યાવસ્થાને પામેલું
કારણનુંજ નામ છે. અને મૃત્તિકારૂપ હોવાથી સત્ય પણ છે.

કાર્યાવસ્થામાં મૃત્પિંડનુંજ જે પૃથુબુધ્નોદરાદિ આકારથી
જણાવું અથવા તેનું ઘટાદિરૂપથી સ્વરૂપપરિવર્તન છે તે વાચા
રંભણ માત્ર છે. અર્થાત્ વાણીમાત્રથીજ ઘડો માટીથી જુદો
કહેવાય છે, ખરી રીતે તો તે મૃત્તિકાથી બીલકુલ જુદો નથી. જેમ
કોઈએ હાથ ધોવા માટે માટી માગી, અને નોકર ઘડો ઉઠાવી
લાવ્યો. ત્યારે સ્વામી કહે છે કે " અરે ! આ તો ઘડો છે, માટી

---

१ तथाचायं वाक्यार्थः हे सौम्य ! यथा एकेन केवलेन मृत्पिण्डे
अर्थाद्विज्ञातेन सता सर्वमशेषं मृण्मयं विज्ञातं स्यात् । घटाद्यवस्थायां मृत्पिण्ड
विशेषत्वानपायात् । तदेवोपपादयति । यो विकारः कार्यावस्थायां पृथुबुध्नोदरत्वा
दिदर्शनमूलककारणत्वप्रतिषेधरूपः स्वरूपच्यावः स वाचारम्भणं वाचैवारभ्यते न

ાં છે ? તું માટી જઇ લાવ. " અહીં " આ તો ઘડો છે, માટી
થી. " આ વાણીમાત્રથીજ ભિન્નતા છે. વાસ્તવમાં અહીં ઘડો
ત્તિકાથી ભિન્ન નથી, તે જ ક્ષણે તે (ઘડો) માટી થઈ શકે છે.
ટી અને ઘડાનું ઐક્ય હોવાથી ઘટાવસ્થાને પામેલી મૃત્તિકા-
જ ઘટ એવું નામ છે. એવી એક રીત છે કે કોઈ વસ્તુની બીજી
વસ્થા જોઈ તેનું નામ પણ બદલાઇ જાય છે. જેમ સૂતેલા
રૂષના અંગવિન્યાસ (અવસ્થા) બદલાઇ જવાથીજ ' તે બેઠેલો
' એમ માની શકાય છે. માટેજ તેની તે અવસ્થાનું નામ છે.
ંતુ કંઈ સૂતેલા પુરૂષથી બેઠેલો જૂદો નથી. અને એટલા માટેજ
તે અવસ્થામાં નિયમિત ક્રિયાશક્તિનું અન્ય અવસ્થામાં થવું
શક્ય છે. જેમ સુપ્તાવસ્થાની ક્રિયા ઉત્થિતાવસ્થામાં નથી, અને
ત્થિતાવસ્થાની ક્રિયા સુપ્તાવસ્થામાં નથી હોતી, એવીજ રીતે જ્યારે
ત્પિંડ, ઘટ, શરાવ, (કોડીયાં) કુલડાં વિગેરે બધી માત્ર મૃત્તિ-
નીજ ભિન્ન ભિન્ન અવસ્થા છે, તો એ યુક્તજ છે કે મૃત્પિંડની
યા ઘટાદિથી ન થાય અને ઘટાદિની ક્રિયા મૃત્પિંડથી ન થાય.
કમાં વિશેષ નિયત વિન્યાસ (વિશેષ નિયમિત આકાર)થી
હેલા મૃત્પિંડનાંજ ઘટ, શરાવ, વિગેરે નામો છે. કારણ કે મૃત્પિં-
માં સમગ્ર આકૃતિઓનો સમાવેશ છે. રૂપ અને નામ સ્પષ્ટ થતી
ખતે જલાહરણ, પાન, ભોજનાદિ અનેક વ્યવહારો માટે તેજ
ત્પિંડ જે જે આકૃતિમાં આવતો ગયો તે વખતે તેનો તે તે
ટાદિ નામોથી વ્યવહાર થતો ગયો. માટેજ ઘટાદિ કાર્યો મૃત્પિં-
ી જુદાં નથી, પણ એકજ છે, અર્થાત્ મૃદ્રૂપ છે. અને મૃદ્રૂપ
વાથીજ સત્ય પણ છે. ' सत्यं ' આ પદ પણ પૂર્વાર્ધમાં કહેલા

वस्तुतः तद्यथा शुद्धिकामेन मृदमानयेत्युक्ते नियोज्येन घटादावानीते घटोयं
मृत्तिकेति प्रतिषिध्यते । स प्रतिषेधो वाङ्मात्रारब्धो न वास्तवः ।

મૃણ્મય શબ્દનું વિશેષણ છે, મૃત્તિકા શબ્દનું નહિં. અગર
મૃત્તિકા શબ્દનું વિશેષણ હોત, તો મૃત્તિકાની સાથેજ કહ્યું જા
અને સ્ત્રીલિંગ વ્યપદેશી પણ હોવું જોઇતું હતું. અર્થાત્ 'મૃત્તિ
कैव सत्या ' એવું કહેત. પરંતુ એવું ન કહેતાં જે ' सत्यं '
કહ્યું છે એથી જણાઇ આવે છે કે એ ' मृण्मय ' શબ્દનુંજ વિશે
છે. અહીં 'इति' શબ્દ પણ હેતુમાં અથવા પ્રકાર રૂપ અર્થમાં સ
જવો. તો હવે એવો અર્થ થયો કે ઘટાદિ સર્વ કાર્ય મૃત્તિકા
છે અથવા મૃદભિન્ન છે. આ હેતુથી સત્યજ છે, મિથ્યા ન
અગર કાર્ય મિથ્યા હોય અને કારણ સત્ય હોય, તો એક વિજ્ઞાન
સર્વ વિજ્ઞાનની પ્રતિજ્ઞા વિરૂદ્ધ પડે છે. કારણ કે સત્યના જ્ઞાન
મિથ્યાનું જ્ઞાન થઇ શકતું નથી. શું રજ્જુના જ્ઞાનથી સર્પ, મા
વિગેરેનું જ્ઞાન થઇ જાય છે ? કદાપિ નહિં. પ્રત્યુત (ઉલટું) રજ
જ્ઞાન હોવાથી તો સર્પજ્ઞાન નાશ પામે છે. તો વિવર્તવાદમાં
વિજ્ઞાનથી સર્વના અવિજ્ઞાનની પ્રતિજ્ઞા એક નવીન માનવી પડ
માટે કાર્ય તથા કારણ બંને સત્ય હોવાથી ઉભયનું ઐક્ય છે.
કાર્ય વાણીમાત્રથી આરબ્ધ છે, વસ્તુતઃ મિથ્યા છે, તો પ
ખપુષ્પ (આકાશ પુષ્પ)ની માફક કાર્યનો અભાવજ આવી પડ
અને એમ હોવાથી બ્રહ્મ કોનું કારણ થઇ શકશે ? અગર બ્રહ્
કારણજ ન માનો તો પણ મુક્તિ (છુટકારો) નથી. કારણ કે

तस्मात्तेन तेन नियतविन्यासविशेषेण स्थितस्य मृत्पिण्डस्यैव घटशराव
नामधेयमित्यर्थः । अत्र सत्यमिति न मृत्तिकाया विशेषणमितिशब्देन व्यवधा
क्लीबनिर्देशाच्च । किन्तु सर्वं मृण्मयमिति पूर्वोक्तस्यैव विशेषणं–अन्यथा मृत्ति
सत्येत्येव वदेत् । इतिशब्दोऽत्र हेतौ प्रकारे वा–तथा च सर्वं मृत्ति
मृदभिन्नमिति हेतोरेव सत्यं न तु मिथ्येत्यादि । मारुतशक्तौ वेदान्तभट्टाचार्य

' तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः ' ' सर्वं खल्विदं
ब्रह्म, तज्जलान् ' ' यतो वा इमानि भूतानि जायन्ते ' ' स आत्मानं
स्वयमकुरुत ' ' पितामहस्य जगतः '

ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિઓનો વિરોધ તુટી પડશે, માટે
ર્યકારણનું ઐક્યજ શ્રુતિસંમત છે. અગર राहोः शिरः દૃષ્ટાંત
આપી એમ કહેવા ચાહો કે જેમ राहोः शिरः (રાહુનું માથું)
અહીં મસ્તક એ નામ માત્રનુંજ છે, વાસ્તવમાં રાહુજ સત્ય છે,
એવી રીતે પ્રપંચ નામ માત્ર છે બ્રહ્મજ સત્ય છે; તો પણ નિસ્તાર
થી. કારણ કે राहोः शिरः અહીં પણ અભેદજ ઇષ્ટ છે. રાહુથી
શિર ભિન્ન નથી, અને શિરથી રાહુ ભિન્ન નથી. કદાચ આકાશ
કુસુમની માફક મિથ્યા માનો તો રાહુનો કદાપિ ઉપાલંભજ
થવો જોઇએ. શુકાચાર્ય વામદેવાદિ બ્રહ્મવેત્તાઓને પણ
પ્રપંચપ્રતીતિ થતીજ હતી. 'तद्धैतत् पश्यन् ऋषि र्वामदेवः
प्रतिपेदेऽहं मनुरभवं सूर्यश्चेति ' યદિ પ્રપંચ મિથ્યા હોત તો ' હું
સૂર્ય થયો તથા મનુ પણ થયો આવું જ્ઞાન શી રીતે થાત?
માટે वाचारंभणं વિગેરે શ્રુતિ અને तदनन्यत्वमारंभणशब्दादिभ्यः
ઇત્યાદિ સૂત્રો તથા ' वासुदेवः सर्वमिति ' વિગેરે બધી સ્મૃતિઓ
કાર્યકારણનું ઐક્ય દેખાડી અવિકૃતપરિણામનુંજ નિરૂપણ
કરી રહી છે.

૪૬. આવી રીતે 'तदनन्यत्वमारंभणशब्दादिभ्यः 'આ સૂત્રથી
પણ કારણ અને કાર્યનું ઐક્ય કહી સ્પષ્ટ अविकृतपरिणामवाद
સિદ્ધ કરે છે; કારણ કે કારણ અને કાર્યનું ઐક્ય અર્થાત્ આદિ
મધ્ય, અને અવસાન (અંત)માં કારણની સાથે કાર્યનું મળી
રહેવું, તથા કારણનીજ તે તે વ્યવહાર ચલાવવા માટે ભિન્ન
ભિન્ન અવસ્થા અને નામ ધારણ કરવું, આ બધું अविकृतपरि-

ણામવાદ સ્વીકારવાથીજ સિદ્ધ થાય છે. કાર્યરૂપ પરિણામને ધારણ કરવા છતાં પણ જે કારણનું અવિકૃત રહેવું એજ શુદ્ધા-દ્વૈતનું પરમ રહસ્ય છે.

ઉર્ણનાભિ (કરોળીઓ), મૃત્તિકા, સુવર્ણ, અહિકુંડલ, ચોગી, દેવ, પટ, કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ, મંત્ર, વિગેરે બધાં ' अविकृतपरिणाम ' નાંજ દૃષ્ટાંતો છે. ઉર્ણનાભિ પોતાની ઇચ્છાથી તંતુ નિકાલે છે અને તેનો વિસ્તાર કરે છે. કાલાંતરમાં ફરી તેને પોતાના મુખમાં ગળી જાય છે, પરંતુ ઉર્ણનાભિમાં તો કોઇ પણ પ્રકારનો વિકાર થતો નથી. મૃત્તિકા ઘટરૂપ કાર્યનું કારણ છે તે આદિમાં તેવીજ હતી, અને ઘટ અવસ્થામાં પણ તેવીજ રહે છે, તથા અંતે પણ તેવીજ રહેશે. સુવર્ણ, કારણ અવસ્થામાં પણ સુવર્ણ છે. કુંડલાદિ કાર્યાવસ્થામાં સુવર્ણ છે તથા કાર્ય બગડી જતાં પણ સુવર્ણજ રહેશે. એવીજ રીતે બ્રહ્મ પણ આદિ, મધ્ય, અને અવસાનમાં સચ્ચિદાનંદ સ્વરૂપજ રહે છે તેમાં કોઇ પણ પ્રકારનો વિકાર નથી આવતો, કલ્પવૃક્ષ ચિંતામણિ, કામધેનુ, ચોગી, મંત્ર, વિગેરે જેવી રીતે પોતાના સામર્થ્યથી અનેક વસ્તુઓ પેદા કરે છે, પરંતુ તેઓમાં કોઇ પણ જાતનો વિકાર થતો નથી એવીજ રીતે બ્રહ્મ પણ વિવિધ બ્રહ્માંડોને સરજે છે તથાપિ તેમાં કોઇ પણ પ્રકારનો વિકાર નથી આવતો. 'तदात्मानंस्वयमकुरुत' તે પરમાત્માએ પોતે પોતાના સ્વરૂપને અનેક પ્રકારે બનાવ્યું ઇત્યાદિ શ્રુતિએ અવિકૃતપરિણામનોજ સ્વીકાર કરે છે.

સૂત્રકાર શ્રીવેદવ્યાસજીએ પણ પ્રથમ ' जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात ' 'तत्तुसमन्वयात्' આ બે સૂત્રોદ્વારા સદ્રૂપ બ્રહ્મ

ણ કહ્યું છે. ત્યાર પછી ईक्षतेर्नाशब्दम् ઇત્યાદિ સાત સૂત્રોથી દ્રૂપ બ્રહ્મને કારણત્વેન સ્વીકાર્યું છે અને आनंदमयोऽभ्यासात् ગેરે આઠ સૂત્રોથી આનંદસ્વરૂપ બ્રહ્મ પણ જગતનું કારણ છે, સ્પષ્ટ રીતે પ્રતિપાદન કર્યું છે. અહીં ' સબલ બ્રહ્મ જગતનું ણ છે, શુદ્ધ બ્રહ્મ નહિં' એ પણ કહી શકતા નથી; કારણ કે વેદ-સજીએ ' अथातो ब्रह्मजिज्ञासा ' આ સૂત્રથી શુદ્ધ બ્રહ્મનોજ ચાર ચલાવ્યો છે.

અગર અહીં શબલબ્રહ્મનું લક્ષણ કરવા લાગે તો વ્યાસજીને તિજ્ઞાહાનિ'નામનો દોષ લાગે છે. માટે માનવું પડશે કે 'સચ્ચિદા-દ શુદ્ધબ્રહ્મજ જગતનું કારણ છે.' અથવા જગત્ સચ્ચિદાનંદ બ્રહ્મનુંજ અવિકૃતપરિણામ છે.શ્રીમદ્ભગવદ્ગીતામાંપણ કહ્યુંછેકે

' अहं सर्वस्य जगतः प्रभवः प्रलयस्तथा ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥
' ब्रह्मार्पणं ब्रह्महवि र्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गंतव्यं ब्रह्मकर्मसमाधिना ॥

અર્થાત્ હું (શ્રીકૃષ્ણ) આ સમગ્ર જગત્ની ઉત્પત્તિ તથા સ્થાન છું. ' આ સમગ્ર જગત્ વાસુદેવસ્વરૂપ છે. ' આવું તે જ્ઞાન થયું છે એવો મહાત્મા થવો દુર્લભ છે. જે બ્રહ્મા-ક જીવ, બ્રહ્મરૂપ હવિનો, બ્રહ્મરૂપ અગ્નિમાં, બ્રહ્માર્પણ ી હવન કરે છે, તે જીવને તે કર્મરૂપ બ્રહ્મમાં મન લગાવવાથી પ્રાપ્તિ અર્થાત્ યજ્ઞનારાયણની પ્રાપ્તિ થાય છે.' વિગેરે કયોદ્વારા સમગ્ર જગત્ને બ્રહ્મરૂપ કહી સ્પષ્ટજ અવિકૃતપરિ-ામનું નિરૂપણ કર્યું છે.

૪૭. શ્રીમાન્ મહર્ષિ ગૌતમના સમયમાં પણ આ अविकृतपरिणामवाद ' પ્રચલિત હતો, કારણ કે તેના સૂત્રની

તાત્પર્યટીકામાં લખ્યું છે કે ' मामूदयं प्रपंचः शून्यतोपादानो तु ब्रह्मोपादानो भविष्यति ब्रह्मैव प्रपंचरूपेण परिणमते मृत्ति घटशरावोदंचनादिभावेन, नचैवं नित्यताव्याघातः परिणामेऽपि तत्त्वानपायात् तल्लक्षणत्वाच्च नित्यताया यदाह यस्मिंस्तत्त्वं विहन्यते तदपि नित्यमित्येकं दर्शनम् ।

અર્થાત્—ભલે શૂન્ય જગત્ ન બનો પરંતુ બ્રહ્મથી બ છે એ માનીશું. બ્રહ્મજ નામરૂપવાળું જગદ્રૂપે અવિકૃતપરિણ મને પ્રાપ્ત થાય છે. અહીં બ્રહ્મની નિત્યતા નહિં રહેશે એ શંકા પણ ન કરવી જોઈએ. કારણ કે જેમાં તેનું તત્વ (સ્વરૂપ ન બગડે તેનેજ નિત્ય કહે છે. તથા શ્રીશંકરાચાર્યના સમય પણ આ વાદ પ્રચલિત હતો માટેજ તેઓએ એના ઉપર પ્ર કર્યો છે કે ' ननु मृदादिदृष्टांतप्रणयनात् परिणामवत् शास्त्रस्य ब्र अभिमतम् ' અર્થાત્ શું મૃત્તિકાનું દૃષ્ટાંત આપવાથી બ્રહ્મ અવિકૃતપરિણામને પ્રાપ્ત થાય છે એ વાત વેદને સંમત છે આ પ્રમાણે શંકા કરી પછી તેનું યથાવત્ (બરોબર) ખંડન ન થ શક્યું એટલે પર્યંતે કહેવું પડ્યું છે કે ' तदेवमविद्यात्मकोपाधि परिच्छेदापेक्ष्यमेवेश्वरस्येश्वरत्वं सर्वज्ञत्वं सर्वशक्तित्वं चेति ' અર્થા હવે આવી રીતે ઇશ્વરનું ઇશ્વરપણું, સર્વજ્ઞત્વ તથા સર્વશક્તિ બધું અવિદ્યાત્મક ઉપાધિ અપેક્ષાકૃત છે ' વિગેરે વિગેરે. અર્થા ન તો ઈશ્વરમાં કંઇ ઐશ્વર્ય છે, નથી સામર્થ્ય, નથી શક્તિ કે તો તે સર્વજ્ઞ છે. વિગેરે વાતો માયાવાદી નિઃસંકોચ કહી ના છે. વિવર્તવાદીઓને કારણત્વને પ્રતિપાદન કરવાવાળી શ્રુતિઓ અર્થ કરવામાં ' अविद्योपाधिपरिच्छेद ' આ નિર્મૂલ શબ્દ પોતાન ઘરમાંથી લગાવવો પડે છે. પક્ષપાતરહિત વિવેકી પુરૂષોએ પો સમજી લેવું કે ' શ્રુતિસ્મૃતિઓમાં પોતાના ઘરનો શબ્દ લગાવ

તમાં આવે તેમ તેઓનો અર્થ કરવો પડે અને ઇશ્વર પણ લે બકરીના ગળામાં રહેલા સ્તનની માફક નિરર્થક થઈ જાય રંતુ હઠાત્ માયાવાદજ માનવો એ બૌદ્ધકાર્ય નહિં તો બીજું ? વાસ્તવમાં તો અતિપ્રાચીન અને શ્રુતિ, સ્મૃતિ તથા યુક્તિ- થી પ્રતિપાદિત એવો વાદ જો હોય તો તે એકમાત્ર ' અવિકૃત- રિણામવાદજ છે, इत्यलम् ।

જીવસ્વરુપ.

૪૮. જેને અક્ષર, અવ્યય, કે વિષ્ણુ કહે છે તે સર્વત્ર કરસ છે, અવ્યક્ત છે, જ્ઞાનઘન છે, ત્રિકાલાબાધ્ય છે, તથા ચ્ચિદાનંદસ્વરૂપ છે. કહ્યું પણ છે કે—

अन्तर्बहिश्च सर्वत्र व्याप्य नारायणः स्थितः
' सर्वं खल्विदं ब्रह्म '
' सत्यं ज्ञानमनंतं ब्रह्म '
' सत्यं विज्ञानमानन्दं ब्रह्म '
सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥

અર્થાત્—સર્વ તરફથી હસ્ત, ચરણ, નેત્ર, મુખ, કર્ણવાળું બ્રહ્મ આ લોકમાં બધે વ્યાપક થઇ વિરાજી રહ્યું છે. તે પરમ- રણ, વ્યાપક ભગવાનને પણ ' હું એક' પણ અનેક પ્રકારે હુ થાઉં. ' આવી માત્ર ક્રીડાને માટે ભાવના થઇ, આ ભાવના તાનીજ વારમાં તે બ્રહ્મ તેટલાં વ્યુચરણ પ્રદેશમાં તિરોભૂત જેવું ઇ જાય છે. યદ્યપિ તે અવિભક્ત છે છતાં પણ સ્વતંત્રેચ્છ, અપ્રતર્ક્યશક્તિ (જેની શક્તિનો તક સુધાં ન કરાય), તથા

---

[1] ' एकोहं बहुस्यां प्रजायेय ' श्रुतिः ।

વિરૂદ્ધધર્માશ્રય હોવાથી તે બ્રહ્મમાં અનેક વિભાગ થઇ જાય છે. અર્થાત્ જેવી રીતે અગ્નિના સમૂહમાંથી તેના અંશભૂત અનેક તણુખલાઓ નીકળી પડે છે, તેમજ ભગવદ્દીક્ષાની બાદ તરતજ તે તેજોરૂપ સચ્ચિદાનંદ બ્રહ્મથી અનેક ભાવ (સત્, ચિત્, અને આનંદાત્મક પદાર્થ) અર્થાત્ જડ, જીવ, અને અંતર્યામી ઉત્પન્ન થાય છે. જેમકે ઉપનિષદોમાં કહ્યું છે:—‘ तदेतत्सत्यं यथां सुदीप्ता-त्पावकाद्विस्फुलिंगाः सहस्रशः प्रभवन्ते सरूपाः । तथाक्षराद्विविधाः सौम्य भावाः प्रजायन्ते तत्र चैवापियन्ति ’

‘ यथा सुदीप्तात्पावकात्क्षुद्रा विस्फुलिंगाः व्युच्चरन्त्येवं तस्मा-दात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे जीवाः सर्वे एतआत्मानो व्युच्चरन्ति रमणीयचरणाः कुपूयचरणा इति ’

અર્થાત્ આ વાત સત્ય છે કે જેવી રીતે પ્રદીપ્ત અગ્નિથી નાના નાના સમાન રૂપવાળાં અનેક તણુખલાઓ નીકળે છે એવી રીતે અક્ષર અવ્યક્ત ધામસ્વરૂપ બ્રહ્મથી, હે સૌમ્ય અનેક પ્રકારના પદાર્થો અર્થાત્ સર્વ પ્રાણાદિ, મહાભૂત, સમગ્ર બ્રહ્માંડ, સર્વ જીવો, અને સર્વ અંતર્યામીઓ નિકળે છે. જીવ સૃષ્ટિમાં કેટલાક તો સદ્વાસનાવાળા હોય છે, જ્યારે કેટલા અસદ્વાસનાવાળા જીવો પણ હોય છે.

પાદોઽસ્ય વિશ્વા મૂતાનિ ’ આ શ્રુતિની અનુસાર બ્રહ્મનાં સ ચિત્, અને આનંદાંશથી કરોડો બ્રહ્માંડો તથા જીવ વિગેરે બન્યાં સદંશથી જડસૃષ્ટિ, ચિદંશથી જીવસૃષ્ટિ, અને આનંદાંશથી અં ર્યામી સૃષ્ટિ થાય છે. અર્થાત્ યદ્યપિ જડ અને જીવ પણ સચ્ચિદાન ભગવાન્નીજ સૃષ્ટિ છે, છતાં પણ તે ભગવાન બહુ થવાની પોતા ઇચ્છાથી સત્ય પદાર્થોમાં (જડમાં) ચિત્ તથા આનંદાંશનો તિરોભ

ી દેય છે; અને ચિત્પદાર્થોમાં (જીવોમાં) આનંદાંશનો તિરોભાવ કરે છે. માત્ર સત્પદાર્થોમાં સદંશનો, અને ચિત્પદાર્થોમાં ચિદંશનો વિશેષ આવિર્ભાવ રહે છે, માટેજ તે બેને ક્રમશઃ જડ તથા જીવ કહે છે. ભગવાનના કરચરણાદિ સમગ્ર અવયવો આનંદમય છે. માટેજ તે કોઇ કોઇ ઠેકાણે નિરાકાર શબ્દથી પણ વર્ણવાય છે. જેમાં પ્રાકૃત આકારના અવયવાદિ ન હોય તેને નિરાકાર કહે છે. ભગવાનનો આનંદમય આકાર પ્રાકૃત નથી, માટેજ તે નિરાકાર કહેવાય છે. જીવ અને જડમાં આનંદાંશનો તિરોભાવ છે, માટે તેઓનો બ્રહ્મના જેવો આકાર નથી. ભગવાનમાં સમગ્ર ઐશ્વર્ય, વીર્ય, યશ, લક્ષ્મી જ્ઞાન, અને વૈરાગ્ય આ છ મુખ્ય ગુણો હમેશાં રહે છે. યદ્યપિ જીવ બ્રહ્મનો અંશ છે તથાપિ ભગવાનની બહુ પ્રકારે થવાની ભાવ-નાથી તે બ્રહ્માંશ જીવમાં આનંદાંશની સાથે સાથે પૂર્વોક્ત ઐશ્વર્યાદિ છ ગુણો પણ તિરોભાવને પામે છે. ઐશ્વર્યના તિરોભાવથી હીનપણું તથા પરાધીનપણું, વીર્ય તિરોભાવથી સર્વ દુઃખોનું સહેવાપણું; યશના તિરોભાવથી સર્વહીનત્વ, લક્ષ્મીના તિરો-ભાવથી જન્મમરણાદિ બધી વિપત્તિઓ, જ્ઞાનના તિરોભાવથી દેહાદિમાં અહંભાવ, અને વૈરાગ્યના તિરોભાવથી વિષયાસક્તિ થાય છે. પ્રથમ, ઐશ્વર્ય, યશ, વીર્ય, અને શ્રી આ ચારના તિરોધાનથી જીવને બંધન થાય છે, અને જ્ઞાન તથા વૈરાગ્યના તિરોભાવથી દુઃખાદિ થાય છે.

૪૯. અહીં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે બ્રહ્મ જ્યારે વ્યાપક છે તો તેનાથી પદાર્થોનું વ્યુચ્ચરણ (નિકળવું) શી રીતે સંભવે ? તો એનો ઉત્તર એટલોજ છે કે બ્રહ્માત્મક પ્રદેશમાં બ્રહ્માત્મક પદાર્થોનું બ્રહ્મથી નિકળવું યુક્તજ છે. વ્યુચ્ચરણ શ્રુતિ બ્રહ્મથી પદાર્થોનું નિકળવું કહી રહી છે. ‘ सर्वं खल्विदं ब्रह्म नेह

નાનાસ્તિ किंचन વિગેરે શ્રુતિઓ બ્રહ્મની સિવાય અન્યની સત્તાને નિષેધ કરી રહી છે. તો પછી અર્થાપત્તિથી આપને માનવું પડશે કે આધાર, આધેય, પ્રકાર, કાલ, નિષ્ક્રમણ વિગેરે બધું બ્રહ્મ છે. માટે પૂર્વોકત ઉત્તર ઠીકજ છે. શ્રીમદ્ભાગવતમાં પણ સ પ્રકાર ઇત્યાદિને બ્રહ્મજ કહ્યું છે.

यत्र येन यतो यस्य यस्मै यद्यद्यथा यदा ।
स्यादिदं भगवान् साक्षात्प्रधानपुरुषेश्वरः ॥

અર્થાત્ જે અધિકરણમાં (આધારમાં), જેના દ્વારા, હેતુથી, જે પ્રયોજન વાસ્તે, જે જે પ્રકારથી, જે જે વખતે, જે કંઈ આ ભૂત, ભવિષ્ય, તથા વર્તમાન પદાર્થ જાત છે અર્થા નિકળે છે, તે બધાં પ્રધાન (પ્રકૃતિ) અને પુરૂષ (જીવાત્મા અંનેનો સ્વામી પરમાત્માજ છે એમ જાણો. માટે આવા પ્રકાર વ્યુચ્ચરણ યુક્તજ છે. અલૌકિક આનંદના તિરોભાવ તથા પ ચ્છેદની પછી તથા અવિદ્યાસંબંધ થવાની પહેલાં આ આત્મા શુદ્ધ જીવ એવો વ્યપદેશ રહે છે, ત્યાર પછી તે છ[1]ભગવદ્ગુણો તિરોભાવ થઇ જવાથી આ જીવને બંધ તથા વિપર્યય (વિપરી જ્ઞાન) થાય છે. આજે આશયને સ્પષ્ટ રીતે ' पराभिध्याना तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ ' આ બ્રહ્મસૂત્રના ભાષ્યમાં વૈશ્વ નરાવતાર શ્રીમદ્વલ્લભાચાર્યચરણ પ્રબોધે છે. આ સૂત્રમાં પહે

---

[1] किंचिदाशङ्कय परिहरति–ननु जीवाय भगवान् सृष्टिं करोति प्र र्शयति च स्वस्य सर्वलीलाम्। अंशश्चायं कथमस्य दुःखित्वमित्याशंक्य परिह तु शब्दः । अस्य जीवस्यैश्वर्यादि तिरोहितं ' तत्र हेतुः पराभिध्यानात् ' पर भगवतोऽभिध्यानं स्वस्यैतस्य च सर्वतो भोगेच्छा तस्मात् । ईश्वरेच्छया भग द्धर्मतिरोभावः । ऐश्वर्यादितिरोभावादीनत्वम् इत्यादि । श्रीमद्वल्लभाचार्यचरण कणुभा. ૩–૨–૫

આવો પૂર્વપક્ષ કર્યો છે, કે એ ઠીકજ છે જે જીવને માટેજ ભગવાને આ સૃષ્ટિ કરી છે, અને તેને પોતાની લીલાનું પ્રદર્શન કરાવે છે, પરંતુ જીવ તો ભગવાન્નો અંશ છે તો પછી એને દુઃખાદિ થાય જ ક્યાંથી? તો એનો ઉત્તર એ છે કે ભગવાન્ના અભિધ્યાનથી અર્થાત્ જીવની અને આપની રમણેચ્છાથી જીવમાં ઐશ્વર્યાદિ તિરોભૂત થાય છે, અને તેટલા વાસ્તે જીવને બંધ તથા વિપરીતજ્ઞાન થાય છે.

૫૦. કહેવાની મતલબ એજ છે કે ભગવાન્ની રમણેચ્છા પણ ઉચ્ચ નીચભાવ થયા વગર સિદ્ધ થતી નથી. અને તે ઉચ્ચ–નીચભાવ પણ ભગવત્સ્વરૂપનોજ થયો, આ અન્યથાનુપપત્તિથી માનવું પડશે. કારણ કે ' सदेव सौम्येदमग्र आसीत् ' ' एकमेवाद्वितीयं ब्रह्म ' વિગેરે શ્રુતિઓમાં એવું કહ્યું છે કે સૃષ્ટિની પૂર્વમાં એક અદ્વિતીય બ્રહ્મની સિવાય બીજું કોઇપણ હતું નહિં. અહીં શ્રુતિમાં ' अग्रे आसीत् ' આ બે પદોથી એ પણ કહી શકતા નથી કે ' સૃષ્ટિની પૂર્વમાં કાલ તો હશે ? ' કારણ કે અગર પૂર્વમાં કાલસત્તા માની જાય તો ' એકજ અદ્વિતીય ' આ સજાતીય, વિજાતીય, તથા સ્વગતદ્વૈતનિવારક ત્રણે પદો વ્યર્થ જશે. આમ્રવૃક્ષની નિંબવૃક્ષની સાથે જે ભિન્નતા તે સજાતીય દ્વૈત કહેવાય છે. વૃક્ષ અને શીલાનો જે પરસ્પરમાં ભેદ છે તે વિજાતીય દ્વૈત કહેવાય છે, અને પુષ્પથી ફલનો અથવા એક શાખાથી બીજી શાખાનો જે ભેદ તે સ્વગત દ્વૈત કહેવાય છે. શ્રુતિના ' एकं एव अद्वितीयम् ' આ ત્રણે પદો સૃષ્ટિની પહેલાં સજાતીય, વિજાતીય, અને સ્વગત દ્વૈત (ભેદ)નો નિષેધ કરી રહ્યાં છે. માટે સૃષ્ટિની પહેલાં કાલાદિક કોઇપણ પદાર્થ નહિં હતા. પરંતુ એક બ્રહ્મજ હતું. ' अग्रे ' આ સમયસૂચક શબ્દ તો કેવલ સૃષ્ટિકાલીન શિષ્યને પુરાવૃત્ત સમજાવવા ખાતરજ છે.

૫૧. ‘ एकाकी न रमते स द्वितीयमैच्छत् ’ ‘ सदेव सोम्यदग्र आसीत् ’ ‘ एकमेवाऽद्वितीयं ब्रह्म ’ ‘ तदैक्षत बहुस्यां प्रजायेय ’ ઇત્યાદિ શ્રુતિઓથી એ માલમ પડે છે કે ‘ એક બ્રહ્મજ સ્વેચ્છાથી નાના પ્રકારે જગદ્રૂપે થયું.’ અહીં નાના થવામાં ઈચ્છાજ કારણ છે. ‘ बहुस्यां प्रजायेय ’ આ બે પદોથી એ જ્ઞાત થાય છે કે બ્રહ્મ, પ્રથમ સ્વરૂપથી અનેક પ્રકારે થયું અને ત્યારપછી જનનગત ઉચ્ચનીચ-ભાવથી અનેક પ્રકારનું થયું. તે બ્રહ્મને અનેક પ્રકારે થવાનીજ આ પ્રક્રિયા છે. જ્યારે સર્વભવનસમર્થ એક બ્રહ્મ બહુભવનની ઈચ્છા કરે છે ત્યારે ઇચ્છારૂપ પણ પોતેજ થાય છે. અર્થાત્ ધર્મીરૂપ તે બ્રહ્મ ઈચ્છારુપ નિજધર્મથી પરિણામને પામે છે.

૫૨. અહીં એવો પ્રશ્ન થઈ આવે છે કે ધર્મરૂપ પરિણામ થવામાં જ્યારે કંઈ કારણ નથી તો સર્વદા ધર્મરૂપ પરિણામ થતોજ રહેવો જોઇએ, કદાપિ વિરામ ન થવો જોઇએ. તો એનો ઉત્તર એ છે કે સદા ધર્મરૂપે પરિણામ કરી રાખવા માટે કારણભૂત કાલ તે વખતે નથી. અને જ્યારે કાલ પેદા થયો તો તે કાલજ સદા ધર્મરૂપ પરિણામ થવામાં પ્રતિબંધક (અટકાવનારો) પણ થઈ જાય છે. અર્થાત્ બ્રહ્મ જ્યાં સુધી ધર્મરૂપે થવાની ઈચ્છા કરે છે ત્યાં સુધી તે પ્રમાણે થતું રહે છે; અને પછી તેવી ઇચ્છા બંધ પડવાથી ધર્મરુપ ભવનનો વિરામ પણ થઈ શકે છે.

૫૩. ‘ ऐक्षत ’ આ ઈચ્છાનું કાલ વિશેષણ છે, માટે તે ઇચ્છાની સાથેજ પેદા થયો છે. અને તેની સાથેજ તિરોભૂત પણ થાય છે. અગર ‘ निमेषा जज्ञिरे विद्युतः पुरुषादधि ’ આ કાલાવિર્ભાવને બોધન કરવાવાળી શ્રુતિની અનુસાર એવી શંકા થાય કે કાલનો સંભવ (ઉત્પત્તિ) પછી થયો છે. તો તે પણ ઠીક નથી. કારણ કે આ શ્રુતિમાં કાલના જે અવયવો છે તેનોજ માત્ર સંભવ પશ્ચાત્ (પછી) કહ્યો છે, પરંતુ નિમેષાદિ વ્યવહારરહિત સમષ્ટિરૂપ કાલ તો ભગવાનની ચેષ્ટા છે. શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે કે ‘હે ભગવાન્! આ જે કાલ છે તે આપની ચેષ્ટા છે, અને એનાથી સમગ્ર વિશ્વ ચેષ્ટાને પામે છે.’ માટે નિમેષાદિવિભાગ-રહિત કાલ અન્ય કાર્યની પૂર્વમાં રહે છે. આવી રીતે ઇચ્છારૂપ ભગવાન તે ભિન્ન થયેલી ઇચ્છાદ્વારા પોતાનાં સત્, ચિત્ તથા આનંદધર્મીને પણ ધર્મભાવે જુદાં કરી દેય છે. ધર્મરૂપે ભિન્ન થયેલા તે ત્રણે ધર્મો નિજાશ્રયને (પોતાના આશ્રયને) ધર્મીરૂપે અલગ કરે છે. અર્થાત્ ધર્મરૂપે ભિન્ન થયેલા તે સત, ચિત્ અને આનંદધર્મી પોતાના આશ્રયને ધર્મીરૂપે ‘ अक्षरब्रह्म ’ કહેવડાવે છે. એજ અક્ષરબ્રહ્મ, અવ્યક્ત, ધામ, પદ, અને બૃહત્ નામોથી વ્યવહરાય છે. અને તે જ અક્ષરબ્રહ્મ અનેક કર, ચરણ, મસ્તક, મુખ, નેત્ર, કર્ણાદિમાન્ પુરૂષ એ નામથી વિખ્યાત છે.

એજ પુરૂષ ‘ सहस्रशीर्षा पुरुषः ’ વિગેરે શ્રુતિ તથા ‘सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ’ ઇત્યાદિ સ્મૃતિઓદ્વારા વર્ણિત છે (વર્ણન કરાયો છે). અને એજ પુરૂષ (અક્ષર) જગદ્રૂપતાને

---

[1] कालश्च श्रुताविच्छादिविशेषणत्वेनोक्त इतीच्छादिभिः सहैवाविर्भवति सहैव तिरोभवति । नाऽपि ‘ सर्वे निमेषा जज्ञिरे विद्युतः पुरुषादधीति ’ श्रुत्या तस्य पाश्चात्यत्वं शंक्यम् । कालावयवानामेव तत्रोक्तत्वात् । तैर्विशिष्टस्तु कालो भगवच्चेष्टारूपो ‘ योऽयं कालस्तस्य तेऽव्यक्तबन्धोश्चेष्टामाहुश्चेष्टते येन विश्वम् । निमेषादिर्वत्सरान्तो महीयान् ’ इति वाक्यात् । एवमिच्छारूपः सन् भेदरूपया तया सच्चिदानंदानपि धर्मत्वेन भिनत्ति ते च धर्मरूपेण स्वयं भिद्यमानाः स्वाश्रयमपि धर्मित्वेन भिंदंति । तदा स भगवान् सर्वतःपाणिपादान्तो भवति साकारत्वं ज्ञापयते । भाष्यप्रकाशे श्रीपुरुषोत्तमाचार्याः ।

પામે છે. તો હવે પુરૂષોત્તમ ભગવાનનાજ ' धर्मिरूप '' धर्मरूप, અને ' कार्यरूप 'આ ત્રણે રૂપો થયાં. એ ત્રણેનો ધર્મધર્મીભાવથી અને કાર્યકારણભાવથી અભેદજ છે. આ ત્રણે સ્વરુપ પૂર્ણશબ્દથી વ્યવહરાય છે, યદ્યપિ એ ત્રણે રૂપ એક છે, અભિન્ન છે, છતાં પણ આપની (ભગવાનની) બહુભવનેચ્છાથી પરસ્પરમાં ઉત્તમાધમ ભાવ તો રહેજ છે. નહિં તો બહુભવનજ સિદ્ધ ન થઇ શકે.

૫૪. [1]આ ત્રણે પૂર્ણસ્વરૂપોનું શ્રુતિમાં આવી રીતે વર્ણન કર્યું છે:—

पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

અર્થાત્ અચિંત્યાપરોક્ષ, જ્ઞાનઘન, આ અક્ષરબ્રહ્મ પૂર્ણ છે અર્થાત્ આકાશની માફક વ્યાપક છે. અને આ પુરોદૃશ્યમાન સદ્રૂપ (જગદ્રૂપ) ક્ષર બ્રહ્મ પણ પૂર્ણ છે, અર્થાત્ પૂર્વવત્ છે. તથા પૂર્ણાત્ અર્થાત્ બંને પૂર્ણરુપોમાં (ક્ષર તથા અક્ષરમાં) વ્યાપ્ત રહેવાવાળા ' **पूर्णमुत्** ' પૂર્ણાનંદ (પુરુષોત્તમ ભગવાન્) પૂર્વોકત પૂર્ણસ્વરૂપો વડે (ક્ષરાક્ષર) સેવિત છે. અહીં ' अच्यते ' એ ' **अच इत्येके** ' આ ધાતુથી કર્મમાં પ્રત્યય કરી પૂજાર્થક 'અચ ધાતુનું રૂપ છે. આવી રીતે પૂર્વાર્ધમાં સેવનનું નિરૂપણ કરી તેન ફલનું નિરૂપણ કરે છે. જે સમય પૂર્વોકત પૂર્ણદ્વય અર્થાત્ ક્ષરાક્ષરસ્વરૂપ બંને પૂર્ણ, પોતાના સેવ્ય તે પૂર્ણાનંદના પૂર્ણજ્ઞાનાદિ

---

[1] तानि त्रीण्यपि रूपाणि पूर्णशब्देनोच्यन्ते । अदः परोक्षं ज्ञानैकघनं अक्ष ब्रह्म पूर्णं निरंतरमाकाशवद्व्यापि । इदं परिदृश्यमानं सद्रूपं क्षरं ब्रह्म पू पूर्ववत् । पूर्णात् पूर्णमतति व्याप्नोति तादृशं तदुभयव्यापकं पूर्णमुत् पूर्णानन्दं ब्र अच्यते पूज्यते, पूर्वोक्ताभ्यां क्षराक्षराभ्यां सेव्यते । एवं ज्ञानादेः फलमा

ર્મોને પ્રાપ્ત કરે છે, તે સમયે સાયુજ્ય પામી પૂર્ણમાત્ર (પૂર્ણા-દ માત્ર) અવશિષ્ટ રહે છે. અર્થાત્ ભગવત્સાયુજ્યને પામે છે. હીં ' સાયુજ્ય ' શબ્દના બે અર્થ થાય છે. એક તો એ કે ર્ણાનંદ, પરબ્રહ્મ, પુરૂષોત્તમ, શ્રીકૃષ્ણ ભગવાન્ ક્ષરાક્ષરના વનથી પ્રસન્ન થઇ તેઓને પોતાના ધર્મો બક્ષી તેમની સાથે ક્રીડા રે છે. તે સમય તે બંને પૂર્ણાનંદના સાયુજ્યને પામે છે, આવો ર્થ છે. અને બીજો અર્થ એ છે કે પ્રલયકાળમાં જ્યારે પૂર્ણાનંદ-ગવાન અંતઃ (અંદર, અર્થાત્ સ્વરૂપમાં) ક્રીડા કરવાની ઇચ્છા રે છે. તે વખતે તેની કૃપાથી તે પૂર્ણશબ્દવાચ્ય ક્ષરાક્ષર પુરૂષ, ર્ણાનંદના જ્ઞાનાદિપૂર્ણ ધર્મોને પ્રાપ્ત કરી સાયુજ્યને પામે છે. ર્થાત્ ક્ષર પુરૂષ અક્ષરમાં, અને અક્ષર પૂર્ણાનંદ પુરૂષોત્તમમાં ય પામે છે. ત્યારે એક ભગવાનજ માત્ર અવશિષ્ટ (બાકી) રહે . એજ વાત શ્રીમદ્ભાગવતમાં કહી છે કે:—

नष्टे लोके द्विपरार्द्धावसाने महाभूतेष्वादिभूतं गतेषु।
व्यक्तेऽव्यक्तं कालवेगेन याते भवानेकः शिष्यतेऽशेषसंज्ञः ॥

૫૫. આવી રીતે પરમકારણ તે પુરૂષોત્તમ ભગવાન્ સ્વયં ેક છે. છતાં પણ ધર્મરૂપથી, શક્તિરૂપથી, તથા ધર્મીરૂપથી નેક પ્રકારે થઈ પછી કાર્યરૂપે અનેક પ્રકારે થાય છે, આ **बहुस्यां**' એ ઇચ્છાનું કાર્ય છે. અને કાર્યનો જનનગત જે

र्णस्यानुपदोक्तस्य पूर्णं ज्ञानादिधर्ममादाय तत्प्रसादेन प्राप्य पूर्णमेवाव-शिष्यते तत्सायुज्येन तदभिन्नो भवति । एवं धर्मरूपेण शक्तिरूपेण धर्मिरूपेण नानाभूय पश्चात् कार्यरूपेण नाना भवतीति बहुस्यामित्यस्य कार्यम् । अत च्चनीचभावः प्रकर्षपदार्थः । स च धर्मभेदेन भवतीति भूम्न आनंदरूपस्य र्वोत्कृष्टत्वं, ततो नीचभावश्चिद्रूपस्याक्षरस्य, ततोपि सद्रूपस्य क्षरस्य । अत एव क्षरात् परतः पर इति । भाष्यप्रकाशे श्रीपुरुषोत्तमाचार्याः ।

ઉચ્ચનીચ ભાવ છે, તે 'प्रजायेय' એનું કાર્ય છે. તે ઉચ્ચની ભાવ ઐચ્છિક છે અને ધર્મભેદથી થાય છે, માટેજ સર્વ ધર્મ યુક્ત, પૂર્ણજ્ઞાનાદિમાન્, પૂર્ણસચ્ચિદાનંદ, પુરૂષોત્તમ ભગવા સર્વોત્કૃષ્ટ છે તથા સેવ્ય છે. અને ચિદ્ઘન અક્ષરબ્રહ્મ, મધ્યમ છે તથા સદ્રૂપ ક્ષર બ્રહ્મનો આ બંને સ્વરૂપોથી ઐચ્છિક ભેદ એજ કાર્યાવસ્થાનો ઉચ્ચનીચભાવયુક્ત સ્વરૂપભેદ શ્રીમદ્ભગ વદ્ગીતામાં કહ્યો છે કેઃ—

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥ १ ॥
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥ २ ॥
यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥ ३ ॥

અર્થાત્—લોકમાં ક્ષર અને અક્ષર આ બે પુરૂષ છે અર્થાત્ પરબ્રહ્મનાંજ એ બે સ્વરૂપાન્તર છે. બધું જગત્ ક્ષ સ્વરૂપ કહેવાય છે, અને કૂટસ્થ અર્થાત્ અવ્યક્ત રહેવાવાળુ અક્ષરબ્રહ્મ કહેવાય છે, પરંતુ ઉત્તમ પુરૂષ તો એ બંનેથી અન્ય છે જેને પરમાત્મા કહે છે. અને જે સમગ્ર બ્રહ્માંડોમાં વ્યાપ્ત રહી સર્વ ત્રિલોકીને ધારણ કરે છે, જે આનંદાદિ

---

[1] द्वाविमौ पुरुषाविति, यस्मात् क्षरमतीतोहमित्यादि च श्रुतिस्मृतयो ब्रह्मणः परत्वं प्रतिपादयन्ति । एवं त्रिरूपः सन् शक्तित्रयरूपेणाविर्भवति । तत्र सदंशस्य क्रियारूपा शक्तिः, चिद्रूपस्य व्यामोहिका शक्तिः । आनंदरूपस्य जगत्का रणभूता माया । एतास्त्रितयरूपा शक्तिः सच्चिदानंदस्य भावत्वतलादिवाच्या । अत एव सदंशभूतेष्वष्टाविंशतितत्वेषु तत्वमिति व्यपदेशः । भाष्यप्रकाशे श्रीपुरुषोत्तमाचार्याः ।

ધર્મોદ્વારા હું ક્ષર સ્વરૂપથી અતીત અને અક્ષરથી ઉત્તમ છું; માટેજ હું લોક અને વેદમાં પુરૂષોત્તમ એ નામથી પ્રસિદ્ધ છું. આજ શ્રુતિસ્મૃતિઓનો આશય લઇ શ્રીમદ્વલ્લભાચાર્યચરણે સ્વકૃત સિદ્ધાંતમુક્તાવલીમાં બ્રહ્મનાં ત્રણ સ્વરૂપો કહ્યાં છે કેઃ—

'परंब्रह्म तु कृष्णो हि सच्चिदानंदकं बृहत् ।
द्विरूपं तद्धि सर्वं स्यादेकं तस्माद् विलक्षणम् ॥

અર્થાત્ ધર્મિરૂપ, ધર્મરૂપ, અને કાર્યરૂપ, આ ભગવાન્નાં ત્રણ ઐચ્છિક સ્વરૂપ છે. તેમાં ધર્મીસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાન્ પરબ્રહ્મ છે, સત્, ચિત્, તથા આનંદ, ધર્મરૂપ અક્ષરબ્રહ્મ છે. અને સદ્રૂપ બધું જગત્ ક્ષરબ્રહ્મ કહેવાય છે.

૫૬. આવી રીતે તે ભગવાન અનેક પ્રકારે વ્યક્ત થઇ પછી શક્તિરૂપથી પણ વ્યકત થાય છે. આનંદાત્મા ભગવાનની સર્વ-ભવન સામર્થ્યરૂપ માયાશકિત છે, એજ સમગ્ર વિશ્વનું કારણ છે. ચિદ્રૂપ અક્ષરની વ્યામોહિકા માયા શક્તિ છે. અને સદંશ ભગવાનની ક્રિયારૂપ શકિત છે. સચ્ચિદાનંદ ભગવાનની આ બધી શક્તિઓ સત્ત્વ, સત્તા, ચિત્ત્વ, ચિત્તા, વિગેરે ભાવપ્રધાન 'त्वतलादि' પ્રત્યયોથી કહેવા લાયક છે. એ માટેજ સદંશભૂત અઠ્ઠાવીશ તત્વોનું 'तत्त्व' એવું નામ આપવામાં આવ્યું છે.

ચિદ્ઘન પરોક્ષ અક્ષરબ્રહ્મની વ્યામોહિકા શક્તિ પોતાના ચિદંશને વ્યામોહિત કરે છે. તે માટે વ્યામોહિત વ્યાકુલ તે ચિદંશ, પ્રાણ બુદ્ધ્યાદિનું અવલંબન કરે છે. માટેજ તેનું જીવ એ નામ થાય છે. હવે પૂર્વોક્ત સૃષ્ટિક્રમના લખવાથી એ સિદ્ધ થઇ ગયું કે ભગવાનેજ સ્પષ્ટ રમણેચ્છાથી ઉચ્ચનીચભાવ થવા માટે પોતાના ચિદંશોનાં આનંદાંશનો તિરોભાવ કર્યો, અને ત્યાર પછી

જનનગત ઉચ્ચનીચભાવ થવા માટે તે જ જીવોમાં મુક્તિસંસ્કાર (દૈવત્વ) અને બંધસંસ્કાર (આસુરત્વ) સ્થાપિત કર્યો. આસુરસંપત્તિ બંધ કરાવનારી છે, અને દૈવીસંપત્તિ મોક્ષ સમર્પે છે.'

ભગવાન શ્રીવાસુદેવે કહ્યું પણ છે—'दैवीसंपद्‌ विमोक्षाय निबंधायासुरी मता' આસુરસંસ્કારવશ આ જીવને અવિદ્યા લાગે છે, અર્થાત્ વ્યુચ્ચરણ તથા આનંદાંશના તિરોધાન પછી દેહાધ્યાસ, પ્રાણાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, અંતઃકરણાધ્યાસ, અને સ્વરુપવિસ્મૃતિ આ પંચપર્વાત્મિકા અવિદ્યા આ જીવને લાગે છે. તે વખતે અવિદ્યાબદ્ધ આ જીવ દેહાદિ ધર્મોને 'હું સ્થૂલ, હું કૃશ, હું સુખી, તથા દુઃખી છું.' વિગેરે અભિમાનથી પોતાને સમજી છે, એજ સંસાર છે. વાસ્તવમાં જીવ ભગવદંશ છે. તે બદ્ધ દુઃખી, વિગેરે થઇ શકતો નથી. અને એજ અવિદ્યાને વશ થઇ જન્મમરણાદિ ફળવાળાં અનેક શ્વેત, કૃષ્ણ (શુભાશુભ) કર્મો કરે છે.

૫૭. 'द्वौ भूतसर्गौ लोकेऽस्मिन् दैव आसुर एव च' આ ભગવદ્વચનને અનુસાર આ લોકમાં બે પ્રકારની જીવસૃષ્ટિ છે, એક દૈવસૃષ્ટિ અને બીજી આસુરસૃષ્ટિ. શાસ્ત્રોમાં કહેલાં આચરણોનું નિર્ણય થઇ અનુષ્ઠાન કરવું, અંતઃકરણને શુદ્ધ રાખવું, અર્થાત્ રાગદ્વેષ, માયા, જુઠો વ્યવહાર, વગેરે મળોને દૂર કરી અંતઃકરણને ભગવત્પ્રાદુર્ભાવ થવા લાયક નિર્મળ બનાવવું, ભગવન્માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભગવાન્‌માં અનન્ય પ્રેમ કરવો, જે પદાર્થોમાં પોતાનું સ્વત્વ (પોતાપણું) છે, તે (અન્નવસ્ત્રાદિ)માંથી કંઇ ભાગ બીજાઓને આપવો, બાહ્ય ઇંદ્રિયોને દમવી, દૈવયજ્ઞ, પિતૃયજ્ઞ, ઋષિયજ્ઞ, ભૂતયજ્ઞ, વિગેરે ધર્માચરણ કરતાં રહેવું, ભગવચ્છાસ્ત્રોનું શ્રવણ તથા અધ્યયન કરવું, બને ત્યાં સુધી

ટાઢ, તડકો, સુખ, દુઃખાદિનું સહન કરવું, મનમાં બુરાભાવોનો પરિત્યાગ કરવો, શાંતિ રાખવી, પરોક્ષમાં કોઇના દોષો પ્રકટ ન કરવા, પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી, સન્મુખ રહેલા વિષયોમાં લાલચ ન કરવી, મીઠો અને કોમળ વર્તાવ રાખવો, અનુચિત કાર્યોમાં લજ્જા રાખવી, મતલબ વગર બોલવું નહિ અથવા કંઇ કંઇ પ્રકારની શરીરચેષ્ટા ન કરવી, ધીરજ, ચતુરતા, ક્ષમા તથા પવિત્રતા રાખવી. તથા કોઇનો પણ દ્રોહ ન કરવો, નિરહંકારી રહેવું, આ બધાં દૈવીજીવોનાં લક્ષણો છે. એજ વાત 'अभयं सत्त्वसंशुद्धिः' ઇત્યાદિ શ્લોકોદ્વારા શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ્ગીતામાં કહી છે.

૫૮. અને જે જીવ પોતે પોતાને લોકમાં પ્રસિદ્ધ કરવા ચાહે, ધન, સ્વજન, કુળ, વિદ્યા વિગેરેનો મદ રાખતો હોય, પ્રત્યેક સમયમાં ક્રોધ રાખતો હોય, બધાથી વાંકોજ ચાલતો હોય, પોતાની શિવાય દુનીઆમાં કોઇને પણ પૂજ્ય ન સમજતો હોય, અને પોતે કર્તવ્યાકર્તવ્ય જ્ઞાનશૂન્ય થઇ અર્થાત્ કર્તવ્ય કે અકર્તવ્ય જ્ઞાન વગરનો બનીને પણ બીજાની અવજ્ઞા કે નિંદા કરતો હોય, તેઓને આસુર જીવ સમજવા એજ શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે કે:—

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम ॥

અર્થાત્—હે પૃથાપુત્ર અર્જુન! દંભ (ધર્મધ્વજીપણું) દર્પ, એકદમ અભિમાન, ક્રોધ, ક્રૂરતા, અજ્ઞાન, આ બધા દોષો આસુરસૃષ્ટિમાં જન્મ લેવાવાળાઓનેજ પ્રાપ્ત થાય છે ઇત્યાદિ. તેમાં પણ દૈવી જીવો બે પ્રકારના છે. મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય. જેઓ વેદોક્ત મર્યાદામાં રહી, વૈરાગ્ય, સાંખ્ય, યોગ,

તપ, અને નિષ્કામ ભક્તિ (અનન્ય ભગવત્પ્રેમ) રૂપ, પંચપ
વિદ્યાદ્વારા સાયુજ્ય મુક્તિ (અક્ષર સાથે એકતા) ની પ્રાપ્તિ કરે છે
તેઓને મર્યાદામાર્ગીય જીવ કહે છે. અને આ જન્મમાં કેવળ ભક્તિ
દ્વારાજ ભગવત્પ્રાપ્તિ કરે છે અથવા કેવલ ભગવદનુગ્રહ માત્રથી
ભગવત્ પ્રાપ્તિ કરે છે, તેઓને પુષ્ટિમાર્ગીય જીવ કહે છે. સાયુજ્ય
મુક્તિના બે અર્થ થાય છે, એક બ્રહ્મમાં મળી જવું તે, અને બીજો
અર્થ બ્રહ્મની સાથે રહી આનંદોપભોગ કરવો તે. અમે આ વિષયનું
વિસ્તારસહિત વિવેચન પુષ્ટિસ્વરૂપનિરૂપણમાં કરીશું.

અદ્વૈતમતમાં જીવનું સ્વરૂપ.

૫૯. અદ્વૈતવાદી જીવસ્વરૂપનું નિરૂપણ કરતી વખ ઉપોદ્ઘાતમાં કહે છે કે[1] યુષ્મત્પ્રત્યયગોચર દેહ, અને અસ્મત્ પ્રત્યયગોચર આત્મા, આ બન્ને પરસ્પર જડ, ચૈતન્ય હોવાથી અંધકાર અને પ્રકાશની માફક બીલકુલ વિરૂદ્ધ ધર્મવાળાં છે માટે તે બેનો અન્યોન્યભાવ અયુકત છે, અને તેના ધર્મોનો પરસ્પર અન્યોન્યભાવ તદ્દનજ અયુકત છે. એ માટે અસ્મત્પ્રત્યયનો વિષય જે (ચૈતન્યમય) આત્મરૂપ વિષય, તેમાં યુષ્મત્પ્રત્યય વિષયો (દેહ, ઈન્દ્રિય વિગેરે જડ અનાત્મ વસ્તુ)નો તથા તેઓના ધર્મોનો અધ્યાસ (અતથામાં તથાત્વજ્ઞાન) તથા એનાથી ઉલ રીતે વિષયમાં વિષયી તથા તેના ધર્મોનો અધ્યાસ મિથ્યા છે યુકતજ છે. છતાં પણ ધર્મ અને ધર્મી જે અત્યંત ભિન્ન છે તેઓનો પરસ્પરનો ભેદ નહિં સમજવાથી અન્યોન્યમાં અન્યો

---

[1] युष्मदस्मत्प्रत्ययगोचरयोर्विषयविषयिणोस्तमःप्रकाशवद्विरुद्धस्वभावयो रितरेतरभावानुपपत्तौ सिद्धायां तद्धर्माणामपि सुतरामितरेतरभावानुपपत्तिरि तोऽस्मत्प्रत्ययगोचरे विषयिणि इत्यादि. शांकरभाष्यम् ।

સ્વરૂપ અને એક બીજાના ધર્મોનો અધ્યાસ તથા સત્યાનૃતનો મેળ
રી ' હું મારૂં ' આ મિથ્યાજ્ઞાન નિમિત્તક વ્યવહાર ચાલી રહ્યો
છે. અતથામાં વિરૂદ્ધધર્મવાળી વસ્તુની કલ્પના કરી લેવાનેજ
અધ્યાસ કહ્યો છે. અને એજ અધ્યાસને અવિદ્યા તથા અજ્ઞાન
કહેવામાં આવે છે, ' જેમ શુકિતમાં ચાંદીનું ભાન.' એનાથી વિરૂદ્ધ
અર્થાત્ તે અવિદ્યાથી અલગ કરી વસ્તુસ્વરૂપનો નિશ્ચય કરી લેવાને
વિદ્યા કહે છે, જેમ સુવર્ણમાં સુવર્ણપણાનો નિશ્ચય થવો.

આ અવિદ્યા નામના અધ્યાસને આગળ કરી અર્થાત્ આત્માનાત્મવસ્તુના પરસ્પરના અધ્યાસને લઈ બધાજ લૌકિક અને વૈદિક પ્રમાણ પ્રમેયાદિનો વ્યવહાર પ્રચલિત છે. (ચાલુ છે). અને સર્વ વિધિનિષેધ તથા મોક્ષ કહેવાવાળાં શાસ્ત્રોને પણ એવીજ રીતે સમજો અર્થાત્ મિથ્યા જાણો. દેહ તથા ઈન્દ્રિય વિગેરેમાં ' હું અને મારૂં ' આ અભિમાનરહિત આત્માનું પ્રમાતાપણું થઈ શકતું નથી, અને આત્મભાવ જેમાં અધ્યસ્ત નથી એવાં દેહાદિથી કોઈપણ કોઈ વ્યાપાર કરતું નથી. આ બધું ન હોય તો અસંગ આત્મા પ્રમાતા થઈ શકતો નથી, અને પ્રમાતા વગર પ્રમાણની

---

[1] तमेतमविद्याख्यमात्मानात्मनोरितरेतराध्यासं पुरस्कृत्य सर्वे प्रमाणप्रमेयादिव्यवहारा लौकिका वैदिकाश्च प्रवृत्ताः सर्वाणि च शास्त्राणि विधिप्रतिषेधमोक्षपराणि इत्यादि शां. भा. उपोद्घात [1] नहीन्द्रियाण्यनुपादाय प्रत्यक्षादिव्यवहारासिद्धिः, न चाधिष्ठानमन्तरेणेन्द्रियाणां व्यवहारः सिद्ध्यति नचानध्यस्तात्मभावेन देहेन कश्चिद् व्याप्रियते । नचैतस्मिन्सर्वस्मिन्नसत्यसङ्गस्यात्मनः प्रमातृत्वमुपपद्यते न च प्रमातृत्वमन्तरा प्रमाणप्रवृत्तिरस्ति । तस्मादविद्यावद्विषयाण्येव प्रत्यक्षादीनि प्रमाणानि शास्त्राणि च पश्वादिभिश्चाविशेषात् । इत्यादि शां. भा. १-१-१. । परमार्थतस्तु न जीवो नाम बुद्ध्युपाधिसंबंधपरिकल्पितस्वरूपव्यतिरेकेणास्ति । न हि नित्यमुक्तस्वरूपात्सर्वज्ञादीश्वरादन्यश्चेतनो धातुर्द्वितीयो वेदान्तार्थनिरूपणायामस्ति । शां. भा. २-३-११

પ્રવૃત્તિ નથી, માટેજ પ્રત્યક્ષાદિ પ્રમાણો તથા વેદ, સ્મૃતિ. પુરાણાદિ બધાં શાસ્ત્રો માત્ર અવિદ્વાન્ પશુસદૃશ અજ્ઞાનીઓને માટેજ છે. એજ અધ્યાસના સમૂલ નાશ માટે સમગ્ર વેદાંતાદિ શાસ્ત્રોનો પ્રારંભ થયો છે. જ્યારે આત્મા શિવાય સમગ્ર પ્રમાણપ્રમેયાદિ અને જડજીવાદિ પ્રપંચ અધ્યાસમાત્ર છે તો એ સિદ્ધ થાય છે કે જીવ પણ કલ્પનામાત્ર છે. સમગ્ર સૃષ્ટિપ્રતિપાદક શ્રુતિઓ પણ અવિદ્યાકલ્પિત ઈશ્વર નિમિત્તક, અજ્ઞાનોપાદાનક (ઈશ્વર જેનું નિમિત્તકારણ, અને અજ્ઞાન (અવિદ્યા) જેનું ઉપાદાન કારણ) સૃષ્ટિમાં સાવકાશ સમજવી અર્થાત્ ત્યાં તે શ્રુતિઓની સાર્થકતા છે, જીવ પણ બુદ્ધયુપાધિપરિકલ્પિત સ્વરૂપની શિવાય બીજું કંઇ પણ નથી અર્થાત્ શુદ્ધ, બુદ્ધ, મુક્ત આત્મા ચેતન બ્રહ્મજ અવિદ્યાવચ્છિન્ન હોવાથી 'જીવ' કહેવાય છે. વસ્તુતઃ નિત્યમુક્ત શુદ્ધ, બ્રહ્મની શિવાય અન્ય ચેતન પદાર્થ વેદાંતાર્થ નિરૂપણ કરવા માટે દેખાતો નથી. અવિદ્યાવચ્છિન્ન ચેતનજ જીવ કહેવાય છે, ખરી રીતે જીવ બીજો કોઇ પદાર્થ નથી. અદ્વૈતવાદીઓમાં જીવ વિષે અનેક મતો છે. કોઈ કહે છે કે અવિદ્યામાં બ્રહ્મનું પ્રતિબિંબ જીવ છે, બીજા કહે છે કે મલિનસત્વા માયામાં પ્રતિબિંબજ જીવ છે, ત્યારે તૃતીય વર્ગનો એવો મત છે કે અધ્યાસ માત્રજ જીવ છે, ઇત્યાદિ. અસ્તુ (ઠીક). વાસ્તવમાં નિત્ય, સત્ય બીજો કોઇ જીવ પદાર્થ નથી, એમાં તો કોઇ પણ વિરૂદ્ધ નથી. તેઓ આવી પોતાની કલ્પનામાં 'सर्वं खल्विदं ब्रह्म नेह नानास्ति किंचन' 'नान्योऽतोस्ति द्रष्टा नान्योतोऽस्ति श्रोता' ઇત્યાદિ શ્રુતિઓનું પ્રમાણ દેખાડે છે. જ્યારે જીવજ કલ્પનામાત્ર છે તો પછી તેનાં કર્તૃત્વ, જ્ઞાતૃત્વ વિગેરે ધર્મો પણ દૂરાપાસ્ત છે માટેજ શાંકર માયાવાદી લોકો જીવને કલ્પિત, અધ્યસ્ત, પ્રતિબિંબ, આભાસ, અભોક્તા, અકર્તા, અજ્ઞાતા, જ્ઞાનમાત્ર, અને વ્યાપક માને છે.

અદ્વૈતાભિમતજીવનિરૂપણનું ખંડન.

૯૦. માયાવાદીઓનું આ બધું કહેવું માત્ર વાક્છલ છે અથવા બુદ્ધિવાદ માત્ર છે. માયાવાદીઓએ કલ્પેલી જીવની સમાલોચના તો અમે આગળ જઇ બહુ સારી રીતે કરીશું પણ પહેલાં આ તેના પૂર્વોક્ત ઉપોદ્ઘાતનુંજ વિવેચન કરીએ છીએ.

કોઈ પણ સાધ્યને સિદ્ધકરવામાટે અથવા કોઈ પદાર્થને સમજાવવા માટે લોકમાં શાસ્ત્રવાદ અને બુદ્ધિવાદ આ બંને સાધનો પ્રસિદ્ધ છે. પોતાની બુદ્ધિથી કલ્પાયલી કોઇ કલ્પનાને લઇ તેને અનેક યુકિતઓદ્વારા દૃઢ કરવી અને શાસ્ત્રનાં વાક્યોનો પણ સમન્વય તેજ કલ્પનામાં કરી લેવા ચાહવું આ બુદ્ધિવાદનું કાર્ય છે. બુદ્ધિવાદમાં તર્કોનું (યુકિત) પ્રધાનસ્થાન છે. અને શાસ્ત્રોને તો તે યુકિતઓની પાછળ પાછળજ દોડવું પડે છે. ક્યાંક ક્યાં તો વિચારોને તેની હામાં હાજી અવશ થઇને પણ કરવી પડે છે. અર્થાત્ બુદ્ધિવાદમાં તર્કો ઉપરજ વિશેષ નિર્ભર રહે છે. શાસ્ત્ર તો ગૌણ પડી જાય છે. અગર કોઈ જગ્યાએ શાસ્ત્રવાક્યોનો અર્થ તેઓના આશયને મળતો ન આવે તો તે લોકો તે જગ્યાએ તે શાસ્ત્રવાક્યોનો અર્થ પલટાવી પોતાના આશયને અનુસાર બનાવી લે છે. તે વાક્છલને તે લોકો લક્ષણારૂપે મઢી દેછે. આ બુદ્ધિવાદનો ઉપયોગ આજકાલ વકીલ, બેરિસ્ટર લોક ખુબ કરી જાણે છે. પરંતુ શાસ્ત્રનેજ પ્રધાન માની અથવા પરમ ઉચ્ચ પ્રમાણ માની ચાલવાવાળાં, ભગવન્માહાત્મ્ય જાણનારા, પરમઆસ્તિક, તત્વવેત્તા લોકો શાસ્ત્રવાદનેજ ઉચ્ચાસન આપે છે. તેઓ શાસ્ત્રના

અક્ષરે અક્ષરને સત્ય અને કલ્યાણકારી સમજે છે, અને લૌકિ યુક્તિઓને તો તેઓ તુચ્છ સમજી અવગણના કરે છે. હા, કો કોઈ વખતે શાસ્ત્રવાક્યોને યથાવત્ સમજાવવા માટે શાસ્ત્રીયયુક્તિ આપવામાં આવે છે. પરંતુ પોતાના શાસ્ત્રીય મતની સિદ્ધિ કરતી વખતે લૌકિક યુક્તિઓને જરાપણ સ્થાન આપતા નથી. કારણ 'नैषा तर्केण मतिरापनेया' तर्काप्रतिष्ठानात्, अलौकिकास्तु ये भावा ताँस्तर्केण योजयेत् વિગેરે શ્રુતિ, સૂત્ર, સ્મૃતિઓમાં તત્વનિશ્ચ કરતી વખતે યુક્તિઓને લડાવવા સાફ સાફ નિષેધ કર્યો છે. શ્રીમ ભાગવતમાં પણ ભગવાન વેદવ્યાસજીએ કહ્યું છે કે—' न सूर हि व्यवहारमेतं तत्त्वावमर्शेन सहामनन्ति ' અર્થાત્ ભગવન્મા હાત્મ્યવેત્તા વિદ્વાનપુરુષો આ લૌકિક વ્યવહાર (યુક્તિ) વેદોક્ત તત્વવિચારની સાથે મેળવતા નથી, અથવા પ્રતિ નથી દેતા, અર્થાત્ સ્થાન આપતા નથી. અદ્વૈતાભિમા માયાવાદીઓને ત્યાં તો તર્ક ઉપરજ પૂર્ણ આધાર છે. તેઓ વેદાદિશાસ્ત્રોનો પણ લોકદૃષ્ટાનુસારજ અર્થ કરે છે. તેમ ત્યાં શાસ્ત્ર ગૌણ થઈ જાય છે. વેદને પણ તે લોકો યુક્ત મા આપતા નથી. વેદને પણ ક્યાંય ક્યાંય તો વાક્યભંગ્યતરથી જુઠો, ધૂર્ત, છળથી બોલવાવાળો કહી નાખ્યો છે. પરંતુ તત્ત્વવે ત્તાઓના મુકુટમણિ, પૂજ્યપાદ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ તે વેદને સાક્ષાત્ ઈશ્વર માને છે. વેદના એકે એક અક્ષરને તો તેઓ ઈશ્વરવાક્ય સમજી શિરોમાન્ય માને છે, લોકદૃષ્ટાનુસાર વેદનો અર્થ કરવો એ આપશ્રીને મહાન અપરાધ લાગે છે. આપશ્રી કહેવું છે કેઃ—

अलौकिको हि वेदार्थो न युक्त्या प्रतिपद्यते ।
तपसा वेदयुक्त्या च प्रसादात् परमात्मनः ॥

अणुभाष्य. બીજી પણ આજ્ઞા છે वेदोक्तादणुमात्रेऽपि विपरीतं तु यद्भवेत् । तादृशं वा स्वतन्त्रं चेत्सर्वं मूलतो मृषा ॥ तत्त्वदीपनिबंधः

અર્થાત્—વેદ અને વેદાંતનો અર્થ અલૌકિક છે તે માત્ર લૌકિક યુક્તિઓથી જાણી શકાય તેમ નથી, પરંતુ તપ, વેદાનુકૂલ તર્ક, અને પરમાત્માનો અનુગ્રહ આ ત્રણ સાધનોથીજ જાણી શકાય છે. વેદોક્તથી વિરુદ્ધ જે કંઈ હોય, અથવા તાદૃશ, (વેદ વિરુદ્ધ સદૃશ) અને પોતાનો મનમાન્યો વિષય, તે બધુંજ મૂલત: અપ્રમાણ છે. બ્રહ્મ જેવું વેદાંતમાં કહેવાયું છે તેવુંજ માનવું. અણુમાત્ર પણ અન્યથા માનવાથી અથવા કલ્પના દોડાવવાથી અપરાધ લાગે છે.

योन्यथा संतमात्मानं अन्यथा प्रतिपद्यते ।
किं तेन न कृतं पापं चौरेणात्मापहारिणा ॥

અર્થાત્—જે કોઈ અન્યથાસ્થિત આત્માને (ભગવાનને,) અન્યથાજ અર્થાત્ વિરુદ્ધ રીતે સ્વીકારે છે તો તે ભગવાન્ અને ભગવન્માહાત્મ્યને છુપાવનાર ચોરે કયો અપરાધ નહિં કર્યો કહેવાય ? અર્થાત્ તેણે બધાં પાપો કર્યાં છે.

અધ્યાસવાદનો પૂર્ણ ભાર યુક્તિઓ ઉપર છે. યદ્યપિ 'હું કૃશ છું, હું સ્થૂલ છું, દુ:ખી છું, મનુષ્ય છું, બ્રાહ્મણ છું.' વિગેરે વ્યવહારો જુઠા છે, અધ્યાસ માત્રથીજ ચાલી રહ્યા છે. પરંતુ એવું ક્યાં કહ્યું છે કે પ્રમાણ, પ્રમેય, વેદ, શાસ્ત્ર, જીવ, ઈશ્વર, બધાં માત્ર કલ્પિત છે, જુઠાં છે ? એવું કહેવું માત્ર બુદ્ધિવાદજ છે. અધ્યાસની આડ લઈ સર્વ પ્રપંચને મિથ્યા કહી નાખવો

---

[1] ब्रह्म पुनर्यादृशं वेदान्तेष्ववगतं तादृशमेव मन्तव्यं अणुमात्रान्यथाकल्पनेपि दोषः स्यात् । अणुभा. १-१-१।

એ કેવલ વાક્છલ નહિં તો બીજું શું ? શાંકરભાષ્યના ચૌક્તિ ઉપોદ્ઘાતમાં'युष्मदस्मत्प्रत्ययगोचरयोः'અહીંથી લઇ'तमेतमेवंलक्षण अध्यासं पंडिता 'अविद्या' इति मन्यन्ते' અહીં સુધી 'હું અને મારૂ ઇત્યાદિ ઉલટી સમજનેજ જુઠી કહી છે. અને એ વાત ઠીક પણ છે, શાસ્ત્રીય છે, કારણ કે શાસ્ત્રોમાં લખ્યું છે કે જીવ વ્યામોહિ માયાને વશ થઇ દેહ, ઇંદ્રિય, અંતઃકરણાદિના ધર્મોને પોતાન સમજે છે. અને તેજ ઇંદ્રિયાદિને પોતાનું સ્વરૂપ સમજે છે અને એજ અધ્યાસ (ઉલટી સમજ) અસત્ય છે. પરંતુ આગળ જઇ જે એવું લખે છે કે ' तस्मादविद्यावद्विषयाण्येव प्रत्यक्षादीनि प्रमाणानि शास्त्राणि चेति ' અર્થાત્ 'અવિદ્વાનોને માટેજ પ્રત્ આદિ પ્રમાણ તથા વેદાદિ શાસ્ત્રો છે. ' એ કયા વેદાદિ પ્રમાણોથી લખે છે ? અગર અધ્યાસયુક્તિથી એ કહેતા હોય તો પણ ઠી નહિં. કેમકે અધ્યાસ છે ઉલટી સમજ, અને જીવને ઉલટી સમજ થવાથી બધાં શાસ્ત્ર વિગેરે પ્રમાણો જુઠાં છે, એ કઇ દુનીઆનો કાયદો કહેવાય ? દેવદત્ત પોતાની ભૂલથી અગર આંબાના ઝાડને લીંબડો માની બેસે અને આંબાનો ધર્મ મીઠાશ વિગેરે લીંબડામાં સમજવા લાગે તો શું તે આમ્ર અને નીંબ (લીંબડો) તથા આંબાના ધર્મો જુઠા છે ? કદાપિ નહિં. માત્ર લોકો તેનેજ મૂર્ખ કહેશે, પણ તે વૃક્ષોને અસત્ય માનશે નહિં.

' नहीन्द्रियाण्यनु ' અહીંથી લઇ ' न कश्चिद् व्याप्रियते ' અહીં સુધી તો ઠીક શાસ્ત્રાનુસાર લખ્યું, પરંતુ આગળ 'न आत्मनः प्रमातृत्वमुपपद्यते ' આ પાછી પોતાની મનગઢંત કલ્પના કરવા મંડી પડયા. માની લો કે એક યજ્ઞદત્ત ભૂલથી આંબાને લીંબડો સમજી રહ્યો છે. અથવા પોતે પોતાને રાજા માની રહ્યો છે, ત્યાં જરૂર તે તેની ઉલટી સમજ પણ છે. ઇંદ્રિયોથીજ પ્રત્યક્ષ વ્યવહાર

પણ થઈ રહ્યો છે. અધ્યસ્ત દેહથી વ્યાપાર પણ કરી રહ્યો છે, બધું કંઇ છે, પરંતુ શું તે પ્રમાતા નથી ? શું તે બીજી વાતોને સત્ય નથી સમજતો ? સમજેજ છે. એવી રીતે યદ્યપિ મોહવશ જીવને 'હું અને મારૂ' એવો અધ્યાસ થાય છે, છતાં પણ તે પ્રમાતા નથી એ બની શકતું નથી. અગર આત્માને પ્રમાતા ન માને તો પછી તેને આત્મજ્ઞાન પણ નથી થઇ શકતું, કારણ કે આત્મજ્ઞાન થતી વખતે પણ આત્માનું પ્રમાતૃત્વ માનવુંજ પડશે. એવી રીત છે કે પ્રમાતા વગર જ્ઞાન થતુંજ નથી. એ માટે અધ્યાસની આડ લઈ યુકિતથી પણ પ્રમાણ પ્રમેયાદિને તથા શાસ્ત્રોને કલ્પિત કહેવા એ માત્ર વાક્છલજ છે. જે પ્રમાણોથી જીવને પ્રમાતા નથી માનતા તેનો તો અર્થજ તે નથી. જેવો કે માયાવાદી કરે છે, એ અમે આગળ જઇ બહુ સારી રીતે સિદ્ધ કરી દેખાડીશું. સમગ્ર ઉપનિષદોમાંથી એકાદ બે શ્રુતિઓ લઇ તેનો મનમાન્યો અર્થ કરવો અને બાકી રહેલી શ્રુતિઓને અસંગત છોડી દેવી એમાં કોઈ પણ પ્રમાણનો આધાર નથી. પ્રત્યેક શ્રુતિનો એવી રીતે અર્થ કરવો જોઈએ કે જેનાથી સર્વવિપ્લવ થતો અટકે, ભગવન્માહાત્મ્ય સિદ્ધ થાય, અને ઉપનિષદ્ માત્રનો વિરોધરહિત અર્થ કરી શકીએ.

૬૧ ' બ્રહ્મ નિધર્મક છે ' આ યુકિતને લઇ અગર ' अस्थूलमनणु ' વિગેરે શ્રુતિપ્રમાણોથી જીવને પણ પ્રમાતા ન માનતા હોવ તો પણ ઠીક નહિ, કારણ કે શ્રુતિઓમાં, લોકમાં પ્રાકૃતદૃષ્ટિથી પ્રતીત થતા ધર્મોનોજ બ્રહ્મમાં નિષેધ કર્યો છે. પરંતુ જે ધર્મો પ્રાકૃત નથી, અથવા જે ધર્મોનું બીજે ઠેકાણે પોતે શ્રુતિ વર્ણન કરી ચૂકી છે, તે ધર્મોનો નિષેધ કરતી નથી. અગર એમ

---

[1] प्रतीतं च निषेध्यं न ऽप्रतीतं न श्रुतिस्तादृशम् । अणु, भा. १-१-२.
શુ. દ્વૈ. ૬. ૭

નહિ હોય તો વેદ પણ પ્રમત્તની માફક પ્રલાપ કરનારો થઈ જાય અને અપ્રમાણ થઇ જાય. જે મનુષ્ય કયારે કંઇ કહી નાખે અને કયારેક કંઇ બીજુંજ કહેતો હોય તો બુદ્ધિમાન મનુષ્ય તેને પ્રામાણિક કહેતા નથી. અને તેનાં વચનોને પ્રમત્તપ્રલાપ કરી ઉપેક્ષે છે. એવીજરીતે અગર વેદ એક જગ્યાએ બ્રહ્મને સધર્મક કહે અને અન્યત્ર ધર્મનો નિષેધ કરે તો તે પ્રમત્તની માફક ઉપેક્ષ્ય કહેવાશે. આ વિષયની વિશેષ વિવેચના અમે ભગવત્સ્વરૂપનિર્ણયમાં કરીશું. અહીં તો કેવલ એટલુંજ કહેવું છે કે 'બ્રહ્મ પ્રમાતા છે, અને એ માટેજ તેનો અંશ જીવ પણ પ્રમાતા છેજ' યદિ 'नान्योतोऽस्ति द्रष्टा नान्योतोऽस्ति श्रोता' ઈત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મની શિવાય કોઇ બીજો દ્રષ્ટા નથી અને કોઇ બીજો શ્રોતા નથી. માટે જીવમાં પ્રમાતૃત્વાદિ ધર્મો થઇ શક્તા નથી એ માટે અમારૂં વચન ઠીક છે' આમ કહો તો પણ યુક્ત નથી, કારણ કે 'नान्योऽतोऽस्ति' આ શ્રુતિમાં જીવનાં સર્વદ્રષ્ટૃત્વ, સર્વશ્રોતૃત્વ, વિગેરે ધર્મોનોજ નિષેધ કર્યો છે પણ કંઇ પરિચ્છિન્ન દર્શનનો નિષેધ કર્યો નથી. જેમ 'पार्थ एव धनुर्धरः' પાર્થજ ધનુર્ધર છે. આ વાકયમાં પાર્થ જેવો બીજો કોઈ ધનુર્ધર નથી એમ કહેવાય છે. પણ કંઈ એવો આશય નથી કે પાર્થને છોડી કોઇ ધનુર્ધારીજ નથી; તેવીજ રીતે 'नान्योऽतोऽस्ति' વિગેરે શ્રુતિઓમાં જીવના પરિચ્છિન્ન દર્શનનો નિષેધ કરતા નથી, પણ સર્વજ્ઞતાનોજ નિષેધ કરાય છે. તો પછી ઉપોદ્ઘાતના 'नचैतस्मिन् सर्वास्मिन्नसत्यसंगस्यात्मनः प्रमातृत्वमुपपद्यते' અર્થાત્ જીવ પ્રમાતા થઇ શકતો નથી. આ વાકય

---

[1] नान्योतोऽस्ति द्रष्टेत्यादिश्रुतिरपि जीवादिसर्वविषयपदार्थदर्शनादिमत्वं सर्वेदान्यस्मिन्निषेधति न तु परिच्छिन्नदर्शनमपि यथा पार्थ एव धनुर्धर इत्यत्र न हि पार्थादन्यो न धनुर्धरः किन्तु यथा स तथा नान्य इति विद्वन्मंडनम् ।

કેવલ વાકછલ અને કલ્પના માત્રજ છે. અગર કહો કે બ્રહ્મની શિવાય બીજું કંઇ પણ નથી, માટેજ સર્વાભાવ હોવાથી જીવ કોઇનો પણ પ્રમાતા થઈ શકતો નથી તો પણ યુક્ત નથી, કારણ કે જગત્ નહિં તો પણ બ્રહ્મ તો છે, બસ જીવ બ્રહ્મનો પ્રમાતા છે એમ માનો. અને ખરી રીતે તો પૂર્વોક્ત શ્રુતિ, સ્મૃતિ, પુરાણ પ્રત્યક્ષ યુક્તિઓથી જગત્ બ્રહ્માત્મક અને સત્ય સિદ્ધ થઇ ચૂકયું છે, માટેજ જીવનું પ્રમાતાપણું કોઇ પણ પ્રકારે હઠી શકતું નથી. અને 'तस्मादविद्यावद्विषयाणि एव' અર્થાત્ 'એટલા માટે પ્રત્યક્ષાદિ પ્રમાણો તથા વિધિ, પ્રતિષેધ, અને મોક્ષ પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો પણ બધાં પશુ સમાન અજ્ઞાનીઓને માટેજ છે.' આ વાકય પણ માત્ર બૌદ્ધવાદ જેવુંજ લાગે છે, કારણ કે વેદ, સ્મૃતિ પુરાણોમાં અનેક જગ્યાએ ઉત્તમ બ્રહ્મજ્ઞાનીઓએ અનેક વાર શાસ્ત્રોપદેશ કર્યો તથા સાંભળ્યો છે. તો ભલા શું તે પશુ જેવા અજ્ઞાની હતા કે? બીજાની વાત તો જવા દો, કહેતાં ડર લાગે છે કે ભગવાન વાસુદેવ અને અર્જુન; ભગવાન કોશલેન્દ્ર રામચન્દ્રજી અને ગુરૂ વસિષ્ટ; ભગવાન સદાશિવ અને નારદ એ બધા માયાવાદીઓના અનુપદોક્ત વાકયને શું લાયક હતા! હરિ, હરિ, હરિ. અગર વેદાદિશાસ્ત્રો અજ્ઞાનીઓ માટેજ હોય અને તેઓનેજ અધ્યસ્ત હોય તો શ્રીમદ્ભગવદ્ગીતામાં અધ્યાસ સ્પર્શમાત્રરહિત શ્રીકૃષ્ણ ભગવાન એમ નહિ કહેત કે 'वेदांतकृद्वेदविदेवचाहम्' અર્થાત્ વેદવેદાંતાદિ શાસ્ત્રોનો રચનાર તથા જાણનાર હુંજ છું.' અને શ્રીમદ્ભાગવતમાં પૂર્ણ બ્રહ્મજ્ઞાતા શ્રીશુકદેવજી પણ આવી રીતે ન કહેત કે:—

परिनिष्ठितोऽपि नैर्गुण्ये उत्तमश्लोकलीलया।
गृहीतचेता राजर्षे आख्यानं तदधीतवान्॥

અર્થાત્—પહેલાં હું નિર્ગુણ બ્રહ્મમાં પરિનિષ્ઠિત હતો, પરંતુ ભગવલ્લીલા ગુણોથી આકર્ષિત હૃદય થઇ આ શ્રીમદ્ભાગવતનું અધ્યયન કરવા લાગ્યો. આનાથી ઉપોદ્ઘાતનું 'આ અધ્યાસનેજ દૂર કરવા વાસ્તે વેદાંતાદિ શાસ્ત્રોની પ્રવૃત્તિ થઇ છે.' આ વાક્ય પણ સમાલોચિત સમજવું જોઇએ, અન્યથા અગર અધ્યાસને દૂર કરવા માટેજ શાસ્ત્રોની પ્રવૃત્તિ હોત તો પછી જન્મથી લઇ અધ્યાસ રહિત શ્રીશુકદેવજી પરમ વેદાંતસાર શ્રીમદ્ભાગવતનું અધ્યયન કદાપિ ન કરત. વળી દેહ, ઇંદ્રિય, ઇત્યાદિમાં 'મારૂં' આ અભિમાન રહિત આત્માનું પ્રમાતાપણું થઇ શકતું નથી, તથા પ્રમાતૃત્વ અનુપપન્ન થવાથી પ્રમાણ-પ્રવૃત્તિ સુતરાં અનુપપન્ન છે એ પણ કહેવું ઠીક નથી. કારણ યદ્યપિ દેહધારી જ્ઞાની અથવા જીવન્મુક્તને દેહ, ઇંદ્રિયાદિમાં અભિમાન નથી થતું તથાપિ તેઓને પ્રમાણપ્રવૃત્તિ થાય છે, જેમાં પ્રમાણની પ્રવૃત્તિ થાય છે એવું રાજ્ય રાજા જનક ચલાવતા હતા, એ માટે '**तमेतमविद्याख्यं**' ઇત્યાદિ અર્થાત્ 'અવિદ્યાખ્ય અધ્યાસને મોખરે કરી પ્રમાણપ્રમેયાદિ વ્યવહાર ચાલે છે એવું કહેવું પણ ઉપહાસ કરવા યોગ્યજ સમજવું. આવી રીતે શાંકરભાષ્યોક્ત પ્રથમ ઉપોદ્ઘાત કેવલ બુદ્ધિવાદ માત્ર છે એ સિદ્ધ થઇ ચૂક્યું.

૬૨. વાસ્તવ રીતે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં તો, બ્રહ્મજ, જીવ, ઇશ્વર, જડ, ચૈતન્ય, પ્રમાણ, પ્રમેય, વેદ, શાસ્ત્ર ઈત્યાદિ રૂપે પરિણામને પામે છે. એ અમે 'અવિકૃતપરિણામવાદ' નિરૂપણમાં શ્રુતિ, સ્મૃતિ, પુરાણ તથા દૃઢતર ઉપપત્તિઓદ્વારા સિદ્ધ કરી ચુક્યા છીયે. માટેજ વેદશાસ્ત્રાદિ બધાં બ્રહ્માત્મક હોવાથી સત્ય છે તથા શિરોમાન્ય છે. તેના દ્વારા ભગવદનુગ્રહથવાથી ભગવન્માહાત્મ્ય-

જ્ઞાન, અજ્ઞાનનિવૃત્તિ, અને મોક્ષ થાય છે. એટલાજ માટે અલૌકિક, અર્થવાદસહિત ચારે વેદો તથા વેદાર્થનો અનુવાદ કરનારાં વ્યાસસૂત્રો, ભગવદ્ગીતા અને સમાધિદ્વારા પ્રાપ્ત શ્રીમદ્ભાગવત, એ ચારે અલૌકિક બ્રહ્મનિરૂપણમાં પ્રમાણ છે આ ચારથી જેટલાં પ્રમાણસમૂહ વિરૂદ્ધ છે, તે બધાં શુદ્ધ બ્રહ્મવાદમાં અભિમત નથી' એજ શ્રીમદ્વલ્લભાચાર્યે કહ્યું છે કેઃ—

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ।
एतद्विरुद्धं यत्सर्वं न तन्मानं कथंचन ।

तत्वदीपानिबंधः

અર્થાત્ વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર, શ્રીમદ્ભાગવત, આ ચાર બ્રહ્મનિરૂપણમાં પ્રમાણ છે. એનાથી વિરૂદ્ધ જે કંઈ હોય તે સર્વ પ્રમાણ નથી. ચકારથી અવિરૂદ્ધ જૈમિનિસૂત્ર પણ પ્રમાણ છે, અથવા વિરૂદ્ધાંશનો પરિત્યાગ કરી સર્વ પ્રમાણ છે. ન્યાય, વૈશેષિક, સાંખ્ય, મીમાંસા માયાવાદાદિ સ્વીકૃત, બીજાં બાકી રહેલાં ત્રણ કે ચાર પ્રમાણો બ્રહ્મજ્ઞાન કરાવવામાં સમર્થ નથી. કારણ કે ઇન્દ્રિયજન્ય[1] પ્રત્યક્ષનો ભાર સત્ત્વગુણ પર છે. માટેજ તે પરતંત્ર પણ છે. અને સત્ત્વગુણની ન્યૂનતા વિગેરે કારણોથી તથા સંદિગ્ધ હોવાથી પ્રત્યક્ષ, બ્રહ્મનિર્ણયમાં પ્રમાણ થઇ શકતું નથી. સત્ત્વગુણ પ્રકાશક છે. તે સત્ત્વગુણની શુદ્ધિ વેદોકત સાધનોથી થાય છે. માટે સ્વતંત્ર સર્વાશ્રયીભૂત, તથા ભગવન્નિશ્વાસભૂત, વેદજ અલૌકિક. સ્વતંત્ર

---

[1] चक्षुरादीनां प्रामाण्यमन्यमुखनिरीक्षकत्वेन न स्वतः । भ्रमानुत्पत्तिप्रसंगात् । सत्वसहितानामेव चक्षुरादीनां प्रामाण्यात् । तस्मान्निरपेक्षा एव भगवन्निश्वासभूता वेदाः प्रमाणम् । अणु. भा. १. १. ४ । २ वेदो नारायणः साक्षात्स्वयंभूरितिशुश्रुमः । भाग. ६ स्कं. ।

તથા સર્વાશ્રયીભૂત બ્રહ્મનિર્ણયમાં સમર્થ થઇ શકે છે. વેદ, ઈશ્વરનું અલૌકિક જ્ઞાનસ્વરુપ છે. માટે તે પૂર્ણ જ્ઞાનક્રિયાશકિતયુકત બ્રહ્મનું પ્રતિપાદન કરી શકે છે! અને વેદાર્થાનુવાદક હોવાથી અથવા ઉત્તરોત્તર સંદેહવારક હોવાથી અન્ય ગીતા વિગેરે ત્રણ શબ્દ પણ બ્રહ્મનિર્ણયમાં પ્રમાણ છે.

૬૩. ઠીક, હવે અમે માયાવાદીઓએ કલ્પેલી જીવસ્વરૂપની સમાલોચના કરીએ છીએ. કેટલાક અદ્વૈતાભિમાનીઓ આવી રીતે કહે છે કે મલિન સત્ત્વપ્રધાન માયામાં (અવિદ્યામાં) નિર્ધર્મક બ્રહ્મનું પ્રતિબિંબજ જીવ કહેવાય છે. પંરંતુ એ યુકત નથી. કારણ કે અદ્વૈતાભિમાની માયાવાદી બ્રહ્મને નીરૂપ માને છે. અને અવિદ્યાને મલિનસ્વરુપ. એટલા માટે નીરૂપ બ્રહ્મનું મલિનવસ્તુ અવિદ્યામાં પ્રતિબંબ પડવુંજ અસંભવ છે. પ્રતિબિંબનો એવો નિયમ છે કે સ્વચ્છ વસ્તુમાં સાકાર પદાર્થનુંજ પ્રતિબંબ પડે છે. અગર મલિનમાં નીરૂપ (રૂપ વગરનું)નું પણ પ્રતિબિંબ પડતું હોય તો

---

[१] तत्र न तावद् ब्रह्मप्रतिबिम्बो जीव इति पक्षो युक्तिसहः । तथाहि ब्रह्मणो नीरूपत्वेन प्रतिबिम्बाश्रयस्याज्ञानस्य अस्वच्छत्वेन क कस्य प्रतिबिंबः स्यात् । रूपवत एव प्रतिर्बिबनियमात् । दृष्टानुसारिणी हि कल्पनोचिता । अन्यथा वायुदारुणोरपि बिंबत्वप्रतिबिंबाश्रयत्वप्रसंगात् । ननु दर्पणादावाकाशप्रतिबिम्बो दृश्यते, न, तावद्देवदेशीयप्रभामण्डलस्यैव रूपवत्त्वेन प्रतीतेः । किंच यत्र यदस्ति तत्र तत्र प्रतिबिम्बते, दर्पणरेखावत् । तथा च सर्वगतस्य ब्रह्मणोऽविद्यायामपि सर्वगतायां सत्त्वेन कथं प्रतिबिम्बः स्यात् । किंच द्वा सुपर्णा सयुजा ' गुहां प्रविष्टौ परमेपरार्धे ' गुहां प्रविष्टावात्मानौ हि तद्दर्शनादि' त्यादिश्रुतिन्यायनिर्णीता जीवब्रह्मणोरेकत्र स्थितिर्बिम्बप्रतिबिम्बपक्षे न संगच्छते । अपरं च अविद्यायां ब्रह्मप्रतिबिंबो जीव इति मोक्षश्चाविद्यानाश इति वदतस्तव मते जीवस्वरूपनाश एव मोक्ष इति संपद्यते तथा च आत्महानमपुरुषार्थ इति मोक्षस्य अपुरुषार्थत्वमापद्यते । विद्वन्मण्डनम् ।

પછી કાષ્ટમાં વાયુનું પ્રતિબિંબ પણ પડવું જોઇએ, કદાચ કહો કે દર્પણાદિમાં નીરૂપ આકાશનું પણ પ્રતિબમ્બ પડે છે. પંરંતુ એ પણ ભૂલ છે, કારણ કે તે આકાશનું પ્રતિબિંબ નથી. કિંતુ દેવદેશીય પ્રભામંડળનીજ રૂપવાનની માફક પ્રતીતિ થાય છે. અને સમગ્ર સિદ્ધાંતોમાં આકાશને નીરૂપજ માન્યું છે માટે અન્યથાનુપપત્તિથી પણ તે પ્રતિબિંબ પ્રભામંડળનોજ માત્ર ભ્રમ છે. બીજો પણ પ્રતિબિંબનો એવો નિયમ છે કે તે અન્યત્ર રહેલા પદાર્થનુંજ પડે છે. દર્પણમાં રહેનારી આંતરિક રેખાઓનું દર્પણમાં પ્રતિબિંબ પડતું નથી. એવીજ રીતે બ્રહ્મમાં રહેતી માયામાં બ્રહ્મનું પ્રતિબિંબ પડી શકતું નથી અને એવી એક રીત છે કે જેનું પ્રતિબિંબ પડે છે તે અને પ્રતિબિંબ એ બંને એક જગ્યાએ રહેતાં નથી. માટે માનવું પડશે કે પ્રતિબિંબી બ્રહ્મ અન્યત્ર છે અને પ્રતિબિંબ અન્યત્ર છે, અને એવું માનવાથી ' गुहां प्रविष्टावात्मानौ ' ' द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ' ઇત્યાદિ શ્રુતિસૂત્ર, પ્રતિબિંબ પક્ષમાં વિરૂદ્ધ પડે છે, કારણ કે એ પક્ષમાં બિંબી અને બિંબની એકત્ર સ્થિતિ સંભવતી નથી. અને આ શ્રુતિઓમાં તો જીવાત્મા તથા પરમાત્માની એકત્ર સ્થિતિ કહી છે. માયાવાદીગણ જેવી રીતે અવિદ્યામાં બ્રહ્મ પ્રતિબિંબને જીવ માને છે તેમ અવિદ્યા નાશનેજ મોક્ષ માને છે. તો પછી તેમને ત્યાં એક પ્રકારનો આત્મનાશજ મોક્ષ થયો, કારણ કે અવિદ્યાનો નાશ થવાથી તેમાં પ્રતિબિંબરૂપ જીવનો પણ નાશ થયો, અર્થાત્ આત્મનાશજ થયો. અને આત્મનાશ તો અપુરૂષાર્થ કહેવાય છે માટે પ્રતિબિંબ પક્ષમાં ચતુર્થ પુરૂષાર્થનોજ નાશ થઇ જાય છે.

૬૪. વળી 'પ્રતિબિંબપક્ષ સ્વીકારવાથી જીવ એક પ્રકારે અસત્ય થયો, કારણ કે લોકમાં પ્રતિબિંબ અસત્યજ પ્રસિદ્ધ છે તો પછી પરલોક માટે કોઇ પણ પ્રયત્ન કરશે નહિં; કારણ કે જેને મોક્ષની ઈચ્છા છે, તે મોક્ષ તથા પોતાના સ્વરૂપને જાણીનેજ મોક્ષ માટે પ્રયત્ન કરશે, અર્થાત્ 'હું બદ્ધ છું માટેજ દુઃખી છું, મોક્ષ સુખસ્વરૂપ છે તેમાં સર્વદુઃખોની નિવૃત્તિ થઈ જાય છે,' આવું સમજી જીવ મોક્ષસાધન સન્માર્ગનું અવલમ્બન કરે છે. પરંતુ માયાવાદની અનુસાર, મોક્ષ, બંધ, તથા મોક્ષસાધન વિગેરે બધાનેજ જ્યારે મિથ્યા સાંભળશે અને સમજશે ત્યારે મુમુક્ષુ વિચાર કરશે કે જ્યારે મોક્ષ, બંધાદિ બધું કલ્પનામાત્ર છે, તો મોક્ષ પણ એક પ્રકારે ખુર (કુસકા) નોજ લાડુ થયો. તેને માટે પ્રયત્ન કરવો પણ મૂર્ખતા છે. હું મોક્ષ મેળવી શું કામ આત્મનાશ કરાવું આવી રીતે મોક્ષની તરફ બધાનીજ પ્રવૃત્તિ ન થવાથી સર્વ સન્માર્ગને ઉચ્છેદજ આવી પડશે. જેમ સ્વાપ્નિક ભોજન, તેનાં સાધનો, તથા તત્સંબંધી તૃપ્તિને માટે કોઈ પણ ડાહ્યો માણુસ પ્રયત્ન કરતો નથી. તેમજ મિથ્યાવાદીઓનાં મોક્ષ તથા તદુક્ત સાધનોને માટે પણ કોઈ યત્ન કરશે નહિં. એ માટે પ્રતિબિંબવાદ માનવો અને વેદોક્ત સત્કર્મનું પિંડશ્રાદ્ધ કરવું એ બરોબર છે.

---

[1] जींवस्यालीकत्वमपि स्यात् । तथा सति कोपि पारलौकिकप्रयत्नं न कुर्यात् । तथाहि मुमुक्षुर्हि मोक्षस्वरूपं बद्धत्वेन स्वस्वरूपं च शास्त्रोक्तसाधने यतिष्यते तथा चोक्तोभयस्वस्वरूपज्ञाने सर्वं मिथ्येति ज्ञात्वा सर्वाप्रवृत्तौ निवृत्तिमार्गएवोच्छिद्यते । न हि प्रतिबिम्बिताम्रतरुकदम्बफलादानाय प्रसारितबाहुः प्रतिबिंबितत्वं जानन् दृष्टचरः कश्चित् । एवं वेदे तथात्वं जानन् । ननु स्वाप्न स्वाप्निकफलार्थं प्रवृत्तिर्दृष्टचरी, सत्यं, दृष्टचरी, तदा तत्सत्यमेवेति विदुषो, न तु स्वप्नमिमं पश्यामि न पारमार्थिकमिति स्वप्न एव विदुष इति गृहाण । विद्वन्मण्डनम्

૬૫. બીજું નદીતટસ્થ આમ્રવૃક્ષોનાં જલમાં પ્રતિબિંબિત આમ્ર ફલોને દેખી 'આ માત્ર ફલોનું પ્રતિબિંબજ છે, વસ્તવમાં કંઇ પણ નથી,' આમ સમજનારો માણુસ તે ફલોને કાઢવા માટે જલમાં હાથ નથી નાખતો અથવા તેઓને કાઢવા માટે અન્ય ઉપાય પણ આચરતો નથી. તેવીજ રીતે મુમુક્ષુ પણ જીવસ્વરૂપને તથા મોક્ષ સ્વરૂપને કલ્પના માત્ર સમજી તેને માટે કદાપિ ઉદ્યોગ કરશે નહિં. હા, અગર એ ઉત્તર આપો કે જેમ સ્વપ્નમાં સ્વાપ્નિક ફલોને ગ્રહણ કરવા વાસ્તે પ્રત્યેક મનુષ્ય ઉદ્યોગ કરે છે, તેમજ અહીં પણ તેની માફક મોક્ષને માટે ઉદ્યોગ સંભવે છે તો એનો એટલોજ પ્રત્યુત્તર છે કે હા, સ્વપ્નમાં મનુષ્ય સ્વાપ્નિક ફલો માટે પ્રયત્ન કરે છે ખરો, પરંતુ ત્યાં સુધીજ તે પ્રયત્ન કરે છે કે, જ્યાં સુધી એ ફલોને સત્ય સમજી રહ્યો છે, અગર સ્વપ્નમાંજ તે તે ફલોને સ્વાપ્નિક સમજી લેય તો કદાપિ ઉદ્યોગ કરે નહિં; માટે પ્રતિબિંબવાદ માનવામાં યજ્ઞયાગાદિ સત્કર્મોનો વિધ્વંસ થઇ જાય છે.

૬૬ બીજું અગર જીવને પ્રતિબિંબ માનીએ તો જીવનમુકિત કોઇપણ પ્રકારે થઈ શકતી નથી. કારણ કે પ્રતિબિંબને કયાં તો અંતઃકરણમાં માનો અથવા અવિદ્યામાં સમજો. અગર અંતઃકરણમાં પ્રતિબિંબજ જીવ છે, આવું માનો તો જીવન્મુકતને પણ અંતઃકરણ હોવાથી તેને પણ સંસારી કહેવો જોઇએ, મુક્ત નહિં. કદાચ કહો કે જ્યારે અંતઃકરણ નહિં રહેશે ત્યારે તેને મુક્ત કહીશું તો એ વાત તો જ્યાં સુધી તે જીવતો રહેશે ત્યાં સુધી તો સંભવે નહિં, દેહપાત થયા બાદ તો તેને પરમમુકતજ કહીશું, પણ જીવન્મુકત નહિં. યદિ કહો કે જીવન્મુકતાવસ્થામાં પ્રારબ્ધરૂપ થોડીક અવિદ્યા બાકી રહે છે, એ માટે તેના-

દેહાંતઃકરણાદિ રહેતાં છતાં પણ બ્રહ્મસાક્ષાત્કાર હોવાથી તે જીવનમુકતજ કહી શકાય છે. તો પણ ઠીક નહિં. કારણ કે માયાવાદીઓના મતમાં બ્રહ્મસાક્ષાત્કારથી અવિદ્યાનો સમૂળ નાશ માન્યો છે. તો જ્યારે જીવન્મુકતને બ્રહ્મસાક્ષાત્કાર થઈ ચુકયો તો પછી અવિદ્યા પણ કયાં રહી ? અને અંતઃકરણાદિ પણ કયાં રહ્યાં ?

૬૭. ' અવિદ્યામાં' બ્રહ્મનું પ્રતિબિંબજ જીવ કહેવાય છે' આ પક્ષ તો જીવન્મુકિતમાં બીલકુલ અસંગત છે, કારણ કે માયાવાદી અવિદ્યાને અજ્ઞાન કહે છે. અને અપરોક્ષ બ્રહ્મજ્ઞાન થઇ ચુકયું તો તેજ ક્ષણે તેના દેહાદિનું ક્રિયાશાળીપણું તો દૂર રહ્યું, પણ તે દેહાદિ પોતે રહેવાજ ન જોઇએ. અર્થાત્ દેહપાત થઇ જવો જોઇએ. કારણ કે અવિદ્યામાં પ્રતિબિંબરૂપ જીવ, જ્ઞાનદ્વારા નષ્ટ થઇ ચુકયો છે. અગર અહીં પણ એમ કહો કે પ્રારબ્ધમાત્ર અવિદ્યા બાકી રહી ગઇ છે. માટે બધુંય સંભવે છે તો પણ ઠીક નથી. કારણ કે બ્રહ્મજ્ઞાન થવાથી તેની (અવિદ્યાની) જરાય સ્થિતિ સંભવતી નથી. અને બ્રહ્મજ્ઞાનથી તેનો નાશ ન થયો તો કોઇથીએ એનો નાશ થઇ શકશે નહિં. યદિ પ્રારબ્ધરૂપ અવિદ્યાનો ભોગથી નાશ થઇ જશે એમ કહો તો પણ યુકત નથી. કારણ કે ભોગ પણ ત્હમારા મતમાં એક પ્રકારનું અજ્ઞાન કે

---

[1] जीवन्मुक्त्यनुपपत्तिश्च । तथाहि अन्तःकरणे अविद्यायां वा त्वया प्रतिबिंबो वाच्यः । अन्तःकरणपक्षे जीवन्मुक्तस्य तत्सत्त्वे संसारित्वमेव स्यात् । तदसत्त्वे परममुक्तिरेव, क्व जीवन्मुक्तिः । अविद्यापक्षस्तु सुतरामसंगतः । तस्य अपरोक्षज्ञानवत्त्वेन अज्ञानस्य निवृत्त्या तत्प्रतिबिंबरूपजीवरूपस्यापि निवृत्तत्वात् जीवन्मुक्तस्य देहः स्पन्दितुमप्यसमर्थः स्यात् । न च प्रारब्धमात्रशेषाऽविद्या तदाऽस्तीति सर्वमुपपद्यत इति वाच्यम् । ब्रह्मसाक्षात्कारैकनाश्यायास्तस्यास्तस्मिन् सति वक्तुमशक्यत्वात् प्रतिबन्धकाभावात् । तेनानिवृत्तौ कदाप्यनिवृत्तिप्रसंगश्च ।

અજ્ઞાનકાર્યજ છે. તો પછી પ્રારબ્ધરૂપ અવિદ્યાનો ભોગરૂપ અવિદ્યાથી નાશ થવો અસંભવિત છે. રજ્જુમાં સર્પભ્રમની જગ્યાએ બરોબર રજ્જુનું જ્ઞાન થઇ ગયા પછી કોઇ પણ અંશમાં સર્પજ્ઞાન અથવા તેનાથી થતાં ભયાદિ નથી રહેતાં, અગર કહો કે કંપાદિ તો પછી પણ રહે છે, તો ભલે રહે, પણ તેના રહેવાથી તે મનુષ્ય કોઇને પોકારતો નથી તેમ ત્યાંથી ભાગવાની પણ કોઇ ચેષ્ટા કરતો નથી, એવીજ રીતે જીવનમુક્તનો દેહ ભલે રહો, પરંતુ તે ભોગાદિ તો કરી શકતો નથી. જેમ સુષુપ્તિમાં દેહમાત્ર રહે છે પરંતુ કંઇ તેનાથી ખાવું, પીવું કે ચાલવું વિગેરે કોઇ પણ ભોગ થતો નથી, તેમજ જીવનમુકતના દેહાદિ ભલે રહે, પરંતુ ચેષ્ટા અને ભોગાદિ ન થવાં જોઇએ, કારણ કે અધ્યાસ (અજ્ઞાન, અવિદ્યા) નો નાશ થઇ ચૂકયો છે. પરંતુ ઋષભદેવ, શુકદેવ, વામદેવ, વિગેરે જીવન્મુકતોને બધીએ ક્રિયા કરતાં સાંભળ્યા છે. અગર જીવન્મુકિત ન માનો તો 'ब्रह्मवेद ब्रह्मैव भवति' ' तमेतं विद्वानमृत इह भवति ' ' ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति' અર્થાત્ બ્રહ્મજ્ઞાની બ્રહ્મસ્વરુપ થઇ જાય છે. નિરંજનાત્મા બ્રહ્મસ્વરૂપ જીવન્મુકત, શોક અને કાંક્ષાઓથી રહિત થઇ જાય છે. ઇત્યાદિ જીવન્મુકત પ્રતિપાદક શ્રુતિ, તથા સ્મૃતિઓ વ્યર્થ થઇ જશે, માટે પ્રતિબિંબપક્ષ અનેક દૂષણોથી ગ્રસ્ત થયેલો હોવાથી કોઇ કામનો નથી અને વેદાદિમાં ન હોવાથી અવૈદિક પણ છે.

भोगैकनाश्यं तदिति चेत् । तर्ह्यविद्यातत्कार्यातिरिक्तं तदिति चेद्वक्तुमुद्यतोसि । न हि रज्जुज्ञानानन्तरं केनाप्यंशेन तस्मिन् सर्पज्ञानं तत्कृतभयादिकं चानुवर्तते । अनुवर्तते कम्पादिरिति चेत्, अनुवर्ततां नाम पूर्वकारणजः स्वरूपसत्कम्पो न तु तेनाऽन्यत्किंचित्कर्तुं शक्यम् । एवं प्रारब्धेनापि देहविद्यमानतैव संपादयितुं शक्या न तु भोगादिरपि, अध्यासाभावात् सुषुप्तौ तथोपलंभात् । विद्वन्मण्डनम् ।

૬૮ કેટલાક[1] માયાવાદીઓનો એવો મત છે કે અગર જીવ પ્રતિબિંબ નહિ તો આભાસ છે, અર્થાત્ જેમ અંગુલિ (આંગળી) ના સંબંધથી એક ચંદ્રને ઠેકાણે બે ત્રણ ચંદ્રો જણાવા લાગે છે, એક દીપકને ઠેકાણે અનેક દીપકો દેખાવા લાગે છે, ખરી રીતે તો અનેક ચંદ્ર કે દીપક કંઇ નથી પણ માત્ર એકજ ચંદ્ર છે. એવી રીતે બ્રહ્મજ અવિદ્યાના સંબંધથી જીવરૂપે અનેક પ્રકારે ભાસમાન થવા લાગે છે. વાસ્તવમાં જીવ બ્રહ્માભાસ છે, બીજું કંઈ નથી. આ પણ માયાવાદીઓનો એક માત્ર મનોરથ જ છે. અમે પૂછીએ છીએ કે આ અવિદ્યાનો સંબંધ કોને થયો અથવા એ ભ્રમ કોને થયો? અગર કહો કે બ્રહ્મનેજ અવિદ્યાસંબંધ અને ભ્રમ થયો તો તે બની શકતું નથી, કારણ કે વિશુદ્ધવિદ્યાત્મક જ્ઞાનસ્વરૂપ બ્રહ્મમાં અવિદ્યા, અજ્ઞાન, અથવા ભ્રમનો અવકાશજ કયાં રહ્યો ? શું કદાપિ સૂર્યને પણ અંધકારનો સંબંધ છે ખરો કે? કદાપિ નહિ. યદિ કહો કે જીવનેજ આ અવિદ્યાના સંબંધથી ભ્રમ થયો છે, તો પછી તે આભાસ કોનુ ? કદાચ કહો કે જીવજ આભાસ છે તો પછી ભ્રમ કોને થયો? ચંદ્રાભાસના દૃષ્ટાંતમાં તો સત્યચંદ્ર, આભાસ, અને દ્રષ્ટા આ ત્રણના હોવાથી કાર્ય સરી શકે છે, પરંતુ અહીં તો એક બ્રહ્મની શિવાય બીજું કંઇ પણ નથી. માટે જીવ આભાસ છે આ ઉક્તિ (કથન) માત્ર નિર્યુક્તિકજ (યુક્તિવગરનું) છે.

૬૯ વળી અહીં એક બીજો પણ પ્રશ્ન ઉભો થાય છે કે બ્રહ્મ અને અવિદ્યાનો આ સંબંધ અનાદિ છે કે સાદિ ?

---

[1] न वयं प्रतिबिम्बं ब्रूमः किन्त्वङ्गुल्यादिसम्पर्काच्चन्द्रादिद्वैताभासवदविद्यातो ब्रह्माप्यनेकवदवभासमानं द्वित्र्यादिसंख्यायोगि जीवपदवाच्यम्, नैतद्विद्वदादरणीयम् । इत्यादि । विद्वन्मंडनम् ।

તો 'જીવ ઈશો ઈત્યાદિ માયાવાદીની પ્રતિજ્ઞાની અનુસાર તે સંબંધ અનાદિ છે આજ કહેવું પડશે. તો પછી અવિદ્યા, બ્રહ્મ અને બંનેનો સંબંધ આ ત્રણે અનાદિ હોવાથી જીવનો બ્રહ્મથી વિભાગ પણ અનાદિ સિદ્ધ થયો અને એમ સિદ્ધ થવાથી અવિદ્યાના સંબંધથી જીવનો બ્રહ્મથી વિભાગ છે, આવો જે અવિદ્યા–સંબંધ અને જીવવિભાગનો પરસ્પરમાં જ કાર્યકારણભાવ છે તે જતો રહેશે. કેમકે કારણ હંમેશાં પહેલાં રહે છે ને પછી કાર્ય. પરંતુ અહીં તો બંને એકકાલિક છે, માટે બ્રહ્માભાસ જીવ છે આ પક્ષ પણ યુક્તિથી ટકી શકે તેમ નથી.

૭૦. '[1]કેટલાક અદ્વૈતવાદીઓ કહે છે કે વેદમાં અનેક ઠેકાણે જીવ અને બ્રહ્મનું ઐક્ય કહ્યું છે. અને તે ઐક્ય (અભેદ) અગર જીવ અને બ્રહ્મ બંને અલગ અલગ હોય તો થઇ શકતું નથી; માટે અમે તે બંનેનો ભેદ (જુદાપણું) અવિદ્યા ઉપાધિથી માનીએ છીએ અને એટલા માટે 'तत्त्वमसि' આ મહાવાક્યમાં ભાગત્યાગ લક્ષણા માની છે. અર્થાત્ જેમ કોઈએ દેવદત્તને કાશીમાં જોયો છે તે વખતે તેની અવસ્થા દશ બાર વર્ષની હતી. હજી દાઢીનાં ફણગાંએ ફૂટયાં ન હતાં. કંઇક પાતળો પણ હતો. ત્યાર પછી કેટલાક વર્ષો બાદ ફરી તે પ્રયાગમાં જોવામાં આવ્યો તો તે જોનાર માણસ પોતાના સાથીને કહેવા લાગ્યો કે અહા ! આ તે જ દેવદત્ત છે. યદ્યપિ અહીં તે દેવદત્ત કાશીમાં જોયેલો હતો તેનાથી કંઇ જુદોજ માલુમ પડતો હતો કારણ કે તે સમયે તે પાતળો તથા દુર્બલ હતો, કંઇક નાનો પણ હતો, મૂછ પણ ફૂટી નહિં હતી. અને હમણાં તો તે મોટો

---

[1] किंच जीवपरमात्मनोरित्यादि विद्वन्मंडनम् ।

તથા લાંબો છે, મૂછ તથા દાઢી વાળો છે, છતાં પણ અહીં તેનો પહેલાના દેવદત્તથી અભેદજ છે, કારણ કે તે અવસ્થાની વાતો તથા આ અવસ્થાની ભેદ દેખાડનારી વાતો બધી માત્ર ઉપાધિ હતી. ને ઉપાધિનો પરિત્યાગ કરી દીધો એટલે તે અને આ દેવદત્ત એકજ છે; અને એટલાજ માટે ‘ **सोयं देवदत्तः** ’ આ પ્રયોગ થાય છે. એવીજ રીતે ‘ तत् त्वं आसि ’ અહીં तत् તે બ્રહ્મ त्वं असि તું છે. આવો જીવ અને બ્રહ્મનો ભાગત્યાગલક્ષણાથી અભેદ કર્યો છે. અર્થાત્ યદ્યપિ બ્રહ્મ સર્વજ્ઞ છે, અને જીવ તો અલ્પજ્ઞ છે. એ સર્વજ્ઞ અને અલ્પજ્ઞનું ઐક્ય થઇ શકતું નથી, છતાં પણ તે (સર્વજ્ઞતા-અલ્પજ્ઞતા) તેઓની (જીવ-બ્રહ્મની) ઉપાધિ છે. જ્યારે તે સર્વજ્ઞ અલ્પજ્ઞ, વિગેરે ઉપાધિભાગનો ત્યાગ કરી દીધો તો તે બંને જીવ, બ્રહ્મ ચિન્માત્ર શુદ્ધ જ્ઞાનસ્વરૂપ હોવાથી એકજ છે, આવી રીતે ‘तत्त्वमसि’ આ મહાવાક્યમાં સર્વજ્ઞત્વાદિ ઉપાધિનો પરિત્યાગ કરી જીવ બ્રહ્મનું ઐક્ય કર્યું છે માટેજ અવિદ્યોપાધિ પરિચ્છિન્ન બ્રહ્મજ જીવ કહેવાય છે, વાસ્તવમાં જીવ કોઈ બીજો પદાર્થ નથી.

૭૧. આવું કહેવું પણ પૂર્વાપર વિચારથી શૂન્ય છે. કારણ કે ન તો ‘ **तत्त्वमसि** ’ આ મહાવાક્ય છે અને નથી એમાં ભાગત્યાગલક્ષણા. આ માત્ર ઉપનિષનિષદ્દના અર્થની અપહ્નુતિ (ચોરી)જ છે. કારણ કે અસલ વાત તો એ છે કે છાંદોગ્યોપનિષદ્દમાં એક ઇતિહાસ છે. ત્યાં છઠ્ઠા અધ્યાયમાં ‘ ॐ **श्वेतकेतुः आरुणेयः** ’ ઇત્યાદિ શ્રુતિઓદ્વારા કહ્યું છે કે આરૂણિ ઋષિનો શ્વેતકેતુ નામનો પુત્ર હતો અને તે સ્તબ્ધ હતો. પિતાએ મહામુશ્કેલીએ તેને ભણાવ્યો જ્યારે તે વેદવેદાંગ બધું ભણી ચુક્યો ત્યારે પણ સ્તબ્ધ (અભિમાની)જ રહ્યો. ત્યારબાદ એક દિવસ પિતાએ તેને કહ્યું કે હે પુત્ર ! તને અભિમાન તો ઘણું છે પરંતુ તેં કોઈને ક્યારે પણ એવું

પૂછ્યું છે કે જે એકના સાંભળવાથી, માનવાથી તથા જાણી લેવાથી આ બધું જાણી, માની, તથા સાંભળી લેવાય છે. આ સાંભળી શ્વેતકેતુને આશ્ચર્ય લાગ્યું અને તે બોલ્યો કે હે ભગવન્ ! તે આજ્ઞા કઈ છે ?’ ત્યારે આરૂણિ બોલ્યા કે ‘ હે ભોળા પુત્ર ! જેમ એક મૃત્પિંડના જાણવાથી બધાંજ માટીના પાત્રો જાણી લેવાય છે, કારણ કે માટીનાં પાત્રાદિ એ મૃત્તિકાનુંજ વાણીથી આરબ્ધ નામ માત્ર છે, અને તે મૃદ્રૂપ હોવાથી સત્યંજ છે.’ આવું સાંભળી પુત્ર બોલી ઉઠ્યો કે ‘ હે ભગવન્ ! આપે મને આવું પહેલેથી કેમ ન કહ્યું ? હવે કૃપા કરી આ વાત ઠીક બરોબર રીતે સમજાવો. ’

ત્યારે આરૂણિએ આવી રીતે એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા કરી પુત્રને બ્રહ્મજ્ઞાન કરાવવાનો પ્રારંભ કર્યો છે. અહીં એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા કરી છે, તે પ્રતિજ્ઞા, અગર એકસ્વરૂપ બધું હોય ત્યારેજ બની શકે છે. જેમ સુવર્ણખંડ અને સુવર્ણનાં ભૂષણાદિ બધું સુવર્ણજ હોય તો એક સુવર્ણના જ્ઞાનથી બધાનું જ્ઞાન થઇ શકે છે. એવીજ રીતે આ બધું જગત્ અગર બ્રહ્માત્મક હોય તો જ એક બ્રહ્મવિજ્ઞાનથી સર્વવિજ્ઞાન થઇ શકે છે. માટે એક બ્રહ્મવિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન થવાને માટે ‘ **सदेव सौम्येद** ’ અહીંથી લઇ ‘ **एतदात्म्यमिद ꣳ सर्वम्** ’ અહીં સુધી સર્વ પ્રપંચને બ્રહ્માત્મક કહ્યો છે. અર્થાત્ આરૂણિએ પુત્રને બ્રહ્મજ્ઞાન કરાવવા વાસ્તે વડનું એક ફળ મંગાવી ફોડાવ્યું અને પછી પુછ્યું કે ‘ આમાં તું શું જુએ છે ? ’ તો તેણે કહ્યું કે ‘ ન્હાનાં ન્હાનાં બીજ જોઉં છું. ’ ગુરૂએ ફરી કહ્યું કે ‘ એમાંથી એકને લઇ તેને ફોડ.’ તેણે તેમ કર્યું, ગુરૂએ

---

[૧] तत्रोपक्रमे ‘ अपि वा तमादेशमप्राक्षो ’ इत्यादि श्रुतिद्वारा एकविज्ञानेन सर्वविज्ञानं प्रतिज्ञातं तदेकमेव चेत्सर्वं भवेत्तदोपपद्यते इत्यादि. विद्वन्मंडनम् ।

ફરી પુછ્યું કે 'હવે તું શું જુએ છે?' તેણે કહ્યું કે 'હવે કંઈ દેખાતું નથી.' ત્યારે ગુરુ બોલ્યા કે 'હે પુત્ર! જેમ ન દેખાતાં આ અણુરૂપ બીજથી સમગ્ર વૃક્ષ બન્યું છે. તેમજ અજ્ઞાની ઓથી ન પ્રત્યક્ષ થતા તે પરમાત્માથીજ આ બધું જગત્ બન્યું છે, અને બ્રહ્માત્મક છે.' અહીં પુત્રને જડ જગત્‌ને વિનાશી જોઇ બ્રહ્મરૂપ ન હોવાની શંકા થઈ આવી ત્યારે તે શંકાને દૂર કરવા કાજે આગળ કહ્યું કે 'तत्सत्यं' અર્થાત્ આ બધું સત્ય છે. આવી રીતે જડ પદાર્થ (પૃથ્વી આદિ) ને બ્રહ્માત્મક કહી જીવને પણ બ્રહ્માત્મક કહે છે, 'तत्त्वमसि' અર્થાત્ 'હે શ્વેતકેતુ! त्वं તું ચેતન तत् असि અર્થાત્ બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મ છે, બ્રહ્માત્મક છે. જેમ 'ऐतदात्म्यमिदं सर्वं' અહીં લક્ષણા નથી તેમ 'तत्त्वमसि' અહીં પણ લક્ષણા નથી. અને 'तत्त्वमसि' આટલોજ વાકયનો ટુકડો બ્રહ્મ તથા જીવનો અભેદ બોધક નથી, પરંતુ સમગ્ર પ્રપાઠક જડ, જીવ, બ્રહ્મનો અભેદ કહી રહ્યું છે. માટે બધું પ્રપાઠકજ મહાવાકય છે, અગર થોડો ટુકડોજ બ્રહ્માત્મક નિરૂપક તથા મહાવાકય છે આમ માનો તો વાકયભેદ તથા ઉપક્રમવિરોધ આવી પડશે. અને એટલા માટે જીવ બ્રહ્માત્મક હોવાથી આભાસ થઈ શકતો નથી. યદિ જીવ આભાસ અલીક હોય તો સત્તાવાચક (હોવું-થવું) असि આવું પદ ન કહેત. માટે જીવ બ્રહ્માભાસ છે આ કલ્પના પણ આકાશનાં ફૂલોનો હાર બનાવવા જેવી છે.

શુદ્ધાદ્વૈત મતમાં જીવનું સ્વરૂપ.

૭૨. અહીં એવો પ્રશ્ન થાય છે કે જ્યારે જીવ આભાસ નથી, ઔપાધિક નથી, પ્રતિબિંબ નથી તો શું છે? તો એનો ઉત્તર એ છે કે જીવ બ્રહ્મનો અંશ છે, કારણ કે શ્રુતિમાં 'पादोऽस्य

विश्वा भूतानि' વિશ્વ માત્ર ભગવાનનો અંશ છે. આ વાકયથી જડજીવાદિને અંશ કહ્યાં છે. અહીં બ્રહ્મ નિરવયવ છે. અર્થાત્ અવયવ વગરનું છે. તો પછી જીવ તેનો અંશ કેમ થઇ શકે? આવી શંકા પણ ન કરવી. કારણ કે બ્રહ્મ લૌકિકપ્રમાણગમ્ય નથી, પરંતુ 'तं त्वौपनिषदं पुरुषं पृच्छामि' 'सर्वे वेदा यत्पदमामनन्ति' 'वेदैश्च सर्वैरहमेव वेद्यः' ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિઓની અનુસાર કેવલ વેદ માત્રથીજ જાણી શકાય છે અને તે શ્રુતિ સ્મૃતિઓમાં જીવને બ્રહ્મનો અંશ કહ્યો છે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ભગવાન્ શ્રીગોકુલેન્દુ પણ આજ્ઞા કરે છે 'ममैवांशो जीवलोके जीवभूतः सनातनः' અર્થાત્ જીવત્વને પ્રાપ્ત થયેલો મારોજ સનાતન અંશ જીવલોકમાં છે. ભગવાનના જ્ઞાનાવતાર શ્રીવેદવ્યાસજી પણ સંદેહનિવારક પોતાની સૂત્રમય ઉત્તરમીમાંસામાં 'अंशो नानाव्यपदेशात्' આ સૂત્રમાં કહે છે કે વેદમાં કોઇ સ્થળે જીવને બ્રહ્મ કહ્યો છે, કયાંક ઉત્પન્ન કહે છે, કોઇ જગ્યાએ અજ્ઞ કહ્યો છે, કયાંક ચિદ્રૂપ, દાસ અને જયારે કયાંક તો અણુ બતલાવ્યો છે. આવી રીતે અનેક પ્રકારે કહેવાથી જીવ બ્રહ્મનો અંશજ છે. અર્થાત પૂર્વોક્ત વિરૂદ્ધ ધર્મો બ્રહ્મને છોડી બીજામાં સંભવે નહિં. અને જીવ બ્રહ્માંશ છે માટે તેને એમજ (અંશજ) કહેવો યુકત છે. અથવા 'यथाग्नेः क्षुद्रा विस्फुलिंगा' 'तदेतत्सत्यम्' ઇત્યાદિ પૂર્વોકત શ્રુતિઓમાં 'બ્રહ્મથી અનેક જીવો નિકળે છે, અને ફરી કાળાંતરમાં તેમાંજ આવી મળે છે.' આવો નાના વ્યપદેશ કર્યો છે. અર્થાત્ બહુવચન આપી અનેક કહ્યાં છે

---

[1] जीवो ब्रह्मणोंऽश एव, कुतः ? नानाव्यपदेशात्, नानाविधो यो व्यपदेशः, क्वचिद्‌ब्रह्मत्वेनेत्यादि अथवा नानाव्यपदेशाद्भेदेन व्यपदेशात् तथा, श्रुतिश्च यथाग्नेः क्षुद्रा विस्फु०। विद्वन्मंडनम्।

માટે જીવ બ્રહ્મનો અંશજ છે. જેમ અગ્નિનો અંશ વિસ્ફુલિંગ (તણખલો) દાહક હોવાથી અગ્નિ કહેવાય છે તેમજ બ્રહ્માંશ હોવાથી જીવ પણ બ્રહ્મ કહેવાયછે. જેમ લોકમાં રાજાના અમાત્ય (પ્રધાન) વિગેરે પણ રાજા કહેવાય છે, તેમજ જીવમાં પ્રમાતૃત્વ, જ્ઞાતૃત્વ, વિગેરે ભગવદ્ધર્મ હોવાથી તે બ્રહ્મ કહેવાય છે.

૭૩. એ તો અમે પહેલાંજ કહી આવ્યા છીએ કે ભગવદિચ્છાથી આનંદનો તિરોભાવ થયા બાદ આ જીવના ઐશ્વર્યાદિ સ્વાભાવિક ગુણો પણ તિરોભાવને પામે છે, માટેજ વ્યામોહિકા ભગવન્માયા એને (જીવને) મોહિત કરે છે. જે મોહમાં આવી આ જીવ પારકી ક્ષણિક વસ્તુઓમાં અહંતા મમતા, સત્યનિત્ય પદાર્થોમાં મિથ્યાભાવના, પરસ્પર રાગદ્વેષ, વિગેરે કરવા મંડી પડે છે. અગર અહીં એવી શંકા થઇ આવે કે જ્યારે ભગવાનજ જીવના ઐશ્વર્યાદિ ગુણોને તિરોહિત કરી તેને મિથ્યાજ્ઞાન વિગેરે દોષયુક્ત કરે છે તો ભગવાનમાં 'उपस्थितहानि' અને 'अकृताभ्यागम' આ બે દોષો લાગુ પડશે, તો તેનો એટલોજ ઉત્તર છે કે આ દોષો જીવના કાર્યમાંજ ગણાય છે, અથવા જીવનાજ દૂષણ કહેવાય છે; કારણ કે લોકમાં એવુંજ જોવામાં આવે છે. સ્વતંત્ર રાજામહારાજા લોક, ઉત્તમ અને વિચિત્ર પ્રાકાર, (કોટ) (પુરદ્વાર નગર-ફાટક) પ્રાસાદ (મહેલ) વિગેરેને તોડાવી ત્યાં મેદાન, બગીચા વિગેરે બનાવી દે છે. અને ક્યારેક તો સેવકના ઐશ્વર્યાદિ ઝુંટવી લે છે, અને વળી પાછા સેવાદિથી સંતુષ્ટ થઇ તેને તેનાંથી બમણું ને તમણું પણ આપી દે છે; લોકમાં આ તેનું કર્મ દોષરૂપે લેખાતું નથી, પણ ઉલટી તેની લોકો બડાઇ કરે છે. જ્યારે થોડી સ્વતંત્રતાવાળા જીવમાં પણ આ કામ દોષરૂપે ટંકાતું નથી તો પછી સકલ ત્રિલોકના નિયંતા, કારણના પણ કારણ, જગદીશ્વર, ભગવાનની આવી આવી અવનવી અને રસમયી ક્રીડાઓમાં આવી શંકા થવીજ અસંભવિત છે. આપશ્રીએ ગીતામાં પણ આજ્ઞા કરી છે કે 'मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च' અર્થાત્ જગતને મારાથીજ જ્ઞાન અને સ્મૃતિ મળે છે, અને હુંજ ક્યારેક તેનો તિરોભાવ પણ કરી નાખુંછું. એ માટે 'જીવ બ્રહ્મનો અંશ છે.' આ પક્ષમાં કોઇ પણ જાતનો દોષ આવતો નથી. માટે આ જ પક્ષ શ્રુતિ, સ્મૃતિ, વિગેરેથી સંમત છે.

૭૪. જે લોકો જીવને વ્યાપક માને છે, તેઓના મતમાં વેદવિરોધ સ્પષ્ટજ ઝળકી ઉઠે છે, કારણ કે વ્યુચ્ચરણશ્રુતિનાં 'व्युच्चरन्ति' 'सर्वे आत्मानः' 'सर्वे जीवाः' વિગેરે પદોમાં જીવને બહુવચનનો નિર્દેશ કર્યો છે. અગર જીવ વ્યાપક હોત તો બહુવચનનિર્દેશ ન કરત, પરંતુ એકવચનજ કહેત. અને 'यतो वा इमानि' આ કારણ પ્રતિપાદક શ્રુતિમાં પણ કહ્યું છે કે 'અનેક જીવો ભગવાનથીજ પેદા થાય છે અને તેમાંજ લીન થઇ જાય છે, યદિ જીવ વ્યાપક હોય તો અહીં પણ તેને માટે બહુવચન કેમ કહેત ? અને વેદમાં જીવના જે ઉત્ક્રમણ, ગમન, આગમન, વિગેરે કહ્યાં છે તે પણ વ્યાપકપક્ષમાં વિરુદ્ધ પડે છે. અને અંશ માનવાથી તો બધોજ વિરોધ દૂર થઇ જાય છે. માટેજ શ્રુતિ, સ્મૃતિ, સૂત્ર,

---

ननु ब्रह्मरूपाणामेव जीवानां सहजगुणांस्तिरोहितान् विधाय मिथ्याज्ञानादिदोषयुक्तत्वकरणे तूपस्थितिहानिरकृताभ्यागमश्च प्रसज्येतेति चेन्न । एतयोर्जीवकृतावेव जीव एव च-दूषणत्वात् । तत्रापि लोकेप्यस्वतंत्रजीवकृतावेव । दृश्यते हि लोकेपि राज्ञां स्वतन्त्राणां० । विद्वन्मंडनम् ।

તથા યુક્તિઓથી પ્રતિપાદિત અને પોષાયેલો પક્ષ તો ' જીવ બ્રહ્માંશ છે, ' એજ છે.

જીવપરિમાણ.

૭૫. અંશ હોવાથીજ જીવ અણુ પણ છે. વેદમાં કહ્યું છે કેઃ—

' एषोऽणुरात्मा चेतसा वेदितव्यो ।
यस्मिन्प्राणः पंचधा संविवेश ॥ ' श्रुतिः
' बालाग्रशतभागस्य शतधा कल्पितस्य च ।
भागो जीवः स विज्ञेयः स चाऽनन्त्याय कल्पते ' ॥ श्रुतिः

બીજું પણ પ્રમાણ વાક્યઃ—

' नित्यः सर्वगतस्थाणुरचलोऽयं[1] सनातनः श्रीमद्भगवद्गीता

અર્થાત્ અણુપરિમાણ જીવ, ભગવત્કૃપાયુક્ત શુદ્ધ મનથીજ જાણી શકાય છે, જેનો પ્રવેશ થયા પછી પ્રાણ પાંચ પ્રકારે પ્રવેશ કરે છે. વાળના સોમાં ટુકડાના પણ અગર સો ટુકડા કરાય તો તેના એક ભાગની બરોબર જીવનું પરિમાણ થાય છે. આ જીવ નિત્ય છે સર્વ દેહમાં વ્યાપ્ત છે, અણુ છે, વિનાશ્ય નથી, તથા ઘણો પ્રાચીન છે. અહીં ' स चानन्त्याय कल्पते ' અર્થાત આનંદાંશના આવિર્ભાવ થયા પછી આ જીવ વ્યાપકતાને પામે છે. શ્રીમદ્વલ્લભાચાર્યચરણે નિબંધમાં કહ્યું છે કેઃ—

' आनंदांशाभिव्यक्तौ तु तत्र ब्रह्माण्डकोटयः ' આનંદાંશનાં આવિર્ભાવ થવાથી તે ભગવદંશ જીવમાં કરોડો બ્રહ્માંડોનું દર્શન

---

[1] सर्वगतस्थश्चासौ भणुश्च । અગર આવો સમાસ ન માનવામાં આવે તો ' અચલ ' અને સ્થાણુ આ બે એકાર્થક શબ્દ હોવાથી પુનરુક્તિ થઇ જશે.

થવા લાગે છે, અર્થાત્ ' सत्यं विज्ञानमानंदं ब्रह्म ' આ શ્રુતિ પ્રમાણે ભગવાનમાં સત્તા, જ્ઞાન, અને આનંદ સ્વરૂપાત્મક ત્રણ અંશો છે. માટે જ્ઞાનાંશ પણ સ્વરૂપાત્મક છે, તે સ્વરૂપાત્મક જ્ઞાનાંશથી જીવસૃષ્ટિ સરજાઇ, માટે તે ચિદંશ, ચેતન અથવા જ્ઞાનસ્વરૂપ કહેવાય છે. અને ' सर्वज्ञः सर्वशक्तिः ' આ શ્રુતિ મુજબ ભગવાનમાં (બ્રહ્મમાં) જેમ સ્વરૂપાત્મક જ્ઞાન છે તેમ ધર્મરૂપ જ્ઞાન પણ છે. ભગવાન આ નામથી પણ એ સ્પષ્ટ થાય છે કે જેમાં ' સમગ્ર ઐશ્વર્ય, વીર્ય, યશ, લક્ષ્મી, જ્ઞાન, અને વૈરાગ્ય, આ છ ધર્મો અથવા ગુણો હોય તેનેજ ભગવાન કહેવામાં આવે છે. બ્રહ્મની સીવાય બીજો કોઇપણ ભગવાન (ષડૈશ્વર્યસંપન્ન) નથી, જ્યાં ક્યાંક દેવાદિને માટે ભગવાન શબ્દ વપરાયો છે ત્યાં બધે તે શબ્દ ઔપચારિકજ પ્રયોજાયો છે, એમ સમજવું. અર્થાત્ અંશાંશીભાવને લઇ છ ઐશ્વર્યોમાંના કોઇ એક અંશને નિહાળી દેવ, મહર્ષિ, આચાર્ય, ઇત્યાદિને ભગવાન કહેવામાં આવે છે. આ છ ગુણો ભગવાનમાં પોતે અગણિતાનંદ, અમેયાનંદ, તથા પૂર્ણાનંદ હોવાથીજ છે. જીવમાં આનંદાંશની માફક આ છ ગુણો પણ તિરોહિત થઇ જાય છે, માટેજ તે જીવ અલ્પજ્ઞ કહેવાય છે, અને ભગવાન્ સર્વજ્ઞ છે, જ્યારે ભગવાન નિજાનુગ્રહથી આ જીવને આનંદનું પ્રદાન કરે છે. અર્થાત્ જીવનાં દેહ, ઇંદ્રિય, અંતઃકરણ તથા સ્વરૂપમાં જ્યારે આનંદાત્મક ભગવાન પ્રવેશ કરે છે ત્યારે અગ્નિના પ્રવેશથી કાષ્ટ જેમ અગ્નિરૂપ થઇ જાય છે તેમ આ જીવ પણ બ્રહ્માત્મક થઇ જાય છે. માટેજ તેના રોમ રોમમાં અનેક બ્રહ્માંડો દેખાવા લાગે છે. અને એ માટે અર્થાત્ ધર્માત્મક જ્ઞાનના ઉદય થવાથી તે સમય એ સર્વજ્ઞ કહેવાય છે. આ વિષયને અમે પુષ્ટિનિરૂપણમાં બહુ સારી રીતે નિરૂપણ કરીશું.

‘બ્રહ્મ નિર્ગુણ છે અથવા સગુણ’ એનો નિર્ણય તો અમે ભગત્સ્વરૂપનિરૂપણમાં કરીશું, પરંતુ અહીં માત્ર એટલુંજ કહી દઈએ છીએ કે ‘ જેને પ્રાકૃતગુણો વશ કરી શકતા ન હોય. જેને પ્રકૃતિગુણ આક્રમણ કરી શકતા ન હોય, તથા જે સ્વયં પ્રકૃતિ તથા પુરૂષનો સ્વામી હોય તેને નિર્ગુણ કહે છે.

અહીં એક એવો બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જ્યારે જીવ અણું છે તો સર્વ શરીરમાં ચેષ્ટા ન થવી જોઇએ, કારણ કે જીવ પોતે અણું હોવાથી સર્વ શરીરમાં ન પહોંચી શકે. પરંતુ એનો ઉત્તર એ છે કે યદ્યપિ જીવ અણુંપરિમાણ છે છતાં પણ તે પોતાના વિસર્પિ (પ્રસરનારા) ચૈતન્યગુણદ્વારા સમસ્ત શરીરમાં વ્યાપ્ત રહે છે. અને એ વાસ્તેજ નખથી શિખા પર્યંત સર્વ શરીરમાં ચેષ્ટાઓ થતી રહે છે. ચંદનમાં શૈત્યગુણ છે, દીપમાં પ્રકાશગુણ, અને સૂર્યમાં તેજગુણ છે. જેમ ઉરસ્થલમાં (છાતીના ભાગમાં) રાખેલું ચંદન પોતાના શીતગુણથી સમસ્ત શરીરમાં પહોંચી વળે છે, જેમ દીપક પોતાના પ્રકાશગુણદ્વારા ઘરના બધા ભાગમાં પ્રકાશ કરી મુકે છે, અને જેમ અખિલ લોકચક્ષુ, ભગવાન્ દિનમણિ, દિવાકર પોતાની પ્રભાથી સમસ્ત વિશ્વમાં પ્રકાશી રહે છે, તેમજ જીવાત્મા પણ પોતાના ફેલાઈજતા ચૈતન્યગુણદ્વારા સમગ્ર શરીરમાં પહોંચી વળે છે. અર્થાત્ પોતાની ચેતનતા પહોંચાડે છે. ચંપાનું ફુલ નાનકડું હોય છે, છતાં પણ પોતાના ગંધગુણથી સમગ્ર બગીચામાં ખુશબો ફેલાવે છે. તેવીજ રીતે જીવ જો કે અણું છે તથાપિ તે પોતાના વિસર્પિ (સ્વભાવથી ફેલાવાવાળા) ચૈતન્યગુણદ્વારા સર્વ દેહમાં સુખદુઃખાદિનું જ્ઞાન કરાવે છે. આ જ વાત ભગવાન શ્રી વેદવ્યાસજીએ પણ ‘ગુણાદ્વાલોકવત્’ ‘વ્યતિરેકો ગન્ધવત્’ ઇત્યાદિ સૂત્રોદ્વારા કહી છે.

૭૬. કેટલાક વાદીઓનું એવું કહેવું છે કે ચંપકના પરમાણુઓજ નીકળી નિકળીને વાયુદ્વારા દુર દુર સુધી ફેલાઈ જાય છે, અને એટલાજ માટે દુર સુધી તેનો ગંધ માલુમ પડે છે, પરંતુ કંઇ,ગંધગુણ અધિક દેશ વ્યાપી નથી.

પરંતુ તેઓનું આવું કહેવું ઠીક ન ગણાય. કારણ કે કદાચ પુષ્પોનાંજ પરમાણુઓ નિકળી દુર સુધી ફેલાતા હોય તો થોડી વારમાં પુષ્પ હલકું થઇ જવું જોઇએ. અથવા પરમાણુંઓના નીકળતા નીકળતામાં ફૂલજ નહિં રહેવું જોઇએ, પરંતુ એવું તો કદાપિ બનતું નથી. માટે ગંધગુણજ વિસર્પી છે. બીજું અગર પરમાણુંઓના નીકળવાથીજ ગંધ ફેલાતો હોય એવો નિયમ હોય તો જ્યાં ગંધ ફેલાયો છે ત્યાં મ્હોં ફાડીને રહેનાર માણુસના મુખમાં પરમાણુંઓનાં જવાથી રસનો પણ આસ્વાદ હોવો જોઇએ પણ તે તો થતો નથી માટે ગંધ ગુણજ વિસર્પી છે એમ માનવું પડશે. વાસ્તવમાં તો પરમાણુંઓ ખંએરવા માત્રથીજ ચાલ્યાં જાય છે, ધોવાથી તો તેઓની સ્થિતિ સંભવી શકતીજ નથી. પરંતુ લોકમાં કેટલીક વાર એવું જોવાનાં આવે છે કે લસણ. ડુંગળી વિગેરે ઉગ્રગંધ પદાર્થોનો સ્પર્શ થયા પછી અનેકવાર માટી લઇને હાથ ધોયાથીએ પણ ગંધગુણ જતો નથી. માટે જરૂર માનવું જોઇશે કે ગંધગુણજ વિસર્પી છે. અને તે દ્રવ્યથી અધિકદેશ પર્યંત ફેલાઇ રહે છે.

આવી રીતે આત્માનો ચૈતન્યગુણ પણ અધિકદેશ વિસર્પી છે. માટે તે પોતાના ગુણદ્વારા સમગ્ર શરીરમાં વ્યાપી રહે છે. કહ્યું પણ છે કેઃ—

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥

श्रीमद्भगवद्गीता

चैतन्यमस्य धर्मो हि प्रभा भानोरिवामला ।
तथा स्फुरति जीवोऽसौ स्वत एवानुरूपया ॥

लक्ष्मीतन्त्रम् ।

અર્થાત્ હે ભરતકુલોત્પન્ન અર્જુન ! જેવી રીતે આ સૂર્યનારાયણ પોતાની પ્રભાદ્વારા સમગ્ર ત્રિભુવનને પ્રકાશિત કરે છે, તેમજ ક્ષેત્રી જીવાત્મા આ સર્વ દેહને પ્રકાશિત કરે છે, અર્થાત્ ચૈતન્યયુક્ત કરે છે. સૂર્યની પ્રભાની માફક આ જીવનો ચૈતન્યધર્મ છે, અને તે, તે અનુરૂપ ચૈતન્યધર્મદ્વારા અથવા શક્તિદ્વારા સમગ્ર શરીરમાં વર્તમાન રહે છે. શ્રુતિ પણ એજ કહી રહી છે કે ' आलोमभ्य आनखाग्रेभ्यः ' અર્થાત્ જીવાત્મા પોતાના ચૈતન્યધર્મદ્વારા નખથી લઈ શિખાપર્યંત વ્યાપ્ત રહે છે.

જીવના જ્ઞાતૃત્વાદિ ધર્મો.

૭૭. કેટલાક વાદીઓ જીવને જ્ઞાનમાત્ર માને છે, જ્ઞાતા માનતા નથી. કારણ કે જીવને જ્ઞાતા માનવામાં તેઓને દ્વૈત થઈ જવાનો ભય લાગે છે. પરંતુ શુદ્ધ બ્રહ્મવાદમાં તો શ્રુતિ,સૂત્રોની પ્રમાણેજ વ્યવસ્થા કરાઇ છે. શ્રુતિ, સૂત્રોમાં જીવને બ્રહ્મનો અંશ માન્યો છે. જેમ અગ્નિ દાહક છે માટે તેનો અંશ તણખલું પણ દાહકજ છે, એવી રીતે બ્રહ્મ જ્ઞાતા છે માટે તેનો અંશ જીવ પણ જ્ઞાતા છે. એ વાત બીજી છે કે વિસ્ફુલિંગમાં અગ્નિના જેવી સર્વદાહક શક્તિ નથી એવી રીતે જીવમાં પણ બ્રહ્મની માફક સર્વજ્ઞતા નથી. પરંતુ તે જ્ઞાતા તો છેજ. માટેજ ' ज्ञाऽत एव च ' આ સૂત્રમાં

શ્રીવેદવ્યાસજી પણ કહે છે કે બ્રહ્માંશ જીવ બ્રહ્મસ્વરૂપ છે, માટેજ જ્ઞાતા પણ છે. જીવ જ્ઞાતા છે, જ્ઞાન તેનો ધર્મ છે. ધર્મ અને ધર્મીનો સૂર્ય અને પ્રભાની માફક અભેદ (અદ્વૈત) છે. માયાવાદી લોક કહે છે કે જીવ કર્તા તથા ભોક્તાની માફક ભાસમાન છે. બુદ્ધિસંબંધથીજ જીવમાં કર્તૃત્વાદિ ધર્મોનો આરોપમાત્ર છે, કારણ કે ગીતામાં કહ્યું છે કે—

' प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते ' ॥

અર્થાત— પ્રકૃતિના ગુણોથી કરાયલાં બધાં કર્મોને અહંકારથી મોહિત થએલો આ જીવ હું કર્તા છું આવું માની બેઠો છે.

૭૮ આવું કહેવું પણ માત્ર તેઓનું સાહસજ લેખાય. આ ગીતાનો શ્લોક તો મતાન્તરનો અનુવાદ માત્ર કરી રહ્યો છે. યદિ વાસ્તવમાં જીવ અકર્તા હોય તો પછી સંદેહનિવારક સૂત્રમાં શાસ્ત્રકર્તા શ્રીવેદવ્યાસજી ' कर्ता शास्त्रार्थवत्त्वात् ' આ સૂત્રમાં આમ નહિ કહેતકે જીવ કર્તા છે, ત્યાં કહ્યું છે કે જીવ કર્તા છે; શાસ્ત્રોની સફલતા હોવાથી, અર્થાત્ વેદમાં કહ્યું છે કે ' कारीर्या वृष्टिकामो यजेत ' ' ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत ' અર્થાત્ જેને વૃષ્ટિ જોઇતી હોય તેણે કારીરી નામનો યાગ કરી ભગવાનને પ્રસન્ન કરવા, અને જેને સ્વર્ગના પંથે પ્રયાણ કરવાની ઇચ્છા હોય તેણે જ્યોતિષ્ટોમ યજ્ઞથી ભગવાનનું ભજન કરવું. હવે અહીં એવો પ્રશ્ન ઉઠે છે કે આ બધાં કર્મો કોને કરવા માટે કહ્યાં છે? જીવને, પરમાત્માને કે પ્રકૃતિને ! અગર પ્રકૃતિને માટે કહો તો તે બની શકતું નથી. કારણ કે પ્રકૃતિ જડ છે તે કર્તા થઈ શકતી નથી.

કદાચ પરમાત્માને માટે યજ્ઞાદિ કર્મો કરવાં કહ્યાં છે આમ કહો તો પણ ઠીક નહિં. કારણ કે પોતે આપ (પરમાત્મા) આપ્તકામ છે (જેમણે બધાંયે મનોરથો પ્રાપ્ત કરી લીધાં છે) માટેજ તેને કર્મ કરવાની કાંઇ આવશ્યકતા નથી. માટે આપને માનવું પડશે કે જીવજ કર્તા છે. આમ છતાં પણ અગર જીવને કર્તા ન માનો તો સમગ્ર શાસ્ત્રોનો વિપ્લવ (નાશ) થઇ જશે. વેદમાં અભ્યુદય અને નિઃશ્રેયસ (મોક્ષ) માટે સમગ્ર કર્મો કહ્યાં છે, તે બધાં જીવને કર્તા માનવાથીજ સાર્થક થાય છે. બીજું પણ ‘विहारोपदेशात्’ આ સૂત્રદ્વારા જીવનો ગાંધર્વાદિ લોકમાં વિહારોપદેશ કરવાથી કર્તૃત્વનું નિરુપણ કર્યું છે. અર્થાત ‘ यत् यत् कामयते तत् तत् भवति ’ઇત્યાદિ શ્રુતિદ્વારા વેદમાં જીવનો ગાંધર્વાદિ લોકમાં વિહાર કહ્યો છે. હવે અગર જીવ કર્તા ન હોત તો વેદમાં વિહારનું વર્ણન શા માટે આવત ? માટે જીવ કર્તા છે, એજ શ્રુતિસિદ્ધ છે.

૭૯. અહીં એવો એક પ્રશ્ન ઉઠે છે કે જીવ અગર કર્તા છે તો પછી તેનો મોક્ષ ન થવો જોઇએ, કારણ કે શાસ્ત્રમાં લખ્યું છે કે ‘ प्रारब्धकर्मणां भोगादेव क्षयः ’ અર્થાત્ કરેલાં કર્મોનો ભોગ કરવાથીજ નાશ થાય છે. તો જે કર્તા છે, તેને જન્મ, મરણ, સુખ, દુઃખાદિ વિગેરે જરુર ભોગવવાંજ પડશે. તો પછી જીવનો મોક્ષ થવોજ અસંભવ છે, તો એ વાત ઠીક છે પરંતુ એનો સુંદર ઉત્તર શ્રીમદ્ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાનેજ આપી દીધો છે કે-

---

१ जीवमेवाधिकृत्य वेदे अभ्युदयनिःश्रेयसफलार्थं सर्वाणि कर्माणि विहितानि । ब्रह्मणोऽनुपयोगात् । जडस्याशक्यत्वात् । इत्यादि श्रीमद्वल्लभाचार्यचरणाः अणु. २-३-३३.

ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः।
लिप्यते न स पापेभ्यः पद्मपत्रमिवांभसा ’ ॥

અર્થાત્—સંગનો પરિત્યાગ કરી સમગ્ર કર્મોને ભગવાનના ચરણારવિંદમાં સમર્પણ કરી જે કોઇ કર્મ કરે છે તો તે પદ્મ (કમલપત્ર) જેમ જલથી લીપ્ત થતું નથી તેમ સર્વકર્મફલોથી લેપાતો નથી. એટલા માટેજ ‘पादोऽस्यविश्वाभूतानि’ ‘ममैवांशो जीवलोके जीवभूतः सनातनः’ ‘एषोणुरात्मा चेतसा वेदितव्यो’ ‘आलोमभ्य आनखाग्रेभ्यः’ ‘यत् यत् कामयते तत् तत भवति’ ‘कर्ता शास्त्रार्थवत्त्वात्’ ‘ब्रह्मण्याधाय कर्माणि’ ઇત્યાદિ શ્રુતિ, સ્મૃતિ, તથા સૂત્રોથી એજ સિદ્ધ થાય છે કે ‘ જીવ બ્રહ્મનો અંશ છે, અણુ છે, કર્તા છે, અને જ્ઞાતા છે. इति शम्

मानुष्यमस्खलितवृत्तिं न लभ्यते चे-
ल्लभ्येत कस्तदिह जीवपरात्मभेदः।
तन्मे भवेदिह यदि स्खलितं कदाचित्
भव्यैरभव्यमपि तद्दयया विशोध्यम् ॥ १ ॥

संगृह्य भाष्यजलधेर्निजतत्त्वबिन्दून्
द्रोणी मया व्यरचि कार्यनिरूपणस्य।
अस्यां क्वचिद् यदि घुणाक्षरतः सुधा स्यात्
श्रीपुरुषोत्तमगुरोः स मयि प्रसादः ॥ २ ॥

અર્થાત્—આ જગતમાં જેણે મનુષ્ય દેહ ધારણ કર્યો છે, સંભવ છે કે તેની વૃત્તિ ભૂલ ભરેલીજ હોય છે. અગર મનુષ્યવૃત્તિ ભ્રમરહિત મળવા લાગે તો પછી જીવ અને ઇશ્વરમાં કોઈ ભેદ ન રહે; એ માટે યદિ આ ગ્રંથમાં પણ મારી સ્વાભાવિક

ભૂલથી કોઇ ભૂલ રહી ગઈ હોય તો ભવ્ય પુરૂષો કૃપા કરી તે ભૂલને સુધારી લેશે. ૧

મેં ભાષ્ય, વિદ્વન્મંડનાદિ અમૃતસાગરમાંથી કેટલાક સિદ્ધાંત બિંદુઓનો સંગ્રહ કરી આ કાર્ય નિરૂપણરૂપ દ્રોણી બનાવી છે, એમાં ઘુણાક્ષરન્યાયથી અગર કોઇ જગ્યાએ સારો વિષય મળી આવે તો તે બધું લશ્કર રાજપૌરાણિક ભટ્ટ શ્રીપુરૂષોત્તમગુરૂચરણનો પરમ અનુગ્રહ છે એમજ સમજવું જોઇએ. ૨

પ્રથમ ભાગ સમાપ્ત.

દ્વિતીય ભાગ.

कुलदेवस्मरणम् ।

दीपमन्धतमसच्छिदे सुधा-
सान्द्रसूक्तिरचनाऽमृताम्बुधिम ।
इंदिराकुलगृहं भजेऽनिशं-
दिव्यवाजिवदनांघ्रिपंकजम् ॥ १ ॥

અથ—પ્રગાઢ અંધકારને નાશ કરવામાં દીપસ્વરૂપ, તથા અમૃતમય સૂક્તિરચના (કાવ્ય અથવા કવિતા) ના સુધાસાગર તથા શ્રીતિનિકેતન એવા દિવ્ય હયગ્રીવ પ્રભુનાં ચરણ કમલને હું નિત્ય ભજું છું.

आचार्यचिंतनम् ।

यत्प्रसादकणमंतरा जनो
नैकमक्षरमपीक्षितुं क्षमः ।
चंपकाननभवं चिरं भजे
वल्लभं कमपि दिव्यभास्करम ॥ २ ॥

જેમનાં કૃપા કણો વગર મનુષ્ય એક અક્ષર પણ જોઈ શકતો નથી, એવા ચંપારણ્યમાં પ્રકટ થયેલા અલૌકિક દિવ્ય સૂર્યસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યચરણને હું સદા સેવું છું.

गुरुस्मरणम् ।

दिव्यवाङ्मयगुणाश्रितं श्रये
पूरुषोत्तमकृपालवोडुपम ।

संप्रदायगुरुतत्त्वपयोनिधिं
यत्तितीर्षुरगुणोऽस्मि दुस्तरम् ॥ ३ ॥

દિવ્ય વાઙ્મય ગુણોથી યુક્ત શ્રીપુરૂષોત્તમ ગુરૂચરણનાં કૃપાલવરૂપ ઉડુપ (હોડકાં) નો આશ્રય લઉં છું, જેનાં સામર્થ્યથી દુસ્તર એવા સંપ્રદાયના વિશાલ તત્વસાગરને કોઈ પણ ગુણ વગરનો હું તરી જવાને ઇચ્છું છું.

ग्रंथारंभः ।

ध्येयं धियामविषयं पृथुकं पुराण-
मेकं यमस्तकलुषं पुरुमाययमाहुः ।
जन्मानि बिभ्रतमजं शुचिमभ्रनीलं
गोपाङ्गनांकक्मलं तमनन्तमीडे ॥ ४ ॥

૧ 'मङ्गलादीनि मङ्गलमध्यानि मङ्गलान्तानि कर्माणि प्रथन्ते' આ શાસ્ત્ર મુજબ ગુરૂસ્મરણરૂપ મંગલ કરી પ્રથમ ભાગ સમાપ્ત કર્યો. હવે દ્વિતીય ભાગના પ્રારંભમાં ગ્રંથકર્તા 'ध्येयं धियां' આ શ્લોકથી પોતાને અભીષ્ટ શ્રીબાલકૃષ્ણરૂપ વસ્તુનો નિર્દેશ કરે છે. 'ध्येयमिति' અર્થાત્ જે બાલકૃષ્ણને વેદાદિશાસ્ત્રો અન્ય સાધારણ જીવની બુદ્ધિથી દુર્ગમ, અને ભક્તોને નિરંતર ધ્યાન કરવા યોગ્ય, તથા સર્વ દોષોથી રહિત, અને અનેક, અચિંત્ય, માયા વિગેરે શક્તિઓથી યુક્ત, તથા અજન્મા અને અનેક અવતારોને ધારણ કરનાર, તથા મેઘની માફક શ્યામસ્વરૂપ અને શુભ્ર કહે છે. તે દેશકાલાદિથી અપરિચ્છિન્ન (ન માપી શકાય) એવા શ્રી યશોદાના ખોળામાં ખેલ કરતા પુરાણ પુરૂષોત્તમ શ્રી

કૃષ્ણને હું મારી સ્તુતિનું લક્ષ્ય બનાવું છું. આ શ્લોકમાં 'वसंत-तिलका' છંદ છે. અને વિરોધાભાસ અલંકાર છે. જ્યાં વિરોધ જેવું લાગતું હોય પણ વસ્તુતઃ વિરોધ નહિં હોય તેને 'વિરોધાભાસ અલંકાર' કહે છે. અહીં બધાંજ વિશેષણોમાં તે ઝલકી ઉઠે છે. જેમકે—જે બુદ્ધિમાં ન આવી શકે તેનું ધ્યાન શી રીતે થઈ શકે, અને જે નિર્દોષ છે તે માયી કેમ કહેવાય, તથા જે સ્વયં અજન્મા છે 'તે જન્મ લે છે' એમ કેમ કહેવાય, અને શ્યામ છે તે શુભ્ર પણ ક્યાંથી હોઈ શકે? આવી રીતે જે બાલક છે તે પુરાણ કેમ કહેવાય, અને જે અનંત છે તે કોઇની ગોદમાંજ કેવી રીતે સમાઇ શકે? પરંતુ 'कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षत्' 'परास्य-शक्तिर्विविधैव श्रूयते' 'प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया' 'सर्वकामः सर्वरसः' 'अणोरणीयान् महतो महीयान्' ઇત્યાદિ વચનોથી તેને ધ્યેય, શક્તિમાન્, અવતાર ધારણ કરવાવાળો, નાનાથી નાનો અને મોટાથી મોટો પણ કહ્યો છે. માટેજ શ્લોકમાં કોઈપણ પ્રકારનો વિરોધ નથી ખરી રીતે તો 'स सर्वं भवति' 'अपाणिपादो जवनो ग्रहीता' 'सर्वधर्मोपपत्तेश्च' ઇત્યાદિ શ્રુતિ, સૂત્રોથી એ સ્પષ્ટ થાય છે કે 'પરમાત્મા સર્વધર્મયુક્ત છે' બીજું, એવી એક રીત છે કે જ્યાં બધાય ધર્મો રહેતાં હોય ત્યાં અવશ્ય વિરૂદ્ધ ધર્મો પણ રહે છે. માટેજ પરબ્રહ્મ પણ વિરૂદ્ધ સર્વધર્મોથી યુક્ત છે. એથી પણ શ્લોકમાં કોઈ પણ જાતનો વિરોધ નથી રહેતો. દુનીઆમાં એક બીજાથી વિરૂદ્ધ દેખાતા ધર્મોનું પણ ત્યાં ઐક્ય છે.

---

૧ જે કાર્યોની આદિ મધ્ય તથા અંતમાં મંગલ કરવામાં આવે છે તે કાર્યો સંપૂર્ણ થાય છે.

૧–उक्ता वसंततिलका तभजा जगौ गः—त ऽऽ।– भ ऽ।।– ज ।ऽ।– ज ।ऽ।– આટલો ગણો તથા બે ગુરૂ જેમાં હોય તેને વસંતતિલકા છંદ કહે છે. २–लक्षण प्र. भा. २ पत्र ।

૨ જે ધર્મો પ્રકૃતિ સાથે સંબંધ રાખે છે તે બધા પ્રાકૃત ધર્મો છે. અને તેમાંજ વિરોધ હોઈ શકે છે. પરંતુ જે અપ્રાકૃત છે, અર્થાત્ અલૌકિક છે, સ્વરૂપાત્મક છે, તેમાં વિરોધનો ગંધ સુદ્ધાં પણ નથી હોતો. [1]પંચમહાભૂત, મન, બુદ્ધિ, અહંકાર, તથા લિંગદેહયુક્ત ચેતન, (જીવ) આ નવ પ્રકારની બ્રહ્મની પ્રકૃતિ છે. જો કે સત્વ, રજસ્, અને તમસ્ આ ત્રણ ગુણોની સામ્યાવસ્થાનેજ પ્રકૃતિ કહે છે, છતાં પણ આ પંચમહાભૂતાદિ તે વિશિષ્ટ પ્રકૃતિનુંજ કાર્ય છે. અને કાર્યકારણનો અભેદ સ્વીકારી આ પંચમહાભૂતાદિને પ્રકૃતિ શબ્દથી પણ કહ્યાં છે. આ પ્રકૃતિ સાથે સંબંધ ધરાવનાર જેટલા કોઈ ધર્મો છે તે બધાજ પ્રાકૃતિક પ્રાકૃત, અથવા લૌકિક કહેવાય છે. પરંતુ બ્રહ્મમાં તો બધાજ ધર્મો અલૌકિક છે.

૩ બ્રહ્મની અનેક શક્તિઓ છે. તેઓમાં[2] મુખ્ય બાર છે. તે બાર શક્તિઓમાં પ્રકૃતિ પણ બ્રહ્મનીજ શક્તિ છે. અને શક્તિ તથા શક્તિમાનનો અભેદ છે, એ અમે પૂર્વાભાગમાંજ સમજાવી આવ્યા છીએ. જેમ પ્રકાશ[3] અને સૂર્યમાં વાસ્તવમાં અભેદ છે,

---

[1]—भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ।
अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवरूपां महाबाहो ययेदं धार्यते जगत् । श्रीमद्भगवद्गीतोपनिषत् ।

[2]—श्रिया पुष्ट्या गिरा कान्त्या कीर्त्या तुष्ट्येळयोर्जया ।
विद्ययाऽविद्यया शक्त्या मायया च निषेवितम् ॥

[3]—तेजःप्रकाशयोर्भेदो न तेजस्त्वाद्यथा तथा ।
ब्रह्मणः शक्तिधर्माणां ब्रह्मत्वेन भिदा नहि ॥

પરંતુ સૂર્યરૂપ વસ્તુનો બોધ કરાવવા માટે ધર્મ અને ધર્મીને અલગ કરી એવું કહેવું પડે છે કે 'જેમાં પ્રકાશ છે તે સૂર્ય છે.' એવી રીતે શક્તિ અને શક્તિમાનનો વાસ્તવ અભેદ રહેવા છતાં પણ કહેવું પડે છે કે 'જેમાં શક્તિ હોય તે શક્તિમાન કહેવાય છે.'[1] આ ભેદ કેવલ વસ્તુબોધને માટેજ છે, વાસ્તવ નથી. એવી રીતે પ્રકૃતિશક્તિ, અને શક્તિમાન ભગવાનમાં પણ વાસ્તવ ભેદ નથી. અથવા એમ કહો કે પ્રકૃતિ ભગવાનનું આગંતુક રૂપ છે માટેજ કાર્ય છે. અને ભગવાન પોતે અનાગંતુક રૂપ છે માટે કારણ છે. અને કાર્ય કારણનો પરસ્પરમાં અભેદ છે એજ કાર્ય અને કારણને, શક્તિ અને શક્તિમાનને, અથવા પ્રકૃતિ તથા બ્રહ્મને, ભગવાને ગીતોપનિષત્માં ક્ષર અને અક્ષર નામથી કહ્યાં છે.

૪ કાર્ય અથવા તો પ્રકૃતિના ભગવદ્દત્ત બધા ધર્મો [2]પરિમિત (થોડાં), નિયમિત કાર્યનેજ કરવાવાળાં, મલિન, અર્થાત્—जायते, अस्ति, वर्धते, विपरिणमति, क्षीयते, અને नश्यति, આ છ વિકારવાળાં, અન્યનિયમ્ય અર્થાત્ જેનો બંદોબસ્ત બીજાથી થતો હોય, અને નિયતઆકારવાળા છે, અને એટલાજ માટે પ્રાકૃત તથા લૌકિક કહેવાય છે. અને ભગવાનના સર્વ ધર્મો નિર્વિકાર છે, અપરિમિત છે, બ્રહ્મથી અભિન્ન છે, અને અન્યનિયમ્ય નથી. માટેજ તેઓ અપ્રાકૃત તથા અલૌકિક લેખાયાં છે. અને એટલાજ માટે પરસ્પર વિરૂદ્ધ હોવા છતાં પણ બ્રહ્મના ધર્મોમાં કોઈ જાતનો

---

[1]—शक्तिशक्तिमतोर्भेदो वस्तुबोधाय केवलम् ।
अभेदो वस्तुतो नाक्ष्णो दृष्टिशक्तिः पृथग्भवेत् ॥

[2]—' यत्पाञ्चभौतिकं तस्येच्छया षड्भावदर्शनम् ।
मितं नियतकार्यं च तत्प्राकृतमुदाहृतम् ॥
શુ. દ્વૈ ૬. ૯

વિરોધ નથી. તો હવે શ્લોકમાં પણ કોઇ પ્રકારનો વિરોધ રહ્યો નહિં.

લાંબો મોટો પૂર્વપક્ષ

બ્રહ્મવિષયમાં માયાવાદનો મત.

૫ કેટલાક વાદીઓ કહે છે કે વેદાંતમાં બ્રહ્મને સર્વધર્મસહિત પણ કહ્યું છે અને સર્વધર્મશૂન્ય પણ. જેમાં કોઇ વ્યાવર્તક (જુદાઈપણું બતલાવનાર) વિશેષ ન હોય તેને નિર્વિશેષ અથવા નિર્ધર્મક કહે છે. વેદાંતમાં બ્રહ્મને સર્વધર્મયુક્ત કહેનારાં પણ અને સર્વધર્મરહિત કહેવાવાળા અર્થાત્ નિર્વિશેષ-કહેનારાં શ્રુતિવાકયો પણ મળી આવે છે. તો પછી બ્રહ્મ કેવલ સર્વધર્મયુક્તજ છે એવું કથન પણ યુકત ન કહેવાય અને એ વાસ્તેજ બ્રહ્મ સર્વધર્મવિશિષ્ટ છે, અથવા સર્વ વિરૂદ્ધધર્મનો આધાર છે એ કહેવું પણ નિર્દોષ નથી.

૬ શાસ્ત્રોમાં હવે અહીંથી એવો આદેશ છે[1] હે ગાર્ગી[2]! બ્રહ્મલોકો (જ્ઞાનીઓ) અક્ષર બ્રહ્મને અસ્થૂલ, અનણુ, અહ્રસ્વ અદીર્ઘ, અલોહિત, અસ્નેહ, અચ્છાય, અતમસ્ અવાયુ, અનાકાશ, અસંગ, અગંધ, અસ્પર્શ, અરસ, અચક્ષુ, અશ્રોત્ર, અવાક્, અમનસ્, અતેજસ્, અપ્રાણ, અમુખ, અનામ, અગોત્ર, અજર અમર, અભય, અમૃત, અરજસ્, અશબ્દ, અવિવૃત, અસંવૃત,

---

नित्या धर्मा निजाभिन्नः सर्वे सर्वत्र तस्य तु ।
' सर्वकामः सर्वरस ' इति छांदोग्यरूपणात ।
इत्यादि वेदांतचिंतामणौ भट्टश्रीगोवर्धनशर्मभारतमार्तण्डाः ।

[1] अथाऽतो नेतिनेति । [2] ' सहोवाच तद्वैतदक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्त्यस्थूलं० '

અપૂર્વ, અનપર, અનંતર, અબાહ્ય, કહે છે. તથા કોઇ એનો ભોગ કરી શકતો નથી અને ન તો એ કોઇને ભોગવે છે. ઈત્યાદિ શ્રુતિઓથી તથા 'આ[1] પરમાત્મા અવ્યક્ત છે' અચિંત્ય છે. અને અવિકાર્ય છે' વિગેરે સ્મૃતિઓથી પણ બ્રહ્મ નિર્વિશેષ તથા નિર્ધર્મક સિદ્ધ થાય છે.

૭. અને અન્યસ્થલે 'જેનાથી આ બધું જગત્ પેદા થયું છે' ઉત્પન્ન થઇ જેનાથી રક્ષાઇ રહ્યું છે, અને પર્યંતે જેમાં જઇ લીન થઈ જાય છે તે બ્રહ્મ છે. 'આનંદથીજ જગત્ ઉત્પન્ન થયું છે' ઈત્યાદિ. તે બ્રહ્મ સર્વકામ, સર્વગંધ, અને સર્વરસ છે. ઈત્યાદિ શ્રુતિદ્વારા, અને 'હુંજ સર્વ જગત્‌ને પેદા કરવાવાળો છું અને મારાથીજ સર્વની પ્રવૃત્તિ થાય છે. વિગેરે સ્મૃતિદ્વારા બ્રહ્મને સધર્મક તથા સવિશેષ પણ કહ્યું છે. માટે અત્ર મહાન સંદેહ થઇ આવે છે કે શું બ્રહ્મ સવિશેષ છે અથવા નિર્વિશેષ!

૮ પણ અમારૂં તો અહીં એવું સમજવું છે કે યદ્યપિ વેદાંતમાં પરમાત્માને સવિશેષ પણ કહ્યો છે છતાં પણ બ્રહ્મ તો નિર્ધર્મક અને નિર્વિશેષજ છે. સવિશેષ માનવામાં 'એક ધર્મ અને એક ધર્મી' આમ દ્વૈતપણું આવી નડે છે. અને નિર્ધર્મક માનવામાં દ્વૈતનો ગંધ સુધાંએ રહેતો નથી. નિર્વિશેષ બ્રહ્મ માનવામાં એ પણ એક કારણ છે કે જે લોક બ્રહ્મને સવિશેષ અથવા સધર્મક માને છે, તેઓએ પણ આધારની જગ્યાએ માત્ર કોરૂં એક બ્રહ્મસ્વરૂપ તો માનવું જ પડશે, નહિ તો વિશેષ અને ધર્મોનું નિરૂપણ કયાં કરાય? આકાશ છે તો ત્યાં ચંદ્રનું નિરૂપણ કરાય

---

[1] ' अव्यक्तोऽयमचिन्त्योयं ' ।

છે, પણ જો આકાશનું જ નામ નિશાન ન હોય તો પછી ચંદ્રનું નિરૂપણ કયાં કરવું? બ્રહ્મ જ્ઞાનધર્મવાળું છે, અહીં પણ જ્ઞાન ધર્મથી જુદું એક નિખાલસ '[1]બ્રહ્મનું' સ્વરુપ માનવુંજ પડશે. કારણ કે જ્ઞાન ધર્મ આધેય (રાખવા જેવી ચીજ) છે, અને ધર્મી 'બ્રહ્મ' **આધાર** (રાખવાની જગ્યા) છે. જે પોતાના આશ્રિતોની સ્થિતિ સાચવી રાખે, અર્થાત જે તેઓનો નિર્વાહક હેય છે તેને આધાર કહે છે. અને એટલાજ વાસ્તે તે આધેયનો ઉપજીવ્ય પણ (જીવડાવનાર) છે. જે વસ્તુ આધારમાં આશ્રિત થઈ રહે અથવા જેની સ્થિતિનો નિર્વાહ આધારથી થતો હોય તેને આધેય કહે છે, અને તે માટે તે ઉપજીવક (જીવનાર ટકી રહેનાર) પણ કહેવાય છે. જેમ પાત્ર અને તેમાં રાખેલી વસ્તુ. પાત્ર એ પોતાને આશ્રિત કોઇ પણ વસ્તુની સ્થિતિને ટકાવી રાખે છે માટે તે વસ્તુનું ઉપજીવ્ય છે, આધાર છે. અને તેમાં રાખેલી વસ્તુ આશ્રિત હોવાથી આધેય છે, અને ઉપજીવક છે. હમેશાં ઉપજીવ્ય ઉપજીવકથી બલવાન્ હોય છે, માટેજ ઉપજીવક પોતાના ઉપજીવ્યનો વિરોધ અથવા બાધ કરી શકતું નથી. નિખાલસ બ્રહ્મજ ધર્મોનો આધાર તથા ઉપજીવ્ય છે અને ધર્મ તેનું આધેય તથા ઉપજીવક છે. તો હવે એ સિદ્ધ થયું કે જેટલી નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારી

શ્રુતિઓ છે તે બધી આધાર વસ્તુને વર્ણવી રહી છે, માટે તે બધી ઉપજીવ્ય છે, અને એટલાજ વાસ્તે બલવાન્ પણ છે. તથા સધર્મક બ્રહ્મનિરૂપિકા શ્રુતિઓ આધેયનું નિરૂપણ કરી રહી છે. માટે તે સર્વ ઉપજીવક છે, અને વાસ્તેજ તેઓ નિર્ધર્મક નિરૂપિકા શ્રુતિઓનો વિરોધ અથવા બાધ કરી શકતી નથી, પરંતુ બળવાન હોવાથી નિર્ધર્મકનિરૂપક વાકયસમૂહજ સધર્મક શ્રુતિઓનો બાધ કરે છે. તો હવે આટલા વિસ્તારથી એ સિદ્ધ થયું કે 'બ્રહ્મ સધર્મક નથી પરંતુ નિર્ધર્મક, નિર્વિશેષજ છે.

૯ એના ઉપર કોઈ એકદેશી ઉત્તર આપે છે કે જે ઉપજીવ્યપણું નિર્વિશેષ પ્રતિપાદન કરવાવાળા વચનોમાં લાવો છો તો તે તો સવિશેષ પ્રતિપાદક વચનોમાં પણ આવી શકે છે. સાંભળો. એવો એક નિયમ છે કે અભાવનું નિરૂપણ કરવું હોય તો તેના પ્રતિયોગીનું નિરૂપણ કરવું, પણ ખાસ જરૂરનું છે. અર્થાત્ કોઇ પણ વસ્તુનો અભાવ જાણતી વખતે પહેલાં તે વસ્તુનું જ્ઞાન થવું જોઇએ. જે વસ્તુનેજ નથી જાણતો તો તે વસ્તુના અભાવને શી રીતે જાણે? જેણે કોઇ પણ વખતે ઘટ જોયો નથી તો તે ઘટાભાવને કેવી રીતે સમજવાનો? સ્થૂલાભાવના જ્ઞાનમાં પ્રથમ સ્થૂલ પદાર્થનું ભાન હોવું જોઇએ. અર્થાત્ સ્થૂલાભાવ જ્ઞાનનું

---

[1] सविशेषवादिनाऽपि विशेषाधारत्वेनाऽऽत्रपं ब्रह्मस्वरूपमप्यङ्गीकर्तव्यम्। अन्यथा कुत्र विशेषा निरूपिताः स्युः । तथाचाऽऽधारनिरूपिका श्रुतिराधेयनिरूपिकया नान्यथयितुं शक्या ? उपजीव्यत्वात् । ननु निर्विशेषब्रह्मनिरूपिका श्रुतिर्धर्मान् विना न तन्निरूपयितुं शक्ता । तथाहि निरूपणं हि लक्षणैः, तानि चाऽसाधारणधर्मरूपाणि । अत्र च धर्माभावात्तन्निरूपणपूर्वमभावमुखेनास्थूलादिवाक्यैर्निरूपयन्त्या धर्मनिरूपिका श्रुतिरुपजीव्या । अभावस्य प्रतियोगिनिरूपणाधीननिरूपणत्वात् । तथा च श्रोतत्वोपजीव्यत्वयोरविशेषादन्यतरबाधो न युक्तः। विरोधात्तथाकरणे तूभयबाधो युक्त उक्तयुक्तेः । न चैवमपि वक्तुं शक्यं " असन्नेव स भवति असद्ब्रह्मेति वेद्वेदे "ति निंदाश्रुतेरिति चेत् मैवम् । नहि श्रुतिसिद्धा धर्मा निषिध्यन्ते। किन्त्वनुवादपूर्वं लौकिकाः स्थौल्यादयः । तथा च श्रौतानां धर्माणामुपजीव्यत्वम् ? । न चैवं निषेधस्य भिन्नविषयत्वात् विरोधाभावेनैकतरबाधो न युक्तः, तथा चोभयवत्त्वं सिद्धमिति साम्प्रतम् ? । श्रौतानामप्यर्थानां श्रोतव्यत्ववादीनां ' यतो वाचो निवर्तन्त ' इत्यादिना निषेधात् । विद्वन्मण्डनम्.

નિર્વાહક સ્થૂલ જ્ઞાન છે. અને માટેજ તે ઉપજીવ્ય છે. જેટલાં ‘ अस्थूलमनणु ’ વિગેરે અભાવ પ્રતિપાદક અર્થાત્ બ્રહ્મને નિર્વિશેષ કહેનારાં વાક્યો છે તે બધામાંજ પહેલાં સ્થૌલ્યાદિ ધર્મોના જ્ઞાનની ખાસ જરૂર પડે છે. માટેજ જેટલાં નિર્વિશેષ પ્રતિપાદક વચનો છે તે બધાં ઉપજીવક છે, અને સધર્મ, સવિશેષ બ્રહ્મને પ્રતિપાદન કરનારાં વાક્યો ઉપજીવ્ય છે તો હવે જેવું ઉપજીવ્યપણું નિર્ધર્મક શ્રુતિઓમાં છે, તેવુંજ સધર્મક શ્રુતિઓમાં પણ છે. માટે સવિશેષ તથા નિર્વિશેષ બંને પ્રકારનું બ્રહ્મ છે એમ માનો અને કદાચ બાધ કરતા હોવ તો ઉભયનો બાધ કરવો ઘટે છે, કેમકે બંને પ્રકારની શ્રુતિઓ સમાન છે.

કદાચ અહીં એમ કહો કે ‘ઉભય પ્રકારની શ્રુતિઓનો બાધ કરવાથી પછી બ્રહ્મ કોઈ વસ્તુજ નહિ રહે, એક પ્રકારે શૂન્યવાદજ આવી અડશે. અને શૂન્યવાદની તો ‘ असन्नेव समवति ’ ઇત્યાદિ શ્રુતિઓમાં સારી રીતે નિંદા કરી છે. માટે એમ કહી શકાય નહિ કે બંને પ્રકારનું બ્રહ્મ નથી; પરંતુ એમ કહી શકો છો કે જ્યારે બંને પ્રકારની શ્રુતિઓ પરસ્પરમાં એક બીજાની ઉપજીવ્ય છે તો જરૂર બંને પ્રકારનું બ્રહ્મ છે.

૧૦ આની ઉપર ફરી માયાવાદી કહે છે કે એ પણ ઠીક નથી. કારણ કે જેટલી નિર્ધર્મક બ્રહ્મને પ્રતિપાદન કરનારી શ્રુતિઓ છે તે બધી શ્રુતિઓ સ્વોકત ધર્મોનો નિષેધ કરતી નથી, પરંતુ લોક પ્રસિદ્ધ ધર્મોનોજ બ્રહ્મમાં પ્રતિષેધ કરે છે. અગર ‘નિર્વિશેષ શ્રુતિ સવિશેષ શ્રુતિના કહેલા ધર્મોનો નિષેધ કરે છે, એવું અમે માનતા હોઇએ તો એમ કહી શકીએ કે નિષેધને ધર્મોની અપેક્ષા હોવાથી ધર્મપ્રતિપાદક શ્રુતિ, ‘अस्थूलादि’ નિર્વિશેષ શ્રુતિની ઉપજીવ્ય છે. પરંતુ હવે તો વાતજ બદલાઇ ગઇ. અર્થાત્ અમે ‘શ્રુતિપ્રતિપાદિત ધર્મોનોજ નિર્વિશેષ શ્રુતિ નિષેધ કરે છે.’ એમ નહિ, પણ એમ કહીએ છીએ કે લૈકિક ધર્મોનો અનુવાદ કરી બ્રહ્મમાં તેનોજ નિષેધ કરે છે, અર્થાત્ લોકમાં જે સ્થૌલ્યાદિ ધર્મો દેખાઇ રહયાં છે તે બધાં બ્રહ્મમાં નથી, તો પછી હવે નિષેધનો વિષય શ્રુતિપ્રતિપાદિત ધર્મો ન રહયાં, પરંતુ લૈકિક ધર્મોજ રહયા છે. માટે કોઇ પણ જાતની અપેક્ષા ન રહેવાથી સવિશેષ શ્રુતિઓ નિર્વિશેષ શ્રુતિઓની ઉપજીવ્ય પણ ન રહી. પરંતુ નિર્વિશેષ શ્રુતિઓજ બલવાન્ રહી. કારણ કે તેઓ બ્રહ્મમાં ધર્મોનો અનુવાદ કરી નિષેધ કરે છે. માટે ‘નિર્વિશેષજ બ્રહ્મ છે’ એ અમારું કથન ઠીક છે. કદાચ અહીં એમ કહો કે, ‘જ્યારે નિષેધનો વિષય શ્રુત્યુક્ત ધર્મો હતા ત્યારે કોઇ એક શ્રુતિ બીજી શ્રુતિનો બાધ કરી શકતી હતી અને એટલા માટે કોઈ એક પ્રકારનું બ્રહ્મ કહી શકાતું, પરંતુ હવે તો નિષેધનો વિષયજ પલટાઇ જવાથી બંને પ્રકારની શ્રુતિઓ સ્વતંત્ર થઈ ગઇ; અને તે બંને, બંને પ્રકારે બ્રહ્મનું પ્રતિપાદન કરે છે, માટે બ્રહ્મ ઉભય પ્રકારનું સધર્મક તથા નિર્ધર્મક છે’ એમ માનો તો પણ આવું કથન યુક્ત નથી, કારણ કે જેમ નિર્વિશેષ શ્રુતિએ બ્રહ્મમાં લૈકિક ધર્મોનો નિષેધ કર્યો છે તેમજ તેણે ‘आत्मा वारे द्रष्टव्यः श्रोतव्यो मंतव्यो निदिध्यासितव्यः’ ઇત્યાદિ શ્રુત્યુક્ત શ્રોતવ્ય, મંતવ્ય, વિગેરે ધર્મોનો પણ यतो वाचो ‘निवर्तन्ते’ ઇત્યાદિ વચનો દ્વારા નિષેધજ કર્યો છે. માટે ઉભય પ્રકારનું બ્રહ્મ કહી શકતા નથી, પરંતુ એમ કહી શકો છો કે નિર્વિશેષજ બ્રહ્મ છે’ અગર એમ કહો કે ‘જ્યારે શ્રુત્યુક્ત ધર્મોનો નિષેધ શ્રુતિજ કરે છે, તો પછી ઉપજીવ્ય વિરોધનો ભાર આથા ઉપર જેવો જોઇએ તેવો લદાઈ રહયો છે. તો એનો ઉત્તર એટલોજ છે કે એવો ઉપજીવ્યબાધ અમે માનતાજ નથી, અગર એવો ઉપ-

જીવ્ય વિરોધ માનવા લાગીએ તો પછી અભાવનું નિરૂપણજ દુનીઆમાંથી ઉઠી જશે. કારણ કે જ્યાં જ્યાં ધર્મોનો નિષેધ આવશે ત્યાં ત્યાં ધર્મ તો ઉપજીવ્યજ રહેશે. માટે અભાવ તેનો બાધ કરી શકતો નથી તો પછી જગત્‌માં નિષેધનો ક્યાંય પણ વિશ્રામ નહિ રહેશે. એ માટે એવા ઉપજીવ્યનો બાધ અથવા વિરોધને ન માનતાં એમ કહેવું પડે છે કે 'अस्थूलादि' શ્રુતિઓ કલ્પિત ધર્મોનોજ નિષેધ કરી નિર્વિશેષ, નિર્ધર્મક, બ્રહ્મનુંજ નિરૂપણ કરી રહી છે. માટે 'બ્રહ્મ નિર્વિશેષ છે' એ સિદ્ધાંત ઠીક છે.

૧૧ એના ઉપર ફરી એકદેશી પોતાનો અડંગો લગાવી કહે છે કે ભાઈ ! આ ત્હમારી વાત તો જરાય સમજમાં નથી આવતી. કારણ કે એક વસ્તુમાંજ એકી વખતે ધર્મોનું નિરૂપણ અને તેનો નિષેધ સંભવી શકતો નથી. કોઇ પ્રજ્ઞ પુરુષ એકજ ઘડાને તેજ વખતે કાળો કહી તરતજ તેનો નિષેધ કરી શકતો નથી. હા, થોડાક સમય વીત્યા બાદ તેજ શ્યામઘટ જ્યારે પાકથી રક્ત થઇ જાય છે તો કહી શકાય છે કે 'આ શ્યામ નથી પણ રક્ત છે' એવીજ રીતે એકજ બ્રહ્મમાં શ્રુતિઓ ધર્મોનું વિધાન તથા નિષેધ એ બંને એક સમયમાં કરી શકતી નથી; બંને પ્રકારની શ્રુતિઓ જોઇને એવો સંદેહ થાય છે કે સદા એકરસ બ્રહ્મમાં કેવી રીતે ધર્મોનું વિધાન થઈ શકે અને કેવી રીતે તેનો નિષેધ પણ થઈ શકે ? અને બંને પ્રકારની શ્રુતિઓની સંગતિ પણ શી રીતે થઇ શકે ?

૧૨ આની ઉપર માયાવાદીઓ કહે છે કે 'બંને પ્રકારની શ્રુતિઓની સંગતિ તો અધ્યારોપ અને અપવાદથી થઈ શકે છે. જેટલી શ્રુતિઓ બ્રહ્મમાં ધર્મોનું પ્રતિપાદન કરે છે તે

બધી નિષેધ્ય કોટિમાં (નિષેધ કરવા યોગ્ય પક્ષમાં) આવી મળે છે. અર્થાત્ જો કે શુધ્ધ બ્રહ્મ તો નિર્વિશેષ તથા નિર્ધર્મકજ છે. છતાં પણ અનાદિ માયાના સંબંધથી તેજ બ્રહ્મ પોતાના આત્મામાં સર્વજ્ઞત્વ, કર્તૃત્વ, ભોકતૃત્વ; વિગેરે વિશેષ કે ધર્મોની કલ્પના કરવા લાગી પડે છે, ત્યારે તે શબલ, માયાવચ્છિન્ન, અવિદ્યાવચ્છિન્ન, તથા સોપાધિબ્રહ્મ વિગેરે નામોથી વ્યવહરાય છે. શુદ્ધ બ્રહ્મ તો નિર્વિશેષજ છે. માટેજ અજ્ઞાનીઓની બુદ્ધિનો તેમાં પ્રવેશ થવો અત્યંત અશકય થઈ પડે છે. કારણ કે 'જેમાં આ ધર્મ હોય છે તેને ફલાણી વસ્તુ કહે છે, આવી રીતે ધર્મોનેજ લઈ કોઇ પણ વસ્તુનું જ્ઞાન થઇ શકે છે. એ માટે વેદાદિશાસ્ત્રો ચિત્તશુદ્ધિરૂપ ફળને ફળનારી ઉપાસનાને માટેજ સધર્મક શ્રુતિઓ દ્વારા કલ્પિતધર્મયુકત તે સોપાધિક શબલ બ્રહ્મનુંજ નિરૂપણ કરે છે. યદ્યપિ તે પોતે નિરવયવ, નિર્ધર્મક, નિષ્ક્રિય, નિરાકાર અને ચિન્માત્ર છે છતાં પણ ઉપાસનાને માટે શ્રુતિઓ કલ્પિત ધર્મોનો તેમાં આરોપ કરે છે અને જ્યારે ઉપાસનાથી ચિત્તશુદ્ધિ થઇ કે ઝટ [1]दशमस्त्वमसि આ ન્યાય મુજબ નિર્વિશેષ વચનો દ્વારા તે માત્ર કલ્પિત ધર્મોનોજ અપવાદ (નિષેધ) કરી દે છે તેથી તે બ્રહ્મને '**विस्मृत कंठमणि**' ન્યાય પ્રમાણે પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે. માટેજ તે મુકત કહેવાય છે. વાસ્તવમાં તો તે સદા નિત્યમુકતજ છે. નિર્વિશેષની ઉપાસના થઈ શકતી નથી માટેજ કલ્પિત

---

[1] દશ મનુષ્યોમાં પોતાને ગણ્યા વગર જે વિચાર કરે છે કે આતો નવ છે દશ માણસ કયાં ? જ્યારે અન્ય વ્યકિત તેને કહે છે કે 'દશમો તો તું છે' ત્યારે તેને પોતાનું જ્ઞાન થઇ જાય છે. [2] પોતાના કંઠમાં રહેલા કંઠમણિને ભૂલીને જે શોક કરે છે, જ્યારે તેને કોઇ કહે છે કે મણિ તો તમારા ગળામાં છે ત્યારે તેને પોતાના મણિની યાદ આવે છે.

ધર્મોનો તેમાં આરોપ કરવામાં આવે છે અને ચિત્તશુદ્ધિ થયા બાદ તે ધર્મોનો નિષેધ કરાય છે. જેમ દ્વિતીયાના સૂક્ષ્મ ચંદ્રનું દર્શન કરાવતી વખતે દર્શક (દેખાડનાર) પહેલાં પોતાના સાથીને ચંદ્રની પાસેની શાખાને દેખાડે છે. જ્યારે શાખાને સહારે ત્યાં નેત્રો પહોંચી જાય છે કે તરતજ ફરી દર્શક કહે છે કે ભાઇ! જે ત્હમે જોઇ રહ્યા છો. તે કંઇ ચંદ્ર નથી પણ એતો શાખા છે. ચંદ્ર તો એની ઉપર છે બસ, આજ પ્રણાલી વેદશાસ્ત્રોની પણ છે. કારણ કે તે (વેદાદિશાસ્ત્રો) પણ પહેલાં સવિશેષ વાક્યો દ્વારા બ્રહ્મમાં કલ્પિત ધર્મોનો આરોપ કરે છે. અને ચિત્તશુદ્ધિ થયા પછી તેઓનો અપવાદ કરે છે. જો કે સોપાધિ બ્રહ્મ અર્થાત્ અજ્ઞાનાવચ્છિન્ન બ્રહ્મ કે કલ્પિત બ્રહ્મની ઉપાસનાથી મોક્ષ મળતો નથી. માત્ર ફકત ચિત્તશુદ્ધિજ થાય છે. છતાં પણ વેદે અજ્ઞાનીઓને પણ ચિત્તશુદ્ધિ દ્વારા બ્રહ્મજ્ઞાન થવા કાજે કયાંક કયાંક ઉપાસનાથી મોક્ષ મળવાની ગુડજીહ્વિકા (લાલચ) દેખાડી છે. જેમ કોઇ માતા પોતાના પ્રિય પુત્રને કડવી દવા પીવડાવવા માટે ફોગટ લાડુ આપવાનો લોભ દેખડે છે, બરોબર એવીજ રીતે વેદો પણ ખાસ કરીને ચિત્તશુદ્ધિનેજ વાસ્તે કલ્પિત બ્રહ્મની ઉપાસના ઉપદેશે છે. પરંતુ કોઇ કોઇ સ્થલે અર્થવાદથી મોક્ષ ફલ પણ કહી નાંખે છે. આવી રીતે અધ્યારોપાપવાદથી બંને પ્રકારની શ્રુતિઓ સાર્થક થાય છે. અને માટેજ અમારા મતમાં કોઇ પણ પ્રકારના વિરોધનો છાંટો સુધ્ધાં ન રહેવાથી નિર્વિશેષ નિર્ધર્મકજ બ્રહ્મ છે. આ મત શુદ્ધ છે. અને ‘ नेदं यदिदमुपासते’ अथात आदेशो नेति’ ‘ पराचि खानि’ यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह’ ‘न चक्षुषा गृह्यते नाऽपि वाचा’ ‘ यत्तदेतदद्रश्यमग्राह्यं’ अशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशतः’ ‘ अप्राणो ह्यमनाः शुभ्रो’

‘ अन्यदेव तद्विदितादथोऽविदितात्’ यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः’ यद्वाचाऽनभ्युदितं’ ‘ अवचनैव प्रोवाच’ ‘ अशब्दमस्पर्शं स’होवाचैतद्वै तदक्षरं गार्गि ब्राह्मणाः अभिवदन्त्यस्थूलमनण्वह्रस्वमदीर्घमलोहितमस्नेहमच्छायमतमोऽवाय्वनाकाशमसंगमस्पर्शमगंधमरसमचक्षुष्कमश्रोत्रमवागमनोऽतेजस्कमप्राणममुखमनामाऽगोत्रमजरममरमभयममृतमरजोऽशब्दमविवृतमसंवृतमपूर्वमनपरमनंतरमबाह्यं न तदश्नोति कश्चन न तदश्नाति कंचन’ ‘ अव्यक्तोऽयमचिंत्योऽयमविकार्योऽयमुच्यते’ ‘ न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरं’ ‘ विभेदजनकेऽज्ञाने नाशमात्यंतिकं गते । आत्मनो ब्रह्मणो भेदमसन्तं, कः करिष्यति’ ‘ स वै न देवाऽसुरमर्त्यतिर्यङ्क् न स्त्री न षंढो न पुमान् न जन्तुः । नायं गुणः कर्म न सन्नचासन्निषेधशेषो जयतादशेषः’ संसुप्तवच्छून्यवदप्रतर्क्यम्’ अरूपवदेव हि तत्प्रधानत्वात्’ વિગેરે સેંકડો શ્રુતિ સ્મૃતિ સૂત્ર, તથા પુરાણ સમૂહો પણ એજ વાતને પુષ્ટ કરી રહ્યાં છે કે ‘ બ્રહ્મ અનિર્દેશ્ય, (ઇદમિત્થતયા નિર્દેશ કરવા અયોગ્ય) અનાકાર, (આકાર વગરનું) અગ્રાહ્ય, (ગ્રહણ ન કરાય એવું) સર્વવિશેષ શૂન્ય, નિર્ધર્મક, તથા ચિન્માત્ર (ચૈતન્યમાત્ર) છે.

બ્રહ્મવિષયમાં માયાવાદનો કેવલાનુભૂતિ[1] પક્ષ

૧૩ ખરી રીતે તો કેવલ અનુભૂતિજ (અનુભવ જ્ઞાન) બ્રહ્મ છે. માટે ‘ બ્રહ્મ નિર્વિશેષ છે.’ એ વાત યુક્તિઓથી બહુ સારી રીતે સિદ્ધ થાય છે. ઘટોऽस्ति પટોऽस्ति (ઘટ છે.

---

[1] અનુભૂતિ અથવા સંવિત્ એ જ્ઞાનનુંજ બીજું નામ છે, અને તેને માયાવાદિ નિખાલસ અર્થાત્ નિર્વિશેષ માને છે. શ્રીશંકરાચાર્યને લઇ આજ

પટ છે.) **પટોઽનુભૂયતે ઘટોઽનુભૂયતે** (પટ, ઘટ, અનુભવાય છે અથવા ઘટ તથા પટને હું જાણુ છું.) વિગેરે સ્થલોમાં માલુમ પડે છે કે ઘટ, પટ, વિગેરે બધાંય પદાર્થો જેની અંદર આવી રહ્યાં છે. તે સર્વવ્યાપક 'જ્ઞાન પદાર્થ' બધાથી જુદોજ છે. ઘટ, પટ, વિગેરે બધાં પદાર્થોની સાથે સાથે અનુભૂતિ (જ્ઞાન) પણ લાગેલીજ છે. '**ઘટોઽસ્તિ**'ની જગ્યાએ પટાદિનું વ્યાવર્તન (નોખાપણું) થાય છે. અને '**પટોઽસ્તિ**' ને ઠેકાણે ઘટાદિની વ્યાવૃત્તિ થાય છે. પરંતુ અનુભવ અથવા જ્ઞાન તો બધાની સાથે લાગ્યુંજ હોય છે, તેની વ્યાવૃત્તિ (અટકાવ) કયારે પણ થતી નથી. જ્ઞાન સ્વતંત્ર છે અને અન્ય સર્વ પરતંત્ર છે. વખતો વખત બધાં પદાર્થો જ્ઞાનથી અલગ થતાં રહે છે; કિંતુ જ્ઞાન કોઇથીએ પણ જુદું પડતું નથી, અર્થાત્ જ્ઞાનની જયોતિ તો સદા માટે ઝળહળતી રહે છે. માટેજ સ્વતંત્ર, અવ્યાવૃત્ત, (જુદું ન થનારૂં) સર્વત્ર અનુવર્તમાન, અને બધામાં મળીને રહેતું એવું એક જ્ઞાનજ પરમાર્થ અને નિત્ય, સત્ય છે. અને વારા ફરતી વખતો વખત જ્ઞાનથી નોખાં પડનારા, ક્ષણિક, તથા પરતંત્ર સર્વ પદાર્થો અપરમાર્થ અને અનિત્ય છે, મિથ્યા છે. સત્તા અને અનુભૂતિમાં પણ કશો ભેદ નથી. કારણકે અન્યોન્યાભાવનુંજ બીજું નામ ભેદ છે. તે અભાવ કોઇના ગ્રહણ કરવામાં આવતો નથી. માટે એ કહી શકતા નથી કે સત્તા અને અનુભૂતિ અલગ અલગ છે વળી અનુભુતિ એકજ પદાર્થ છે. ભેદ માત્ર ગ્રહણ કરવામાં આવતો નથી, માટે વાસ્તવમાં કોઈ અન્ય પદાર્થજ નથી કારણ કે જાત્યા-

દિયુકત પદાર્થોનું જ્યારે જ્ઞાન થાય ત્યારે ભેદ માલુમ પડે છે. અને એ પદાર્થોનો જ્યારે ભેદ માલુમ પડે ત્યારે જાત્યાદિનું ગ્રહણ થાય છે. માટે આવા દોષરૂપ અન્યોન્યાશ્રયના આવા પડવાથી ભેદજ દુર્નિરૂપ (નિરૂપી શકાતો નથી) છે.

૧૪ ઘટપટાદિ બધાજ પદાર્થો જ્ઞાનના વિષય બને છે. તેઓનું પ્રત્યક્ષ જ્ઞાનથી થાય છે. માટેજ તે બધાં જડ છે. આવો એક સિદ્ધાંત છે કે જે કોઇ પદાર્થ અન્યનો વિષય થતો હોય અથવા જેનું ગ્રહણ બીજાથી થતું હોય તો તે વસ્તુ જડ છે જ્ઞાન કોઇનો વિષય નથી માટે તે જડ નથી, પણ ચેતન તથા સ્વયંપ્રકાશ છે. અનુભૂતિ, અનુભવ, જ્ઞાન, સંવિત્ અને સત્ આ બધાં એકજ પદાર્થના જુદાં જુદાં નામો છે. તો હવે એ સિદ્ધ થયું કે કોઈ અન્યનો વિષય ન હોવાથી, અજડ હોવાથી, ચેતન હોવાથી. નિત્યને સત્ય હોવાથી અનુભૂતિ (જ્ઞાન) જ બ્રહ્મ છે. અને તે નિર્વિશેષ, નિર્ધર્મક છે. તથા શુદ્ધ, બુદ્ધ, ને નિત્યમુકત છે. અને એ નિર્વિશેષ બ્રહ્મથી જુદા જેટલાં પદાર્થો છે તે બધાંજ જડ અનિત્ય કે અસત્ય છે. વધારે તો શું, તે બધું નિરૂં અજ્ઞાનજ છે. જેમ જ્ઞાન પદાર્થ અનાદિ છે તેમ '**અહમજ્ઞઃ**' હું અજ્ઞાની છું' આ અનુભવથી સિદ્ધ થયેલું એક અજ્ઞાન પણ અનાદિ પદાર્થ છે. જ્ઞાનનો અભાવ અજ્ઞાન નથી, પણ જ્ઞાનથી વિરૂદ્ધ પદાર્થનેજ અજ્ઞાન કહે છે. અહીં વિરોધાર્થમાં '**નञ्**' છે. જેમ અમિત્ર કંઈ મિત્રનો અભાવ નથી, પણ મિત્રથી વિરૂદ્ધ પદાર્થજ અમિત્ર કહેવાય છે. જેમ ભૂતલથી જુદો અભાવ પદાર્થ કોઇ નથી એ વાત તો અમે પહેલાં કરી આવ્યા છીએ, માટે અજ્ઞાન પણ ભાવરૂપ અનાદિ સિદ્ધ પદાર્થ છે. એ અજ્ઞાન સત્ કે અસત્ એ માંથી એકે પ્રકારનું ન હોવાથી અનિર્વચનીય છે,

---

સુધીના શાંકરવાદીઓમાં થોડો થોડો મતભેદ થતો આવ્યો છે તેમાં કોઇનો કેવલાનુભૂતિ પક્ષ છે.

અને એનેજ મિથ્યા કહે છે. અને તેજ (અજ્ઞાન) માયા, અવિદ્યા મલિનસત્ત્વ, શુદ્ધસત્વ, વિગેરે વિગેરે અનેક નામોથી નિર્દેશાયું છે. તે અજ્ઞાન બ્રહ્મસ્વરૂપ અનુભવનો તિરોભાવ કરે છે. એ માટે જ્ઞાનને પોતામાં 'હું જ્ઞાતા છું' સર્વજ્ઞ છું, કર્તા છું, ભોકતા છું, અલ્પજ્ઞ છું, હું સુખી તથા દુઃખી છું, વિગેરે અનેકાનેક ભ્રમો થવા લાગે છે માટેજ તે (જ્ઞાન) તે અવસ્થામાં ઇશ્વર, (શબલ) જીવ, વિગેરે શબ્દોથી ઉલ્લેખાય છે. વાસ્તવમાં તો નથી તે જ્ઞાતા, નથી કર્તા, નથી ભોકતા, નથી સર્વજ્ઞ, કે નથી 'अहं' પ્રત્યયથી જાણી શકાતો અજ્ઞાનયુકત જ્ઞાનજ અહંપ્રત્યયવેદ્ય ('હું' પ્રતીતિજ્ઞેય) વિગેરે છે. અર્થાત્ 'હું' આ સમજથી સમજાય છે વધારે તો શું, પણ જ્ઞાતા, જ્ઞેય, જગત્ બધું ભ્રમમાત્રજ છે, વાસ્તવમાં કંઇ પણ બીજું નથી. 'नासदासीन्नो सदासीत्' ઇત્યાદિ પ્રમાણોથી તે અજ્ઞાન અનિર્વચનીય છે.

૧૫ કહેવાની મતલબ એજ છે કે 'अहं आत्मानं जानामि' હું મારા આત્માને જાણુ છું' આ વાકયથી જે કંઇ અહંરૂપ જ્ઞાતા આત્મરૂપ જ્ઞેય, અને 'जानामि' ઇત્યાકારક જ્ઞાન, આ ત્રણ જુદા જુદા પદાર્થોની પ્રતીતિ થઇ રહી છે તે માત્ર અજ્ઞાનથીજ થઇ રહી છે. જ્ઞાતા જ્ઞેય, 'अहं' વિગેરે બધું તે અજ્ઞાન અર્થાત વિવિધ વિક્ષેપ કરનારી માયાનું (અજ્ઞાનનું) જ કાર્ય છે. 'अहं जानामि' ઇત્યાદિમાં જે કંઇ આત્માનું અહંવેદ્યપણું અને જ્ઞાતાપણું માલુમ પડે છે તે માત્ર શુક્તિખંડ (છીંપ) ને ચાંદી માની લેવાની માફક ભ્રમજ છે. જ્ઞાનનું પોતે પોતામાં કર્તૃપણું યુકતજ નથી, કારણકે જ્ઞાનના કર્તાનેજ જ્ઞાતા કહેવામાં આવે છે. ક્રિયા હંમેશ આત્માથી અતિરિક્તમાંજ થાય છે. ક્રિયા એક પ્રકારે વિકારજ

છે માટે તે (ક્રિયા) અચિદ્ગ્રંથિરૂપ અહંકારમાંજ રહે છે. અહંકારમાં રહેલી વિકારસ્વરૂપ જ્ઞાનક્રિયાનું કર્તાપણું, સાક્ષી અને ચેતન માત્ર આત્મામાં શી રીતે રહી શકે? 'अहं आत्मानं जानामि' આ વાકયમાં 'आत्मानं' અહીં કર્મસંજ્ઞા પણ શુદ્ધ આત્મા અને અજ્ઞાનાવચ્છિન્ન આત્મા આવો ભેદ લઇને થાય છે. નહિં તો એકજ પદાર્થની[1] કર્મસંજ્ઞા અને કર્તૃસંજ્ઞા સંગત થઇ શકતી નથી. માટે શુદ્ધ આત્મા જ્ઞાતા નથી.'

૧૬ 'જેમ જ્ઞાનની અનુવૃત્તિ હમેશાં છે, અર્થાત્ ગાઢ સુષુપ્તિ અને મૂર્છામાં પણ સાક્ષી જ્ઞાન ઉપલબ્ધ થતુંજ રહે છે. તેમ 'अहं' પદાર્થ, મૂર્છા અને સુષુપ્તિમાં ઉપલબ્ધ થતો નથી. માટે 'अहं' આત્મા નથી. બીજું આત્મા અહંપ્રત્યયગોચર પણ નથી. યદિ તે (આત્મા) અહંપ્રત્યયનો ગોચર હોય તો તે જડ કહેવાશે. કદાચ હઠાગ્રહથી આત્માને અહંપ્રત્યયગોચર અને કર્તા માનશો તો તેને પણ દેહની માફક જડપણું અને અનાત્મપણું આવી જશે. જેમ કે પ્રામાણિક લોકોનું માનવું છે કે અહંપ્રત્યયગોચર અને કર્તાપણાથી પ્રસિદ્ધ શરીરથી જુદોજ આત્મા સ્વર્ગાદિફલોનો ભોકતા છે. તેમજ કર્તાપણાથી પ્રતીત થતો અને અહંપદથી જુદોજ સાક્ષી આત્મા કહેવાય છે. સુષુપ્તિ અને મુર્છાથી ઉઠેલો માણુસ કહેવા લાગી પડે છે કે 'હું એવો તો બેહોશ થઇ ગયો હતો કે હું પોતાને પણ જાણી શકયો નહિં' હવે અગર સુષુપ્તિ અને મુર્છામાં 'अहं' પણ થતું

---

[1] બીજામાં સમવાય સંબંધથી રહેનારી ક્રિયાનું ફલ જ્યાં સંપૂર્ણ થતું હોય તેની કર્મસંજ્ઞા થાય છે, જેમ 'चैत्रो ग्रामं गच्छति' અહીં ચૈત્રની ક્રિયા ગ્રામમાં સંપૂર્ણ થઇ માટે ગ્રામમાં દ્વિતીયા થઇ.

હોય તો આમ કહી શકત નહિ કે ‘ હું પોતાને ન જાણી શક્યો’ પરંતુ સુષુપ્તિ વિગેરે અવસ્થામાં પણ ન જાણવાનું સાક્ષી જ્ઞાન તો હાજરજ છે. માટે જ્ઞાનરૂપ આત્મા અહંપ્રત્યય ગોચર નથી પણ ‘ अहं ’થી જુદોજ સાક્ષી જ્ઞાનરૂપ આત્માજ બ્રહ્મ છે, નિત્ય છે, સત્ય છે, અને તે સિવાય બીજુ બધુંજ ભ્રમમાત્ર છે. ‘ अनृतेन हि प्रत्यूढाः ’ तम आसीत्तमसा गूढमग्रे. तस्मान्मायी सृजते विश्वमेतत्, मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्’ વિગેરે શ્રુતિઓથી અને ‘ अहमज्ञः ’ આ અનુભવસિદ્ધ માયા, અવિદ્યા, વિગેરે શબ્દોથી કહેવા યોગ્ય અનિર્વચનીય અજ્ઞાનજ ‘ अहं ’ ભાવ, જ્ઞાતૃભાવ, જીવ, ઈશ્વર, તથા જગત્ ઈત્યાદિનું કારણ છે. અને એવો ભાવ થવાનેજ આત્માનો બંધ કહે છે. જ્યારે તેને ‘ विस्मृतकंठमणि ’ ન્યાયથી પોતાના સ્વસ્વરૂપનું ભાન થાય છે. અર્થાત્ ‘ अस्थूलमनणु, नेति नेति ’ વિગેરે ઉપનિષત્‌ના શ્રવણદ્વારા અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. ત્યારે તે મુકત કહેવાય છે. ખરી રીતે તો બંધ મોક્ષ વિગેરે વ્યવસ્થા પણ અજ્ઞાન માત્ર છે.

૧૭ અહીં એક એવો પ્રશ્ન થઇ આવે છે કે ‘ सत्यं ज्ञानमनंतं ब्रह्म ’ આ સ્વરૂપ લક્ષણ શ્રુતિમાં તો સત્યજ્ઞાનાદિધર્મયુકત બ્રહ્મનું નિરૂપણ છે. અને આપ તેને નિર્ધર્મક કહો છો એ કેમ ઘટે ?” તો એનો સરસ ઉત્તર એટલોજ છે કે કોઇ પણ પદાર્થનું જ્ઞાન થવું તે લક્ષણથી થાય છે. અને લક્ષણનું એ કામ છે કે તે લક્ષ્યથી[1] ઇતર બધાં પદાર્થોને તેનાથી (લક્ષ્યથી) દુર રાખી લક્ષ્યમાત્રનેજ[2] બતાવે છે. અહીં ‘ सत्यं ज्ञानमनंतं ’ આ પણ જ્યારે બ્રહ્મનું લક્ષણ છે તો જરૂર આ લક્ષણ વાકયમાં આવેલાં ત્રણે પદો બ્રહ્મથી અન્ય બધાંય પદાર્થોને દુર કરી કેવલ બ્રહ્મમાત્ર અર્થનુંજ ગ્રહણ કરાવે છે. ‘ सत्यं ’ આ પદ વિકારના સ્થાનરૂપ સમગ્ર અસત્ય પદાર્થોને દુર રાખી બધાંથી વ્યાવૃત્ત (જુદું) એક માત્ર બ્રહ્મનોજ બોધ કરાવે છે, અને ‘ ज्ञानं ’ આ પદ અન્યાધીનપ્રકાશ એટલે જેનો પ્રકાશ (જ્ઞાન) બીજાને અધીન છે એવા તથા બીજાનાં વિષય થનારા જડ પદાર્થોને દુર કરી જડ વસ્તુથી વ્યાવૃત્ત કેવલ બ્રહ્મનેજ નિર્દેશી રહ્યું છે. તથા ‘ अनंतं ’ આ પદ પણ દેશ, કાલ, અને વસ્તુથી પરિચ્છિન્ન થયેલા પદાર્થોને દુર કરી પરિચ્છિન્ન વસ્તુથી વ્યાવૃત્ત કેવલ બ્રહ્મનુજ નિરૂપણ કરે છે. અને આવી રીતે અનેક પદો રહેવા છતાં પણ એક કેવલ બ્રહ્મનુંજ નિરૂપણ કરવાથી ત્રણે પદોની એકાર્થપરતા (એક અર્થને બોધન કરવાપણું) અથવા એકવાકયતા થઇ ચુકી. અગર અહીં એવી શંકા થઇ આવે કે જે તમો અહીં સત્યાદિપદોનો અસત્યાદિથી વ્યાવૃત્ત એવો અર્થ કરો છો તો અહીં ‘ व्यावृत्ति ’ શું ભાવરૂપ ધર્મ છે કે અભાવરૂપ ધર્મ ? બંને પ્રકારે માનવામાં પણ બ્રહ્મ તો સધર્મકજ ઠરે છે’ તો એનો ઉત્તર એ છે કે સત્યાદિવ્યાવૃત્તિ ન તો ભાવરૂપ છે કે ન તો અભાવરૂપ છે, પરંતુ તે માત્ર બ્રહ્મજ છે. જેમ શુકલ રંગનું નિરૂપણ કરતી વખતે કોઇએ કહ્યું કે તે કૃષ્ણાદિ બધાં રંગોથી વ્યાવૃત્ત છે. તો અહીં તે વ્યાવૃત્તિ શુકલ રંગજ સમજાઈ આવે છે; એવીજ રીતે ‘ सत्यादि ’ પદોથી અન્ય વ્યાવૃત્તિ કોઈ ભાવ કે અભાવરૂપ નથી પરંતુ સકલ પદાર્થોથી જુદું બ્રહ્મજ સમજાય છે. આવી રીતે સત્યાદિ ત્રણે પદો એક વસ્તુનુંજ અન્ય સકલ પદાર્થોથી જુદાપણું દેખાડતાં સાર્થક થાય છે, અને એકાર્થક બને છે. અને આ યુક્તિથી પણ ‘ सत्यं ज्ञानमनन्तं ब्रह्म ’ વિગેરે શ્રુતિઓમાં નિર્વિશેષ, નિર્ધર્મક બ્રહ્મનુંજ નિરૂપણ છે.

---

[1] લક્ષ્યથી ભિન્ન. [2] જેનું લક્ષણ કરવામાં આવે તે.

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન.

૧૮ અમે આ ગ્રંથના પૂર્વભાગમાં યુક્તિઓનો ઉત્તર યુક્તિઓથી આપી એ સિદ્ધ કરી ચૂકયા છીએ કે માયાવાદનો સંપૂર્ણ ભાર [1] બુદ્ધિવાદ ઉપરજ છે. અને બુદ્ધિવાદનો એ સ્વભાવ છે કે તે સુંદર, મોહક તથા પ્રામાણિક જેવો લાગી આવે છે, પરંતુ થોડો પણ વિચાર કરવાથી તેનો મુકાબલો શ્રુતિ, સ્મૃતિઓ સાથે કરવામાં આવે તો તરત તે અપ્રામાણિક, અસત્ય અને ઈંદ્રજાલ જેવો જણાઇ આવશે. માયાવાદીઓના આ ઉંટના જેવા લાંબા પૂર્વપક્ષની પણ એજ હાલત છે. માયાવાદનો બધો પ્રયત્ન તો માત્ર શ્રુતિઓને મારી મચડી જેમ તેમ તેના કરેલા અર્થને પોતાની મનગઢંત યુક્તિઓમાં મેળવવા માટેજ પ્રારંભાયો છે. એ અમે આગળ સ્પષ્ટ રીતે જણાવીશું. પરંતુ હાલ તો એઓની યુક્તિઓનીજ કિંમત કરી દઇએ છીએ.

૧૯ જે [2] લોકો એવું કહે છે કે 'ચિત્ત શુદ્ધ થવા માટેજ ઉપાસનાર્થ સોપાધિક વા સધર્મક બ્રહ્મ માન્યું છે.' તો તેઓને પુછવામાં આવે છે કે 'નિર્વિશેષ શુદ્ધ બ્રહ્મ અને સોપાધિક બ્રહ્મ આ બંનેનો પરસ્પર ભેદ છે કે અભેદ ! અર્થાત્ કર્તૃત્વ ભોકતૃત્વ ધર્મવિશિષ્ટ શબલ બ્રહ્મ અને યાવદ્ ધર્મશૂન્ય નિર્વિશેષ બ્રહ્મ એ બંને બીલકુલ અગ્નિ અને જલની માફક જુદાં છે અથવા એક છે? અગર 'જુદાં છે, એમ કહો તો પણ શું કોઇ ઉપાધિને કારણે બંનેનો ભેદ માનો છો કે વાસ્તવમાંજ જુદાં છે? વાસ્તત્રમાં જુદાં છે એ તો કહી શકાય નહિ, કારણ કે બંનેનો વાસ્તવ ભેદ માનશો તો અદ્વૈતની ઠેકાણે દ્વૈતાપત્તિ થઇ જશે, અને '**सर्वत्र प्रसिद्धोपदेशात्**' આ વ્યાસસૂત્રનો પણ વિરોધ આવી નડશે. વેદાંતસૂત્રો, વ્યાસસૂત્રો, અથવા ઉત્તરમીમાંસાસૂત્રો, એ ફક્ત મંદ અને મધ્યમાધિકારીઓને પરસ્પર વિરૂદ્ધ ભાસતી શ્રુતિઓનો વિરોધ અને સંદેહને

---

[1] જે લોક એક વાતને યુકિત માત્રથી સિદ્ધ કરી અને પછી તેમાં શ્રુતિઓને લગાવે છે તે બુદ્ધિવાદજ કહેવાય છે, કારણકે ત્યાં યુકિતઓનુંજ પ્રાધાન્ય છે. અને જે લોક શ્રુતિશાસ્ત્રથી કોઇ વાતને સિદ્ધ કરી પછી તેને સમજાવવા માટે યુકિત પણ આપે તે બ્રહ્મવાદ છે. કારણ કે ત્યાં કેવલ શાસ્ત્રનુંજ પ્રાધાન્ય છે.

[2] अत्र मिथ्यावादी प्रष्टव्यः । जगत्कर्तृत्वेशितृत्वादिविशिष्टनिर्विशेषयोर्भेद मङ्गीकरोष्युताऽभेदम्–भेदपक्षेपि तात्विकमतात्विकं वा । न तावदाद्यः सर्वत्र प्रसिद्धोपदेशादित्यधिकरणविरोधात्, इत्यादि । न द्वितीयः सतूपाधि॰कृत एव संभवति, घटादिकृत इवाकाशस्य । प्रकृते तादृश उपाधिः कः । मायैवोपाधिः सचाऽनादिरेवेतिपक्षस्त्वसंगत एव इत्यादि । सदेव सौम्येदमग्र आसीदिति श्रुतिविरोधश्च । किंच त्वन्मतेप्युपहितस्योपाध्यधीनतया स्वातन्त्र्याभावात्कर्तृत्वाऽनुपपत्तिः । भवेद्वा उपाधावेव स्यान्नतूपहिते, घटक्रियेव एवमस्त्विति चेन्न, 'यतो वा इमानि भूतानि' 'आनन्दाद्ध्येव खल्विमानि भूतानि' 'सन्मूलाः सौम्येमाः इत्यादिश्रुतिस्मृतिन्यायव्याकोपात् इत्यादि । विशेषाणामविद्याकल्पितत्वं वदन्वादी प्रष्टव्यः, का सा अविद्या, जीवगता ब्रह्मगता वा यत्कल्पिता विशेषाः नतावदाद्यः । तस्या ब्रह्मगतधर्मकल्पने सामर्थ्याभावात् । कल्पना हि शुद्धब्रह्मणि वाच्या । तादृशस्य मनोवचसोरप्यविषयत्वेनाधिष्ठानज्ञानाभावाज्जीवस्य तस्याः–संबंधस्तु दूरतरः । परांचि खानीत्यनेनाविद्यासंबंधीन्द्रियाणामविषय इत्युक्त्वा तद्रहितेन्द्रिय विषयत्वं 'कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षदावृतचक्षुरमृतत्वमिच्छन्' इत्यनेन निरूप्यते इत्यादि । वस्तुतस्तु ब्रह्मधर्माः सर्वे एवानागन्तुका एव यतो नित्याः । श्रुत्या तथैव निरूपणात् । 'न तस्य कार्यं करणं च विद्यते' तत्संबंधि यत्किञ्चित्कार्यं जन्यं नास्ति किन्त्वजन्यमेव । किंच तस्येतिषष्ठ्या भेदो निरूप्यते । तथाच जीववत्स्वरूपातिरिक्तज्ञानाक्रियादिषु करणमिन्द्रियादिकमपि तस्य नास्ति । आनन्दमात्रकरपादमुखोदरादित्वात् । इत्यादि । विद्वन्मण्डनम्.

દૂર કરવા ખાતરજ રચાયાં છે. તો હવે ઉક્તસૂત્ર પણ છાંદોગ્યોપનિષત્‌ના પંચમ પ્રપાઠકના 'स क्रतुं कुर्वीत मनोमयः प्राणशरीरः' ઈત્યાદિ વાક્યોનો સંદેહ દૂર કરવાને માટેજ પ્રવૃત્ત થયું છે. અહીં (શ્રુતિમાં) 'मनोमयः' અને प्राणशरीरः 'આ ઉભયપદો હોવાથી એ સંદેહ ઉદ્ભવે છે કે આ વાક્યમાં ઉપાસના કરવા યોગ્ય જીવ છે કે બ્રહ્મ? પૂર્વપક્ષી કહે છે કે શ્રુતિમાં 'मनोमयः અને प्राणशरीरः' આ બે પદો હોવાથી જીવજ ઉપાસના કરવા યોગ્ય છે, તો એના ઉત્તરમાં વેદવ્યાસજી વદે છે કે 'સર્વ વેદાંતોમાં મનોમય, પ્રાણશરીર, સર્વાન્તર્યામીસ્વરૂપ એક બ્રહ્મજ પ્રસિદ્ધ છે, અને તેનીજ મનનદ્વારા ઉપાસના કરવા માટે ઉપદેશ કર્યો છે. 'मनोमयः અને प्राणशरीरः' આ પદોનો એવો અર્થ છે, કે જે વિશુદ્ધ મનથી ગ્રહણ કરાય અને પ્રાણોનો આધાર અથવા નિયંતા કે આનંદમય વિગ્રહછે. હવે અગર ઉપાસ્ય (ઔપાધિક શબલબ્રહ્મ) બ્રહ્મ અને નિર્વિશેષનો પરસ્પર વાસ્તવ ભેદ માનશો તો આ વ્યાસસૂત્રનો સ્પષ્ટ વિરોધ આવશે. કારણ કે આ સૂત્રમાં પ્રસિદ્ધ એક બ્રહ્મનેજ ઉપાસ્ય કહ્યું છે. અને તમે ઉપાસ્યને જુદું માનો છો. માટે શુદ્ધબ્રહ્મમાં અને ઔપાધિક શબલ બ્રહ્મમાં વાસ્તવભેદ માની શક્તા નથી. અગર અવારતવ ભેદ માની ઉપાધિવશ બંનેનો પરસ્પર ભેદ માનો તો પણ ઠીક નહિં. 'જેમ આકાશ એક છે તોપણ ઘટાકાશ, મઠાકાશ, વિગેરે ઔપાધિક ભેદો ગણાય છે તેમ બંને બ્રહ્મનો ઔપાધિક ભેદ અર્થાત્ ઉપાધિકૃત ભેદ માનો તોપણ એવો પ્રશ્ન થઈ આવે છે કે તે અન્યોન્યથી એક બીજાનો ભેદ કરાવનારી ઉપાધિ કોણ છે? અને તે ઉપાધિનું ગ્રહણ કરવાની બ્રહ્મને જરૂર પણ શી પડી છે? અગર અનાદિ માયાજ ભેદનું કારણ છે' એમ કહો તો પણ યુક્ત નથી.

કારણ કે એક માયા અને બીજું બ્રહ્મ' આમ સ્પષ્ટ દ્વૈતતા આવી પડે છે. આ વાત અમે પૂર્વભાગમાં સિદ્ધ કરી આવ્યા છીએ. બીજું ઉપાધિથી ભેદ માનવામાં 'सदेव सौम्येदमग्रआसीत्' આ શ્રુતિનો વિરોધ પણ ઉભોજ છે. માયા વિગેરેને અસત્ય માની અગર અદ્વૈત કરવા ચાહતા હોવ તો તેનું ખંડન આગળ જઈ કરીશું. सदेवसौम्येदम् ' આ શ્રુતિમાં સૃષ્ટિની પહેલા અન્યની સત્તાનો નિષેધ કરી માત્ર એક બ્રહ્મની સત્તા સ્થાપી છે. 'सोऽनुवीक्ष्य नान्यदात्मनोऽपश्यत्' અર્થાત્ 'પરમાત્માએ ચારે તરફ નજર નાંખી જોયું તો તેણે પોતાને છોડી બીજું કાંઇપણ ન ભાળ્યું' આ શ્રુતિ પણ સૃષ્ટિની પહેલાં બ્રહ્મ સિવાય બીજાની સત્તાનો સ્પષ્ટ રીતે નિષેધ કરી રહી છે. હવે અગર શુદ્ધ અને શબલ બ્રહ્મમાં કોઈ ઉપાધિને કારણે પરસ્પર ભેદ માનશો તો સૃષ્ટિની પૂર્વમાં એક માયારૂપ ઉપાધિ પણ અવશ્યં માનવી જોઇશે. તો પછી ઉક્ત શ્રુતિનો વિરોધ સ્પષ્ટજ ઝલકી ઉઠે છે. ખરી રીતે તો માયાવાદમાં 'जीव ईशो' આ પ્રતિજ્ઞા મુજબ છ વસ્તુઓને અનાદિ માની છે. વાસ્તે ખુલ્લી રીતે દ્વૈતપણું તથા ઉક્ત શ્રુતિઓનો વિરોધ વ્હોરી લીધો છે.

૨૦ અંતઃકરણ, અબિધા, અથવા માયારૂપ ઉપાધિયુક્ત શબલ બ્રહ્મનું કર્તાપણું તથા ભોક્તાપણું માનવું પણ સિદ્ધ થતું નથી. કેમ કે કર્તા હમેશાં સ્વતંત્ર હોય છે, પરંતુ માયાવાદીલોક માયાને વશ થઇ બ્રહ્મ કર્તા છે' એમ કહે છે. માટે પરતંત્રનું કર્તૃત્વ પણ સિદ્ધ થતું નથી. કારણ કે સોપાધિક બ્રહ્મ ઉપાધિને અધીન છે. કદાચ 'રાજા અને સિપાઈનું દૃષ્ટાંત લઇ કહો કે યદ્યપિ રાજા અને સિપાઇ પરસ્પર એક બીજાની અપેક્ષા રાખતા છતાં પણ કર્તા છેજ, ' તો પણ કામ સરતું નથી. કારણ કે આમ માનવામાં

તો કર્તૃત્વ ઉપાધિમાં રહેશે. જેમ કોઇ મનુષ્ય ઘટને લઇ જતો હોય તો ત્યાં ચલનક્રિયા આકાશમાં નથી. પરંતુ ઘટમાંજ થઇ રહી છે. આકાશ તો નિષ્ક્રિય તથા વ્યાપક છે, માટે ત્યાંજ રહી જાય છે કિંતુ ઘટમાત્રમાંજ ક્રિયા થાય છે. આવી રીતે ઉપાધિયુક્તને કર્તા માનવામાં તે કર્તૃત્વ ઉપાધિમાં રહેશે, પણ કંઇ બ્રહ્મમાં આવી શકવાનું નથી. માટે 'સોપાધિ બ્રહ્મ કર્તા છે' એ પણ કહી શક્તા નથી. કદાચ કહો કે ભલે ઉપાધિજ કર્તા રહો, તો પછી યતો वा इमानि भूतानि जायन्ते ' 'सन्मूलाः सौम्येमाः प्रजाः प्रजायन्ते ' 'आनंदाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते' વિગેરે અનેક શ્રુતિઓનો વિરોધ આવી પડશે, અને ઉપાધિનેજ કર્તા માનવાથી અર્થાત્ અંતઃકરણ, માયા, અવિદ્યા, અથવા બધાં અચેતન પદાર્થોને કર્તા માનવાથી પત્થર, ભીંત વિગેરેને પણ કર્તા માનવા જોઈએ. તો એ મોટી પંચાયત આવી પડશે. અને આથીજ 'બ્રહ્મમાં કર્તૃત્વાદિ આરોપિત છે' આ પક્ષ પણ સમાલોચિત સમજો, કારણ કે જ્યારે કૂવામાંજ જલ નથી તો પછી લોટામાં ક્યાંથી આવવાનું? અર્થાત્ જ્યારે પ્રકૃતિ કે ઉપાધિમાંજ કર્તૃત્વ નથી તો તેનો આરોપ તો બ્રહ્મમાં કરાયજ ક્યાંથી? અગર કહો કે અમે કેવલ ઉપાધિને કર્તા કહેતા નથી, પરંતુ ઉપાધિના સંબંધથી 'અકર્તા પણ બ્રહ્મ કર્તા થઇ જાય છે' આમ કહીએ છીએ, તો વાહ ભાઇ!! તમે ખુબ કહ્યું. પણ તે બધું વગર વિચારેજ કહી નાંખ્યું. કારણ કે ઉપાધિ સંબંધથી જ્યારે અકર્તા પણ કર્તા થઇ જાયછે, તો પછી સ્ત્રી સંપર્કથી નપુંસક પણ આપના મતમાં પુત્ર પેદા કરનાર થઇ જવો જોઇએ. વાહ યુક્તિ તો ખુબ પ્રતિષ્ઠા કમાવનારી શોધી કાઢી!!!

૨૧ 'બ્રહ્મમાં વિશેષો અથવા તો સર્વ વિકારાદિ ઉપાસનાને

માટેજ અવિદ્યાથી કલ્પાયેલાં છે. આ તેઓની કલ્પના પણ એક છલ જેવીજ તરી આવે છે. કારણ કે અહીં એ પ્રશ્ન થઇ આવે છે કે જેથી બ્રહ્મધર્મોની કલ્પના થાય છે તે કલ્પનાકારણ માયા અથવા અવિદ્યા જીવમાં છે કે બ્રહ્મમાં? 'અવિદ્યા જીવમાં રહી બ્રહ્મધર્મોની કલ્પના કરે છે' આ ઉત્તર તો તદ્દનજ અસંગત છે. કારણકે હમેશાં દૃશ્ય અને અનુભૂત પદાર્થોમાંજ કલ્પના થાય છે. પરંતુ આપના મતમાં તો બ્રહ્મ, મન, વચન, અને નેત્રાદિથી પણ અતીત છે, અર્થાત્ અદૃશ્ય અચિંત્ય, અને અવાચ્ય છે. તો પછી આવા ઉપયુક્ત બ્રહ્મમાં, જીવગત અવિદ્યા ધર્મોની કે વિશેષોની કલ્પના શી રીતે કરી શકે? અને એ વાત ઠીક પણ છે, કારણકે 'पराँचि खानि ' અર્થાત્ બ્રહ્મદર્શનમાં અવિદ્યાના સંબંધવાળી સર્વ ઇંદ્રિયો અસમર્થ છે.' આ શ્રુતિદ્વારા બ્રહ્મને અવિદ્યાવાળી ઇંદ્રિયોનો અવિષય કહી 'कश्चिद्धीरःप्रत्यगात्मानमैक्षत्' ज्ञानप्रसादेन विशुद्धसत्त्वस्ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः ' ઇત્યાદિ શ્રુતિઓ તથા 'यद्विपश्यन्ति मुनयो गुणापाये समाहिताः' વિગેરે સ્મૃતિઓ દ્વારા પણ એવુંજ કહેવાયું છે. કે 'જ્ઞાનીની અવિદ્યારહિત ઇંદ્રિયો બ્રહ્મનું દર્શન કરી શકે છે. તો હવે એ સિદ્ધ થઇ ચૂક્યું કે જ્યારે અવિદ્યાવાળી ઇંદ્રિયો ત્યાં (બ્રહ્મમાં) પહોંચી પણ શક્તી નથી તો પછી જીવગત અવિદ્યા બ્રહ્મમાં ધર્મોની કલ્પના કરે છે' આ પક્ષ પણ અસંગતજ થઇ ગયો છે. કદાચ કહો કે 'તે વખતે થોડી અવિદ્યા છે, એથી તો દ્રષ્ટા અને દૃશ્ય આવું દ્વૈત બની રહ્યું છે' તો પણ ઠીક નહિ. કારણ કે પ્રાયઃ બધાના મતમાં વિશેષે કરી આપના મતમાંજ જ્ઞાન થયા બાદ અવિદ્યાનો સમૂલ નાશ માન્યો છે. અને 'कश्चिद्द धीरः ' 'तमेव विदित्वाति मृत्युमेति ' 'यद्धि पश्यन्ति ' વિગેરે વચનોમાં 'धीरः' अतिमृत्युमेति

'ગુણાપાયે' ઇત્યાદિ શબ્દોથી પુરૂષનું જ્ઞાન થયા બાદ અવિદ્યા સત્તાનો સ્પષ્ટ રીતે નિષેધ કર્યો છે માટે જીવગત અવિદ્યા, બ્રહ્મમાં ધર્મોની કલ્પના કરે છે' આ વાત તદ્દનજ અસંગત ઠરેછે.

૨૨ વાસ્તવમાં તો બ્રહ્મના સર્વ ધર્મો, આકારાદિ સર્વ વિશેષો અનાગંતુક છે એટલે સ્વાભાવિક છે, અને બ્રહ્મથી અભિન્ન પણ છે આ વાત શ્રુતિમાંજ કહી છે.

न तस्य कार्यं करणं च विद्यते
न तत्समश्चाभ्यधिकश्च दृश्यते ॥
परास्य शक्तिर्विविधैव श्रूयते
स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥

અર્થાત્, તે બ્રહ્મને કાંઇ પણ કર્તવ્ય કરવાનું બાકી નથી. અને જીવની માફક સ્વરૂપથી ભિન્ન ઇંદ્રિય, આકારાદિ પણ નથી અને તેના જેવો તથા તેનાથી અધિક પણ કોઇ નથી. અહીં બ્રહ્મની સ્વાભાવિક, જ્ઞાન, બલ, ક્રિયા વિગેરે અનેક પ્રકારની વિચિત્ર શક્તિઓ છે. તો આ શ્રુતિથી એ સિદ્ધ થયું કે બ્રહ્મના ધર્મો, આકાર તથા શક્તિઓ, બધાં સ્વરૂપાત્મક છે અને સ્વાભાવિક છે. અને બ્રહ્મ સધર્મક છે. બીજું જે માયાવાદીઓ तत्त्वमसि श्वेतकेतो' અહીં 'जहदजहल्लक्षणा' કરે છે, તે પણ પૂર્વોક્ત શ્રુતિવાક્યોથીજ ખંડિત સમજી લેવું, કારણકે 'हेयोपादेय' ભાગ વગર લક્ષણા થઇ શકતી નથી. અર્થાત્ ઉક્ત લક્ષણા ત્યાં થઇ શકે છે કે જ્યાં કાંઇક ભાગ ગ્રાહ્ય અને કાંઇક અંશ ત્યાજ્ય હોય છે. અને અહીં તો બ્રહ્મના સ્વાભાવિક ધર્મો હેય (ત્યાજ્ય) થઇ શકતાજ નથી.

૨૩ યદ્યપિ અમે પ્રથમ ભાગમાં 'तत्त्वमसि' વાક્યમાં લક્ષણાનું ખંડન કરી ચૂકયા છીએ. છતાં પણ પ્રસંગ આવી પડવાથી થોડીક અવશિષ્ટ વાત અહીં કહી દઇએ છીએ. પ્રાયઃ સર્વ શાસ્ત્રોમાં 'जहल्लक्षणा, अजहल्लक्षणा, અને जहदजहल्लक्षणा' આ ત્રણ લક્ષણાઓ સ્વીકારી છે. જ્યાં શક્ય (અક્ષરોથીજ નિકળતો) અર્થનો ત્યાગ કરવો પડે છે તેને 'जहल्लक्षणा' કહે છે. જેમ 'गंगायां घोषः' અર્થાત્ 'પ્રવાહમાં ગોશાલા' અહીં પ્રયોજન અનુપપન્ન હોવાથી પ્રવાહમાં ગંગા પદનો શક્યાર્થ ત્યજવો પડે છે, માટેજ એને 'जहल्लक्षणा' કહે છે. 'तत्त्वमसि' શ્રુતિમાં 'तत्' પદનો સર્વજ્ઞ વિગેરે અર્થ છે અને 'त्वं' પદનો અલ્પજ્ઞ ઇત્યાદિ અર્થ છે. હવે અગર અહીં સર્વજ્ઞાદિ અર્થનો પરિત્યાગ કરવામાં આવે તો પછી બ્રહ્મને અલ્પજ્ઞ, અસત્ય, અજ્ઞાન, તથા દુઃખસ્વરૂપ માનવું પડશે. માટે ઉક્ત શ્રુતિમાં જહલ્લક્ષણા થઈ શકતી નથી. જ્યાં શક્યાર્થનો ત્યાગ ન કરવો પડે તેને 'अजहल्लक्षणा' કહે છે. અને એ લક્ષણા પણ અહીં સંભવી શકતી નથી. કારણ કે 'तत्' પદના સત્યજ્ઞાનાનંદ અર્થોનો ત્યાગ ન કરવાથી ધર્મ અને ધર્મી મળી તમારા મતમાં દ્વૈતાપત્તિ આવી પડશે. જે દ્વૈત ત્હમને તો ઝેરનાં જેવું લાગે છે. જ્યાં હેય અને ઉપાદેય ભાગ હોય છે ત્યાં ત્રીજી લક્ષણાનો વિષય છે. અર્થાત્ જ્યાં કેટલોક ભાગ ત્યજી દેવામાં આવે છે, અને કેટલોક ગ્રહણ કરાય છે તે 'जहदजहल्लक्षणा' કહે છે, જેમ 'सोऽयंदेवदत्तः' પરંતુ 'तत्त्वमसि सत्यं ज्ञानमानंदं' વિગેરે સ્થલોમાં સર્વજ્ઞત્વ, સત્ય, જ્ઞાન, આનંદ અને કર્તૃત્વ વિગેરે શક્યાર્થનો પરિત્યાગ કરી શકતા નથી. કારણ કે એ બધાં બ્રહ્મમાં સ્વાભાવિક છે, તેઓનો ત્યાગ કદાપિ થઇ શકતો નથી. 'यःसर्वज्ञः सर्वशक्तिः' सत्यकामः सत्यसंकल्पः 'स्वाभाविकी ज्ञान-

बलक्रिया च '' अविनाशी वा अरे अयमात्मा अनुच्छित्तिधर्मा' ઇત્યાદિ વેદવાક્યોમાં બ્રહ્મને સ્વાભાવિક નિત્યધર્મોથી યુક્તજ કહ્યું છે. માટે થોડોપણ હેયોપાદેય ભાગ ન હોવાથી લક્ષણા થઇ શકતી નથી. લોકમાં કોઈ એક સ્વાભાવિક શક્તિનો કોઈ મજબુત યુક્તિથીએ પણ નિષેધ થઇ શકતો નથી. વાયુ, જલ, અને અગ્નિનો સ્પર્શ તથા દાહધર્મનો કોઇપણ ડાહ્યો, તર્કકુશલ, પુરૂષ નિષેધ કરી શકતો નથી.

૨૪ લક્ષણા માનવામાં વિશેષ વિરોધ તો એ આવે છે કે જ્યાં કોઇપણ પ્રકારનો સંબંધ હોય ત્યાંજ લક્ષણા થઇ શકે છે. પરંતુ માયાવાદસંમત નિર્વિશેષ બ્રહ્મમાં તો કોઇપણ પ્રકારનો સંબંધ ન હોવાથી કલ્પનાની કલ્પના પણ ભ્રમમાત્ર છે. અગર કહો કે 'શાખાચંદ્ર' ન્યાયની માફક કલ્પિત સંબંધ માનીને પણ લક્ષણા થઇ શકે છે' તો પણ ઠીક નથી. કારણ કે દૃષ્ટાંત અને દાર્ષ્ટાંત બંને મળતાં જુગતાં આવતાં નથી. એક બીજાને સંબંધી કહેવડાવનાર શાખા અને ચંદ્ર બંને દૃશ્ય છે, અર્થાત્ પ્રત્યક્ષપ્રમાણ ગોચર છે, સવિશેષ છે. પરંતુ નિર્વિશેષ, અસત્તુલ્ય, અદૃશ્ય બ્રહ્મમાં સંબંધની કલ્પના અને લક્ષણા થવી અસંભવિત છે. કોઇ પણ પ્રજ્ઞ પુરૂષ શશશૃંગ જેવી વસ્તુમાં કોઇ કલ્પના કરતો નથી. વધારે તો શું, જ્યાં વાચ્યત્વધર્મ હોય છે ત્યાંજ લક્ષણા થાય છે. અને પ્રકૃતમાં તો બ્રહ્મ નિર્ધર્મક છે. એટલે વાચ્યત્વધર્મ ન હોવાથી ત્યાં લક્ષણા માનવી એ પણ માત્ર પોતાનો વિવેકાભાવજ પ્રકટ કરવા બરોબર છે. અદ્વૈતાભિમાનીઓને એટલુંજ પૂછવામાં આવે છે કે આપ 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' આ સ્વરૂપનિરૂપક શ્રુતિના સત્યાદિ પદોને બ્રહ્મના સ્વરૂપવાચક માનો છો કે ગુણવાચક? અગર સ્વરૂપવાચક માનો તો સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, અને અનંતસ્વરૂપ, આવી રીતે ત્રિવિધ બ્રહ્મ થઇ જવાથી અદ્વૈતમતનો ભંગ થઈ જાય છે. અને સત્યાદિ પદોથી કહેવા યોગ્ય હોવાથી બ્રહ્મને પણ સવિશેષ માનવું પડશે, જે સવિશેષ આપને તદ્દન અનિષ્ટ છે. અગર કહો કે સત્યાદિ પદો બ્રહ્મના ગુણવાચક છે તોપણ અનિષ્ટાપત્તિ તો જેવીને તેવીજ ગળે બાઝવાની, કારણ કે ગુણી વિના ગુણો રહી શકતાં નથી. માટે ગુણોથી કોઇ જુદું સ્વરૂપ અવશ્ય માનવું જોઇશે. એ માટે 'तत्त्वमसि' 'सत्यं ज्ञानं' વિગેરે શ્રુતિઓમાં લક્ષણા માનવી પણ માત્ર અવિવેકથીજ મધુર લાગે છે. યદિ કહો કે આવા રીતે અહીં અમે લક્ષણા માનતા નથી, પરંતુ અન્ય પ્રકારે માનીએ છીએ. સત્યાદિ શ્રુતિમાં સત્યાદિ પદો અસત્યાદિવ્યાવર્તક છે, અર્થાત્ બ્રહ્મના સત્યાદિ વિશેષણો બ્રહ્મમાં અસત્યાભાવ, જડાભાવ, અને દુઃખાભાવનું નિરૂપણ કરે છે, પણ કંઇ સત્યાદિ વિશેષોનું નિરૂપણ કરતાં નથી'. પરંતુ આવું માનવાથીએ પણ દોષમુક્તિ થતી નથી. પ્રથમ તો 'બ્રહ્મ અસત્યભાવવાળું છે' આ વિશેષતા જેવીને તેવીજ બની રહી. અને કદાચ 'अस्तु' ન્યાયથી માની પણ લઈએ કે 'બ્રહ્મ સવિશેષ ન થયું' તોપણ એક બીજો પ્રશ્ન તો ઉદ્દભવીજ નીકળે છે કે આવી રીતે પણ ઉક્તશ્રુતિથી બ્રહ્મ કથન કરવા યોગ્ય છે કે નહિં? અગર 'બ્રહ્મ વાચ્ય છે' (કથવા યોગ્ય) આમ કહો તો સવિશેષતા છૂટતી નથી, અને કદાચ કહો કે 'બ્રહ્મવાકયગોચર નથી' તો પછી બ્રહ્મ અનિર્વચનીય ઠર્યું, અને અનિર્વચનીયને આપ લોકો મિથ્યા માનોછો તો હવે આપના મતમાં બ્રહ્મને પણ મિથ્યાજ માનવું પડશે. માટે 'બ્રહ્મ નિર્વિશેષ, નિર્ધર્મક છે' આ પક્ષ તો તદ્દનજ પરિહાસને પાત્ર છે. અહીં આવી રીતે અનુમાન પણ થઈ શકે છે—'બ્રહ્મ મિથ્યા છે,

અનિર્વચનીય હોવાથી જે જે અનિર્વચનીય છે તે તે મિથ્યા છે. જેમ ત્હમારા મતમાં માયા.

માયાવાદમાં માનેલા અનુભૂતિપક્ષનું ખંડન

૨૫ અનુભૂતિને નિર્વિશેષ સિદ્ધ કરીને બ્રહ્મને પણ નિર્વિશેષ સિધ્ધ કરવું એ પણ અંધની લાકડી જન્માંધના હાથમાં આપવા બરોબર છે. કારણ કે પ્રથમ અનુભૂતિજ નિર્વિશેષ સિધ્ધ થતી નથી, તોપછી તેનાથી પરબ્રહ્મને પણ નિર્વિશેષ સિધ્ધ કરવા મથવું એ તો આકાશ કુસુમો લઇ તેઓ વડે માળાની સિદ્ધિ કરવા જેવું છે. જે લોકો નિર્વિશેષ વસ્તુને માનવામાં હઠાગ્રહ કરે છે તો તેઓના મતમાં નિર્વિશેષ વસ્તુને સિધ્ધ કરવામાં કોઈપણ પ્રમાણ નથી. કારણ કે પ્રમાણમાત્ર, કોઈએક :વિશેષથી યુક્તજ વસ્તુનો બોધ કરાવી શકે છે. શશશૃંગ, અથવા આકાશ કુસુમ સર્વ વિશેષોથી રહિત છે માટે તેની સિધ્ધિમાં કોઈપણ પ્રમાણ અર્થબોધક નથી, અર્થાત્ પ્રત્યક્ષાદિ પ્રમાણો નિર્વિશેષ શશશૃંગાદિનું નિરૂપણ કરી શકતાજ નથી. એવી રીતે અગર અનુભૂતિ અથવા બ્રહ્મ નિર્વિશેષ છે તો એવા બ્રહ્મમાં કોઈપણ પ્રમાણનો પ્રવેશ થઇ શકતો નથી. જ્યારે કોઇપણ પ્રમાણ બ્રહ્મનું નિરૂપણ કરી શકતું નથી તો પછી બ્રહ્મની સત્તામાંજ સંદેહ રહયો. કારણ કે એવી એક રીત છે કે જે વસ્તુ કોઈપણ પ્રમાણથી નક્કી ન કરાતી હોય તો જરૂર તે વસ્તુની સત્તામાં પણ સંદેહ રહયો છે. કદાચ કહો કે 'અનુભૂતિ સ્વાનુભવસિધ્ધ છે, તેને કોઈપણ પ્રમાણની આવશ્યકતા નથી' તો આ કથન પણ એક પ્રકારે માથું દુઃખવાની બીમારીજ થઇ કહેવાય કે જેમાં સાચા ખોટાપણાની પરીક્ષા કરવીજ કઠિણ થઈ પડે છે, અથવા કુલડીનો ગોળ સમજો.

વાસ્તવમાં તો અનુભવ માત્ર 'इदंत्त्वादि' કોઇ પણ વિશેષોથીજ યુક્ત હોય છે. 'इदमहमदर्शम्' 'આ મેં જોયું' વિગેરે સ્થલોમાં અનુભવ સવિશેષજ થાય છે. અગર પૂર્વોક્ત વ્યાવૃત્તિવાળી યુક્તિથી અનુભૂતિને નિર્વિશેષ સિધ્ધ કરવા ચાહો તો પણ કહેવું પડશે કે અન્ય વિશેષ કે ધર્મોની વ્યાવૃત્તિ "અથવા નિરાસપણું કોઇ વિશેષયુક્ત વસ્તુથીજ થઇ શકે છે, પણ કંઇ નિર્વિશેષથી થતી નથી. નિર્વિશેષથી અન્ય વ્યાવૃત્તિ તો દૂર રહી પણ પહેલાં તેની સત્તામાંજ સંદેહ રહયો છે. 'બધાંનો નિષેધ કરતાં કરતાં જે બચી જાય તે બ્રહ્મ છે' આમ કહો તો પણ સંદેહ તો જેવોને તેવોજ ઉભો રહયો, વસ્તુ નિશ્ચય તો કોઇ પણ પ્રકારે ન થયો.

૨૬ અમને જિજ્ઞાસા થાય છે કે વિશેષ અથવા ધર્મોનું ન રહેવું એ બ્રહ્મનો સ્વભાવ વાસ્તવ છે કે નહિં ! અગર કહો કે વાસ્તવ છે તો પછી જે બ્રહ્મના ધર્મોનો ન રહેવાનો સ્વભાવ નિત્ય છે, તો પછી તેને નિર્ધર્મક અથવા નિર્વિશેષ કહેવું ખરેખરી ભૂલ છે. કારણ કે જે સ્વભાવ તેનો તેમાં રહે છે તે પણ તો એક ધર્મજ છે. ઠીક. આગળ ચાલો. ભલા, જરા કહો તો ખરા કે નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન પ્રત્યક્ષ અથવા અનુભવથી થાય છે કે નહિં ? અને જે અનુભવથી જ્ઞાન થાય છે તે અનુભવ બ્રહ્મનો પોતાનો છે કે બીજાનો ? કદાચ કહો કે બ્રહ્મનું જ્ઞાન પ્રત્યક્ષાદિથી થાય :છે તો પછી જેટલી બ્રહ્મનિરૂપણ કરનારી શ્રુતિઓ છે તે બધી એકજ વાતને કથન કરવાવાળી હોવાથી આપના મતમાં અપ્રમાણ થઇ જશે. અને અગર કહો કે બ્રહ્મનું જ્ઞાન પ્રત્યક્ષાદિથી થતું નથી તો પછી શૂન્યવાદી અને આપ બંને સગાં સહોદર ભાઇઓ થયાં, કારણ કે શબ્દ તો નિર્વિશેષ વસ્તુનો બોધ કરાવી શકતો નથી એ અમે પહેલાં કહી આવ્યા છીએ.

૨૭ 'બ્રહ્મને પોતાના અનુભવથીજ પોતાનું જ્ઞાન થાયછે' એ પણ કહી શકતા નથી. કારણ કે પોતામાં પોતાનું કર્મત્વ અને કર્તૃત્વ થઇ શકતું નથી. એ આપજ કહી આવ્યા છો. કદાચ કહો કે તેનું જ્ઞાન બીજાના અનુભવથી થાય છે' તો પણ આપના મત-પ્રમાણે અન્યનો વિષય થઇ જવાથી તે (બ્રહ્મ) જડ કહેવાશે.

૨૮ શબ્દ તો વિશેષે કરીને સવિશેષ વસ્તુનુંજ નિરૂપણ કરી શકે છે. કારણ કે તેની પ્રવૃત્તિ પદ, વાકય, અને સંબંધદ્વારા થાય છે. યદિ જ્ઞેય વસ્તુમાં કોઇ સંબંધ વિશેષ ન હોય તો પછી શબ્દથી તેનું જ્ઞાન થઇ શકતું નથી. પ્રકૃતિ તથા પ્રત્યયના યોગનેજ પદ કહે છે. પ્રકૃતિ અને પ્રત્યયનો અર્થ બદલાઈ જવાથી પદજ કોઇ વિશિષ્ટાર્થનું પ્રતિપાદન કરવા લાગેછે. જ્યારે અર્થનો ભેદ હોય છે ત્યારેજ પદોનો પણ ભેદ હોય છે, પરંતુ વાચ્યવસ્તુના બદલાઇ જવાથી શબ્દ અને અર્થ બંને બદલાઇ જાય છે. એ અનુભવસિધ્ધ છે, માટે 'રામઃ' વિગેરે પદો પણ કોઇ વિશેષયુક્ત વસ્તુનુંજ નિરૂપણ કરી શકે છે, પણ નિર્વિશેષ વસ્તુનું નહિં. પદોનાં સમૂહને વાકય કહે છે. વાકય પણ પદાર્થોનાં સંબંધ વિશેષનેજ કહેવાવાળું છે. માટે તે પણ કોઇ સંબંધાદિ વિશેષોથી રહિત વસ્તુને કહેતું નથી, પરંતુ સવિશેષ વસ્તુનુંજ નિરૂપણ કરી શકે છે. એ માટે નિર્વિશેષ વસ્તુમાં અથવા તેવી (નિર્વિશેષ) અનુભૂતિમાં[1] શબ્દ પ્રમાણ છે એ કહી શકતા નથી.

૨૯ પ્રત્યક્ષના પણ બે ભેદ છે. એક તો નિર્વિકલ્પક અને બીજો સવિકલ્પક ભેદ. જાતિ, ગુણ, અને આકાર વિગેરે અનેક વિશેષોને ગ્રહણ કરનારૂં જે પ્રત્યક્ષ જ્ઞાન થાય છે તેને સવિકલ્પક

---

[1] અનુભૂતિ, સંવિત્ આ બધાં જ્ઞાનનાજ નામો છે.

પ્રત્યક્ષ કહે છે, અને જાતિ, ગુણ, વિગેરે વિશેષોથી રહિત જે પ્રત્યક્ષજ્ઞાન થાય છે તેને નિર્વિકલ્પ કહે છે. અર્થાત્ 'અસ્તિત્વ' (સત્તા) વિશેષ માત્રને ગ્રહણ કરનારા જ્ઞાનનેજ નિર્વિકલ્પક જ્ઞાન કહે છે. સવિકલ્પક પ્રત્યક્ષ તો જાત્યાદિ વિશેષોને ગ્રહણ કરનારૂં છે. માટે તે નિર્વિશેષ વસ્તુ અથવા બ્રહ્મમાં પ્રમાણ ગણાતું નથી, નિર્વિકલ્પક પ્રત્યક્ષ પણ એકદમ નિર્વિશેષ વિષયક નથી, પરંતુ વિશેષણવિશેષ્યભાવથી રહિત સંમુગ્ધાકાર (એ માલુમ) વસ્તુનુંજ ગ્રાહક છે. માટે અસ્તિત્વાદિ કોઈ એક વિશેષનુંજ ગ્રાહક છે, પણ બીલકુલ નિર્વિશેષનું નહિં. અને તે પોતે પણ વિશેષયુક્ત છે પણ કંઇ વિશેષશૂન્ય નથી. અગર તે સર્વથા નિર્વિશેષ હોત તો તેની સત્તામાંજ સંદેહ થઇ આવત. એવો એક નિયમ છે કે 'સર્વ અનુભવ કોઇએક વિશેષથી યુક્તજ હોય છે' એ માટે સવિકલ્પક અને નિર્વિકલ્પક પ્રત્યક્ષ બંને સવિશેષ વિષયક અર્થાત્ કોઈ વિશેષયુક્ત પદાર્થનેજ ગ્રહણ કરવાવાળાં હોવાથી તે બંને નિર્વિશેષ અનુભૂતિ (બ્રહ્મ) માં પ્રમાણ થઇ શકતાં નથી. અગર મતાંતરમાં[1] કહેલી પ્રમાણ સંખ્યાને લઈ કહેતા હોવ તોપણ કહેવું જોઇએ કે પ્રમાણ માત્ર કોઈ વિશેષયુક્ત પ્રમેયનેજ બોધ કરાવી શકે છે, પણ કંઇ શૂન્યસદૃશ નિર્વિશેષ વસ્તુનો બોધ કરાવતાં નથી. માટે નિર્વિશેષ અનુભૂતિ અથવા બ્રહ્મમાં કોઇપણ પ્રમાણ-પ્રવૃત્તિ થઇ શકે છે' એ સિધ્ધ થઇ શકતું નથી.

૩૦ અગર કહો કે (અસ્તિ કિંચિત્ કંઇ છે) આ જ્ઞાનને છોડી બીજો જે કંઇ જાતિ, ગુણ, આકાર, ઈત્યાદિથી થયેલો ઇતરેતરાભાવરૂપ (એક બીજાનો એક બીજામાં અભાવ) ભેદ છે, તે બધો પ્રત્યક્ષથી ગ્રહણ કરાતો નથી. કારણ કે ભૂતલ સિવાય અથવા

---

[1] અનુમાન, ઉપમાન, પ્રત્યક્ષ, શબ્દ, અર્થાપત્તિ, અનુપલબ્ધ્યાદિ.

આશ્રય વગર પરસ્પરાભાવરૂપ ભેદનું ગ્રહણ થતું નથી' તો આવું કથન પણ માત્ર એક મધ્યાન્હકાલીન સૂર્યના તેજને હથેલીની આડથી છુપાવવાના પરિશ્રમ તુલ્યજ છે. કારણકે યદિ જાત્યાદિ પરસ્પરાભાવરૂપ ભેદ પ્રત્યક્ષથી ગ્રહણ કરવામાં આવતો નથી તો પછી અશ્વને ખરીદનાર તેના (અશ્વના) ભ્રમથી હાથીને પણ ખરીદી લેત અથવા ઘટ લેનાર વ્યક્તિને પટ દેખાડવાથી તે આમ નહિ કહેત કે 'મારે આ પટ લેવો નથી' પ્રત્યુત તેણે 'अस्ति किंचित्' (છે કંઇ) ની અટકળથી તેને પણ ખરીદી લેવો જોઇએ. પરંતુ આજ સુધી એવું જોવામાં કે સાંભળવામાં પણ નથી આવ્યું. વધારે તો શું કહીએ પણ એટલુંજ અત્ર કહેવું છે કે આવી રીતે ભેદને ન માનનારા, અને જ્ઞાનમાત્રને 'अस्ति किंचित' આમ નિર્વિશેષવિષય માનનારા, દંપતિ (સ્ત્રી-પુરૂષ) એક વખતે વિખુટાં પડ્યા પછી હજારો યુગ સુધીનાં પણ પોતપોતાના સહચરને મળી શકતાં નથી. કારણ કે જ્યારે જ્ઞાનને સવિશેષ તથા ભેદગ્રાહક માનો તો તે ઠીક ઠીક રહેશે, પણ જ્યારે જ્ઞાનને સવિશેષ તથા ભેદગ્રાહક ન માનશો તો મહાબૂરી વીતશે. અમારા ધારવા પ્રમાણે તો આવા નિર્વિશેષપ્રિય પતિ અને પત્ની બંને પોતાની 'अस्ति किंचित्' ની લાકડી લઈ ભલે હજારો યુગ સુધી આમ તેમ ઠોકરાયા કરે પણ કદાપિ પરસ્પર એક બીજાનો પત્તો મેળવી શકવાનાં નથી. એ માટે જ્ઞાનમાત્ર નિર્વિશેષ નહિં પણ સવિશેષ હોય છે. અને બ્રહ્મ વિષેની તો વાતજ ઓર છે તે અમે આગળ કહીશું. જ્યાં કોઇ સ્થલે નિર્વિશેષતું ભાન થાયછે, ત્યાં પણ અતિસૂક્ષ્મ અથવા અવ્યક્ત જાતિગુણાદિ નિમિત્તકજ ભાન થાયછે, અથવા ગ્રાહકશક્તિની ખામીને લીધેજ આવું જ્ઞાન થાય છે, એપણ અમે આગળ કહીશું.

૩૧ બીજું પૂર્વપક્ષમાં જે એ કહ્યું છે કે 'ઘટોऽસ્તિ' વિગેરે અનુભવમાં અનુભવ સિવાય બીજા બધાં ઘટાદિ પદાર્થોનો બાધ હોવાથી તેઓનું વ્યાવર્તન થાય છે.' આ પણ એક માત્ર અનાલોચિત (વિચાર કર્યા વગરનું) સાહસજ લેખાય. વિરોધ હોવાથી એમાંથી એકનો બાધ થાયછે. પણ જ્યાં અવિરોધ હોય ત્યાં કોઇ એકનો પણ બાધ થતો નથી. અહીં (ઘટાનુભવ-પટાનુભવમાં) ભિન્ન ભિન્ન અનુભવોમાં દેશ, કાલ, ઇત્યાદિનો ભેદ હોવાથી બાધ તો દૂર રહ્યો, પણ વિરોધ જ નથી. અગર ઘટાનુભવ અને પટાનુભવ એક કાલમાં હોત તો જરૂર વિરોધ આવી પડવાથી બાધ થઇ શકતો હતો. પરંતુ તેનો (વિરોધનો) સંભવજ નથી. માટે અનુભવ માત્રમાં દેશ કાલાદિનો ભેદ હોવાથી વિરોધ રહેતો નથી અને અવિરોધ હોવાથી કોઇનો પણ બાધ થઇ શકતો નથી. અને જ્યારે કોઇનો બાધજ ન રહ્યો તો પછી ઘટપટાદિની વ્યાવૃત્તિ પણ થઇ શકતી નથી. ધારો કે કદાચ બાધ પણ થાય તો શું તેટલાથી તે પદાર્થને અસત્ય કહેશો કે? વાહરે !!!

૩૨ બીજું, 'સર્વપદાર્થોનો અનુભવ કરતી વખતે 'અસ્તિ' અને અનુભવનો સંબંધ લાગેલો જ રહે છે, માટે સદ્રૂપ અનુભવજ પરમાર્થતત્ત્વ છે' આ કથન પણ માત્ર સિધ્ધસાધન છે. કારણકે 'સત્, ચિત્' (અનુભવ) આ બંને બ્રહ્મરૂપ છે. માટે એની સર્વત્ર અનુવૃત્તિ સ્વતઃસિધ્ધ છે. માટે આવા શતગામી ઉંટના જેવાં લાંબાં ડગલાં ભરવાં એક ખાલી પરિશ્રમ નહિં તો બીજું શું ? આટલું તો 'सत्यं विज्ञानमानंदं ब्रह्म' ઈત્યાદિશ્રુતિથીજ સિધ્ધ થઇ ચૂકયું હતું.

૩૩ બીજું, જ્ઞાનપદાર્થ અન્ય કોઇનો વિષય [illegible] [illegible]
તે જ્ઞેય કે જ્ઞાપ્ય નથી, તે સ્વયંપ્રકાશ છે, એટલે [illegible] [illegible]ઠમાં

શુ. દૈ ૬. ૧૧

બીજું કોઇ નથી; તો આ કથન પણ ભુલ વગરનું નથી. કારણ કે પરનો અનુભવ (જ્ઞાન) નિજાનુભવનો વિષય થાય છે અને અતીત સમયના અનેકાનેક અનુભવો પણ વર્તમાનકાલીન જ્ઞાનના વિષયો થાય છે. જે પદાર્થ અન્યનો વિષય હોય છે તે જડ છે. આ યુકિતકથન પણ સ્વપ્નના બરાડવા જેવું છે કારણ કે અગર એવો નિયમ માનતા હો તો પછી પરનો અનુભવ અને અતીત સમયનો પોતાનો અનુભવ અનુભવજ નહિ રહેશે, તે પણ જડ કહેવાશે. માટે જ્ઞાન કોઇનો વિષય નથી એ કહી શકતા નથી. સ્વયંપ્રકાશ રહેતા છતાં પણ જ્ઞાન અન્યના અનુભવમાં આવે છે. કારણ કે તે વસ્તુજ એવી છે. જ્યાં વસ્તુસ્વભાવજ એવો હોય ત્યાં તર્ક કોઇ કામનો નથી રહેતો.

૩૪ બીજું જે વસ્તુ પોતાની સત્તાથીજ ઇતરને પ્રકાશ કરવાવાળી હોય છે તે વસ્તુ અજડ છે, અને અજડ હોવાથી અનુભૂતિ (જ્ઞાન) જ આત્મા છે ' આ કથન પણ ભુલભરેલું છે. કારણ કે જે દીપક પોતાની સત્તાથી અન્યને પ્રકાશ કરનારી વસ્તુ છે. માટે તેને પણ અજડ (ચેતન) અને આત્મા માનવો જોઇએ. શાબાશ રે માયાવાદિઓ !! ધન્ય છે ત્હમને ! ત્હમારા નિયમો તો ખરેખર અજબ છે. જેમ છેદ્ય (છેદવા લાયક વસ્તુ) અને છેત્તા (છેદનાર) ના અભાવમાં છેદનની સિદ્ધિ કરવી માત્ર સ્વપ્નમાં લડ્ડુ ઉડાવવા જેવી છે, તેમ અહંરૂપ જ્ઞાતા અને જ્ઞેય પદાર્થના અભાવમાં જ્ઞાનની સિદ્ધિ પણ ગળા વગરનું ગાવા જેવું છે. માટે આત્મા સ્વયંપ્રકાશ રહેતા છતાં પણ અહંવેદ્ય છે, અર્થાત્ આત્મા ' અહં ' પદપ્રત્યયથી જાણી શકાય છે. અથવા એમ કહો કે ' अहं ' આત્માનું સ્વરૂપ છે અને અનુભૂતિ (જ્ઞાન) તેનો ધર્મ છે.

૩૫ અગર કહો કે ' અનુભૂતિ ' અને અહં બંને એક છે ભ્રમથીજ જુદાં જુદાં દેખાય છે." તો પણ ઠીક નથી. કારણકે યદિ બન્ને ભ્રમથીજ જુદાં દેખાતાં હોત પણ વાસ્તવમાં એક હોત તો શુકિતરજતની જગ્યાએ જેમ 'रजतमिदं' (આ ચાંદી) આમ રજત અને ' इदं ' બંનેનું ઐકય પ્રતીત થાય છે. તેમ ' अनुभूतिरहं ' હું જ્ઞાન છું ' આવો ઐકયનો અનુભવ પણ થવો જોઇએ. પરંતુ કોઇ પણ પ્રાજ્ઞ પુરૂષને આવી પ્રતીતિ થતી નથી, પ્રત્યુત આવો અનુભવ થાય છે કે ' अनुभवाम्यहं ' ममेदं ज्ञानं जातं ' હું અનુભવ કરૂં છું, 'મને આ અજ્ઞાન થયું !'અને બીજું પણ જે એવું કહેવું છે કે 'આત્મા વિકાર રહિત છે ' અને જ્ઞાનક્રિયાનો કર્તારૂપ જ્ઞાતૃત્વ (જ્ઞાતાપણું) વિકાર છે, અને તે જ્ઞાતૃત્વ વિકાર આત્મામાં સંભવતો નથી; પરંતુ તે જ્ઞાતૃત્વ ધર્મ અહંકારરૂપ અંતઃકરણનો છે. ઉપચારથી અથવા અજ્ઞાનથી આત્મામાં ભાસે છે તો એવું કથન પણ પોતાના સાહસનેજ માત્ર સાબીત કરે છે. કારણ કે જ્ઞાતાપણું એ ચેતનનોજ અસાધારણ ધર્મ છે. અને અહંકાર જડ છે તેમાં તે ચેતનધર્મનું રહેવુંજ અસંભવિત છે. અગર જબરદસ્તીથી જ્ઞાતૃત્વને જડ અંતઃકરણનો ધર્મ માનશો તો પછી ભીંત, પત્થર, વિગેરે જડ પદાર્થોને પણ જ્ઞાતા માનવા જોઇશે. માટે ' अहं ' જ્ઞાતા છે અને તેજ આત્મા છે ! હા, એટલું સત્ય છે કે તે ચેતને પણ પોતામાં દેહધર્મો પોતાના કરીને જે સમજી રાખ્યાં છે તે અસત્ય છે.

૩૬ અગર કહો કે 'જેમ લોહપિંડમાં ઉષ્ણતા (ગરમી) નથી તો પણ અગ્નિનો સંબંધ થવાથીજ તેમાં ગરમી માલુમ પડવા લાગે છે, તેમ અંતઃકરણરૂપ અહંકાર જડ હોવા છતાં પણ ચિદ્રૂપ આત્માના સંબંધ માત્રથી તે જ્ઞાતા થઇ શકે છે ' તો તે પણ ઠીક ન કહેવાય કારણ કે દ્રષ્ટાંતમાં તો અગ્નિની ગરમી લોહપિંડમાં

આવે છે માટેજ તે ગરમ માલમ પડે છે. પરંતુ પ્રકૃતમાં તો આપ આત્મામાંજ જ્ઞાતૃત્વ માનતા નથી તો પછી તે અહંકારમાં કયાંથી આવશે ? યદિ કહો કે ' વસ્તુતઃ અહંકાર અને આત્મા બંનેમાં જ્ઞાતૃત્વ નથી છતાં પણ જેમ દર્પણમાં મુખડું જોવાથી દર્પણ તેનાજ મુખનો તેને અનુભવ કરાવે છે કારણ કે તે દર્પણ તેનું અભિવ્યંજક (પ્રકાશક)છે, તેમ અહંકાર આત્માનો અભિવ્યંજક છે. માટે આત્માને નિજસ્વરૂપનો અનુભવ કરાવે છે. તો આમ કહેવાથી પણ કાર્ય સરતું નથી. કારણ કે આપના મતમાં અનુભવને સ્વયંપ્રકાશ અને અંતઃકરણાદિ સર્વપદાર્થોનો પ્રકાશક માન્યો છે; અને હવે અગર તે સ્વયંપ્રકાશ આત્મારુપ અનુભવનો પ્રકાશક અચિત્ (જડ) અહંકારને માનશો તો જેમ 'મારી માતા વંધ્યા છે ' આ કથન ઉપર લોકો દીલ્લગી ઉડાવે છે તેમ આત્મવિચારક પુરૂષોને પણ આપની ઉકત વાતમાં કરૂણસંમિશ્ર હાસ્ય આવ્યા વગર રહેશે નહિ. માટે ' अहं ' પદાર્થજ જ્ઞાતા છે અને તેજ આત્મા થઇ શકે છે.

૩૭ યદિ ' मामप्यहं न ज्ञातवान् ' હું આજ એટલું બધું ઉંઘ્યો કે મને પોતાનીજ ખબર નહિ રહી ' આ પૂર્ણ સુષુપ્તિના સ્મરણને લઇ એમ કહો કે આવી અવસ્થામાં જ્ઞાતૃત્વ અને અહંપ્રત્યય બંને નથી રહેતાં, પરંતુ અજ્ઞાન સાક્ષી જ્ઞાન તો ત્યાં પણ મૌજુદજ (હાજર) છે, માટે જ્ઞાનજ આત્મા છે. જ્ઞાતા નહિ; તો આ પક્ષ પણ યુકિતસહ નથી. કારણ કે ઉંઘીને ઉઠનાર પુરૂષ કહે છે કે આજ હું બહુ સુખથી ઉંઘ્યો ' તો અહીં ' अहं ' અને જ્ઞાતાનેજ તો સુખથી સુવાવાળો અને જ્ઞાતા કહ્યો છે, અગર તે વખતે જ્ઞાતા ન હોત તો સુખસ્વાપનું જ્ઞાન શી રીતે થાત ? બીજું

' अहं मां न ज्ञातवान् ' અહીં પણ જ્ઞાતાની સુષુપ્તાવસ્થા તથા ત્રિકાલમાં અનુવૃતિ રહેવાથી આપ પણ એતો કહી શકતા નથી કે આ સ્વરૂપનો નિષેધ છે ! પરંતુ એ કહી શકો છો કે ' જ્ઞાતા સુષુપ્તાવસ્થામાં પોતાનો વર્ણ વા જાત્યાદિને જાણતો ન હતો ' માટે આત્મા જ્ઞાતા છે અને જ્ઞાન અથવા અનુભૂતિ તેનો ધર્મ છે ' એ સિદ્ધ થયું.

૩૮ ' अहं ' આપદ સુષુપ્તાવસ્થામાં જ્ઞાતાનું બોધક છે, જ્યારે ' मां ' પદ જાગરિત દેહવર્ણાશ્રમાદિ વિશિષ્ટનું વાચક છે. માટે જ્ઞાતાનો નિષેધ થતો નથી, પરંતુ વર્ણાશ્રમાદિ વૈશિષ્ટયનોજ નિષેધ કરાય છે, અને માટેજ પર (અન્યભેદ) હોવાથી 'मां' પદમાં કર્મસંજ્ઞા અને દ્વિતીયા થઇ શકી. અન્યથા જ્ઞાનવર્જ બધાનો નિષેધ માનશો તો 'परसमवेतक्रियाफलशालि' ન હોવાથી કર્મસંજ્ઞા થવીજ મુશ્કિલ છે. માટે સુષુપ્તાવસ્થામાં પણ આત્મા જ્ઞાતાજ છે ' अहं जानामि ' ज्ञानं मे जातं ' આ પ્રતીતિસિદ્ધ જ્ઞાન તો જ્ઞાતાનો ધર્મ છે. હા, એ વાત અવશ્ય છે કે પ્રભા અને તેનો આશ્રય સૂર્ય કે દીપ એ જેવી રીતે વાસ્તવમાં એક છે, તેમજ જ્ઞાતા અને જ્ઞાનમાં પણ પરસ્પર ઐકયજ છે.

૩૯ અને બીજું જે એવું કથન છે કે મોક્ષદશામાં ' अहं ' પદ અને તેનો અર્થ બંને નથી રહેતાં પણ 'અહંભાવ રહેવાથી મુકતને પણ સંસારિક કહેવો પડશે. કારણ કે અહંકારને (અહંભાવવાળાને) જ સંસારી કહેવામાં આવે છે એ લોક પ્રસિદ્ધ છે. તો આ પણ કહેવું માત્ર સમુદ્રમાં ધુળનો પૂલ બાંધી પાર જવા જેવું છે. કારણ કે મુકતનો ' अहं ' શબ્દ સ્વરૂપપરામર્શક છે, અને સંસારિનો ' अहं ' શબ્દ સ્વરૂપને બદલે દેહનો પરામર્શક (ઉપદેશક) છે. ઉભયનો અર્થ ભિન્ન ભિન્ન હોવાથી કોઇપણ જાતનો વિરોધ રહેતો નથી.

સચ્ચિદાનંદાત્મક બ્રહ્મ પોતાની ઈચ્છાથી પોતાના ધર્મોના રિણામ અને અન્યોન્યમાં એક બીજાનાં ધર્મોનો તિરોભાવ કરી આ ચરાચર સૃષ્ટિ બનાવી છે. તેમાં મહાન્. સૂત્ર, અહંકાર, વેગેરે ૨૮ તત્વો જેને અમે જડ રૂપે ઓળખીએ છીએ તે સર્વ દંશનો પરિણામ છે. જીવ ચિદંશનો પરિણામ અને ંતર્યામી આનંદાંશનો અવિકૃત પરિણામ છે. રૂપના પરિ-ર્તતનને અર્થાત્ બીજી અવસ્થા લઈ લેવાનેજ પરિણામ કહે છે જેમ સોનાનું કુંડળ. અને સ્વરુપપરિવર્તનને વિકાર કહે છે, જેમ ૂધનું દહિ. યદ્યપિ ત્રણે બ્રહ્મનાંજ અવિકૃત ,પરિણામો છે. છતાં પણ સદંશમાં પ્રકૃતિનું[1] મિશ્રણ છે. એ માટે પ્રકૃતિગત અહંકાર અહંભાવ) જુદો છે, અને સ્વરૂપપરામર્શક આત્મજ્ઞાપક આ અહં) (અહંભાવુ) જુદો છે, ' अहंकार इतीयं मे भिन्ना प्रकृति- ष्टधा ' ઈત્યાદિ શ્લોકોથી જે અહંકારનું નિરૂપણ છે તે હેય ત્યાજ્ય) છે. મુખ્ય ' अहं ' અને ' અહંકાર'માં અર્થનો ભેદ છે. અર્થાત્ નિજ સ્વરૂપ ન હોવા છતાં પણ જેથી સ્વસ્વરૂપ જેવું સમજાઈ જાય તેને અહંકાર કહેવો જોઈએ. માટેજ તે અહં-પદાર્થ આત્માથી જુદો છે. કોઈ કોઇ સ્થળે. તો એવા અહંકારને अहं ' પણ કહી દે છે. અને તેનીજ શાસ્ત્રમાં નિંદા કરી છે. પરંતુ ાસ્તવમાં તો ' अहं ' શબ્દ આત્માર્થક છે. પ્રત્યુત ' अहं ' ાબ્દનો પ્રયોગ બ્રહ્મ તથા મુક્તોને માટેજ વેદાદિ શાસ્ત્રોમાં સેંકડો ાર આવે છે. ' हंताहमिमास्तिस्रो देवताः ' बहु स्यां प्रजायेय ' ब्रह्माहमस्मि ' ' अहं मनुरभवं ' अहं सर्वस्य प्रभवः ' तेषामहं समु-

---

[1] જેમ સુવર્ણજ સાંચામાં ઢળી, ભૂષણ, ક્રીડનક (ખીલોના) ઈ જાય છે, તેમ બ્રહ્મજ સદંશથી પ્રકૃતિને વશ કરી જગત્ રૂપે થઈ જાય છે, તો સાંચાની જગ્યાએ પ્રકૃતિનો સંયોગ છે.

द्धर्ता ' वेदाहं समतीतानि ' यस्मात्क्षरमतीतोऽहम् ' विष्टभ्याहमिदं' तस्मिन् गर्भं दधाम्यहम् ' ઈત્યાદિ.

૪૦ બીજું જે એવું કહેવું છે કે–'અજ્ઞાનરૂપ અનિર્વચનીય અવિદ્યા અથવા માયાના સંબંધથી બ્રહ્મજ પોતાનામાં જીવ. ઇશ, બંધ, મોક્ષ, જ્ઞાતા, જ્ઞેય, લોક, તથા વેદ વિગેરેની કલ્પના કરી લેય છે. ' तत्त्वमसि ' ઇત્યાદિ શાસ્ત્રોના શ્રવણદ્વારા જ્યારે તે દોષરૂપ માયાની નિવૃત્તિ થાય છે ત્યારે તેને નિજસ્વરૂપનું ભાન થાય છે ઇત્યાદિ.' તો આ કથન પણ આકાશમાં લહેરાતી લતાના ફલોનો સ્વાદ લેવા જેવું છે. अस्तु, (ઠીક) પ્રથમ અમે એ પુછીએ છીએ કે જે શાસ્ત્રોદ્વારા પ્રતિબંધ કે દોષોની નિવૃત્તિ થાય છે તે શાસ્ત્ર સત્ય છે કે કલ્પિત? અગર સત્ય માનશો તો દ્વૈતાપત્તિ આવી પડશે. અને કલ્પિત કહેશો તો એવા અસત્ય શાસ્ત્રોથી સત્ય-જ્ઞાનની પ્રાપ્તિ અથવા પ્રતિબંધનિવૃત્તિ કેવી રીતે થશે? જેમ સ્વપ્નમાં દૂધપાક ભક્ષણથી તૃપ્તિ થતી નથી તેમ અપરમાર્થ શાસ્ત્રથી સ્વરૂપસ્મૃતિ અથવા બ્રહ્મજ્ઞાન કેમ થશે?

૪૧ કદાચ કહો કે–' જેમ સ્વપ્નમાં અસત્ય હાથી ઈત્યાદિના દર્શનથી સત્ય શુભાશુભ ફલો મળે છે, અથવા બાજીગરે દેખાડેલા જુઠા પદાર્થોથી સત્ય હર્ષશોકાદિક, અથવા અસત્ય રજ્જુસર્પાદિથી ભયકંપાદિ થાય છે, એવી રીતે અપરમાર્થ વેદાદિશાસ્ત્રોથી સત્ય બ્રહ્મપ્રાપ્તિ થઈ શકે છે. ' તો પણ આ કથન સુચારૂ ન કહેવાય. કારણ કે સ્વપ્નમાં, નટલીલામાં, અથવા રજ્જુસર્પમાં દેખાતા અસત્ય પદાર્થોથી શુભાશુભ ફલ, અથવા હર્ષભયાદિ થતાં નથી પરંતુ જાગરિત પુરૂષને જે સત્યપદાર્થોનું જ્ઞાન હતું તો તેજ જ્ઞાને અથવા સ્મરણે ઉંઘ્યા બાદ શુભાશુભ ફલ, અથવા હર્ષભયાદિ સત્ય ફલ આપ્યું છે, પણ કાંઇ અસત્ય સત્ય ફલ અર્પતું નથી.

૪૨ ' सत्यं ज्ञानमनन्तं ब्रह्म ' અહીં જે ત્રણે પદોની લક્ષણાથી એકાર્થપરતા કરી છે' તેપણ યુક્તિ અને મર્યાદાથી શૂન્ય છે. કારણ કે જ્યારે એકજ (सत्यं असत्यव्यावृत्तं) પદથી બ્રહ્મની પ્રતિપત્તિ (જ્ઞાન) થઇ ગઈ તો પછી અન્ય જ્ઞાનાદિ બે વિશેષણો પણ વ્યર્થ થઇ ગયાં. વ્યાવૃત્તિમાત્રજ બ્રહ્મસ્વરૂપ હોવાથી એક વ્યાવૃત્તિદ્વારા સ્વરૂપનું લક્ષણ થઈ ગયું.

૪૩ ' सत्यं ज्ञानं ' ઇત્યાદિ શ્રુતિઓમાં પણ સવિશેષ બ્રહ્મનુંજ નિરૂપણ છે. બીજું આના પર આ પણ દોષ, આવી ઝઝુમે છે કે ' બ્રહ્મ અસત્યાભાવરૂપ હોવાથી બ્રહ્મપણ અભાવરૂપ કહેવાશે. અને આવી રીતે આધાર અને આધેય બંને બ્રહ્મનેજ માનવું પડશે, તે યુક્ત નથી. કારણ કે એકજ વસ્તુ આધાર તથા આધેય બની શકતી નથી. અને શાસ્ત્રજ્ઞાન દ્વારા નષ્ટ થનારૂં અજ્ઞાન (માયા–અવિદ્યા")જ યદિ સ્વયંપ્રકાશ જ્ઞાનરૂપ બ્રહ્મના સ્વરૂપને ભૂલાવી દે છે ' તો પછી આમ જબરદસ્તી અજ્ઞાનને દૂર કરવાવાળું અને બ્રહ્મજીને પોતાના સ્વરૂપનું ભાન કરાવનારૂં જ્ઞાન ક્યાં મળશે? કદાચ કહો કે ' ભ્રમ સમયમાં રજ્જુ અથવા શુક્તિ બંને પોતાના સ્વરૂપજ્ઞાન કરાવવામાં અસમર્થ છે, માટે તેઓનું સ્વરૂપજ્ઞાન કરાવવા જેમ અન્ય જ્ઞાનની અપેક્ષા રહે છે તેમ જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ પણ પોતાનું સ્વરૂપ જ્ઞાન કરાવવામાં અસમર્થ છે, માટે તેને શાસ્ત્રજ્ઞાનની અપેક્ષારહે છે, ' 'બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ છે ' ઇત્યાદિ શાસ્ત્રીય જ્ઞાનદ્વાર બ્રહ્મને પોતાના સ્વરૂપનું ભાન થાય છે. અને તે અવિદ્યાની નિવૃત્તિ થાય છે.

૪૪ તો વાહરે માયાવાદીઓ !! ત્હમારો મત તો અજબ છે. દુનીઆ જરાક જો ગફલતમાં પડી હોય તો તરતજ તમે તેની

---

૧ 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' श्रुतिः ।

પાગડી ગેબ કરી લોછો. સાંભળો !! રજ્જુ અથવા શુક્તિ બંને પોતાનું સ્વરૂપજ્ઞાન કરવામાં અથવા કરાવવામાં અસમર્થ છે, કારણ કે તે જડ છે, માટે તેના જ્ઞાન વાસ્તે અન્ય જ્ઞાનની અવશ્યક્તા પડે છે એ ઠીક છે પરંતુ જે બ્રહ્મ સ્વયંપ્રકાશ છે, જ્ઞાનરૂપ છે, તેને પણ પોતે પોતાને જાણવા માટે અન્યજ્ઞાનની અપેક્ષા છે એ તો ચક્કરદાર (ચકરાવનારી) ચોરી જ કહેવાય. સુતેલાને જગાડનાર જોઇએ, પણ જાગતાને શું જગાડવું ?

૪૫ અહીં એક બીજા પ્રશ્નનો પણ જન્મ થાય છે કે ' જે જ્ઞાન, બ્રહ્મને સ્વરૂપજ્ઞાન કરાવે છે તે જ્ઞાન છે કે નહિં ? અગર ના કહો તો તે સ્વરૂપજ્ઞાન કરાવી શકતું નથી. અને ' તેપણ જ્ઞાન છે ' આમ કહો તો પછી ' બ્રહ્મ પણ જ્ઞાનસ્વરૂપ છે' વાસ્તે તે પોતાના સ્વરૂપને પોતે સમજી લેશે, બીજાને શું પડી છે ? યદિ બલાત્ જ્ઞાનસ્વરૂપ બ્રહ્મને પણ આત્મયાથાત્મ્ય સમજવા માટે ' બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ છે ' આ શાસ્ત્રજ્ઞાનની અપેક્ષા માનશો તો આ જ્ઞાન માટે પણ અન્ય જ્ઞાનની અપેક્ષા હોવી જોઇએ. આવી રીતે અનવસ્થારૂપ દોષ આવી પડશે. અહીં એક બીજો પણ પ્રશ્ન થાય છે કે ' બ્રહ્મને જે પોતાના સ્વરૂપનું અજ્ઞાન થઈ રહ્યું છે તો તેનો પ્રકાશક કોણ છે? યદિ અજ્ઞાનનો પ્રકાશક જ્ઞાનજ માનો તો સ્વાશ્રિતનાશરૂપ દોષ આવશે. કારણ કે બ્રહ્મરૂપ જ્ઞાનજ તે અજ્ઞાનનો આશ્રય છે. અને તેજ જ્ઞાન મુક્તદશામાં તેનું નાશક થશે. અગર કહો કે 'સ્વરૂપજ્ઞાન કરાવનારૂં જ્ઞાન બીજું છે' તો પણ ઠીક નહિ, કારણ કે સ્વયંપ્રકાશ બ્રહ્મને પોતાનું સ્વરૂપ સમજાવવા માટે અન્ય જ્ઞાન જોઇએ, એ મહાન્ આશ્ચર્યની વાત છે. વાસ્તવમાં તો જે બ્રહ્મ પોતાના નાક ઉપર બેઠેલી માખીને પણ દૂર કરી શકતું નથી તો આવા અકર્મણ્ય, નિર્વિશેષ, અજાગલસ્તન જેવા નિર-

થંક બ્રહ્મને માનવાથીએ પણ શું ફાયદો? આનાથી તો નાસ્તિક ભલો, કે બીચારો સાફ સાફ કહી નાંખે છે કે 'ઇશ્વર કોઇ છેજ નહિં.'

૪૬ 'અનાદિ અવિદ્યાથી બ્રહ્મ તિરોહિતસ્વરૂપ થઇ જાયછે' આ કથન પણ અવિચારમધુરજ છે. કારણ કે એવે વખતે બે પ્રશ્ન થઇ આવે છે. પ્રથમ પ્રશ્ન તો એ છે કે અવિદ્યાથી તિરોહિત થનારૂં તે બ્રહ્મનું સ્વરૂપ થોડું પણ પ્રકાશિત રહે છે કે નહિં? કંઇ પણ પ્રકાશિત રહેતું નથી' આમ કહો તો બ્રહ્મને તુચ્છતાપત્તિ આવી પડશે, અર્થાત્ એક પ્રકારે તે બ્રહ્મસ્વરૂપનો નાશજ સમજો. યદિ કહો કે કંઇક પ્રકાશમાન રહે છે તો એ સંદેહ ઉઠે છે કે જ્ઞાનૈકરસ બ્રહ્મનો કયો અંશ તિરોહિત રહે છે, અને કયો પ્રકાશિત રહે છે?

બીજું નિરવયવ બ્રહ્મમાં વિભાગ ન હોવાથી પ્રકાશ અને અપ્રકાશ બંને એક સાથે રહીજ શક્તા નથી: યદિ કહો કે 'જ્ઞાનસ્વરૂપ બ્રહ્મના સ્વરૂપનો સ્પષ્ટ પ્રકાશ ન થવાનેજ અમે સ્વરૂપતિરોધાન કહીએ છીએ' તોપણ ઠીક નહિં. કારણ કે જે પદાર્થ અન્યનો વિષય, સાવયવ, સવિશેષ, અને પ્રત્યક્ષ થાયછે, તેનો સ્ફુટપ્રકાશ, વિશદપ્રકાશ, કિંચિત્પ્રકાશ, વિશેષપ્રકાશ, વિગેરે બની શકે છે. પરંતુ આપનું બ્રહ્મ તો નિરંશ, નિર્વિશેષ, અપ્રત્યક્ષ, અને અવિષય છે, માટે તેનો વિશદપ્રકાશ, કે કિંચિત્પ્રકાશ કહેવો એ ભ્રમમાં નાખવા જેવું છે.

૪૭ બીજું 'અવિદ્યા સત્ અને અસત્ બંનેથી વિલક્ષણ હોવાથી અનિર્વચનીય છે, અપૂર્વ છે.' આં કથન પણ વિચાર વગરનું છે, 'કોઇપણ પ્રતીતિ એકજ દેશ અને એકજ કાલમાં

સત્ય વા અસત્યથી જુદી નથી હોતી' એ અમે પૂર્વભાગમાં યુક્તિઓથી સિદ્ધ કરી આવ્યા છીએ. અગર સ્વપ્નપ્રતીતિને લઇને કહેતા હોવ કે 'જેમ સ્વાપ્નિક પદાર્થો જાગ્યા પછી નથી જણાતા માટે તે સત્ય નથી કહેવાતાં અને સ્વપ્નમાં તેઓની પ્રતીતિ થઇ રહી છે, માટે અસત્ય પણ નથી. આમ સ્વપ્નના પદાર્થોની માફક અવિદ્યા (અજ્ઞાન) પણ (अहमज्ञः) (હું અજ્ઞાનીછું) આ પ્રતીતિથી સિદ્ધ થાયછે, માટે અસત્ય નથી; અને જ્ઞાન થયા પછી જોવામાં પણ નથી આવતી માટે સત્ય પણ ન કહેવાય. તો આ યુક્તિ પણ સમજ વગરનીજ છે. સાંભળો!!! સ્વપ્નના પદાર્થો એકજ કાલમાં સત્ અને અસત્થી ભિન્ન માલમ પડતાં નથી, પરંતુ દેશકાલના ભેદથી જુદાં ભાસે છે. જે વખતે તે પ્રતીત થાય છે તે સમયે તે (પદાર્થો) સત્યજ છે, અને જ્યારે તેઓનો બાધ થાય છે ત્યારે અસત્ય જ હોય છે. બંનેથી જુદાં તો રહેજ કયાં? વાસ્તવમાં તો રજ્જુસર્પ, શુક્તિરજત, તથા સ્વાપ્નિક પદાર્થો વિગેરે બધાં પ્રતીત થાવ કે ન થાવ, પરંતુ લોકમાં તેઓની અસત્યરૂપેજ પ્રતીતિ પ્રસિદ્ધ છે. મૂર્ખમાં મૂર્ખ માણસ પણ તેઓને અનિર્વચનીય અથવા સત્ય સમજતો નથી. ઓ યુક્તિપ્રધાનવાદીઓ! જરા તો તમારા લૌકાયતિકપણાને સમાલો. યુક્તિ અને લોકથી વિરૂદ્ધ લોકમાં કયાંય પણ સત્ અને અસત્થી જુદો કોઇપણ પદાર્થ પ્રસિદ્ધ છે કે?

૪૮ ખરી રીતે જોતાં તો શાસ્ત્રમાં માયાદ્વારા ભગવાનનેજ તે સ્વાપ્નિક પદાર્થોનો કર્તા કહ્યો છે. માટે સ્વપ્નના સઘળાય પદાર્થો માયિક હોવાથી સ્વપ્નનું જ્ઞાન 'અન્યખ્યાતિ'જ છે, પણ કંઈ અનિર્વચનીયખ્યાતિ નથી. "न तत्र वेशान्ताः पुष्करिण्यः स्रवन्त्यो भवन्ति' 'अथ वेशान्ताः पुष्करिण्यः स्रवन्त्यः सृजते' 'स हि कर्ता'

न तं विदाथ य इमा जनानाऽन्यद्युष्माकमन्तरा भवति' ઇત્યાદિ શ્રુતિસમૂહોથી એ જ્ઞાત થાય છે કે 'સત્યસંકલ્પ, સર્વાશ્ચર્યમય, સર્વવિચિત્રશક્તિ, નિખિલગુણગણાર્ણવ, તે પરમપુરૂષ ભગવાન પોતાની ક્રીડાને માટે સ્વેચ્છાથી સમય સમયપર અનેકશક્તિઓથી અનેક પ્રકારની વિવિધ સૃષ્ટિરચના કરેછે. તે સ્વયં એક છે, પણ પોતે અચિંત્યશકિત હોવાથી કોઇ વખત વિસ્ફુલિંગ ન્યાયથી, કયારે પુરૂષદ્વારા આકાશ[1] વાયુ, વિગેરે ક્રમસૃષ્ટિ, કોઇ વખતે સાક્ષાત્સ્વરૂપથી, જયારે કયારેક માયાદ્વારા[2] ઈંદ્રજાલ જેવાં કાલ્પનિક જગતનું નિર્માણ કરે છે.' આ માયિક સૃષ્ટિ અનેક પ્રકારની છે. શ્રુતિસ્મૃતિઓમાં આ સૃષ્ટિને આભાસ પ્રતિબિંબ, અંધકાર, અંતરા, પ્રતિધ્વનિ, આવરણ, માયિક, માયા, અને ગંધર્વનગર વિગેરે અનેકાનેક શબ્દોથી કહી છે. નૃસિંહોત્તરતાપિનીમાં ऋतेऽर्थं यत्प्रतीयेत, અને 'न यदिदमग्र आस न भविष्यदतो' ઈત્યાદિ સ્મૃતિમાં ઉક્ત અંતરા સૃષ્ટિનું નિરૂપણ કર્યું છે. જે માયિક પદાર્થો ઘટાદિપદાર્થોનું ગ્રહણ કરતી વખતે વચમાં આવે છે, અને જેની આડ રહેવાથી ભગવદ્રૂપ સત્ય પદાર્થો પણ અસત્ય જેવાં લાગી આવે છે, તેને અંતરાસૃષ્ટિ કહે છે. સત્ય પદાર્થોની ગણત્રી જેવી રીતે પ્રપંચમાં થાય છે, એવી રીતે માયિક સૃષ્ટિ પણ પ્રપંચાન્તર્ગત છે, માટે કોઈ સ્થળે પુરાણોમાં વૈરાગ્ય થવા કાજે સ્વપ્નાદિ સૃષ્ટિને લઇ કાર્યસૃષ્ટિને પણ મિથ્યા કહી નાખી છે. પરંતુ વાસ્તવમાં તો માયિક સૃષ્ટિજ અસત્ય છે, અને કાર્યસૃષ્ટિ બ્રહ્માત્મક છે. બંને પ્રપંચ છે અને બંને સૃષ્ટિ છે, માટે ભલભલા વિદ્વાનો પણ આ બંનેના વિવેકમાં ચકરાઈ જાય છે.

---

[1] 'तस्माद्वा एतस्मात् आत्मन आकाशः सम्भूतः' इत्यादि श्रुतिः। [2]– स आत्मान ".स्वयमकुरुत' श्रुतिः। द्वेधाऽपातयत् रेयिंच प्राणंच' श्रुतिः।

વાસ્તવમાં છ પ્રકારની ભગવાને સૃષ્ટિ રચના કરી છે. માટે કાર્યસૃષ્ટિ અને માયિક સૃષ્ટિ બંને જુદી જુદી છે, અને એથીજ સ્વપ્ન સૃષ્ટિનું દૃષ્ટાંત આપી ભગવત્કાર્યરૂપ સૃષ્ટિને પણ અસત્ય અથવા અનીર્વચનીય કહી નાંખવી એ માયાવાદીઓનો ભારે ભ્રમ છે. આ સર્વ સૃષ્ટિઓનું વર્ણન શ્રીમહાચાર્ય ચરણે આવી રીતે કર્યું છે:—

'एवं कदाचिद् भगवान्साक्षात्सर्वं करोत्यजः।
कदाचित्पुरुषद्वारा कदाचित्पुनरन्यथा ॥
कदाचित् सर्वमात्मैव भवतीह जनार्दनः।
महेन्द्रजालवत्सर्वं कदाचिन्माययाऽसृजत् ॥
अचिंत्यानंतशक्तेस्तद्यदेतदुपपद्यते'–तत्त्वदीपनिबंध.

અહીં બીજું એટલું પણ કહી નાખીએ છીએ કે માયિક સૃષ્ટિના પદાર્થો યદ્યપિ અસત્ય છે તથાપિ તેનું કારણ તે ભગવાવાનની શક્તિ, માયા અસત્ય નથી, તે તો બ્રહ્માત્મકજ છે. બાજીગરની મંત્રશક્તિ અથવા યુક્તિશક્તિથી ઉપજેલા સર્વ પદાર્થો જો કે અસત્ય છે તો પણ તેની[1] તે યુક્તિશક્તિ અસત્યં નથી, નહિ તો બધાંય એમ કરી શકે.

૪૯ બીજું; જે લોકો 'अहमज्ञः' આ અનુભવથી જીવ, ઈશાદિ ભાવોની જનયિત્રી માયા અથવા અવિદ્યાની સિદ્ધિ કરવા મથે છે' તો તેઓ સર્વથા પરિહાસપાત્રજ છે. કેમકે જયારે માયાની સિદ્ધિ થઇ જાય ત્યારે જીવસિદ્ધિ થાય છે, અને જયારે જીવની સિદ્ધિ થાય ત્યારે તેના આ ઉપર્યુક્ત અનુભવથી માયાની કે અવિદ્યાની સિદ્ધિ થાય છે, આમ અન્યોન્યાશ્રયરૂપ દોષ આવી

---

[1] માટે જે માયાને, અથવા છ પદાર્થોને, કે ઉપાધિને 'કર્ત્રી' માનીને પણ તેને અસત્ય માને છે, એ પુરેપુરૂં યુક્તિવંગરનું છે.

પડે છે. 'છ પદાર્થો અનાદિ છે' આ તેઓના સિધ્ધાંતનું ખંડન તો દ્વૈતાપત્તિરૂપ મહાન્ દોષ તેઓને ગળે બઝાડી પૂર્વભાગમાંજ અમે કરી આવ્યા છીએ. અમે પૂછીએ છીએ કે-મહાશય !! આપના બ્રહ્મે એવું તે શું પાપ કર્યું કે જેને લીધે માયાએ એને દબડાવ્યું છે, અથવા એને અકસ્માત્ સ્વરૂપવિસ્મૃતિ થઈ ગઈ ? કદાચિત્ બીજવૃક્ષન્યાયનું ઉદાહરણ આપી જગતને અનાદિ માની એમ કહો કે 'બ્રહ્મનું પણ પૂર્વજન્મનું કોઈ કર્મ છે કે જેનાથી તેને આ દોષ લાગ્યો ' તો એ યુક્ત નથી, કારણ કે એવી અવસ્થામાં અપ્રામાણિકી અનવસ્થા અને અંધપરંપરા આવી પડશે. અને ' नासदासीन्नोसदासीत ' ' नान्यत् किंचन मिषत् ' ' सदेवसौम्येदमग्रआसीत् ' ' अहं सर्वस्य प्रभवः ' ઈત્યાદિ હજારો શ્રુતિઓનો વિરોધ થઇ પડશે, કારણ કે આ બધાં શ્રુતિવચનો બ્રહ્મની પૂર્વમાં જગત્સંભવનો અથવા તેની સત્તાનો નિષેધ કરે છે.

૫૦ કદાચ એમ કહો કે 'दशमस्त्वम्' 'દશમો તું છે' આ વાક્યના જ્ઞાનથી જેમ પોતાને પોતાનો સાક્ષાત્કાર થઇ જાય છે, તેમ ' तत्वमसि ' ઈત્યાદિ વાક્યાર્થોના જ્ઞાનથી બ્રહ્મરૂપ આત્માનો સાક્ષાત્કાર થશે. એમાં દોષ શું છે ? તો આવું કહેવું પણ મોટી ભૂલ છે, અને પ્રતારણા પણ છે. કારણ કે દશમત્વ[1] ધર્મ દેહનો છે, દેહ બાહ્ય છે અને દશમી સંખ્યા નવ સંખ્યાઓની અપેક્ષા

---

[1]—सर्वाध्यासनिवृत्तौ हि सर्वथा न भवेद् व्यथा ।
सा च विद्योदये सा च न शब्दात् सुविचारितात् ॥
मर्यादाभङ्ग एव स्यात् प्रमाणानां तथा सति ।
गजानुमानं नैव स्यात् सांकर्यं वा तथा भवेत् ॥

રાખે છે, આવા સ્થળે શબ્દથી પોતાનો સાક્ષાત્કાર થઇ શકે છે પરંતુ આત્મા અને બ્રહ્મ બંને આંતર છે માટે આ ઉક્ત દૃષ્ટાંત ત્યાં દાર્ષ્ટાંત સાથે બીલકુલ બંધ બેસતું નથી. દૃષ્ટાંતમાં દેહનોજ પ્રથમ અનુભવ થાય છે, અને સ્મરણ પણ દેહનુંજ થયું, આત્માનો તો કદાપિ અનુભવજ નથી તો પછી સ્મરણ શી રીતે થઇ શકે ? શબ્દની તો પરોક્ષજ્ઞાન કરાવવાનીજ મર્યાદા બની રહેલી છે. હવે અગર વાક્યાર્થજ્ઞાન માત્રથીજ સાક્ષાત્કાર માનવા મંડી પડશો, તો પછી શબ્દની ઉક્ત મર્યાદા પડી ભાંગશે. અને 'ઘટ' આવું ઉચ્ચારણ થતાંનીજ સાથે 'ઘટ' વ્યક્તિનો સાક્ષાત્કાર થઈ જવો જોઇએ. બીજું, શબ્દની પરોક્ષજ્ઞાન પેદા કરવાની મર્યાદા યથાસ્થિત (બરોબર) રહેતામાં ચીત્કારથી ગજનું અનુમાન માત્ર થતું હતું પણ હવે તો તેનો સાક્ષાત્કાર પણ થવો જોઇએ. જે વસ્તુને પહેલાં એકવાર આંખોથી જોઈ હોય તો તેનુંજ શબ્દદ્વારા કોઈપણ પ્રકારનું જ્ઞાન થઇ શકે છે. આત્માને બ્રહ્મરૂપથી જાણવામાં ' तत्त्वमसि ' અહીં ' तत् ' પદવાચ્ય બ્રહ્મના જ્ઞાનની પૂર્વમાં અપેક્ષા રહે છે. બ્રહ્મજ્ઞાન થઇ જાય તો પછી તે રૂપથી આત્માને જાણવામાં આવે. પણ બ્રહ્મજ પહેલાં કદાપિ આંખોથી દેખાયું નથી, માટે શબ્દદ્વારા તેનું જ્ઞાન થઇ શકતું નથી, તો પછી તે રૂપથી આત્માનું જ્ઞાન થવું દૂર રહ્યું. માટે વાક્યાર્થ જ્ઞાનમાત્રથી પ્રતિબંધનિવૃત્તિ અથવા આત્મસાક્ષાત્કાર થવો કોઇપણ યુક્તિથી સિધ્ધ થતું નથી.

૫૧ અહીં એક બીજો એવો પ્રશ્ન થઈ આવે છે કે ' યુક્તિનું' આવી રીતે ખંડન કરવાથી તો મીમાંસા શાસ્ત્રનુંજ ખંડન થઈ

शब्दस्य साहचर्येण चक्षुषेव भवेन्मतिः ।
स्मारकत्वमतो वाक्ये संख्याज्ञानं पुरा यतः   इत्यादिः ।
तत्वदीपे सर्वनिर्णयः ।

જશે ' તો એનો ઉત્તર એ છે કે-મીમાંસા (વિચારશાસ્ત્ર) કેવલ શ્રવણ કરતી વખતે અમને જે કાંઈ અસંભાવના અથવા વિરૂધ્ધ કલ્પનાઓ થઇ આવે છે માત્ર તેઓનેજ નિવૃત્ત કરે છે, પરંતુ બ્રહ્મને બતાવવામાં તેનું કંઇ કામ નથી. બ્રહ્મને તો વેદ જે પ્રમાણે કહે છે તેવુંજ માનવું ઉચિત છે. વેદ વદે છે કે ' પરમાત્મા કર-ચરણ રહિત છે તોપણ ચાલે છે અને સર્વવસ્તુને ગ્રહણ પણ કરે છે ' તો હવે મીમાંસાનું અહીં એ કામ છે કે બંને, લોકમાં વિરૂધ્ધ જણાતી વાતો બ્રહ્મમાં ઘટે અને લોકો બ્રહ્મને બરોબર સમજી પણ લેય એવી યુક્તિ ખોળી કાઢવી. ' બ્રહ્મને અમારા જેવા હાથ પગો નથી, પરંતુ અલૌકિક, અપ્રાકૃત છે, અથવા તે પરમાત્મા વિરૂધ્ધ સર્વધર્મોનો આશ્રય છે ' એ માટે ' કરચરણાદિ ન રહેતાં છતાં પણ હરી ફરી શકે છે ' આ વિચાર કે યુક્તિ અહીં વેદાનુકૂલ થશે અને એનાથીજ લોકોની સમજને નિઃસંદેહ કરવી ઠીક છે. કારણ કે આમ કરવામાં વેદની વાત સ્થિર રહે છે. પરંતુ ' બ્રહ્મના હાથ પગો કલ્પના માત્ર છે અને તેનું હરવું ફરવું પણ જુઠું છે ' આ યુક્તિ તો વેદની વાતનેજ ઉડાવી મુકે છે, માટે એવી યુક્તિ તો શ્રવણોપયોગી નજ કહેવાય.

૫૨. બીજું, ' જ્ઞાતૃત્વને (જ્ઞાતાપણું) વિકાર કહેવો એ પણ ઠીક નહિં. કારણ કે જ્ઞાન જેમાં રહેતું હોય તેને જ્ઞાતા કહે છે. જ્ઞાનને ક્રિયા માનવી પણ ભૂલ છે. લોકમાં પણ જેને જ્ઞાન હોય તેને જ્ઞાતા કહે છે.

તે જ્ઞાન આત્મા અને બ્રહ્મમાં સ્વાભાવિક છે. માટે તેને વિકાર કહેવો ખરેખરી ભૂલ છે. ' स्वाभाविकी ज्ञानबलाक्रिया च ' શ્રુતિઃ ।

૫૩ અગર કહો કે ' મકાનમાં છિદ્રાદ્વારા જે દંડાકાર સૂર્યનાં કિરણો આવે છે તેઓની આડે હાથ રાખવાથી તે સ્પષ્ટ માલમ પડવા લાગે છે, અહીં જો કે હસ્ત, સૂર્ય કિરણોથીજ દેખાય છે છતાં પણ એજ હાથ જેમ સૂર્યકિરણોનો અભિવ્યંજક (પ્રકાશક) છે, તેમ યદ્યપિ અહંકાર અનુભૂતિથીજ પ્રકાશિત છે તથાપિ તે અનુભૂતિનો અભિવ્યંજક પણ થઇ શકે છે ' તોપણ એ ઠીક ન કહેવાય. ~~કારણ કે સૂર્યકિરણોની જ્યારે~~ હસ્તદ્વારા ગતિ નિરૂધ્ધ થઈ જાય છે. એટલે એક સ્થલે તે સર્વ કિરણો એકત્રિત થઈ જવાથી સ્ફુટ દેખાવા લાગે છે. કિરણોનું બાહુલ્ય (જત્થો) જ સ્ફુટ દર્શનનું કારણ છે, હસ્ત નહિં. માટે અનુભૂતિ સ્વયંપ્રકાશ હોવાથી તે કોઇથીએ પણ પ્રકાશિત થઈ શક્તી નથી. યદિ જબરદસ્તીથી એમ માનો તો અન્યાધીન પ્રકાશ હોવાથી આપના કથન મુજબ તે જડ કહેવાશે.

૫૪ ' 'બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ છે' ઇત્યાદિ શાસ્ત્રોથી થયેલું જ્ઞાનજ બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવે છે. ' આ—વચન પણ માત્ર એક છલંગ મારી વિશાલ સમુદ્રને ઉલંઘવાના સાહસ જેવુંજ છે. પહેલાં તો અહીં એ પ્રશ્ન ઉદ્ભવે છે કે જે ભ્રમનિવર્તક જ્ઞાન છે અથવા સાક્ષાત્કાર કરાવનારૂં જ્ઞાન છે તે સત્ય છે કે મિથ્યા ? સત્ય તો કહી શકાય નહિં, કારણ કે એમ કહેવાથી તો આપનો કેવલાદ્વૈત મતજ ચંપત કરી જશે. અગર મિથ્યા કહો તો એનું નિવર્તક કોણ ? ' ક્ષણિક હોવાથી આ ભ્રમનિવર્તક જ્ઞાનજ સ્વયંનષ્ટ થઇ જાય છે ' આવું કહેવું પણ ઠીક નથી. કારણ કે આપને ત્યાં તો નિવર્તક જ્ઞાનનું સ્વરૂપ, તેની ઉત્પત્તિ, અને તેનો નાશ, આ સર્વ

૧—' सत्यं ज्ञानमनन्तं ब्रह्म ' श्रुतिः ।
શુ. દ્વૈ. ૬. ૧૨

કલ્પના માત્ર છે. તો હવે અમે પૂછીએ છીએ કે તે નાશરૂપ કલ્પનાનો નાશ તે શું? 'તેનો નાશ બ્રહ્મસ્વરૂપ છે' આમ કહો તો બુરી વીતશે, કેમકે બ્રહ્મસ્વરૂપ તો સત્ય કે નિત્ય છે. તો હવે નાશ નિત્ય વિદ્યમાન રહેવાથી નિવર્તક જ્ઞાન પેદાજ કેવી રીતે થઇ શકે? બીજું એ પણ પૂછીએ છીએ કે નિવર્તક જ્ઞાનનો જ્ઞાતા કોણ? અધ્યાસ તો જ્ઞાતા ન થઇ શકે, કારણ કે તે તો સ્વયં મિથ્યા હોવાથી નિષેધ્ય અથવા નિવર્ત્ય કોટિમાં આવી ગયો છે. અગર બ્રહ્મસ્વરૂપનેજ તેનો જ્ઞાતા કહો તો પણ એ સંદેહો રહી જાય છે. શું બ્રહ્મનું જ્ઞાતૃત્વ અધ્યસ્ત છે કે સ્વરૂપભૂત? 'અધ્યસ્ત' તો કહી શકતા નથી. કારણ કે આ જ્ઞાતૃત્વરૂપ અધ્યાસને માટે પાછી કોઇ બીજી નિવર્તક જ્ઞાનરૂપ દીવાસળીની જરૂર પડશે. વળી જ્યારે નિવર્તક જ્ઞાન મહાશયજી પરલોકમાં પધારશે એટલે ત્યારે તેના જ્ઞાતૃત્વની ફરી અપેક્ષા પડશે. આવી રીતે આ (અપેક્ષા) કદી અલગ ન થનારી અનવસ્થારૂપ ઊંટોની કતાર (હાર) પાછળ લાગી ફરશે. અગર કહો કે 'જ્ઞાતૃત્વ બ્રહ્મનું સ્વરૂપ છે' તો પછી ભલા માણસ!! આટલો બધો ઝગડો શામાટે કર્યો? પહેલેથીજ કહી દેવું હતું ને કે 'બ્રહ્મ જ્ઞાતાપણ છે' નમસ્કાર!! આપને.

૫૫. બીજું, જે એવું કથન છે કે-'વેદાંતવાક્યોનાં જ્ઞાન માત્રથી ભ્રમનિવૃત્તિ અથવા બંધનિવૃત્તિ થાય છે' તો એ પણ ભૂલભરેલુંજ છે. યદ્યપિ જીવને 'હું બધ્ધ છું' આ જ્ઞાન મિથ્યાછે કારણ કે તે ભગવદંશ છે, ચેતન છે, માટે તેને બંધ સ્વતઃ નથી. તથાપિ તે બંધ અપરોક્ષ છે, માટે પરોક્ષરૂપ શબ્દાર્થ જ્ઞાનદ્વારા દુર થાય એવો નથી. શબ્દદ્વારા તો પરોક્ષ જ્ઞાનજ થાય છે. રજ્જુમાં સર્પનું જ્ઞાન અપરોક્ષ થઇ રહ્યું છે. તે સમયે કોઇએ આવી કહ્યું કે 'આ સર્પ નથી પણ રજ્જુ છે' તો અહીં શબ્દદ્વારા અપરોક્ષ જ્ઞાન

નથી થયું, પરંતુ નિઃસર્પ રજ્જુના દર્શનથી થયું છે. માટે તેનો તે સર્પભય આ શબ્દજ્ઞાનથી દુર થઈ શકતો નથી. હા, એટલું ચોક્કસ છે કે આવું સાંભળી તે મનુષ્ય 'એણે કહ્યું તે ઠીક છે કે નહિ એ જાણવા તે રજ્જુના અપરોક્ષ જ્ઞાન માટે કોઈને કોઈ ઉપાયોને ખોળે છે;' તો હવે એ સિદ્ધ થયું કે શબ્દાર્થજ્ઞાન અથવા 'तत्त्वमसि' ઈત્યાદિ વાક્યાર્થજ્ઞાન સાંભળનાર વાક્યાર્થજ્ઞાનીને બ્રહ્મસાક્ષાત્કાર કરાવનાર સાધનોમાં પ્રવૃત્ત કરાવે છે, પણ સ્વયં આત્મજ્ઞાન કરાવી દેતું નથી. 'दशमस्त्वमसि' આની ભૂલ તો અમે પ્રથમ ભાગમાં કહી આવ્યા છીએ 'શબ્દથી પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી' એ તો સર્વજનીનજ છે. કારણ કે શબ્દ ઇન્દ્રિય નથી. અને ઇન્દ્રિયોથી થયેલું જ્ઞાનજ પ્રત્યક્ષ થાય છે. શાસ્ત્રનું શ્રવણ અને તેનું જ્ઞાન તો મનન, નિદિધ્યાસનાદિ (સાધન ભક્તિ) માં મનુષ્યને પ્રવૃત્ત કરાવે છે.

૫૬ વસ્તુતત્ત્વ તો એ છે કે, દુઃખાદિકારણઃ અધ્યાસના ન રહેવાનેજ મોક્ષ કહે છે, પરંતુ આનંદપ્રાપ્તિનું નામ બ્રહ્મપ્રાપ્તિ, બ્રહ્મસાક્ષાત્કાર અથવા નિરતિશયાનંદ પ્રાપ્તિ છે. એટલાજ માટે વૈશ્વાનરાવતાર શ્રીમદ્વલ્લભાચાર્યચરણે આજ્ઞા કરી છે કે 'दुःखा-भावः सुखं चेति पुरुषार्थद्वयं मतम्' यतो वाचो निवर्तन्ते વિગેરે શ્રુતિઓ મુજબ પરબ્રહ્મ નિરતિશયાનંદ રૂપ છે અને જીવ એવો નિરતિશયાનંદ રૂપ નથી એ પ્રત્યક્ષ છે, માટે 'ब्रह्मविदाप्नोति परं' આ તિ પ્રમાણે નિરતિશયાનંદની પ્રાપ્તિ તો બ્રહ્મસાક્ષાત્કાર-થીજ થાય છે, શુધ્ધ જીવસાક્ષાત્કારથી નહિં. અને એટલા માટે આચાર્યોએ મોક્ષને સ્વાશ્રય નહિં પણ પરાશ્રય માન્યો છે. 'સમ્રાટ કેવા છે' તેને મળવું કયાં સાધનોથી બની શકે છે? આ જાણવું અને સાધનોને સાધવાં, આટલું તો મળવા જવાવા-

ળાઓને માટે સુલભ છે, પરંતુ તેની સાથે મેળાપ થવો કે નહિં થવો એ તો સમ્રાટના અનુગ્રહ ઉપરજ મુખ્યત્વેન આધાર રાખે છે. તેની મરજીમાં આવે તો તે મળી શકે, નહિં તો નહિં. કારણ કે તે સ્વતંત્ર છે, પરતંત્ર નથી. ઠીક એવીજ રીતે બ્રહ્મ પણ પરાત્પર છે. વેદાદિશાસ્ત્રો તો તેને પ્રાપ્ત કરવાના સાધનો તેઓનું સ્વરૂપ, જીવનું સ્વરૂપ, અધ્યાસનું સ્વરૂપ, તેની નિવૃત્તિનો ઉપાય વિગેરે બતલાવી ઉદાસીન રહી જાય છે, પરંતુ ભગવત્પ્રાપ્તિ કે બ્રહ્મસાક્ષાત્કાર તો તે પરાત્પર પરમાત્માના અનુગ્રહ[1] વગર થઈ શકતોજ નથી. અનુગ્રહ થવાનાં સાધનો નિદિધ્યાસન (ભક્તિ) વિગેરે છે. યદ્યપિ અનુગ્રહ થવો ભગવદધીન છે, સાધનોને અધીન નથી. સાધનોનું નિત્ય આચરણ કરતાં રહેવું એ જીવનો નિર્હેતુક ધર્મ છે, તથાપિ સાધનો સાધ્યાં પછી કેટલીક જગ્યાએ અનુગ્રહ જોવામાં આવ્યો છે; એટલે લોકો તેને (અનુગ્રહને) પણ સાધનસાધ્ય માનવા મંડી પડે છે. અસ્તુ, આ વિષયને અમે તૃતીયભાગમાં સ્પષ્ટ રીતે ચર્ચીશું. અહીં તો પ્રસ્તુત વાત ઉપરજ રહેવું ઠીક છે. હાં, તો હવે એ સિધ્ધ થયું કે વાકયાર્થ જ્ઞાનમાત્રથી ન તો ભ્રમનિવૃત્તિ થાય છે અને ન તો બ્રહ્મસાક્ષાત્કાર થઈ શકે છે. શાસ્ત્રજ્ઞાનથી તો માત્ર સાક્ષાત્કારના સાધનોમાંજ પ્રવૃત્તિ થાય છે. જબરદસ્તી કરવાથી તો મનન નિદિધ્યાસનજ વ્યર્થ થઈ પડે છે. કારણ કે જ્યારે શ્રવણ અથવા વેદવાકયાર્થજ્ઞાનથીજ કાર્ય થઈ ગયું તો પછી મનન અને નિદિધ્યાસન (મીમાંસા અને મનોનિવેશ) ની શી જરૂર રહી ?

૫૭ કદાચ કહો કે " મનન અને ભક્તિ બંને વાકયાર્થજ્ઞાનનાંજ અંગો છે, કારણ કે ભક્તિ વગર વેદાર્થજ્ઞાન થતું નથી શ્રવણાનંતર મનન અને નિદિધ્યાસન (ભક્તિ)થી વેદાર્થજ્ઞાન થાય છે. અર્થાત્ આ બધો પ્રપંચ મિથ્યા છે. એવું વાકયાર્થજ્ઞાન થાય છે. આવું જ્ઞાન જ્યારે થાય ત્યારે પ્રતિબંધનિવૃત્તિ થાય છે, અને બંધનિવૃત્તિ થઈ એટલે આપોઆપ પછી બ્રહ્મસાક્ષાત્કાર થાય છે માટે વાકયાર્થ જ્ઞાનના શેષ (અંગ) મનન અને નિદિધ્યાસન છે, અને બ્રહ્મસાક્ષાત્કાર તો વાકયાર્થજ્ઞાનથીજ થાય છે." તો આ વાત ઠીક નથી, કારણ કે નિદિધ્યાસનને વાકયાર્થજ્ઞાનનો ઉપાય માનવાથી અન્યોન્યાશ્રય દોષ આવી પડશે. કોઈ નિર્દોષ અને કલ્યાણગુણશાલી સાકાર આશ્રયમાં (અર્થાત્ ભગવાનમાં) મનને લીન કરી દેવું એનું નામ નિદિધ્યાસન છે. સમગ્ર વેદવાકયોનો ખરો અર્થ બ્રહ્મ છે. મનોનિવેશ બ્રહ્મરૂપ આશ્રયની અપેક્ષા રાખે છે, અને આપના કહેવા મુજબ વાકયાથજ્ઞાન નિદિધ્યાસનની (મનોનિવેશની) અપેક્ષા રાખે છે. વાકયાર્થજ્ઞાન થઈ જાય તો તેના વિષયરૂપ બ્રહ્મનું નિદિધ્યાસન થઈ શકે, અને નિદિધ્યાસન થાય તો વાકયાર્થજ્ઞાન થાય આ કેવું ચક્ર !!

૫૮ અગર કહો કે ' અમારે ત્યાં વેદવાકયનો અર્થ શુદ્ધ બ્રહ્મ છે, અને ધ્યાન તથા ભક્તિનો વિષય શબલબ્રહ્મ અથવા માયિક બ્રહ્મ છે. માટે ઉક્ત અન્યોન્યાશ્રય રહેતો નથી. ' તો પછી નિદિધ્યાસન વાકયાર્થજ્ઞાનનો ઉપાય (અંગ) નહીં રહી શકશે. અને તે વ્યર્થ પણ થઈ જશે. કારણ કે અન્યનું નિદિધ્યાસન અન્યનું જ્ઞાન શી રીતે કરાવવા લાગ્યું. જ્ઞાત વિષયમાં નિરંતર મનોનિવેશ કરવો એનુંજ નામ તો નિદિધ્યાસન છે. અને તે જરૂર વાકયાર્થજ્ઞાન પછીજ થઈ શકે છે, વાસ્તે ધ્યાન વા ભક્તિ વાકયાર્થજ્ઞાનનું કારણ અથવા અંગ છે એ કહી શકાતા નથી. ખરી વાત તો એ છે કે–ભક્તિ અથવા ધ્યાન બંને ધ્યાતા, ધ્યેય,–ભક્ત

---

[1] विष्णोः कृपाविशिष्टानां तत्फलं नान्यथा भवेत् । इत्यादि. निबंधः ।

આકાર વિગેરે પ્રપંચની અપેક્ષા રાખે છે. અને આપને ત્યાં તો નિષ્પ્રપંચ બ્રહ્માત્મક વાકયાર્થજ્ઞાન કરવું છે. માટે આપના વાકયાર્થજ્ઞાનમાં નિદિધ્યાસનાદિનું કંઇ કામ પડતું નથી. અને માટેજ 'मन्तव्यः निदिध्यासितव्यः' વિગેરે વિધિ વ્યર્થ પડે છે. તો હવે આટલા પલ્લવથી એ સિદ્ધ થાય છે કે 'શુદ્ધ બ્રહ્મ નિરાકાર, નિર્ધર્મક, અકર્તા, અભોકતા છે; અને સોપાધિક શબલબ્રહ્મ સાકાર, સધર્મક, કર્તા ભોકતા, ઇત્યાદિ છે, અને નિર્વિશેષ અનુભૂતિજ બ્રહ્મ છે' 'આ પક્ષ તદ્દનજ અસગંત' અરમ્ય, અને યુક્તિઓથી પણ અસિદ્ધ છે' શાસ્ત્રમાં તો ઉક્ત વાતનો ગંધ સુધાંએ પણ નથી મળતો.

'શાસ્ત્રમાં કયાંય પણ–“ બ્રહ્મ નિર્ધર્મક, અને કેવલ એક જીવજ બ્રહ્મ છે' આવું મળતું નથી.

૫૯–'तत्त्वमसि श्वेतकेतो' આ વાકય 'જીવજ બ્રહ્મ છે' આ વાતની સાબીતી કરતું નથી એ અમે પૂર્વભાગમાં સારી રીતે સિધ્ધ કરી આવ્યા છીએ. 'असि' પદના સામર્થ્યથી 'त्वं' પદની અનુવૃત્તિ આપોઆપ થઇ જાય છે. કિંવા 'असि' અવ્યય 'त्वं' વાચક માન્યું છે. આવી રીતે 'तत्त्वमसि'નો અર્થ એ થયો કે–હે શ્વેતકેતુ! જેવી રીતે બીજા બધા પદાર્થો બ્રહ્માત્મક છે, તેમ જીવ બ્રહ્માંશ હોવાથી અથવા બ્રહ્માત્મક હોવાથી બ્રહ્મ છે' આવું શાસ્ત્રોમાં મળી આવશે. પરંતુ 'બ્રહ્મજ જીવ' છે, અથવા જીવજ બ્રહ્મ છે,' જીવથી ભિન્ન વાસ્તવમાં બ્રહ્મ કોઇ છેજ નહિં' આ વાત શાસ્ત્રોમાં કદી મળતી નથી. યુક્તિઓનું તો બ્રહ્મવિષયમાં કાંઇપણ લેવણ દેવણ નથી' એ અમે બહુશઃ સિદ્ધ કર્યું છે.

૧–'जीवो ब्रह्मैव नापरः' इति मायावादिनां मतम् ।

૬૦ 'अस्थूलमनणु' 'ब्रह्मापूर्वमनपरं' अन्यदेव तद् विदितात्' 'यस्यामतं मतं तस्य' 'न हि विज्ञातेर्विज्ञातारं विजानीयात्' 'नेदं यदिदमुपासते' ઇત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મને નિર્ધર્મક અથવા અભજનીય માનતા હોવ તો મોટી ભૂલ છે. કેમકે આ શ્રુતિઓ તો માત્ર બ્રહ્મમાં પ્રાકૃત ધર્મોનોજ નિષેધ કરી રહી છે. અને આરોપ્યમાણમાં (આરોપ કરવા યોગ્ય વસ્તુમાં) ભજનનો નિષેધ કરી રહી છે.'

'पुरुषो[1]' वा गौतमाग्निः' અહીં પુરૂષ અને સ્ત્રીમાં અગ્નિપણાનો આરોપ કર્યો છે. 'मनोब्रह्मेत्युपासीत' અત્રે મનને આરોપિત બ્રહ્મ કહ્યું છે. માટે જ્યાં આવું આરોપિત બ્રહ્મત્વ હોય ત્યાંજ ભજનનો નિષેધ કર્યો છે, પણ કાંઇ મુખ્ય બ્રહ્મના ભજનનો નિષેધ કર્યો નથી. આ વાત જે ફરીથી इदं શબ્દ વાપર્યો છે તેથી સ્પષ્ટ થાય છે. યદિ ઉકત આશય ન હોય તો એકજ 'इदं'થી કાર્ય પુરૂં થઇ જતું હતું તો ફરીથી 'इदं' શબ્દનું શું પ્રયોજન હતું! 'यस्यामतं' વિગેરે શ્રુતિથી બ્રહ્મ કોઇનો વિષય નથી અને તે હેય પણ નથી, આમ કહેતા હોવ તો પણ ઠીક નહિં. કારણ કે આ શ્રુતિઓ તો 'કોઈ પણ બ્રહ્મને પુરી રીતે જાણી શકતું નથી' એટલું માત્રજ પ્રબોધે છે, અથવા ભગવાનના અનુગ્રહથીજ બ્રહ્મને જાણી શકે છે.'.જો કોઇ અનુગ્રહ વગરજ બ્રહ્મજ્ઞાન માટે દાવો કરતો હોય તો તે કંઇ પણ જાણતો નથી. એટલુંજ માત્ર તેનું કહેવાનું તાત્પર્ય છે. સમુદ્રને જોઇ કોઈ કહે કે 'આનો પાર નથી' તો શું ખરેખર એનો પાર નથી? હા, એટલું હોઈ શકે છે કે મનુષ્ય તરીને એનો પાર કરી શકતો નથી.

---

[1] અર્થાત્ જ્યાં અબ્રહ્મને પણ બ્રહ્મ માની લીધું હોય વાસ્તવમાં તે બ્રહ્મ નહિ હોય તો એવાનું ભજન ન કરો એમ કહે છે.

'જેમ દરીઓ મોટો બ્હોળો તથા ગંભીર છે વાસ્તે તેનો અપર તટ મનુષ્ય દૃષ્ટિની બહાર છે માટે નિષેધ યુક્તજ છે. તેમ બ્રહ્મ પણ સ્વાભાવિક, નિર્દોષ, અનંત કલ્યાણગુણોથી વિભૂષિત છે. તે કોઇના જાણવામાં નથી આવતું. તેનાં અનંતસ્વરૂપો છે, અનંતગુણો છે. આવીરીતે યદિ કોઇ તેને પૂરી રીતે ન જાણે તો શું તે જ્ઞેય નથી, વા વિષય નથી? ગંગામાં બધાંય સ્નાન કરે છે, તેમાંથી કોઇ મનુષ્ય, તરતાં ન આવડતું હોવાથી કે દુર્બલતાના કારણે અગર તેની (ગંગાનો) સામે પાર ન જઇ શકયો તો એથી કંઈ એમ નહિં કહી શકાય કે ગંગા સ્પર્શ કરવા પણું યોગ્ય પણ નથી. બ્રહ્મ સ્વતંત્ર છે, અનંત કલ્યાણગુણશાલી છે, તેને કોઇપણ પોતાના સામર્થ્યથી જાણી શકતો નથી, અથવા દેખી શકતો નથી. અથવા આ પ્રાકૃત નેત્રોથી કોઇ એને ન જોઇ શકે તો તેથી એમ નહિં કહી શકાય કે–' પરમાત્મા દેખવા લાયક નથી વા જાણવા યોગ્યજ નથી.' ભલા કોઇ હૈયાફૂટાને કે ભાગ્ય વગરનાને તેનું દર્શન ન થતું હોય પણ પરમભાગ્યશાલીઓ તો તેનું દર્શન કરેજ છે.

૬૧–જે વસ્તુ પૂર્વે કદી દેખાઇ, સંભળાઇ, કે સમજાઇ હોય તેનો તો નિષેધ કરાય જ છે. પણ કદી ન દેખેલી, ન સાંભળેલી, અને ન સમજેલી વસ્તુનો કોઇપણ નિષેધ કરતો નથી. લોકમાં દૃષ્ટ, શ્રુત અને જ્ઞાત સર્વ પદાર્થો પ્રાકૃત છે, નશ્વર છે. માટેજ વિષય પણ છે. હવે અગર એવા ધર્મોનો અથવા આકારનો બ્રહ્મમાં શ્રુતિ નિષેધ કરતી હોય તો એ વાતને કોણ ન સ્વીકારે? અર્થાત્ બધાય સ્વીકારે. અને એવુંજ (પ્રાકૃત) આરોપિત ' બ્રહ્મત્વજ જડ અને નશ્વર છે, પરંતુ અપ્રાકૃત, અલૌકિક, સ્વરૂપભૂત બ્રહ્મ, નિર્ધર્મક છે. અથવા એવા ધર્મોનો બ્રહ્મમાં નિષેધ છે, એ વાત યુક્તિ તથા શાસ્ત્રોથી સિધ્ધ થતી નથી.

અનુમાનાદિ યુક્તિઓથી પણ શાસ્ત્રોક્ત બ્રહ્મની સિધ્ધિ થતી નથી.

પૂર્વપક્ષ.

૬૨–કેટલાકનો એવો મત છે કે સાવયવ સઘળા પદાર્થો કોઈને કોઇએ બનાવેલા હોય છે, માટે તેને કાર્ય કહે છે. પૃથ્વી, પર્વત, જલ, વિગેરે અનેકાનેક પદાર્થોનુંજ નામ જગત્ છે. તે બધું પૃથિવ્યાદિ કાર્ય અવયવવાળું છે, એટલા માટે એને કોઇએ જરૂર બનાવ્યું છે. વસ્તુના બનાવનારને કારણનું, (જેથી કાર્ય બને તે દ્રવ્ય, જેની સહાયથી બને તે સમગ્ર સહાય સામગ્રી) તથા તેના પ્રયોજનનું, તેમજ બનાવવાની ક્રિયા વિગેરેનું જ્ઞાન જરૂર થવું જોઇએ. મોટું વિસ્તીર્ણ અને આશ્ચર્યકારક આ જગત્ રૂપ કાર્ય છે તો એનો બનાવનારો પણ જરૂર કોઈ હોવો જોઇએ. આવા કાર્યનો કર્તા સાધારણ અલ્પજ્ઞ થઇ શકતો નથી. માટે કાર્યને નિહાળી આવું કાર્ય કરવામાં સમર્થ, કોઈ સર્વજ્ઞ કર્તાનું અનુમાન થઇ આવે છે. અને તેજ સર્વજ્ઞ, સર્વસમર્થ, કર્તા આપણો ઇશ્વર છે. અહીં આવો અનુમાનપ્રયોગ પણ થઈ શકે છે. જે જે સાવયવ છે તે સર્વ કાય છે, જેમ ઘટ જગત્ સાવયવ છે માટે તે કાર્ય છે. અને જે કાર્ય છે તો તેની પહેલાં તદનુસાર કોઈ બુદ્ધિમાન્ કર્તાની પણ ખાસ જરૂર છે. જગદ્રૂપ કાર્ય મહાન્ વિસ્તીર્ણ અને વિલક્ષણ છે, માટે એનો બનાવનાર પણ સર્વજ્ઞ, સર્વકર્તા ઇશ્વર સિધ્ધ થાય છે. તો પછી યુક્તિઓથી બ્રહ્મની સિદ્ધિ થતી નથી એમ શા માટે કહો છો?

ઉત્તરપક્ષ.

૬૩ અનુમાનથી 'अणोरणीयान् महतो महीयान्' ઇત્યાદિ શ્રુતિઓમાં વર્ણવેલું, લૌકિક યાવત્કર્તાઓથી વિલક્ષણ, વિરૂદ્ધ-ધર્માશ્રય બ્રહ્મની સિદ્ધિ થતી નથી. બે વસ્તુનો નિયતપણે સંબંધ મળવો તેને વ્યાપ્તિ કહે છે. જેમ ધૂમ અને અગ્નિની વ્યાપ્તિ. પરંતુ ત્યાં એટલું બીજું પણ છે કે તેઓને એકાદ બે વાર એક સાથે આંખોથી જોઇ લીધાં છે. ઘટ જેમ કાર્ય છે તેમ તેનો બનાવનાર પણ જરૂર છે. એ ઠીક છે. પરંતુ ત્યાં એટલું બીજું પણ સાથે લાગ્યું છે કે અનેકવાર લોકોએ ઘટને બનાવતા કુંભારને જોયો છે. માટે ત્યાં. કાર્યત્વેન, કર્તૃત્વેન, (કાર્યકારણ-પણાથી) વ્યાપ્તિ ઠીક છે.

પરંતુ 'ઇશ્વરે જગત્ બનાવ્યું છે' આ વાત જ્યારે કોઇએ જોઇ નથી તો પછી અનુકૂલ તર્ક ન મળવાથી ત્યાં આ વ્યાપ્તિનું દૃષ્ટાંત આપી અદૃશ્ય વસ્તુ ઇશ્વરની સિદ્ધિ કરવી એ ભીંત આધાર) વગર ચિત્ર ચીતરવા જેવું છે.

એક વાત બીજી પણ છે કે ઘડો, માટલું, અથવા એવી બીજી અનેક વસ્તુઓ બનાવવામાં આવે છે માટે તેઓનો કર્તા કોઇ છે, એ ઠીક છે. પરંતુ પૃથ્વી, જલ, અગ્નિ વિગેરે પદાર્થો તો એવાં છે કે જેઓનું બનાવવુંજ અશકય છે; માટે શકયક્રિય (જેની ક્રિયા થઇ શકે) પદાર્થોનું દૃષ્ટાંત આપી અશકયક્રિય પૃથ્વી, જલાદિને કાર્ય માનવુંજ પ્રથમ હાસ્યક્રિય છે. અને આવા કાર્યથી ઈશ્વરની સિદ્ધિ કરવી તે તો આકાશકુસુમોથી નીપજેલા અત્તરની નદી વ્હેવડાવવા બરોબરજ છે. જ્યાં 'હેતુ' પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પણ જ્ઞાત થતો હોય ત્યાં તો તેના ઉપર આવી પડતાં દોષોનો ઉધ્ધાર થઇ શકે છે, પરંતુ અહીં તો 'જગત્ કાર્ય છે' આ હેતુ અન્ય પ્રમાણોથી જ્ઞાત થયો નથી માટે અહીં આવી પડતા દોષોની નિવૃત્તિ કોઈપણ પ્રકારે થઈ શક્તી નથી. અને એટલા માટે કાર્યબલથી પણ કંઇ કામ સરતું નથી.

૬૪ પૃથ્વી, દરીઓ, અગ્નિ, વિગેરે યદ્યપિ કાર્ય છે તથાપિ એ બધાંને કોઇએ એકજ વખતમાં બનાવી દીધાં છે એ કેવી રીતે કહી અને જાણી શકીએ? ઘટની માફક આ બધાં એક તો છે નહિં કે જેથી એકજ સમયમાં એકજ આદમીથી બની શકે. અને આ તો બધાં અલગ અલગ છે. માટે એનાં બનાવનારાં પણ ભિન્ન ભિન્ન અનેક હોવાં જોઈએ. અનેક ભિન્ન ભિન્ન વસ્તુઓનાં અનેક અલગ અલગ કર્તા હોય છે એ લોકમાં દૃષ્ટ છે. માટે એક કર્તાની સિદ્ધિ થઈ શક્તી નથી. એકજ આદમી દુનીઆનાં બધાં કાર્યોને કરી લેય એવો કોઈ ચતુર કર્તા લોકમાં જોવામાં આવતો નથી. એ માટે પણ (અનુમાનથી ત્હમારી યુક્તિથી) ઇશ્વરની સિદ્ધિ થઈ શક્તી નથી.

૬૫ બીજું, જગત્ને બનાવનારો ઇશ્વર શરીરી છે કે શરીર વગરનો? 'શરીર વગર તે કાર્ય બનાવે છે' એ તો કહી શકાય નહિં. કારણ કે લોકમાં એવું કયાંય પણ જોવામાં આવતું નથી. કદાચ કહો કે 'તે ઇચ્છામાત્રથી બધું કરી શકે છે' તો પણ ઠીક નહિ. કારણ કે ઇચ્છા પણ શરીરનેજ થાય છે. શરીર વગરના આદમીને કદી કંઈ પણ ઇચ્છા થતી નથી. અગર કહો કે 'ભલે દેહ ન રહો તોપણ મન તો નિત્ય છે. બસ, તે માત્ર મનના સંકલ્પથી જગત્ બનાવી શકે છે.' તો પણ યુક્ત નથી, કારણ કે યોગી અને મુક્ત જીવોને પણ મન હોય છે તોપણ તેઓ કાર્ય

કરતાં જોવામાં આવતા નથી. કદાચ કહો કે ' શરીરવાળોજ ઇશ્વર જગતનો બનાવનાર છે' તોપણ બની શકતું નથી. અહીં પ્રશ્ન એ થાય છે કે ' તે ઇશ્વરનું શરીર નિત્ય છે કે અનિત્ય? કદાચ તેનું શરીર નિત્ય કહો તોપણ યુક્ત નહિં, કારણ કે યદિ સાવયવ હોવા છતાં પણ શરીર નિત્ય છે તો પછી જગત્ પણ સાવયવ હોવાથી નિત્યજ લેખાશે. અને એમ થવાથી પછી તેના કર્તાની શી આવશ્યક્તા રહેવાની ? અગર કહો કે–' તેનું શરીર અનિત્ય છે' તો એ પ્રશ્ન ઉદ્દ્ભવે છે કે ' તે શરીરને કોણે બનાવ્યું ?' ' ઇશ્વરે પોતે પોતાનું શરીર બનાવ્યું ' આમ કહો તો અશરીરી તે શી રીતે શરીર બનાવી શકશે ?

' અન્ય શરીરથી તે શરીર બન્યું છે ' આમ કહો તો ' જે અન્ય શરીરથી તે શરીર બન્યું છે તે શરીર કયાંથી બન્યું ' ? આમ પ્રશ્નપરંપરા આગળને આગળજ ધપ્યા કરશે. માટે અનુમાનથી ઇશ્વરની સિધ્ધિ કરવી પોતાના પગપર પોતાના હાથે કુહાડી મારવા જેવી છે. માટે કહ્યું છે કેઃ—

अलौकिकास्तु ये भावा न तांस्तर्केण योजयेत् '

શ્રુતિ, સ્મૃતિ, સૂત્રાદિશાસ્ત્રોથી સિધ્ધ થયેલા બ્રહ્મવાદમાં બ્રહ્મસ્વરૂપનો નિર્ણય

૬૬ હવે અહીં એ પ્રશ્ન થાય છે કે અન્યવાદીઓએ કહેલા બ્રહ્મનો તો શાસ્ત્રમાં પત્તો પણ મળતો નથી એ ઠીક છે પરંતુ સિધ્ધાંતમાં બ્રહ્મનું સ્વરૂપ કેવું માનવું જોઇએ ? તો એનો ઉત્તર એટલોજ છે કે–' कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृत्तिवाचकः। तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते। ' ओं तत्सत्परं ब्रह्म कृष्णात्मको नित्यानंदैकस्वरूपः। ' यतो वा इमानि भूतानि जायन्ते। ' स ईक्षांचक्रे ' 'सर्वस्य वशी' 'यः सर्वज्ञः' 'विश्वतश्चक्षुरुत' ' सर्वकामः सर्वगंधः सर्वरसः' ' आत्मा वा रे ' 'तदेजति तन्नैजति' 'अपाणिपादो जवनो ' ' अणोरणीयान् महतो महीयान् ' ' यतो वाचो निवर्तन्ते ' 'कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षत्' 'ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः' ' परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ' सत्यं विज्ञा नमानंदं ब्रह्म ' ' सदेव सौम्येदमग्र आसीत् ' स आत्मानं स्वयमकुरुत ' ' सर्वं पुरुष एवेदं ' ' मत्तः स्मृतिर्ज्ञानम् ' ' अहं सर्वस्य प्रभवः ' ' मत्तःपरतरं नान्यत् ' ' अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ' ' निर्दोषपूर्णगुणविग्रह आत्मतंत्रः ' ' त्वमक्षरं परमं वेदितव्यं ' ' नमो नमस्तेऽस्त्वृषभाय ' ' श्रिया पुष्ट्या गिरा कान्त्या ' ' त्वं ब्रह्मपूर्णममृतं विगुणं विशोकमानंदमात्रमविकार मनन्यदन्यत् ' ઇત્યાદિ શ્રુતિસ્મૃતિ તથા ' सर्वधर्मोपपत्तेश्च ' ' प्रकृतिश्च प्रतिज्ञा दृष्टान्ताऽनुपरोधात् ' ' अरूपवदेव हि तत्प्रधानत्वात् ' ' अपि च संराधने प्रत्यक्षानुमानाभ्याम् ' ' उभयव्यपदेशात्त्वहिकुंडलवत् ' ' नानुमानमतच्छ्रुतेः ' प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूयः ' ' आनंदमयोऽभ्यासात् ' ' आह च तन्मात्रम् ' ઇત્યાદિ સૂત્રોથી એ સિધ્ધ થાય છે કે તે પરબ્રહ્મ, પરમાત્મા, પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાન્ આનંદમય છે. સાકાર છે, પ્રાકૃત ગુણ આકારાદિથી શૂન્ય છે, શબ્દબલથી અનેક વિરૂધ્ધ શકિતઓનો આશ્રય છે, અર્થબલથી વિરૂધ્ધ સ્વરૂપાત્મક વિવિધ સર્વ ધર્મોથી વિભૂષિત છે, વાત્સલ્યાદિ સમગ્ર ઉત્તમોત્તમ ગુણરત્નોનો રત્નાકાર છે. આજ બધો સિધ્ધાંત પ્રારંભના શ્લોકમાં પણ કહી આવ્યા છીએ. શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે કેઃ–' एते चान्ये च भगवन्नित्या यत्र महागुणाः ' હું કયાં સુધી કહું ? એવું

કોઇપણ શાસ્ત્ર નથી કે જ્યાં ભગવાનમાં સ્વાભાવિક નિત્ય ગુણો ન માન્યા હોય. ધર્મ અને ગુણો રહેતા છતાં પણ જરાય દ્વૈતગંધ નથી રહેતો, કારણ કે પરબ્રહ્મના ગુણો અથવા ધર્મો સ્વરૂપાત્મક છે. એ માટે વેદાંતસૂત્રોમાં શ્રીવ્યાસજીએ કહ્યું છે કે ' प्रकाशाश्रयवद्वा तेजस्त्वात्' સૂર્ય અને તેનું .તેજ બંને જો કે અલગ અલગ દેખાય છે, છતાં પણ તેમાં દ્વૈત નથી. કારણ કે તેનું તેજ સ્વરૂપથી જુદું નથી, સ્વરૂપાત્મક છે. જે વસ્તુનો જેવો સ્વભાવ હોય તેને તેવું જ માનવું પડે છે. ભગવાન્ સમગ્ર જગત્નું ઉપાદાન અને નિમિત્તકારણ હોવા છતાં પણ પોતે નિર્વિકાર છે અને આપ્તકામ છે. આમ પૂર્વોક્ત શ્રુતિઓથી સિદ્ધ થાય છે. કદાચ કહો કે 'મૃત્તિકા ઘટનું ઉપાદાન કારણ છે પરંતુ તે જેમ ઘટમાં બધીને બધીજ લાગી જાય છે, તેમ પરબ્રહ્મ પણ જગત્ને બનાવતી વખતે બધુંજ ખર્ચાઇ જવું જોઇએ. બીજું, નિમિત્ત માનવામાં પણ અવયવ વગરનું તે બ્રહ્મ જગત્ને શી રીતે બનાવી શકે ? તો એનો ઉત્તર એટલોજ છે કે તે ભગવાન્ અચિંત્યશક્તિ છે. ત્યાં (બ્રહ્મમાં) પરસ્પર વિરૂદ્ધ જેવી દેખાતી વાતો પણ સંભવી શકે છે. વેદે, તેને નિરવયવ અને કર્તા, ઉપાદાન તથા વિકારરહિત કહ્યું છે.' માટે આસ્તિકે તો જેવું વેદે કહ્યું તેવુંજ માનવું આવશ્યક છે. અને માટેજ ભગવાન બાદરાયણે ' श्रुतेस्तु शब्दमूलत्वात्' આ સૂત્ર યોજ્યું છે, આ સૂત્ર ઉપર શ્રીશંકરાચાર્યજી પણ પહેલાં તો બ્રહ્મને વિરૂદ્ધધર્માશ્રય માની બરોબર આસ્તિકોના જેવુંજ સમાધાન કરી જાય છે. પરંતુ કંઇ ખબર પડતી નથી કે શા માટે તે આગળ જઇ આસ્તિકોના કર્ણકુહરને પોતાના કટુ ઔદ્ધગીતના સૂરથી પુરવા મંડી પડે છે. ચાર પાંચ અંધો ભેગા મળી હાથીને જાણીને વર્ણન કરવા લાગે. ઠીક છે અગર તે લોકો એમ કહે કે 'અમે હાથીનું એક એક અવયવ અનુભવ્યું છે પણ કાંઇ એક એક અવયવ હાથી નથી; તો આવી વાત માની શકાય, પરંતુ તેઓ યદિ કહેવા લાગે કે 'નહિજી નહિ, હાથી તો સુપડા જેવો છે. ઇત્યાદિ' તો જરૂર તેઓ તેને ન જાણી શકયા એમ કહેવું પડશે. બસ, અન્યવાદીઓની પણ આવીજ હાલત છે. કોઇ બ્રહ્મની તિરોભાવ શક્તિનેજ લઇને કહે છે કે 'બ્રહ્મ શૂન્ય છે, અનિર્વચનીય છે' ઇત્યાદિ. વિરૂદ્ધધર્માશ્રય અથવા વિવિધ ધર્મોનો આધાર હોવાથી બ્રહ્મ પોતે ભલે તેના કથનનું પણ અનુસરણ કરતું રહે તો પણ કહેવું પડશે કે આવું કહેનારા તેઓ ખરેખર બ્રહ્મને પ્રાપ્ત કરી શકયા નથી, એમ પ્રતીત થાય છે. પૂર્વોક્ત આ બધી વાતો ભગવાન્ શ્રીમદ્વલ્લભાચાર્યચરણે તત્વદીપ નિબંધમાં કહી છેઃ—

' सच्चिदानंदरूपं तु ब्रह्मव्यापकमव्ययम् ।
सर्वशक्ति स्वतंत्रं च सर्वज्ञं गुणवर्जितम् ॥
सजातीयविजातीय स्वगतद्वैतवर्जितम् ।
सत्यादिगुणसाहस्रैर्युक्तमौत्पत्तिकैः सदा ॥
सर्वाधारं वश्यमायमानन्दाकारमुत्तमम् ।
प्रापञ्चिकपदार्थानां सर्वेषां तद्विलक्षणम् ॥
जगतः समवायि स्यात्तदेव च निमित्तकम् ।
कदाचिद्रमते स्वस्मिन्प्रपञ्चेऽपि क्वचित्सुखम् ॥
सर्ववादानवसरं सर्ववादानुरोधि तत् ।
अनंतमूर्ति तद्ब्रह्म कूटस्थं चलमेव च ॥
विरुद्धसर्वधर्माणामाश्रयं युक्त्यगोचरम् ।
आविर्भावतिरोभावै मोहिनं बहुरूपतः ॥

इंद्रियाणां तु सामर्थ्याद्दृश्यं स्वेच्छया च तत् ॥

तत्त्वदीपनिबंध–शास्त्रार्थ प्रकरणम्

૬૭ ‘ आनंदो ब्रह्मेति व्यजानात् ’ ‘ सत्यं विज्ञानमानंदं ब्रह्म ’ વિગેરે શ્રુતિઓથી એજ પ્રતીત થાય છે કે પરમાત્મા આનંદાનુભવરૂપ છે, નિત્યવર્તમાન રહેવાથી તેને સત્ પણ કહે છે, માટે તે સચ્ચિદાનંદ સ્વરૂપ કહેવાય છે. ‘आनंदं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन’ ‘ आनंदं ब्रह्मणो रुपं ’ ઈત્યાદિ શ્રુતિઓથી એ પણ સિદ્ધ થાય છે કે સ્વરૂપની માફક પરમાત્મામાં સ્વરૂપથી અભિન્ન કોઇ ધર્મરૂપ પણ આનંદ છે, અને એજ ત્યાં આકાર, વસ્ત્ર, આભૂષણ, પ્રભૃતિની જગ્યાએ છે. આજ આનંદરૂપ આકાર સૃષ્ટિની પહેલાં સ્વરૂપ સાથે એટલો તો મળેલો રહે છે કે તે વખતે બધાંને પરબ્રહ્મ નિરાકારજ દેખાય છે. અને એજ વાસ્તે એને કોઇ કોઇ સ્થલે નિરાકાર, અસત્ વિગેરે શબ્દોથી વ્યવહર્યો છે. વાસ્તવમાં તો સર્વત્ર નિરાકારનો ‘પ્રાકૃત આકાર રહિત’ એવોજ અર્થ કરવો ઘટે, અને અસત્નો ‘અસ્પષ્ટ’ અર્થ કરવો જોઇએ. પ્રભુશ્રીની બહિઃક્રીડાજ જગત્ અવસ્થા છે, અને આપશ્રીની અંતઃક્રીડા સૃષ્ટિની પૂર્વની અવસ્થા છે. ‘एकोऽहं बहुस्यां ’ આ વિચાર પ્રમાણે જ્યારે તે ભગવાનને બહાર રમણ કરવાની ઇચ્છા થઇ એટલે તે પોતાના તે ધર્મોને પોતાથી જુદા કરે છે; જેથી ધર્મોનો તિરોભાવ, વિગેરે વિવિધ તારતમ્યોથી આ જગત્ પ્રકટ થવા લાગે છે. પ્રથમ જે રૂપદ્વારા તે જુદાં પડે છે તેનેજ શ્રુતિઓમાં અક્ષર, ધામ, સમષ્ટિજીવ, બ્રહ્મ, ચરણ, અને મહિમા વિગેરે શબ્દોથી સંબોધ્યું છે. શ્રીપુરૂષોત્તમ ભગવાન્ અને અક્ષર એ બંને સૃષ્ટિની પહેલાં સુપ્તશક્તિ રહે છે. અક્ષરની બે પ્રકારે સ્ફૂર્તિ થાય છે. ભક્ત લોકોને તો વ્યાપિ વૈકુંઠ, ભગવદ્ધામ, ઈત્યાદિ રીતિથી તેનો પ્રકાશ થાય છે. માટેજ શ્રીગીતા અને શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે–‘ यं प्राप्य न निवर्तन्ते तद्‍ धाम परमं मम ’ ‘ दर्शयामास लोकं स्वं गोपानां तमसः परम् ’ આ ઉક્ત પ્રકારની સ્ફૂર્તિમાં થોડાએક ભગવદ્ગુણોનું પ્રાકટ્ય અને અન્યોનો તિરોભાવ રહે છે. શુધ્ધાદ્વૈતજ્ઞાનીઓને એજ અક્ષરની સ્ફૂર્તિ માત્ર પ્રકાશ રૂપે થાય છે. કારણ કે તે વખતે તેઓના હૃદયમાં એક જ્ઞાનશક્તિ સિવાય બીજી બધી શક્તિઓનો ત્યાં તિરોભાવજ દેખાય છે. માટે તેઓ એને નિર્ધર્મક કહે છે. એ વાસ્તે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે–‘ संस्तुतवच्छून्यवदप्रतर्क्यं तन्मूलभूतं पदमामनन्ति’ એજ અક્ષર ભગવાનને ‘ब्रह्म पुच्छं प्रतिष्ठा વિગેરે શ્રુતિઓમાં આનંદમય, પુરૂષોત્તમરૂપ હંસના પુચ્છ રૂપે વર્ણવ્યો છે. અક્ષર બ્રહ્મજ પોતાની સદંશરૂપા પ્રકૃતિમાં જીવરૂપ વીર્યનું આધાન કરે છે. જેથી સચ્ચિદ્રૂપ જીવોની ઉત્પત્તિ (વ્યુચ્ચરણ) થાય છે.

૬૮ એજ આનંદાનુભવરૂપ–પુરૂષોત્તમ જે વખતે નામરૂપાદિ જગત્ની સ્પષ્ટ અભિવ્યક્તિ અલગ અલગ કરવા ચાહે છે; અથવા જ્યારે બ્રહ્માંડાત્મક સદંશમાં પ્રવેશ કરી તેનું શાસન કરવા ઇચ્છે છે, ત્યારે અંતર્યામી રૂપ ધારણ કરી બધાંય જડ ચેતન પદાર્થોમાં પ્રવેશ કરે છે. માટેજ ઉપનિષદોમાં કહ્યું છે કે ‘ यः पृथिव्यां तिष्ठन् ’ ‘ यो विज्ञाने तिष्ठन् ’ ‘ एष त आत्मा अंतर्यामी अमृतः ’ ‘ ध्येयः सदा सवितृमंडलमध्यवर्ती नारायणः ’ ઈત્યાદિ.

અગર દૃશ્ય પદાર્થજ ન હોય તો નેત્રાદિ ઇંદ્રિય અને દ્રષ્ટા (જીવ) આ બંનેની સિધ્ધિ કરવી મુશ્કેલ થઇ પડે છે. અને અગર દ્રષ્ટા ન રહે તો દૃશ્ય અને ઈંદ્રિયોની સિધ્ધિ કરવી અસંભવ છે.

આવી રીતે જ્યારે એકના અભાવમાં અન્યની સ્થિતિ દુર્લભ થઈ પડે છે તો તે વખતે જે કોઇ બધાંને જોવવાળો, તથા દૃશ્ય અને દૃષ્ટાને પોતપોતાના કાર્યમાં સાવધાન કરાવનાર, અથવા પ્રવૃત્ત કરાવનાર છે, તેને અંતર્યામી કહે છે. આ અંતર્યામી તે મહાન્ અંતર્યામીનો અંશ છે; એ, એક માત્ર દેહી અને દેહનુંજ નિયમન કરે છે. અને એ, કર્મ તથા કર્મફ્લોનો સ્પર્શ સુદ્ધાં કરતો નથી, કારણ કે તે અભિમાનશૂન્ય છે.

૬૯ આનંદમય અનુભવ અથવા આનંદાનુભવમાત્ર તે ભગવાનજ પોતાની ઇચ્છાથી ભિન્ન ભિન્ન ભાવો દ્વારા બ્રહ્મ, પરમાત્મા (અંતર્યામી)અને જીવાદિ રૂપોને ધારણ કરે છે, માટે કોઇ પણ જાતનું દ્વૈત રહેતું નથી. જીવ સજાતીય છે, જડવર્ગ વિજાતીય છે, અને અંતર્યામી સ્વગત છે, પરંતુ ત્રણે સત્, ચિત્, અને આનંદરૂપ છે. એટલા માટે દ્વૈતગંધ સુદ્ધાં પણ રહેતો નથી, પોતે ચિદંશ હોવાથી જીવ અને ભગવાનમાં સજાતીય ભેદ પણ રહેતો નથી, અને સચ્ચિદાનંદ હોવાથી અંતર્યામી અને ભગવાનમાં સ્વગત ભેદ પણ નથી. વિદેહ રાજાની સત્રસભામાં પ્રવચન કરતી વખતે શ્રી પિપ્પલાયન મહર્ષિએ કહ્યું કે:—હે રાજા! 'જે પોતે અહેતુ રહેતાં છતાં પણ અથવા સાક્ષાત્ કોઇનું કારણ ન હોવા છતાં પણ જે પોતાની નિત્ય ચિચ્છક્તિના વિલાસમાં રમણ કરતો રહે, પરંતુ પોતાના અંશ અને અંશાંશીરૂપ અક્ષર, (બ્રહ્મ) અંતર્યામી (પરમાત્મા) અને જીવદ્વારા આ સર્વ વિશાલ વિશ્વને પેદા કરે છે, તેની સ્થિતિ રાખે છે, અને તેનો સંહાર કરે છે તેને ભગવાન સમજો. અને જેના સામર્થ્યથી ચેતનતાને પામેલા જીવો, દેહ, ઇંદ્રિય, અને પ્રાણો પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત રહે છે તેને અંતર્યામી (પરમાત્મા) જાણો. અને જે તત્વ, સ્વપ્ન,

જાગૃતિ, સુષુપ્તિ, તથા તુરીય અવસ્થામાં પોતાના સ્વસ્વરૂપેજ વિદ્યમાન રહે છે, અથવા જડાદિમાં પણ સ્વરૂપસ્થિતિ રાખવા માટે સદ્રૂપે સૂક્ષ્મરૂપથીજ રહે છે તેને બ્રહ્મ (અક્ષર) કહે છે. પરંતુ વાસ્તવમાં તો ત્રણે એકજ છે. માટે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે:-

'वदन्ति तत्तत्त्वविदस्तत्त्वं यज्ज्ञानमद्वयम्।
ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते ॥

ભાગવત તત્વને સમજનારા લોકો અનુપમ તે આનંદાનુભવ માત્રનેજ તત્વ (સાર) કહે છે. જે શાસ્ત્રોમાં બ્રહ્મ, અંતર્યામી, અને ભગવાન નામથી કહેવાયું છે.

૭૦ પ્રભુશ્રીનાં આ ત્રણે સ્વરૂપો આનંદમય છે પરંતુ એટલોજ વિશેષ છે કે વેદમાં 'स एको ब्रह्मण आनंदः' આ શ્રુતિદ્વારા અક્ષરના આનંદની ગણના કરી છે, જ્યારે 'यतो वाचो निवर्तन्ते' આ શ્રુતિદ્વારા પરાત્પર તે ભગવાનના આનંદને અપરિમેય કહ્યો છે.

૭૧ મહાત્મા શ્રીશંકરાચાર્ય આનંદમયાધિકરણના પ્રારંભમાં બે ચાર સૂત્રોથી તો અન્ય આસ્તિકોની માફક આનંદમય વસ્તુને પરમાત્માજ કબૂલે છે, અને કહે પણ છે કે 'બ્રહ્મનો આનંદ નિરતિશય છે, અમેય છે,' પરંતુ 'अस्मिन्नस्य च तद्योगं शास्ति' આ સૂત્રમાં તે પોતાની નાસ્તિકતા ઉપર બીલકુલ પાણી ફેરવી દે છે, અને સિદ્ધાંત કરે છે કે:-' પરમાત્મા નહિ પણ કોઈ જીવ-

---

१ ब्रह्मानन्दस्य निरतिशयत्वाऽवधारणात् । १–१–१२ भाष्यम् । २ वेदान्तमीमांसा १–१–१९ । सूत्रम् । ३ तस्मात्कार्यपतितएवानन्दमयो, न पर एवात्मा आनन्द इति विद्याकर्मणोः फलम् । तद्विकार आनन्दमयः ।

आनन्दब्रह्मवल्ली शांकरभाष्यम् ।

વિશેષજ આનંદમય છે.' 'इदन्त्विह वक्तव्यं' થી પ્રારંભ કરીને અધિકરણની સમાપ્તિ સુધી આપ ફરમાવે છે કેઃ— 'અમારે તો સૂત્રકારને એટલુંજ કહેવું છે (અર્થાત્ પ્રશ્ન) કે આનંદવલ્લીમાં પ્રવાહ અને પરંપરા તો વિકારાર્થક 'मयट्' પ્રત્યયની ચાલી રહી છે. પછી વચમાંજ એકદમ પ્રાચુર્ય અર્થમાં 'मयट्' નું ગ્રહણ શા માટે કરો છો? અને અગર આનંદમયને બ્રહ્મ કહેવું હોય તો પછી બીચારા અન્નમયે શું અપરાધ કર્યો? તેને પણ બ્રહ્મ કહો. બીજું, આનંદમયને બ્રહ્મ માનશો તો બ્રહ્મને સવિશેષ સ્વીકારવું પડશે, અને 'यतो वाचो निवर्तन्ते' આ નિર્ણય વાકયમાં તો બ્રહ્મને નિર્વિશેષ કહ્યું છે. એક વાત બીજી પણ છે કે 'બ્રહ્મને આનંદમય માનવામાં તેમાં થોડુંક દુઃખ પણ માનવું જોઈશે, કારણ કે પ્રચુરાર્થમાં વિરોધીની થોડીક સત્તા પણ માલમ પડ્યા કરે છે.

૭૨ વળી, પ્રતિશરીરમાં પ્રિય, મોદ, વિગેરેનો ભેદ જોવામાં આવે છે, માટે આનંદમયમાં પણ ભેદ માનવો પડશે. અને બ્રહ્મ તો અનેક શરીરોમાં પણ એકજ છે, અભિન્નછે. અને શ્રુતિમાં અભ્યાસ (વારંવાર કથન) પણ આનંદમયનો નથી, પણ ફક્ત આનંદમાત્રનોજ અભ્યાસ છે. અગર કયાંય આનંદમયનો અભ્યાસ આવી પણ જાય તો તેને અન્નમયાદિ પ્રવાહમાં આવવાથી બ્રહ્મવિષયક ન માનવો જોઇએ. [1]'માટે અન્નમયાદિની માફક આનંદમયમાં પણ 'मयट्' વિકારમાંજ સમજો, પ્રાચુર્ય અર્થમાં નહિં.

---

[1] तस्मादन्नमयादिष्विवानन्दमयेऽपि विकारार्थ एव मयड्विज्ञेयो न प्राचुर्यार्थः । १–१–१९। भाष्यम् ।

આનંદમયાધિકરણ ઉપર કરેલી શ્રીશંકરાચાર્યની બૌદ્ધ કલ્પનાઓનો વિચાર.

એ તો અમે કોઇ અન્ય ગ્રંથમાં દેખાડીશું કે શ્રીશંકરાચાર્યનું ભાષ્ય શ્રીવેદવ્યાસજીના કોઈ પણ સૂત્રનો સ્પર્શ સુદ્ધાં કરતું નથી. પરંતુ હાલ તો આપશ્રીએ જે આનંદમયાધિકરણ ઉપર કૌશલ કર્યું છે, તેજ કૌશલ મતિમાન્ મનુષ્યોનાં હૃદય ઉપર વિચારાર્થ સ્થાપીશું. પ્રથમ તો શ્રીશંકરાચાર્યે મોટી જબરી ભૂલ એજ કરી છે કે તેણે 'आनंदमयाधिकरण' ઉપર ભાષ્ય બનાવ્યું. કારણ કે 'आनंदमयोऽभ्यासात्' આ સૂત્રથી લઈ 'अन्तस्तद्धर्मोपदेशात्' સૂત્રની પહેલ પહેલાં સૂત્રકારે બ્રહ્મને આનંદમય ઠરાવ્યું, અને આપને ત્યાં તો બ્રહ્મને આનંદમય રૂપે પ્રદર્શન કરાવવું ઝહેર જેવું લાગે છે. તો પછી આવા સૂત્રો પર ભાષ્યજ શા વાસ્તે રચ્યું? અને અગર પોતાના આશયનો મેળ ન ખાતા છતાં પણ સૂત્રભાષ્યકાર થવું હતું તો પછી પ્રારંભથીજ ખંડન શું કામ ન કર્યું? લોકોને ભ્રમમાં ભમાવવા પ્રથમ આસ્તિક જેવા શા માટે જણાયા? બ્રહ્મને આનંદમય શું કામ કહ્યું? અને 'मयट्' ને પ્રચુર અર્થમાં માનવાનું શું પ્રયોજન હતું? સાફ સાફ કહી નાંખવું હતુંને કે 'અહીં સૂત્રકારની ભૂલ છે' આનંદમય બ્રહ્મ થઈ શકતું નથી, કારણ કે 'मयट्' પ્રચુરાર્થમાં સંભવતો નથી. પહેલા સૂત્રમાં બ્રહ્મને આનંદય સ્વીકારી લીધું, બીજા સૂત્રમાં 'मयट्' ને પ્રચુરાર્થક માની વળી પાછા બ્રહ્મને આનંદમય સિદ્ધ કરી ચૂકયાં. વધારે તો શું, અધિકરણના બધાંય સૂત્રોપર સૂત્રકારની અનુકૂલજ સિધ્ધાંત માની શ્રુતિયુક્તિઓથી આનંદમયનેજ બ્રહ્મ માન્યું, તો પછી બીચારાં આ અંતિમ સૂત્ર

ઉપરજ માયાવાદનું સ્વપ્ન કયાંથી તુટી પડયું? સૂત્રનાં અક્ષરોથી તો આવા આશયનો ગંધ પણ નથી નીકળતો; પ્રત્યુત ' च 'કારથી પૂર્વોક્ત વાતનુંજ પોષણ થાય છે.

૭૩ અગર 'દ્વૈતગંધને લીધે આનંદમયને બ્રહ્મ કહેવા ન ચાહતા હોવ તો પણ યુક્ત ન કહેવાય, કારણકે જ્યારે આનંદ અને આનંદમય બંને એકજ પદાર્થ છે તો પછી દ્વૈત કયાં રહ્યું? આનંદમયજ તો આનંદ અને આનંદમય બંને છે. સૂર્યજ તેજ અને તેજોમય છે. ઐકય રહેતા છતાં પણ જે અલગ અલગ પ્રતીતિ થાય છે તે ઠીક છે, કારણ કે વસ્તુમાં શક્તિજ તેવી છે. જ્યાં વસ્તુજ બંને પ્રકારનું પ્રતીત થતું હોય ત્યાં તર્ક કરવો વ્યર્થ છે. બ્રહ્મમાં રૂપ અથવા આકાર-સ્થાનીય આનંદ તેનાથી ભિન્ન નથી. પરંતુ તે પોતેજ રૂપ અથવા આકાર છે. માટે જરાય દ્વૈત રહેતું નથી. પ્રાકૃત વસ્તુઓની માફક રૂપ તેનાથી જુદું નથી, પરંતુ બ્રહ્મજ રૂપ અને આકાર છે તથા સરૂપ અને સાકાર છે. સૂત્રકારે 'अरूपवदेवं हि तत्प्रधानत्वात्' આ સૂત્રથી સિધ્ધાંત કર્યો છે કે 'બ્રહ્મ રૂપવાળું નથી પણ રૂપજ બ્રહ્મ છે, કારણ કે આનંદ પ્રધાન છે. જ્યાં રૂપવાનથી રૂપ જુદું હોય ત્યાં દ્વૈતનો ડર રહે છે. પરંતુ જ્યાં રૂપ અને રૂપવાન બંને એકજ હોય ત્યાં દ્વૈતનો ગંધ સુદ્ધાં પણ રહેતો નથી. સ્વાદ લેવાથી જ્યારે ખાંડ અને ખાંડના ખીલૌનાં (રમકડાં) બંને એકજ વસ્તુ નિશ્ચિત થઇ ચૂકે છે. તો પછી હજારો યુક્તિઓ લગાવ્યાજ કરોને તેનાથી શું તેનું વાસ્તવ દ્વૈત થઇ જશે? કદી નહિં. માટે 'આનંદમયજ બ્રહ્મ છે.'

૭૪ 'વિકારાર્થક 'मयट्' ના પ્રવાહમાં પડવાથી આનંદમય પણ જીવવિશેષજ છે, બ્રહ્મ નહિં;' આ સૂચન પણ ભૂલથી ભરેલું છે. કારણ કે કયાંય પણ પ્રવાહપતિત પદાર્થમાં પ્રવાહનાં ધર્મો આવતાં નથી. જલપ્રવાહમાં અગર તૃણ આવી જાય તો શું તે પણ જલ માની લેવાય? જલ અને તૃણનો ભેદ પ્રમાણાન્તરથી સ્પષ્ટ પ્રતીત થઇ રહ્યો છે. પ્રવાહપતિત હોવાથી જેમ તૃણને જલ કહી દેવું ભૂલ વગરનું નથી; તેમ અન્નમયાદિ પ્રવાહમાં આવવાથી આનંદમયને અબ્રહ્મ કહી નાખવું પણ પ્રમાદજ છે. યદિ આનંદમયને કોઈ વેદાદિ પ્રમાણુથી વિકારાર્થતા આવી પડતી હોય તો તો 'પ્રવાહપતિત' આ હેતુથી આનંદમયને અબ્રહ્મ કહી શકો છો. પરંતુ 'अपहतपाप्मा' ઈત્યાદિ હજારો શ્રુતિઓથી તેમાં વિકારાપાતનો નિરાસ કર્યો છે. માટે માત્ર 'પ્રવાહપતિત' હેતુ દેખાડી આનંદમયને અબ્રહ્મ કહેવું મોટી ભૂલ કહેવાય. બીજું વિકારાર્થનો પ્રવાહ પણ તો સિધ્ધ થતો નથી, કારણ કે અન્નમય સિવાય કયાંય પણ વિકારાર્થ છેજ નહિં. પ્રાણમયથીજ વિકારાર્થનો પરિત્યાગ છે. કારણ કે પ્રાણનો વિકાર ન થઇ શકવાથી ત્યાં વિકારાર્થક[1] 'मयट्' થઇ શકતો નથી. માટે આનંદમયમાં પ્રાયપાઠનો બાધ થતો નથી. શ્રૌતમતથી પણ અહીં તો પ્રચુર અર્થજ છે. વ્યાકરણ પ્રમાણે પણ આનંદશબ્દથી વિકાર અર્થમાં 'मयट्' પ્રત્યય થઇ શકતો નથી. અન્નમયાદિમાં જેમ એક અન્ય આત્મા કહ્યો છે તેમ આનંદમયનો કોઇ જુદો આત્મા કહ્યો નથી. એથી માલમ પડે છે કે 'આનંદમયજ બ્રહ્મ છે.' અગર કહો કે

---

[1] ભામતી નિબંધમાં જે વિકારાર્થના પ્રવાહનું સમર્થન કર્યું છે તેની પોલ તો અમે કોઇ અન્ય ગ્રંથમાં ખોલીશું. કારણ કે 'ભામતી' શાંકર ભાષ્યની ટીકા નથી પણ યુક્તિથી તેનું ખંડનજ છે.

[2] या तु मनोरमायां दीक्षितैः भाष्यकाराय यष्टिः प्रदीयते विकारार्थसाधने सा तु श्रीरामकृष्णपण्डितैः खण्डितेति ग्रन्थान्तरे तदपि स्फोरयिष्यते ।

નંદમય વિગેરે પાંચ કોશો છે, એવી કલ્પના કરી શકીએ
ી, કારણ કે વાત બ્રહ્મની ચાલી રહી છે, તે પુચ્છરૂપ બ્રહ્મનું
કરાવવા માટેજ કોશની કલ્પના કરી છે.' તો આ કથન પણ
નથી. કારણ કે બ્રહ્મ શબ્દમાં તો કોઇ જાતનો સંદેહ રહ્યોજ
. કેમકે ' सत्यं ज्ञानं ' આ શ્રુતિથી તેનો નિર્ણય થઈ ચૂકયો છે
ુ ' परं ' શબ્દનો નિર્ણય કરવો બાકી રહ્યો છે. અને તેનાજ
ય વાસ્તે અનુવાકનો પ્રારંભ છે. માટે બ્રહ્મનું નહિં પણ
ંદમય બ્રહ્મનું પ્રકરણ ચાલી રહ્યું છે. અગર ભાવાભાવની
લઇને આનંદમયને બ્રહ્મ ન માનતા હોવ તોપણ ઠીક નહીં.
ણ કે પ્રિયમોદાદિ અવયવવાન્ અવયવી આનંદમય લોકમાં
સિદ્ધ છે માટે ત્યાં પણ ભાવાભાવશંકા થઇ શકે છે.

યદિ કહો કે 'આનંદમયના પુચ્છાદિનું વર્ણન કર્યું' છે માટે
વિશેષ છે, અને વેદમાં તો નિર્વિશેષ બ્રહ્મનુંજ વર્ણન કર્યું
ાટે આનંદમય બ્રહ્મ નથી.' તો પણ ઠીક નહિ. કારણ કે
ાં કયાંય પણ નિર્વિશેષ બ્રહ્મનો ગંધ સુદ્ધાં નથી એ અમે
મ શ્રુતિ અને યુક્તિઓથી બહુ સારી રીતે સિદ્ધ કરી આવ્યા
ે. 'यतो वाचो' આ શ્રુતિમાં તો બ્રહ્માનંદના પરિમાણ
પ)નોજ નિષેધ કર્યો છે, નિર્વિશેષ બ્રહ્મનો તો ગંધ પણ નથી
આનંદમયજ બ્રહ્મ અને પરબ્રહ્મ છે.

બીજું જે એવું કહ્યું છે કેઃ—' આનંદમયનો અભ્યાસ નહીં
ુ આનંદનો અભ્યાસ છે, એ માટે પણ આનંદમય બ્રહ્મ નથી'
પણ ઠીક નહીં; કારણકે આનંદ શબ્દથી પણ અર્થતઃ આનં-
ુંજ સૂચન કર્યું છે. સાંભળો ! 'आनंदं ब्रह्मणः' 'यदेष आकाश
ः' વિગેરે શ્રુતિઓથી આનંદનીજ સ્તુતિ કરી છે, આવી રીતે

સ્તુતિદ્વારા પ્રાચુર્યનું દ્યોતન કર્યું છે. લોકમાં ધન પ્રાચુર્યાદિ સ્તુતિમાત્ર થાય છે એ સર્વજનીન છે, વાસ્તે આનંદમાં અર્થતઃ મયટ્ છેજ, અને આનંદમયમાં શબ્દતઃ મયટ્ છે, માટે આનંદમયનોજ અભ્યાસ છે 'आनंदमयमात्मानं ' ઇત્યાદિમાં શબ્દતઃ અને 'आनंदं' ઇત્યાદિમાં અર્થતઃ અભ્યાસ છે બીજું જે એવું કથન છે કે 'પ્રચુર અર્થ માનવામાં બ્રહ્મમાં કંઇક દુઃખનું હોવું પણ પ્રતીત થાય છે માટે આનંદમયને બ્રહ્મ ન માનવુંજ ઠીક છે' આ પણ અણસમજનીજ વાત છે, કારણ કે પ્રાચુર્ય અર્થ આનંદની અત્યંતતા પ્રબોધે છે, પણ કાંઇ વિરૂદ્ધ વસ્તુની સત્તાનો બોધક નથી. વિરૂદ્ધ વસ્તુ ત્યાં છે કે નહિ એ પ્રમાણાંતરથી જોઇ શકીએ છીએ.

' तेजोमयः सूर्यः' 'प्रभूतसंतापो निदाघदिवसः ' 'प्रचुरांधकारा वर्षाशर्वरी ' 'बहुधनो वैश्रवणः ' ઈત્યાદિ પ્રયોગોમાં શું ' સૂર્યમાં અંધારૂં ' ગરમીના દિવસમાં શૈત્ય, વર્ષારાત્રિમાં પ્રકાશ, અને કુબેરને ત્યાં દારિદ્ર્ય સંભવી શકે છે ? વધારે તો શું કહીએ, એ લોકો પણ કયાંય કયાંય તો બે પરવાહીજ ઉડાવે છે.

'સૂર્ય તેજોમય છે' અહીં સૂર્યમાં અંધકારની કલ્પના 'ગરમીના દિવસોમાં અત્યંત ઘામ રહે છે' અહીં ખરા જેઠ મહીનાના મધ્યાન્હે શીતળતાની શંકા 'ચોમાસાની રાત્રિ વિકટ અંધકાર વાળી હોય છે' અહીં કાંઇક પ્રકાશનું સ્વપ્નું, અને 'કુબેરને ત્યાં ઘણું ધન છે' અહીં જરાક કુબેરને દરિદ્ર પણ સમજી લેવો, વિગેરે બધું બીન સમજ સિવાય બીજું શું સમજાય ? એવી રીતે આનંદમય પ્રભુમાં થોડાંક દુઃખનો આરોપ કરવો એનાથી બીજી વિકટ ઘેલછા કઇ કહેવાય ? યદિ હઠાગ્રહથી માની પણ લેવાય કે ' आनंदमयः' અહીં 'मयट्' પ્રચુરાર્થક

હોવાથી થોડીક દુઃખસત્તાની પણ આશંકા રહે છે તોપણ બ્રહ્મ
કે ભગવાનમાં તો આ શંકા પણ કરવી ઉચિત ન લેખાય. એવો
એક નિયમ છે કે-‘ જ્યાં વસ્તુમાં ગુણ કે દોષોનું હોવું કોઇ
પ્રમાણથી ન જણાય તો ત્યાં જરૂર સંદેહ રહે છે. એવી રીતે
અગર પ્રમાણાંતરથી બ્રહ્મનું નિર્દુઃખ રહેવું પ્રતીત ન થતું હોત
ો કહી શકો છો કે-પ્રચુર અર્થ માનવામાં કિંચિત્ દુઃખની
ત્તા પણ પ્રતીત થશે ’ પરંતુ પરમાત્માની નિર્દુઃખતાની
ાક્ષી તો સમગ્ર ઉપનિષદો તથા વેદ વિગેરે સમગ્ર પ્રમાણો
ડિમડિમ શબ્દથી પૂરી રહ્યાં છે માટે ત્યાં પ્રાચુર્ય અર્થ રહેતા
છતાં પણ એ કહી શકતા નથી કે ‘ ત્યાં (આનંદમયમાં) થોડું
:ખ પણ છે. ’ હજારો શ્રુતિસમૂહોથી એ સિદ્ધ થાય છે કે
પરમાત્મા નિર્દુઃખ છે ’ તથાપિ દુરાગ્રહથી માત્ર પોતાની
ુક્તિઓનેજ આગળ કરી આનંદમયમાં દુઃખનું સ્વપ્ન દેખવું
પ એ સિદ્ધ કરી રહ્યું છે કે આવી આશંકા કરવાવાળા મનુ-
ોમાં દુઃખના સંસ્કારો પોતાનું મજબુત ઘર બાંધી બેઠા છે.
સ્તુ, તો હવે એ સિદ્ધ થયું કે ‘ આનંદમયજ પરબ્રહ્મ છે. ’

૭૫ તૃતીય જે સર્વાન્તર્યામી પુરૂષ કહ્યો છે તે [1] પોતાના
ુદ્ધ સત્વનું શરીર જેવું રૂપ બનાવી તેમાં જ્યારે પ્રવેશ કરે છે
ારે તેઓને લીલાવતાર કહે છે. નૃસિંહ વામનાદિ અનેક [2] લીલા-
તારો એ સર્વાન્તર્યામી પુરૂષનાંજ છે. પ્રકૃતિના અશુદ્ધ સત્ત્વ,
જસ્, અને તમસ્‌ની માફક ભગવાનના પણ વિશુદ્ધ ત્રણ ગુણો

---

[1] विशुद्धसत्त्वं तव धाम शान्तम् । सत्त्वं तस्य प्रिया मूर्तिः । सत्त्वं
शुद्धं श्रयते भवान् स्थितौ । श्रीमद्भागवतम् ।

[2] लीलावतारान् पुरुषस्य भूम्नः । श्रीमद्भागवतम् ।

(સત્ત્વ, રજસ્, તમસ્) છે. બંનેનું નામ સમાન હોવાથી કયાંક કયાંક ભ્રમ પણ થવા લાગે છે, પરંતુ વાસ્તવમાં પ્રાકૃત ગુણોમાં અને ભગવદીય ગુણોમાં ઘણુંજ અંતર છે. જ્યારે આ સર્વાન્તર્યામી ભગવાન આ વિશાલ પ્રપંચની રક્ષા કરવાની, યથાસ્થિત રાખવાની, અથવા ધારણ કરવાની ઇચ્છા કરે છે, ત્યારે તે પોતાના વિશુદ્ધ સત્ત્વને વિગ્રહરૂપ બનાવી લોઢાના ગોળામાં અગ્નિની માફક ત્યાં પ્રવેશ કરી વિષ્ણુ નામને ધારણ કરે છે. અને અપ્રાકૃત અથવા વિશુદ્ધ રજોગુણના વિગ્રહમાં પ્રવેશ કરી ‘ બ્રહ્મા ’ ની સંજ્ઞા ધરે છે. તેમજ વિશુદ્ધ તમોગુણનો પોતાનો વિગ્રહ બનાવી તેમાં શિવરૂપ સંજ્ઞા ધારણ કરે છે. માટેજ બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ એ ત્રણે ગુણાવતારો કહેવાય છે. આ નામસામ્યથી અગર કોઇ વિષ્ણુને સગુણ કહી દેય તો તે તેની મોટી ભૂલ છે. કારણ કે પ્રકૃતિના ગુણોનો તેમાં સ્પર્શ પણ નથી. અને શ્રીકૃષ્ણ ભગવાન્ તો આ બધાય અવતારોનું મૂલસ્વરૂપ છે, બધાથી અલગ છે, પુરૂષોત્તમ છે, નિર્ગુણ છે, આનંદમય છે, સાકાર છે, તથા સર્વશ્રેષ્ઠ છે. બ્રહ્માનું સૃષ્ટિ કરવાનું, વિષ્ણુનું પાલન કરવાનું, તથા શિવનું સંહાર કરવાનું કાર્ય છે. એટલાજ માટે વિષ્ણુ વિગેરે અવતારોને અથવા ભગવદ્રૂપોને કયાંક કયાંક સગુણ પણ સંભળાવી દીધા છે. પણ એથી કંઇ એઓને પ્રાકૃત ગુણવાળા ન સમજી લેવા, પરંતુ એવે વખતે ગુણનો વિશુદ્ધ ગુણ એવો અર્થ થાય છે. આવી રીતે મૂલસ્વરૂપ ભગવાનનાંજ ચાર સ્વરૂપો છે એ સિદ્ધ થયું. એક શ્રીકૃષ્ણ ભગવાન્ પુરૂષોત્તમ સ્વરૂપ, બીજું અક્ષર બ્રહ્મ જેની બે પ્રકારની સ્ફૂર્તિ થાય છે અને ચતુર્થ અંતર્યામી સ્વરૂપ છે.

કહેવાનો આશય માત્ર એટલોજ છે કે ગ્રાહકની જે સ્ફુર્તિમાં
અનુભવમાં) અનુભવથી આનંદની માત્રા જે અતિવિશેષ હોય
તે આનંદાનુભવને ભગવાન કહે છે. ભગવાનનાં રૂપો અથવા
કારાદિ જુદાં નથી, પરંતુ ધર્માત્મક આનંદજ ભગવાનના
કાર રૂપ વિગેરે છે. કેમકે ધર્મ અને ધર્મી બંને એક છે, માટે
ગવાન આનંદ માત્ર છે, આનંદાનુભવ માત્ર છે, સચ્ચિદાનંદ
તે[1] આનંદાનુભવનેજ વેદમાં બ્રહ્મ, પર, ઇત્યાદિ શબ્દોથી,
તિમાં પરમાત્મા વિગેરે શબ્દોથી, તથા શ્રીભાગવતમાં ભગ-
ન શબ્દથી વ્યવહર્યો છે. નિત્યવર્તમાન રહેવાથી અને અનુ-
વરૂપ હોવાથી તે ભગવાન સચ્ચિદાનંદ કહેવાય છે.

ગ્રાહકની જે સ્ફુર્તિમાં અનુભવની માત્રા વિશેષ હોય અને
નંદ કંઇક તિરોહિત જેવો હોય તો એવા આનંદાનુભવને
ક્ષર બ્રહ્મ કહે છે. માટેજ આનંદવલ્લીમાં બ્રહ્માનંદની ગણના
દીધી છે, અને ત્યાંજ તેને હંસ સ્વરૂપ આનંદમય ભગવાનનું
છ[3] કહ્યું છે. આ અક્ષર બ્રહ્મજ સર્વ પ્રપંચનું ઉપાદાન કારણ
નિમિત્ત કારણ છે. આ અક્ષરબ્રહ્મથીજ પુરૂષ[4] અને પ્રકૃતિ
બંને જગત્‌ના માતા પિતા પ્રકટ થયાં છે. અક્ષર બ્રહ્મ પણ
ચ્ચિદાનંદાત્મક છે. એ માટે એનાથી ૨૮ તત્વો તથા વ્યષ્ટિ

---

१ वेदान्ते च स्मृतौ ब्रह्मलिङ्गं भागवतेऽपि च । ब्रह्मेति परमात्मेति
ानिति शब्द्यते ।

भगवद्वल्लभाचार्यकृतस्तत्त्वार्थदीपः ।

२ 'स एको ब्रह्मण आनन्दः' । श्रुतिः । ३ 'ब्रह्म पुच्छं प्रतिष्ठा' ।
४ रयिञ्च प्राणं च श्रुतिः । ....द्विधासमभवद्बृहत्०...प्रकृतिः ।
ात्मिका । ज्ञानं त्वन्यतमो भावः पुरुष०...' । श्रीभागवतम् ।

જીવો ઉત્પન્ન થાય છે. આ અક્ષર બ્રહ્મની બે પ્રકારે સ્ફૂર્તિ થાય છે. શુદ્ધાદ્વૈતજ્ઞાનીઓને તો જ્ઞાનમાત્ર સ્ફૂર્તિ અને ભકતોને વ્યાપિ વૈકુંઠરૂપ સ્ફૂર્તિ થાય છે. જેઓને જ્ઞાન માત્ર સ્ફૂર્તિ થાય છે તેઓને માટેજ કોઇ કોઇ સ્થળે નિર્વિશેષ જેવું પણ કહી દીધું છે. માટે કાંઇ વસ્તુમાં કોઇ પણ જાતનો ભેદ નથી.

જે વખતે તે ભગવાન [1]નામરૂપનું પ્રથક્કરણ કરવા ચાહે છે, વિશ્વને ધારણ કરવા ચાહે છે, બધાને પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત કરવા ઇચ્છે છે, અથવા બધાનો પ્રકાશ કરાવવા ચાહે છે તે વખતે ભગવાનજ પરપુરૂષ, અંતર્યામી અથવા પરમાત્મરૂપ લે છે, અથવા તે આનંદાનુભવ જ્યારે ગ્રાહકના હૃદયમાં ધારકત્વાદિ શક્તિઓ સહિત ઉદ્‌ભૂત થાય છે ત્યારે તે પરમાત્મા કહેવાય છે. બધાને જીવડાવે (પોતાના સ્વરૂપમાં લાવે) માટે એને ક્યાંઇ ક્યાંઇ જીવ પણ કહ્યો છે. અને બધામાં પ્રવેશ કરવાથીજ અંતર્યામી બ્રાહ્મણાદિમાં પૃથ્વી વિગેરેને તથા આત્માને એનું શરીર કહ્યું છે. સૂર્યાન્તર્વર્તી નારાયણ પણ એજ ભગવાન છે.

આ પ્રમાણે નિત્ય નિરતિશય આનંદાનુભવ માત્ર ભગવાનજ ત્રણ સ્વરૂપે થઇ જાય છે. એ ઠીક છે. એવી રીતે પરબ્રહ્મજ ત્રણે રૂપોને ધારણ કરી લે છે, જ્ઞાનમાર્ગીય સાધનોથી બ્રહ્મસ્ફૂર્તિ, મર્યાદામાર્ગીય ભક્તિદ્વારા પરમાત્માની સ્ફૂર્તિ, અને શુદ્ધ પ્રેમથી ભગવાનની સ્ફૂર્તિ થાય છે.

---

१ 'अनेन जीवेनाऽऽत्मनाऽनुप्रविश्य नामरूपे व्याकरवाणि' श्रुतिः ।
'को ह्येवान्यात् कः प्राण्याद्यदेष आकाश आनन्दो; न.' श्रुतिः ।

२ 'भीषाऽस्माद्वातः पवते.' श्रुतिः । ३ मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च.'
श्रीगीतोपनिषत् ।

જેની શક્તિઓ વિરૂદ્ધ જેવી ભાસતી રહે તેને બ્રહ્મ કહે છે. માટે આ ત્રણેમાં અથવા જીવાદિમાં પણ અગર વિરૂદ્ધ જેવા ધર્મોનું દર્શન થતું હોય તો કાંઇ પણ હાનિ નથી. કારણ કે એ બધું એ પરબ્રહ્મનું જ રૂપાંતર છે. આવી રીતે બ્રહ્મવાદની અનુરૂપ ભગવત્ સ્વરૂપનો નિર્ણય થયો છે. ભક્ત્યનુરૂપ બ્રહ્મસ્વરૂનો નિર્ણય અમે આગળ ભક્તિ[illegible]માં કરીશું. शुभं भूयात्

शमिति

દ્વિતીય ભાગ સમાપ્ત.

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
કિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. S 047